શ્રી સિદ્ધચક્રાય નમઃ

# શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ

: પ્રકાશક :

**શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ**

અમદાવાદ............મુંબઇ.

# શ્રી

# સિદ્ધચક્ર આરાધનાવિધિ

## વિભાગ ૧-૨-૩-૪-૫

૧ નવપદ માહાત્મ્ય, વિધિક્રમ, અને સૂચનાઓ.
૨ સ્તુતિઓ ચૈત્યવંદનો, સ્તવનો અને થોય જોડાઓ.
૩ સ્નાત્રપૂજાઓ અને વિવિધ પૂજાઓ.
૪ પદો, સજ્જાયો, ગરબા, લાવણી, સ્તવનો, આરતિઓ અને મંગળ દીવો.
૫ ચૈત્રી પૂનમ દેવવંદન, વિધિ સમેત. વગેરે વગેરે.


પ્રકાશક :

**શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ**

ધોળીદાસ ડુંગરજી }
પ્રેમચંદ મોહનલાલ } ઓ. સેક્રેટરી

આવૃત્તિ પહેલી નકલ ૧૦૦૦

વી. નિ. ૨૪૭૦ કિં. રૂ. ૧-૮-૦ વિ. સં. ૨૦૦૦

ચૈત્ર સુદ ૭ સોમ ઈ. સ. ૧૯૪૪

પ્રકાશક :

શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ મુંબઈ

ધોળીદાસ ડુંગરજી
પ્રેમચંદ મોહનલાલ } ઓ. સેક્રેટરી

## -: પુસ્તક મળવાના ઠેકાણા :-

૧ શેઠ મોહનલાલ છોટાલાલ
પાંચકુવા, **અમદાવાદ**

૨ શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ
પાયધુની, શાન્તિનાથજી જૈન દેરાસર—**મુંબઈ.**

૩ શ્રી સિદ્ધચક્ર આરાધન તીર્થ
શેઠ ઋષભદેવજી છગનીરામજીની પેઢી
ખારાકુવા, **ઉજ્જૈન** (માલવા)

મુદ્રક :
**નાથાલાલ મ. શાહ.**
**સ્વાધીન મુદ્રણાલય :**
**રાણપુર. (કાઠિયાવાડ)**



अरिहंतसिद्धाचार्यो-पाध्यायसर्वसाधुभ्यः ।
सम्यग्दर्शनज्ञानेभ्य -श्चारित्रेभ्यस्तु ॐ नमः ॥

# પ્રસ્તાવના

## તિજય-વિજય-ચક્કં, સિદ્ધચક્કં નમામિ.

શ્રી તીર્થંકર ગણધર પ્રણીત વીતરાગ શાસનમાં આત્મકલ્યાણનાં અનેક માર્ગો કહેલાં છે, તેમાં શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન ચારિત્ર અને તપ આ નવપદો સારભૂત પરમતત્વો છે-તે મુખ્ય માર્ગ છે. કારણ કે તે નવપદોમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે તત્વોનો સમાવેશ થાય છે.

અરિહંત, સિદ્ધ આ બે દેવ તત્વમાં, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ ત્રણ ગુરુ તત્વમાં અને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ધર્મતત્વમાં ગણાય છે. દેવ, ગુરુ અને ધર્મનું અથવા નવપદનું આરાધન આ ભવ અને પરભવમાં સુખ, સંપત્તિ, સુભગતિ ઉપરાંત અંતે મોક્ષ માર્ગના કારણરૂપ છે.

**વાચકમુખ્ય** તત્ત્વાર્થસૂત્રમાં કહે છે કે "સમ્યગ જ્ઞાન દર્શન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ" સમ્યગ્ પ્રકારે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું (તપનો ચારિત્રમાં સમાવેશ થાય છે) એતું આરાધન જ ખરૂં મોક્ષનું કારણ છે-મોક્ષ માર્ગ છે. તેના આરાધનથી આત્મ કલ્યાણકારી મોક્ષ મેળવી શકાય છે. સમ્યગ્દર્શનાદિ ધર્મતત્વનું પાલન કરવા માટે સદ્દગુરુનું શરણું લેવું પડે છે. તેથી ગુરુસ્થાનીય આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-મુનિરાજો-વર્તમાનકાળે સિદ્ધ સ્થાને પધારેલા એવા અરિહંતો અને ગણધરોએ ફરમાવેલા આગમ સૂત્રમાં યથાતથ્ય સિદ્ધાંત પ્રરૂપ્યો છે, તે પ્રમાણે તેઓ ધર્મનું સ્વરૂપ જણાવે છે. ઉપરોક્ત પ્રમાણે દેવ-ગુરુ અને ધર્મને એકીકરણ કરતું આ નવપદનું આરાધન ભવ્યજીવોને આ ભવ અને ભવાંત્તરને વિષે મહાકલ્યાણકારી નિવડે છે.

આવી રીતે આત્મિક કલ્યાણકારી એવા નવપદોનું વિધિપૂર્વકનું આરાધન પરભવને માટે ઉત્તમોત્તમ શુભ ગતિની પ્રાપ્તિ ઉપરાંત મોક્ષ ફળ મેળવી આપે છે-તેમ આ ભવમાં પણ સંપૂર્ણ વિધિપૂર્વકના આરાધકને, હૃદયથી શુદ્ધ તનથી નિરોગી, મનથી જ્ઞાની, અને ધનથી સારી સંપત્તિ પામ્યાની તથા સમાજમાં યશકર્મી થયાના દૃષ્ટાન્તો મોજુદ છે.

નવપદનું આરાધન ચક્રરૂપમાં કરવામાં આવે છે; અરિહંત પદને વચ્ચે કર્ણિકામાં રાખી આસપાસ આઠ પાંખડીવાળું કમળ ગોઠવીએ તો તે ચક્ર રૂપમાં થાય છે, તે ચક્રનું આરાધન કરવાવાળાને તેના સર્વ કાર્યો સિદ્ધ થતા હોવાથી તેને **સિદ્ધચક્ર** કહેવામાં આવે છે કારણ કે આરાધકને અચિંત્ય મહિમા ઉત્પન્ન કરવાવાળી આમોસહિ આદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાદેવીઓ બળ બુદ્ધિ અને સંપત્તિમાં અભિવૃદ્ધિ કરે છે, સ્વર અને વ્યંજનથી વ્યાપ્ત ફળદાયક ૐ હ્રીં શ્રીં આદિ મંત્રાક્ષરોથી ચારે તરફથી તે સિદ્ધચક્ર યંત્રીત થયેલું છે; સોમ, વરુણ, કુબેરાદિ દશ દિશાઓના દિગપાળોથી અલંકૃત થયેલું છે; અને આરાધકના સંકટ ચૂરક શાસન રક્ષક વિમલેશ્વર આદિ દેવો અને ચક્રેશ્વરી આદિ દેવીઓથી તંત્રીત થયેલું એવું મંત્રીત-યંત્રીત અને તંત્રીત થયેલું એવું આ સિદ્ધચક્ર ત્રણ જગતમાં સંપૂર્ણ વિજય આપવાવાળું છે.

આ સિદ્ધચક્રનું આરાધન સંપૂર્ણ ફળદાયક અને વિધિપૂર્વકનું ભવ્ય જીવો કરી શકે, તેને માટે શ્રી **સિદ્ધચક્ર આરાધક સમાજ** કે જેનો ઉદ્દેશ સિદ્ધચક્રની આરાધના તથા ધાર્મિક અનુષ્ઠાનો સકળ સંઘ સાથે કરવાનો અને કરાવવાનો છે, તે કાર્યની પૂર્તિને માટે સમાજને આવા એક પુસ્તકની ખાસ જરૂર જણાતા અનેક પુસ્તકો મેળવી તેમાંથી આ પુસ્તકની યોજના ચાલુ

ચૈત્ર મહિનાની ઓળીમાં કામ લાગે તેને માટે કરી છે અત્યાર સુધીમાં આ વિષયના ઘણા પુસ્તકો પ્રસિદ્ધ થયા છે પણ તેમાં ઘણી ક્ષતિઓ રહી ગઈ છે, તથા પાઠો અને ક્રિયાની ઉપયોગી બીનાઓ રહી ગઇ છે, તેથી આ પુસ્તકમાં સર્વ ઉપયોગી સામગ્રી દાખલ કરી છે, તેથી આ પુસ્તક સમાજમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરશે.

આ પુસ્તકમાં પાંચ વિભાગ રાખવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં સિદ્ધચક્ર માહાત્મ્ય, ક્રિયા કરવાવાળાને આવશ્યક સૂચનાઓ અને નવે દિવસનો વિધિ વિધાનનો સંપૂર્ણ કાર્યક્રમ.

બીજા વિભાગમાં શ્રી જિનેન્દ્ર સ્તુતિઓ, નવ દિવસમાં કહેવાતા ચૈત્યવંદનો, સ્તવનો અને થોય જોડાઓ.

ત્રીજા વિભાગમાં પં. દેવચંદ્રજી તથા કવિવર પં. વીરવિજયજી કૃત સ્તાત્રપૂજાઓ, તથા ઉ. શ્રી યશોવિજયજી તથા પં. પદ્મવિજયજી કૃત નવપદ પૂજાઓ, ઉ. શ્રીસકળચંદ્રજી કૃત સત્તર ભેદી પૂજા, પં. વીરવિજયજી કૃત ચોસઠ પ્રકારી પૂજા, વા. માણકસિંહ સૂરિ કૃત ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજા, તથા શ્રી દેવવિજયજી કૃત અષ્ટ પ્રકારી પૂજા અને શાંતિકળશ વગેરે.

ચોથા વિભાગમાં ભાવના વગેરેમાં કહેવાના પદો, સજ્ઝાયો, સ્તવનો, ગરબા, લાવણી, અને નવપદજી–શાંતિનાથજી–આદિનાથજી આદિની આરતી અને મંગળ દીવો.

પાંચમાં વિભાગમાં શ્રી ચૈત્રી પૂનમના દેવવંદન વિધિ–સ્તોત્ર–સમેત આપવામાં આવ્યું છે. અંતે નવકારશી પોરસી સાઢપોરિસી પુરિમડ્ઢ અવડ્ઢ આદિના પચ્ચખ્ખાણો પારવાનો ટાઈમ બતાવતો જુના સ્ટાંડર્ડ વખતનો કોઠો અને મંગળવચન મૂકી આ પુસ્તક પુરૂં કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત વિભાગોવાળું એક પુસ્તક ચાલુ ચૈત્ર મહિનાની ઓળીમાં

આરાધકોને ઉપયોગી થાય તેને માટે ઉપદેશ આપી તૈયાર કરવામાં **શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ અને શ્રી નવપદ આરાધક સમાજ**ના નિર્માતા, **ઉજ્જૈન શ્રી સિદ્ધચક્ર તીર્થોદ્ધારક,** પ્રેરણામૂર્ત્તિ પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી **ચન્દ્રસાગરજી** મહારાજજીની શુભ પ્રેરણા ફળી ભૂત થઇ.

ચૈત્રી ઓળીના આરાધન માટે પંન્યાસજી મહારાજ સ્વયં ૭ શિષ્યો સાથે ખંભાતથી વિહાર કરી **ઉજ્જૈન** કે જે **સિદ્ધચક્ર આરાધન તીર્થ** છે, ત્યાં પધારી તેમની અધ્યક્ષતામાં આ પરમ પાવની પવિત્ર ચૈત્રી ઓળી કરવાનો પુણ્ય પ્રસંગ પ્રાપ્ત થયો છે.

**શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજે** પણ પંન્યાસજી મહારાજની પ્રેરણાથી આવા સખત મોંઘવારીનાં સમયમાં અને ફક્ત ટુંક વખતમાં આરાધકોને આ દળદાર લગભગ પોણા ચારસો પૃષ્ટનું પુસ્તક પ્રસિદ્ધ કરી જે આત્મિક કલ્યાણકારી માર્ગ લીધો અને અન્યને લેવરાવવાનો શુભ પ્રયત્ન કર્યો તે **સમાજ**ની ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ છે.

આ પુસ્તકને છપાવવાનું કામ મહા મહિનામાં શરૂ કરવામાં આવ્યું હતું, ચાર ફરમા દોઢ મહીને તૈયાર થયા હતા, કારણ કે ઉજ્જૈન-રાણપુરની ટપાલમાં એક અઠવાડીયું થઈ જતું, તેથી ચૈત્ર મહિનાની ઓળીમાં ઉપયોગી થવું અસંભવીત હોવાથી મને ફા. વદી ૩ રાણ-પુર મોકલવામાં આવ્યો. બાકીનું કામ પંદર દિવસમાં વીશ ફરમા તૈયાર કરી છપાવી બંધાવી ઉજ્જૈન લઈ જવાનું હોવાથી અને જોઈતી પુસ્તક વગેરે પૂર્ણ સામગ્રી નહોવા છતાં પણ સંપૂર્ણ કાળજી રાખી પુસ્તકને શુદ્ધ કરવાનો પૂર્ણ પ્રયત્ન કર્યો છે. છતાં દૃષ્ટિદોષથી કોઈ ભૂલ રહી ગઈ હોય, પાઠ ભેદ થયો હોય તો મિથ્યાદુષ્કૃત દઈ હું વિરમું છું.

**માસ્તર લક્ષ્મીચંદ સુખલાલ શાહ.**

**રાણપુર,** સં. ૨૦૦૦ના ચૈત્ર સુદ ૩ સોમવાર.

શ્રી સિદ્ધચક્ર આરાધન તીર્થોદ્ધારક : વ્યાકરણ વિશારદ



પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી
ચન્દ્રસાગરજી ગણિવર

# શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ

## વિભાગ ૧-૨-૩-૪-૫ ની

## અનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ મુખપૃષ્ટ | ૧ |
| ૨ પ્રસ્તાવના | ૩ |
| ૩ શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ ગ્રંથારંભ | ૧૧ |
| ૪ શ્રી સિદ્ધચક્ર નમસ્કાર | ૧૨ |
| ૫ સિદ્ધચક્ર આરાધનનું માહાત્મ્ય ... ... | ૧ |


## પહેલો વિભાગ


| | |
|---|---|
| ૧ વિધિના દિવસોનો કાર્યક્રમ ... ... .... | ૭ |
| ૨ આરાધનના દિવસોની આવશ્યક ક્રિયાઓ ... | ૭ |
| ૩ પહેલા દિવસની વિધિ ... ... ... | ૯ |
| ૪ બીજા ,, ,, ... ... ... | ૧૦ |
| ૫ ત્રીજા ,, ,, ... ... ... | ૧૧ |
| ૬ ચોથા ,, ,, ... ... ... | ૧૩ |
| ૭ પાંચમાં ,, ,, ... ... ... | ૧૪ |
| ૮ છઠ્ઠા ,, ,, ... ... ... | ૧૬ |
| ૯ સાતમાં ,, ,, ... ... ... | ૧૯ |
| ૧૦ આઠમાં ,, ,, ... .... ... | ૨૨ |

૧૧ નવમાં „ „ ... ... ... ૨૫
૧૨ ખમાસમના પ્રકારાંતરે નવ દોહા ... ... ૨૮
૧૩ પારણાના દિવસનો વિધિ ... ... ... ૨૯
૧૪ નવપદ મંડળની રચના વિધિ ... ... ૨૯
૧૫ કાઉગ્ગ કરવાનો વિધિ ... ... ... ૨૯
૧૬ પડિલેહણનો વિધિ ... ... ... ... ૩૦
૧૭ દેવવંદનો વિધિ .... ... ... ... ૩૦
૧૮ પચ્ચખ્ખાણ પારવાનો વિધિ ... ... ૩૧
૧૯ આયંબિલ કર્યા પછી ચૈત્યવંદન કરવાનો વિધિ ૩૨
૨૦ ઉજમણાનો વિધિ ... ... ... ૩૨
૨૧ મન્હજિણાણંની સજ્ઝાય ... ... ... ૩૨
૨૨ સંથારા પોરિસી સૂત્ર ... ... ... ૩૩
૨૩ પચ્ચખ્ખાણો ... ... ... ... ૩૫
૨૪ ઓળી કરનાર ભાઇબહેનોને આવશ્યક સૂચના ૩૮

## બીજો વિભાગ

૨૫ શ્રી જિનેન્દ્ર સ્તુતિ સંગ્રહ ... ... ... ૪૦
૨૬ નવપદના ચૈત્યવંદનો .... ... ... ૪૪
૨૭ નવપદના સ્તવનો .... ... ... ... ૫૩
૨૮ નવપદની થોયો .... ... ... ૬૦

## ત્રીજો વિભાગ

૨૯ સ્નાત્ર પૂજા વિધિ ... ... ... ... ૬૮
૩૦ સ્નાત્ર પૂજા પંડિત શ્રી દેવચદ્રજી કૃત ... ૬૯
૩૧ સ્નાત્ર પૂજા પંડિતશ્રી વીરવિજયજી કૃત ... ... ૮૦
૩૨ શ્રી શાંતિનાથજીનો કળશ શ્રી જ્ઞાન વિમળ સૂરિ કૃત ૯૦

૩૩ નવપદ પૂજા વિધિ ... ... ... ૯૮
૩૪ કળશ ઢાલન વિધિ ... ... ... ... ૯૯
૩૫ નવપદ પૂજા ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત ૧૦૧
૩૬ નવપદ કાવ્ય ... ... ... ... ૧૨૨
૩૭ નવપદ પૂજા પંડિતશ્રી પદ્મવિજય કૃત ... ૧૨૪
૩૮ સત્તર ભેદી પૂજા વિધિ ... ... ... ૧૪૦
૩૯ સત્તર ભેદી પૂજા ઉપાધ્યાય શ્રી સકળચંદજી કૃત ૧૪૫
૪૦ પં. શ્રી વીરવિજયજી કૃત ચોસઠ પ્રકારી પૂજા વિધિ ૧૬૭
૪૧ જ્ઞાનાવરણીય કર્મ નિવારણ પૂજા ... ... ૧૬૯
૪૨ દર્શનાવરણીય કર્મ " " ... ... ૧૮૪
૪૩ વેદનીય કર્મ " " ... ... ૧૯૪
૪૪ મોહનીય કર્મ " " ... ... ૨૦૫
૪૫ આયુ કર્મ " " ... ... ૨૧૭
૪૬ નામ કર્મ " " ... ... ૨૨૮
૪૭ ગોત્ર કર્મ " " ... ... ૨૩૯
૪૮ અંતરાય કર્મ " " ... ... ૨૫૦
૪૯ કર્મસૂદન તપ યંત્ર " " ... ... ૨૬૪
૫૦ શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજા
વા. વિજય માણેકસિંહ સૂરિ કૃત ... ... ૨૬૫
૫૧ અષ્ટપ્રકારી પૂજા દેવવિજયજી કૃત ... ... ૨૯૮


## ચોથો વિભાગ


૫૨ પદ સંગ્રહ ... ... ... ... ... ૩૧૧
૫૩ નવપદ સજ્જાયો ... ... ... ૩૧૬
૫૪ નવપદ લાવણી ... .... ... ૩૧૮

૫૫ શ્રીપાલ મયણાસુંદરીના ગરબા મુનિ ન્યાયસાગરજી કૃત ૩૨૦
૫૬ સ્તવનસંગ્રહ મુનિ ચંદ્રપ્રભસાગરજી કૃત ... ૩૩૧
૫૭ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન ' સહજાનંદી
શીતળ સુખ ભોગી ' વિસ્તારાર્થ સાથે ... ૩૩૭
૫૮ લૂણ ઉતારણ ... ... ... ... ૩૪૩
૫૯ નવપદ આરતિ ... ... ... ... ૩૪૩
૬૦ શ્રી શાંતિજિન આરતિ ... ... .... ૩૪૪
૬૧ શ્રી આદિજિન આરતી .... ... ... ૩૪૫
૬૨ શ્રી આદિજિન આરતિ ... ... ... ૩૪૬
૬૩ મંગળ દીવો ... .... ... ... ૩૪૬

## પાંચમો વિભાગ

૬૪ ચૈત્રી પૂનમના દેવવંદન વિધિ ... ... ... ૩૪૭
૬૫ ચૈત્રી પૂનમના દેવવંદન શ્રી જ્ઞાન વિમલ સૂરિ કૃત ૩૪૭
૬૬ પચ્ચખ્ખાણ પારવાનો વખત બતાવતો કોઠો ૩૮૫
૬૭ શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ સંપૂર્ણ મંઘળવચન. ૩૮૬

શ્રી સિદ્ધચક્રાય નમઃ

# શ્રી સિદ્ધચક્ર આરાધનવિધિ

વિભાગ

૧ ૨ ૩ ૪ ૫

જેમાં

સિદ્ધચક્ર માહાત્મ્ય-વિધિ-ચૈત્યવંદનો-સ્તુતિઓ
-સ્તવનો-થોયો-સ્નાત્રપૂજાઓ વિવિધપૂજાઓ
-પદો-સજ્ઝાયો-ગરબા-આરતિ મંગળ-
દીવો ઉપરાંત ચૈત્રી પૂર્ણિમાના
દેવવંદન વિધિ સમેત છે.

ॐ ह्रीं श्रीं વિમલેશ્વર ચક્રેશ્વરી પૂજિતાય
શ્રી સિદ્ધચક્રાય નમઃ

ઇય નવપય-સિદ્ધં, લદ્ધિ-વિજ્જા-સમિદ્ધં,
પયડિય-સર-વગ્ગં, હ્રીં-તિરેહા-સમગ્ગં;
દિસવઇ-સુર-સારં, ખોણિ-પીઢાવયારં,
તિજય-વિજય-ચક્કં, સિદ્ધચક્કં નમામિ.

**અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સર્વસાધુ,**
**દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપઃ**

આ નવપદો અઠયાવીશ **લબ્ધિ** અને સોળ **વિદ્યાદેવી-ઓથી** સમૃદ્ધ છે, જેમાં પ્રગટપણે **સ્વર** અને **વ્યંજનવર્ગો** રહેલાં છે, જેની આસપાસ **હ્રીં**ની ત્રણ રેખાઓ વીંટળાઇ છે, **સોમાદિ** દશ **દિગપાળ**, **વિમલેશ્વર** આદિ દેવો અને **ચક્રેશ્વરી** આદિ દેવીઓથી સારભૂત છે, પૃથ્વીતળ ઉપર જેનું આલેખન થઇ શકે છે, તે ત્રણે જગતનો વિજય કરવામાં ચક્ર સમાન **સિદ્ધચક્રને** હું નમસ્કાર કરું છું.

# શ્રી સિદ્ધચક્ર (નવપદ) આરાધનનું માહાત્મ્ય.

પ્રાતઃ સ્મરણીય પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ
શ્રી આનંદસાગરસૂરીશ્વરૈઃ પ્રસાદીકૃત—

**अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः**
**सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः।**
**आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशाः**
**मोक्षाध्वालंबनाः श्रद्धतिमतिचरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥**

ભવભ્રમણનો અંત કરવામાં અદ્વિતીય સાધનભૂત શ્રીસિદ્ધ ચક્રનાં નવપદની પરમ પવિત્ર આરાધના ઓળીના નવે દિવસોમાં અપ્રમત્તપણે કરવી એ કલ્યાણેચ્છુજનો માટે અત્યાવશ્યક છે.

આત્મહિતેચ્છુજનોએ શ્રીસિદ્ધચક્રનાં આરાધન માટે મુખ્યત્વે વિધિપૂર્વક આયંબિલ તપનું આસેવન કરવાનું હોય છે. ઓળીનાં નવ દિવસોમાં કલ્યાણકામી આત્માઓ જૈન-દેવાલયોમાં ભગવંતની વિવિધ પ્રકારે ભક્તિ કરે છે એટલું-જ નહિ પણ એ સાથે તેઓ શ્રી શ્રીનવપદની અલૌકિકપણે આરાધના કરવાથી અપૂર્વ આત્મકલ્યાણ કરવા સાથે અખુટ લૌકિક સંપદાને પણ પ્રાપ્ત કરનાર **સતી મયણાસુંદરી** અને **શ્રીપાલ રાજાના** અપૂર્વ ચમત્કારિક અને ધર્મ પ્રભાવક ચરિત્રનું ભાવપૂર્વક શ્રવણ તેમજ મનન કરે છે, એકંદર એ દિવસો જેમ બને તેમ પવિત્ર રીતે પસાર થાય તેમ અષ્ટાન્હિકા મહોત્સવ પૂર્વક પૂર્ણ કરે છે. પ્રાન્તે પ્રાપ્ત ધર્મ શિખર ઉપર

કલશ ચઢાવવા સમાન પૂર્ણવિર્યોલ્લાસ પૂર્વક ઉજમણું કરીને આત્માને કૃતકૃત્ય બનાવે છે.

એ શ્રીસિદ્ધચક્ર અર્થાત્ નવપદનાં નામ અને તેનાં આરાધનની ટુંકી સમજણ નીચે પ્રમાણે છેઃ—

## ૧. શ્રીઅરિહંતપદ.

શ્રીજિનાગમના સારભૂત શ્રી નવકાર મહામંત્રમાંના પાંચેય પરમેષ્ઠિ પદમાં આ પદ મુખ્ય છે, શ્રીજિનપ્રતિમાની શુદ્ધ આશયથી દ્રવ્ય તેમજ ભાવપૂર્વક પૂજા ભક્તિ કરવી અને શ્રી જિનેન્દ્ર કથિત વિધિવિધાનનું નિર્દૂષિત પાલન કરવું વિગેરેથી આ પદનું આરાધન થાય છે.

## ૨. શ્રી સિદ્ધપદ.

સકલ કર્મક્ષય કરી, સાદિ અનંત ભાગે જેઓ લોકાન્તે સ્થિત રહેલા છે એવા સિદ્ધ પરમાત્માનું તેમના ગુણો સહિત ધ્યાન કરવું, દ્રવ્યથી પણ ભાવ પૂર્વક ભક્તિ કરવી વગેરેથી આ પદનું આરાધન થાય છે.

## ૩. શ્રી આચાર્યપદ.

આચાર્યના છત્રીસ ગુણોએ યુક્ત, પંચાચારનું સ્વયં પાલન કરનાર અને અન્ય મુનિઓ પાસે પાલન કરાવનાર, જિનોક્ત દયામયી-સત્ય ધર્મનો શુદ્ધ ઉપદેશ કરનાર, નિરંતર અપ્રમત્ત દશામાં વર્તવાના ખપી, ધર્મધ્યાનાદિ શુભ ધ્યાનના ધ્યાતા, ગચ્છના મુનિઓને ચાર પ્રકારની શિક્ષા આપનાર તેમજ અર્થનું દાન કરવા વડે શ્રી તીર્થંકર મહારાજનું અનુકરણ કરનાર ઈત્યાદિ ગુણોએ યુક્ત એવા આચાર્ય મહારાજની દ્રવ્ય

અને ભાવથી ભક્તિ કરવા વિગેરેથી આ પદનું આરાધન થઈ શકે છે.

## ૪. શ્રી ઉપાધ્યાયપદ.

નિર્મળ જિનાગમના બોધ સહિત ચારિત્રપાલનમાં સદાય સાવધાન રહી, કેવળ ઉપકાર દૃષ્ટિથી સાધુ સમુદાયને સૂત્રાર્થનું દાન આપનાર, પથ્થર જેવા જડબુદ્ધિવાળા શિષ્યને પણ સુવિનીત બનાવવાની શક્તિ ધરાવનાર, તથા નિરંતર સજ્ઝાય ધ્યાનમાં વર્ત્તનાર શ્રી ઉપાધ્યાય મહારાજની ભક્તિ વગેરે કરવાથી આ પદનું આરાધન થઈ શકે છે.

## ૫. શ્રી સાધુપદ.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, અને સમ્યક્ ચારિત્રરૂપ મોક્ષ માર્ગનું સાધન કરે, તે સાધુ કહેવાય છે. મુનિ, ઋષિ, તપસ્વી, અણગાર, સર્વવિરતિ, એ બધા સાધુ શબ્દના પર્યાયવાચક નામો છે. પંચમહાવ્રતોનું પાલન તથા છઠ્ઠા રાત્રિભોજનનો ત્યાગ, એ મુનિના વ્રતો છે. સાધુના સત્તાવીસ ગુણો એ સહિત હોય છે. ચારિત્રારાધન માટે જ બેંતાલીસ દોષ રહિત આહાર ગ્રહણ કરનાર એવા અઢાર હજાર શીલાંગ રથના ધોરી છે. એવા સાધુ મહારાજની ભક્તિ કરવાથી એ પદનું આરાધન થઇ શકે છે.

## ૬. શ્રી દર્શનપદ.

શ્રીસર્વજ્ઞકથિત જીવાજીવાદિ નવ તત્ત્વોનું તથા શુદ્ધદેવ, ગુરુ અને ધર્મ: એ ત્રણ તત્ત્વનું શ્રદ્ધાન-તે સમ્યક્ત્વ, અથવા ૧. અઢાર દૂષણથી રહિત વીતરાગ પરમાત્માને દેવ તરીકે-૨. પંચ

મહાવ્રતો ધારણ કરનાર, કંચન કામિનીના ત્યાગી અને શ્રી જિનાજ્ઞાનુસાર સંયમ માર્ગમાં યથાશક્તિ વીર્ય ફોરવનારને ગુરૂ તરીકે,-તથા ૩. શ્રી વીતરાગ કથિત દયામય ધર્મનેજ ધર્મ તરીકે-માનવા, તેનું નામ સમ્યક્ત્વ કહેવાય છે. સમકીતના સડસઠ ભેદનું સ્વરૂપ સમજી, મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વ અંગીકાર કરવું તથા તેનું શુદ્ધ રીતે પાલન કરવું, ઈત્યાદિથી આ પદનું આરાધન થઈ શકે છે.

સમ્યક્ત્વસહિત વ્રત અને અનુષ્ઠાનો આત્માને હિતકર્તા થાય છે. આ પદ મોક્ષપદની પ્રાપ્તિ માટે બીજરૂપ છે. સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારનો સંસારભ્રમણ-કાળ મર્યાદિત થઇ જાય છે, એટલે કે વધારેમાં વધારે અર્ધપુદ્દગલ પરાવર્તન કાળમાં તે ચોક્કસ મોક્ષ પ્રાપ્ત કરે છે.

## ૭. શ્રી જ્ઞાનપદ.

શ્રી ગણધર ભગવંત પ્રણીત દ્વાદશાંગી, સમ્યગ્જ્ઞાન કહેવાય છે. અથવા સર્વજ્ઞ પ્રણીત આગમમાં વર્ણવેલાં તત્ત્વોનો જે શુદ્ધ અવબોધ, તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એ જ્ઞાનની પ્રાપ્તિ માટે ભવ્ય જનોએ જ્ઞાનાચારના નિરતિચારપણે પાલનપૂર્વક જ્ઞાન ભણવું, ભણાવવું, સાંભળવું, જ્ઞાન લખાવવું, જ્ઞાનની પૂજા કરવી, જેથી જ્ઞાનાવરણીયકર્મ નાશ પામે છે. જ્ઞાન અને જ્ઞાનીની ભક્તિ કરવી, ઈત્યાદિથી એ પદનું આરાધન થઇ શકે છે.

## ૮. શ્રી ચારિત્રપદ.

ચારિત્ર સમ્યગ્જ્ઞાનનું ફળ છે. સંસારરૂપી ભયંકર સમુદ્રને નિર્વિઘ્ને તરી જવાને ચારિત્ર એ પ્રવહણ-વહાણ સમાન છે, જેના

પ્રભાવથી રંક જીવો પણ દ્વાદશાંગીરૂપ શ્રુત ભણીને સમૃદ્ધિવાન્ બને છે. પાપી જીવોને પણ નિષ્પાપ થવાનું પ્રબળ સાધન છે. છ ખંડની ઋદ્ધિના ભોક્તા ચક્રવર્તિઓ પણ જેને અંગીકાર કરે છે, તેવા, આઠ કર્મને નિર્મૂળ કરવાને અત્યન્ત સમર્થ ચારિત્ર-પદની આરાધના તેના શુદ્ધ પાલન-આસેવનથી થઇ શકે છે, ગૃહસ્થ દેશવિરતિ ચારિત્રની આરાધના કરી શકે છે, અને મુનિઓ સર્વવિરતિ ચારિત્રની આરાધના કરી શકે છે. બાર માસના ચારિત્રપર્યાયવાળા સાધુ અનુત્તર વિમાન વાસી દેવોનાં સુખથી પણ અધિક સુખ વેદી શકે છે.

## ૯. શ્રી તપપદ.

આત્માની સાથે દુષ્ટ કર્મો અનાદિ કાળથી લાગેલાં છે, તે કર્મ પુદ્ગલોને તપાવી આત્મપ્રદેશોથી છુટા પાડવાનું કાર્ય તપ કરે છે, તેને નિર્જરા તત્ત્વ પણ કહે છે. તપના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. તે પ્રત્યેકના છ છ પેટાભેદ છે. અનશન, ઉનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા, એ છ પ્રકારે બાહ્ય તપ થાય છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ, એ છ પ્રકારનું અભ્યંતર તપ છે. દુર્ધ્યાન ન થાય, મન વચન અને કાયયોગની હાનિ ન થાય; તથા ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ ન થાય, એવી રીતે તે તપ કરવાનો હોય છે. તેમજ આ લોકનાં સુખ સંપત્તિ અને કીર્તિની ઇચ્છા વિના, નવ પ્રકારના નિયાણા વિના અને સમભાવપૂર્વક તપ કરવાથી તેની આરાધના સફળ થાય છે.

## નવમે ભવે સિદ્ધિપદ

આ **નવપદનું** સ્વરૂપ વિસ્તારથી સમજવા જેવું છે, તેથી

તે વિષય અન્ય ગ્રંથોમાંથી ગુરુગમપૂર્વક સમજી લેવાનો પ્રયત્ન કરવો. આ પદોનું મહત્ત્વ એવા પ્રકારનું છે કે-તેનું વિધિ પૂર્વક આરાધન કરનાર ઉત્કૃષ્ટ નવમે ભવે અવશ્ય સિદ્ધિપદને પામે છે, વચ્ચે પણ દેવ અને મનુષ્યના ઉત્તમ સામગ્રીઓએ યુકત ભવોને અને ઉત્તમ પ્રકારના યશ અને કીર્તિ પામે છે.

એ **નવપદ**માં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેય તત્ત્વોનો સમાવેશ થયેલો છે. અરિહંત અને સિદ્ધ એ દેવતત્ત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, ગુરુ તત્વ છે, અને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ ધર્મતત્ત્વ છે.

# શ્રીસિદ્ધચક્રઆરાધનવિધિ

## પ્રથમ વિભાગ

**શ્રી નવપદજીની ઓળીના વિધિના દિવસોનો કાર્યક્રમ.**

શરૂઆત કરનારે પ્રથમ આસો માસની ઓળીથી શરૂઆત કરવી. તિથિની વધઘટ ન હોય તો આસો સુદ ૭ અગર ચૈત્ર સુદ ૭, અને વધઘટ હોય, તો સુદ ૬ અગર સુદ ૮ થી શરૂ કરવી, તે સુદ ૧૫ સુધી નવ આયંબીલ કરવાં, અને સાડાચાર વર્ષ સળંગ નવ ઓળી કરવાથી આ તપ પૂર્ણ થાય છે.

**નવેય દિવસની કરવાની સામાન્ય આવશ્યક ક્રિયાઓઃ-**

(૧) એક પ્રહર અથવા ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠી, મંદ સ્વરે ઉપયોગથી રાત્રિ પ્રતિક્રમણ કરવું.

(૨) પદના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

(૩) જીવો જોઇ શકાય એ વખતે પડિલેહણ કરવું.

(૪) આઠ થોયો વડે દેવવંદન કરવું.

(૫) સિદ્ધચક્રજીના યંત્રની વાસક્ષેપ વડે પૂજા કરવી.

(૬) નવ જુદા જુદા દેરાસરે, અગર નવ પ્રતિમાજી સન્મુખ નવ ચૈત્યવંદન કરવાં.

(૭) ગુરુવંદન કરી વ્યાખ્યાન શ્રવણુ કરી પચ્ચક્ખાણુ કરવું.

(૮) નાહી, શુદ્ધ થઇ, જિનેશ્વરની સ્નાત્ર તથા અષ્ટપ્રકારી પૂજા કરવી.*

(૯) જે પદના જેટલા ગુણ હોય, તેટલા સ્વસ્તિક કરવા અને તેના ઉપર ફુલ અને નૈવેદ્ય યથાશક્તિ ચડાવવાં.

(૧૦) બપોરના આઠ થોઇએ દેવવંદન કરવું.

(૧૧) દરેક પદના ગુણો હોય તેટલી ભગવન્તને પ્રદક્ષિણા દઇ ખમાસમાણાં પણુ તેટલાં દેવાં.

(૧૨) સ્વસ્થાનકે આવી પચ્ચક્ખાણુ પારી આયંબીલ કરવું.

(૧૩) આયંબીલ કર્યા પછી ત્યાં જ તિવિહારનું પચ્ચક્ખાણુ કરવું. પછી ચૈત્યવંદન કરવું. ઠામચઉવિહારનું પચ્ચક્ખાણુ કરનારને આ ચૈત્યવંદન કરવાની જરૂર નથી.

(૧૪) સાંજે-સૂર્યાસ્ત પહેલાં, પડિલેહણુ કરી આઠ થોઇએ દેવવંદન કરવું.

(૧૫) દેરાસરે દર્શન કરી આરતિ મંગળ દીવો કરવો.

(૧૬) દૈવસિક પ્રતિક્રમણુ કરવું.

(૧૭) જે દિવસે જે પદની આરાધના હોય તે પદની વીસ નવકારવાલી ગણુવી.

(૧૮) રાત્રે **શ્રીપાલ રાજાનો** રાસ સાંભળવો.

(૧૯) એક પ્રહર રાત્રિ વીત્યા બાદ સંથારાપોરિસી સૂત્રની ગાથાઓ ભણાવી સંથારે સુઇ રહેવું.

* પૂજા ભણાવી રહ્યા પછી આરતિ મંગળદીવો ઉતારી પ્રભુનાં ન્હવણુ જળથી શાન્તિકળશ ભણાવવો.

(૨૦) દરરોજનો વિધિ હમેશાં સૂતા પહેલાં પૂર્ણ કરી દેવો.
ઉપર મુજબ નવેય દિવસ ક્રિયા કરવાની છે.

## દરેક દિવસની વિશેષ સમજ

**વિધિઃ—**

### પહેલો દિવસ

**પદ**—શ્રી અરિહંત.
**કાઉસગ્ગ**-બાર લોગસ્સ.
**વર્ણ**—શ્વેત, એકં ધાન્યનું આયંબીલ, ચોખાનું કરવું.

**નવકારવાલી**-વીશ
**જાપ**-ૐહ્રીંનમો અરિહંતાણ

**સ્વસ્તિક**-બાર. **પ્રદક્ષિણા** તથા **ખમાસમણાં**-બાર,
**ખમાસમણાનો દુહોઃ—**

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાયરે. વીર૦

### અરિહંત પદના બાર ગુણઃ—

૧ અશોકવૃક્ષપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિહંતાય નમઃ
૨ પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિ૦
૩ દિવ્યધ્વનિપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિ૦
૪ દ્વાદશ ચામરયુગ્મપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિ૦
૫ સુવર્ણસિંહાસનપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિ૦
૬ ભામણ્ડલપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિ૦
૭ દુન્દુભિપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિ૦
૮ છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય શ્રીઅરિ૦
૯ જ્ઞાનાતિશયસંયુતાય શ્રીઅરિ૦

૧૦ પૂજાતિશયસંયુતાય શ્રીઅરિ૦
૧૧ વચનાતિશયસંયુતાય શ્રીઅરિ૦
૧૨ અપાયાપગમાતિશયસંયુતાય શ્રી અરિ૦

## બીજો દિવસ

**પદ**-શ્રીસિદ્ધપદ.

**કાઉસગ્ગ**-આઠ લોગસ્સ.

**સ્વસ્તિક**--આઠ.

**વર્ણ** લાલ, એક ધાન્યનું આયંબીલ તે ઘઉંનું કરવું.

**નવકારવાલી**-વીસ, જાપ-ૐ હ્રીઁ નમો સિદ્ધાણં.

**પ્રદક્ષિણા** તથા **ખમાસમણાં**-આઠ

**ખમાસમણાનો દુહો**-

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ-નાણીરે;
તે ધ્યાતા નિજ આત્મા, હોવે સિદ્ધ ગુણખાણીરે. વીર૦

### સિદ્ધપદના આઠ ગુણ:—

૧ અનન્તજ્ઞાનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૨ અનન્તદર્શનસંયુતાય શ્રીસિ૦
૩ અવ્યાબાધગુણસંયુતાય શ્રીસિ૦
૪ અનન્તચારિત્રગુણસંયુતાય શ્રીસિ૦
૫ અક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રીસિ૦
૬ અરૂપિનિરંજનગુણસંયુતાય શ્રીસિ૦
૭ અગુરુલઘુગુણસંયુતાય શ્રીસિ૦
૮ અનન્તવીર્યગુણસંયુતાય શ્રીસિ૦

## ત્રીજો દિવસ

**પદ**-શ્રી આચાર્ય.

**નવકારવાલી**-વીસ.

**કાઉસ્સગ્ગ**-છત્રીશ લોગસ્સ

**પ્રદક્ષિણા** તથા

**ખમાસમણાં**-છત્રીશ.

**વર્ણ**-પીળો એક ધાન્ય તે ચણાનું આયંબીલ.

**જાપ**-ૐ હ્રીઁ નમો આયરિયાણં.

**લોગસ્સ** અને સ્વસ્તિક,-છત્રીશ.

**ખમાસમણાનો દુહો** -

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વીર૦

### આચાર્યપદના ૩૬ ગુણઃ—

૧ પ્રતિરૂપગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨ સૂર્યવત્તેજસ્વિગુણસંયુતાય શ્રીઆચા૦
૩ યુગપ્રધાનાગમસંયુતાય શ્રીઆચા૦
૪ મધુરવાક્યગુણસંયુતાય શ્રીઆચા૦
૫ ગામ્ભીર્યગુણસંયુતાય શ્રીઆચા૦
૬ ધૈર્યગુણસંયુતાય શ્રીઆચા૦
૭ ઉપદેશગુણસંયુતાય શ્રીઆચા૦
૮ અપરિશ્રાવિગુણસંયુતાય શ્રીઆચા૦
૯ સૌમ્યપ્રકૃતિગુણસંયુતાય શ્રીઆચા૦
૧૦ શીલગુણસંયુતાય શ્રીઆચા૦
૧૧ અવિગ્રહગુણસંયુતાય શ્રીઆચા૦
૧૨ અવિકથકગુણસંયુતાય શ્રીઆચા૦
૧૩ અચપલગુણસંયુતાય શ્રીઆચા૦

૧૪ પ્રસન્નવદનગુણસંયુતાય શ્રીઆચા૦
૧૫ ક્ષમાગુણસંયુતાય શ્રીઆચા૦
૧૬ ઋજુગુણસંયુતાય શ્રીઆચા૦
૧૭ મૃદુગુણસંયુતાય શ્રીઆચા૦
૧૮ સર્વાઙ્ગમુક્તિગુણસંયુતાય શ્રીઆચા૦
૧૯ દ્વાદશવિધતપોગુણસંયુતાય શ્રીઆચા૦
૨૦ સપ્તદશવિધસંયમગુણસંયુતાય શ્રીઆચા૦
૨૧ સત્યવ્રતગુણસંયુતાય શ્રીઆચા૦
૨૨ શૌચગુણસંયુતાય શ્રીઆચા૦
૨૩ અકિઞ્ચનગુણસંયુતાય શ્રીઆચા૦
૨૪ બ્રહ્મચર્યગુણસંયુતાય શ્રીઆચા૦
૨૫ અનિત્યભાવનાભાવકાય શ્રીઆચા૦
૨૬ અશરણભાવનાભાવકાય શ્રીઆચા૦
૨૭ સંસારસ્વરૂપભાવનાભાવકાય શ્રીઆચા૦
૨૮ એકત્વભાવનાભાવકાય શ્રીઆચા૦
૨૯ અન્યત્વભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૦ અશુચિભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૧ આશ્રવભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૨ સંવરભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૩ નિર્જરાભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય શ્રીઆચા૦

## ચોથો દિવસ

| | |
|---|---|
| **પદ-શ્રી ઉપાધ્યાય.** | **વર્ણ**-લીલો, એક ધાન્યનું તે મગનું આયંબીલ. |
| **નવકારવાલી**-વીસ. | **જાપ**-ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં. |
| **લોગસ્સ, સ્વસ્તિક**-૨૫. | **ખમાસમણાં** ૨૫. |
| **કાઉસ્સગ્ગ** } **પ્રદક્ષિણા** } ૨૫. | |

**ખમાસમણનો દુહો—**

તપ સજ્ઝાયેં રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે. વીર૦

### ઉપાધ્યાયપદના ૨૫ ગુણઃ—

૧ શ્રીઆચારાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨ શ્રીસૂત્રકૃતાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૩ શ્રી સ્થાનાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૪ શ્રીસમવાયાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૫ શ્રીભગવતીસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૬ શ્રીજ્ઞાતાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૭ શ્રીઉપાસકદશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૮ શ્રીઅન્તકૃદ્દશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૯ શ્રીઅનુત્તરૌપપાતિકસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૦ શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૧ શ્રીવિપાકસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૨ ઉત્પાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૩ આગ્રાયણીયપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦

૧૪ વીર્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૫ અસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૬ જ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૭ સત્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૮ આત્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૯ કર્મ્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૦ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૧ વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૨ કલ્યાણપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૩ પ્રાણાત્રાયપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૪ ક્રિયાવિશાલપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૫ લોકબિન્દુસારપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦

---

## પાંચમો દિવસ

| | |
|---|---|
| **પદ**-શ્રી સાધુ. | **કાઉસ્સગ્ગ**-૨૭. |
| **વર્ણ**-કાળો, આયંબિલ એક ધાનનું, તે અડદનું. | **લોગસ્સ, સ્વસ્તિક**-૨૭. |
| **નવકારવાલી**-વીશ, ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં. | **પ્રદક્ષિણા**-તથા **ખમાસમણા**- } ૨૭. |

**ખમાસમણાનો દુહો—**

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડયે શું લોચ્યે રે. વીર૦

## સાધુપદના ૨૭ ગુણ:—

૧ પ્રાણાતિપાતવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ૦
૨ મૃષાવાદવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે૦
૩ અદત્તાદાનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે૦
૪ મૈથુનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે૦
૫ પરિગ્રહવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે૦
૬ રાત્રિભોજનવિરમણવ્રતયુકતાય શ્રીસાધવે૦
૭ પૃથ્વીકાયરક્ષકાય શ્રીસાધવે૦
૮ અપ્કાય રક્ષકાય શ્રીસાધવે૦
૯ તેજસ્કાયરક્ષકાય શ્રીસાધવે૦
૧૦ વાયુકાયરક્ષકાય શ્રીસાધવે૦
૧૧ વનસ્પતિકાયરક્ષકાય શ્રીસાધવે૦
૧૨ ત્રસકાયરક્ષકાય શ્રીસાધવે૦
૧૩ એકેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે૦
૧૪ દ્વીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે૦
૧૫ ત્રીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે૦
૧૬ ચતુરિન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે૦
૧૭ પઞ્ચેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે૦
૧૮ લોભનિગ્રહકારકાય શ્રીસાધવે૦
૧૯ ક્ષમાગુણયુક્તાય શ્રીસાધવે૦
૨૦ શુભભાવનાભાવકાય શ્રીસાધવે૦
૨૧ પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધકારકાય શ્રીસાધવે૦
૨૨ સંયમયોગયુક્તાય શ્રીસાધવે૦
૨૩ મનોગુપ્તિયુક્તાય શ્રીસાધવે૦
૨૪ વચનગુપ્તિયુકતાય શ્રીસાધવે૦

૨૫ કાયગુપ્તિયુકતાય શ્રીસાધવે૦
૨૬ ક્ષુધાદિદ્વાવિંશતિપરિસહસહનતત્પરાય શ્રીસાધવે૦
૨૭ મરણાન્તઉપસર્ગસહનતત્પરાય શ્રીસાધવે નમઃ

---

## ૭ મો દિવસ.

**પદ શ્રી** દર્શન.

વર્ણ—સફેદ.

આયંબીલ એક ધાન-તે ચોખાનું.

**નવકારવાલી-**વીસ.

ૐ હ્રીઁ નમો દંસણસ્સ.

**પ્રદક્ષિણા** તથા **કાઉસગ્ગ-૬૭ લોગસ્સ, સ્વસ્તિક-૬૭ ખમાસમણાં-૬૭.**

**ખમાસમણનો દુહો—**

શમ—સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહીજ આતમા, શું હોય નામ ધરાવ્યે રે.—વીર૦

## દર્શનપદના ૬૭ ગુણઃ—

૧ પરમાર્થસંસ્તવરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૨ પરમાર્થજ્ઞાતૃસેવનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩ વ્યાપન્નદર્શનવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪ કુદર્શનવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૫ શુશ્રૂષારૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૬ ધર્મરાગરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૭ વૈયાવૃત્ત્યરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૮ અર્હદ્દિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૯ સિદ્ધવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૦ ચૈત્યવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૧ શ્રુતવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૨ ધર્મવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૩ સાધુવર્ગવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૪ આચાર્યવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૫ ઉપાધ્યાયવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૬ પ્રવચનવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૭ દર્શનવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૮ "સંસારે શ્રીજિનઃસારઃ" ઇતિચિન્તનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૯ "સંસારે શ્રીજિનમતઃસારઃ" ઇતિચિન્તનરૂપ શ્રીસદ્દર્શ૦
૨૦ "સંસારે જિનમતસ્થિત શ્રીસાધ્વાદિઃસારઃ" ઇતિચિન્તનરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ
૨૧ શંકાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ
૨૨ કાઙ્ક્ષાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ
૨૩ વિચિકિત્સાદૂષણરહિતાય શ્રીસ૦
૨૪ કુદૃષ્ટિપ્રશંસાદૂષણરહિતાય શ્રીસ૦
૨૫ તત્પરિચયદૂષણરહિતાય શ્રીસ૦
૨૬ પ્રવચનપ્રભાવકરૂપશ્રીસ૦
૨૭ ધર્મકથાપ્રભાવકરૂપશ્રીસ૦
૨૮ વાદિપ્રભાવકરૂપશ્રીસ૦
૨૯ નૈમિત્તિકપ્રભાવકરૂપશ્રીસ૦
૩૦ તપસ્વિપ્રભાવકરૂપશ્રીસ૦
૩૧ પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃત્પ્રભાવકરૂપશ્રીસ૦
૩૨ ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરૂપશ્રીસ૦
૩૩ કવિપ્રભાવકરૂપશ્રીસ૦

૩૪ જિનશાસને કૌશલ્યભૂષણરૂપશ્રીસ૦
૩૫ પ્રભાવનાભૂષણરૂપશ્રીસ૦
૩૬ તીર્થસેવાભૂષણરૂપશ્રીસ૦
૩૭ ધૈર્યભૂષણરૂપશ્રીસ૦
૩૮ જિનશાસને ભક્તિભૂષણરૂપશ્રીસ૦
૩૯ ઉપશમગુણરૂપશ્રીસ૦
૪૦ સંવેગગુણરૂપશ્રીસ૦
૪૧ નિર્વેદગુણરૂપશ્રીસ૦
૪૨ અનુકમ્પાગુણરૂપશ્રીસ૦
૪૩ આસ્તિકયગુણરૂપશ્રીસ૦
૪૪ પરતીર્થિકાદિવંદનવર્જનરૂપશ્રીસ૦
૪૫ પરતીર્થિકાદિનમસ્કારવર્જનરૂપશ્રીસ૦
૪૬ પરતીર્થિકાદિઆલાપવર્જનરૂપશ્રીસ૦
૪૭ પરતીર્થિકાદિસંલાપવર્જનરૂપશ્રીસ૦
૪૮ પરતીર્થિકાદિઅશનાદિદાનવર્જનરૂપશ્રીસ૦
૪૯ પરતીર્થિકાદિગન્ધપુષ્પાદિપ્રેષણવર્જનરૂપશ્રીસ૦
૫૦ રાજાભિયોગાકારયુક્તશ્રીસ૦
૫૧ ગણાભિયોગાકારયુક્તશ્રીસ૦
૫૨ બલાભિયોગાકારયુક્તશ્રીસ૦
૫૩ સુરાભિયોગાકારયુક્તશ્રીસ૦
૫૪ કાન્તારવૃત્ત્યાકારયુક્તશ્રીસ૦
૫૫ ગુરુનિગ્રહાકારયુક્તશ્રીસ૦
૫૬ "સમ્યક્ત્વં ચારિત્રધર્મસ્ય મૂલમ્" ઇતિચિન્તનરૂપશ્રીસ૦
૫૭ "સમ્યક્ત્વં ધર્મપુરસ્ય દ્વારમ્" ઇતિચિન્તનરૂપશ્રીસ.
૫૮ "સમ્યક્ત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનમ્" ઇતિચિન્તનરૂપશ્રીસ૦

૫૯ "સમ્યક્ત્વં ધર્મસ્યાધાર." ઇતિચિન્તનરૂપશ્રીસ૦
૬૦ "સમ્યકત્વં ધર્મસ્ય ભાજનમ્" ઇતિચિન્તનરૂપશ્રીસ૦
૬૧ "સમ્યકત્વં ધર્મસ્યનિધિસન્નિભમ્" ઇતિચિન્તનરૂપશ્રીસ૦
૬૨ "અસ્તિ જીવ;" ઇતિ શ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસ૦
૬૩ "સ ચ જીવો નિત્ય;" ઇતિ શ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસ૦
૬૪ "સ ચ જીવઃ કર્મ્માણિ કરોતિ" ઇતિ શ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસ૦
૬૫ "સ ચ જીવઃ સ્વકૃતકર્મ્માણિ વેદયતિ" ઇતિશ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસ૦
૬૬ "જીવસ્યાસ્તિ નિર્વાણમ્" ઇતિ શ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસદ્દર્શના૦
૬૭ "અસ્તિ મોક્ષોપાય:" ઇતિશ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદ્દર્શનાય નમઃ

---

## સાતમો દિવસ.

**પદ**-શ્રી જ્ઞાન.
**વર્ણ**-સફેદ આયંબિલ એક ધાન્યનું તે ચોખાનું.
**નવકારવાલી**-વીસ. ૐ હ્રીઁ નમો નાણસ્ય.

**કાઉસગ્ગ**-૫૧ લોગસ્સ.
**સ્વસ્તિક**-૫૧.
**પ્રદક્ષિણા**
**ખમાસમણાં**- } ૫૧.

**ખમાસમણાનો દુહોઃ-**

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે.
તો હૂએ એહીજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે-વીર૦

### જ્ઞાનપદના ૫૧ ગુણઃ—

૧ સ્પર્શનેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૨ રસનેન્દ્રિયવ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ

૩ ઘ્રાણેન્દ્રિયવ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૪ શ્રોત્રેન્દ્રિયવ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૫ સ્પર્શનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૬ રસનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૭ ઘ્રાણેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૮ ચક્ષુરિન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૯ શ્રોત્રેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૧૦ માનસાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૧૧ સ્પર્શનેન્દ્રિય-ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૨ રસનેન્દ્રિય-ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૩ ઘ્રાણેન્દ્રિય-ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૪ ચક્ષુરિન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૫ શ્રોત્રેન્દ્રિય-ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૬ મન ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૭ સ્પર્શનેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૧૮ રસનેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૧૯ ઘ્રાણેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૦ ચક્ષુરિન્દ્રિ-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૧ શ્રોત્રેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૨ મનોઽપાયમતિજ્ઞાનાય નમઃ
૨૩ સ્પર્શનેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૪ રસનેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૫ ઘ્રાણેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૬ ચક્ષુરિન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૭ શ્રોત્રેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ

૨૮ મનોધારણામતિજ્ઞાનાય નમઃ
૨૯ અક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૦ અનક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૧ સંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૨ અસંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૩ સમ્યક્શ્રુતજ્ઞાનાય નમઃ
૩૪ મિથ્યાશ્રુતજ્ઞાનાય નમઃ
૩૫ સાદિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૬ અનાદિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૭ સપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૮ અપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૯ ગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૦ અગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૧ અઙ્ગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ
૪૨ અનઙ્ગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ
૪૩ અનુગામિ–અવધિજ્ઞાનાય નમઃ
૪૪ અનનુગામિ–અવધિજ્ઞાનાય નમઃ
૪૫ વર્ધમાન–અવધિજ્ઞાનાય નમઃ
૪૬ હીયમાન–અવધિજ્ઞાનાય નમઃ
૪૭ પ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમઃ
૪૮ અપ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમઃ
૪૯ ઋજુમતિ–મનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૦ વિપુલમતિ-મનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૧ લોકાલોકપ્રકાશક–કેવલજ્ઞાનાય નમઃ

## આઠમો દિવસ

**પદ**-શ્રી ચારિત્ર.
**વર્ણ**-સફેદ
આયંબિલ એક ધાન્યનું તે ચોખાનું.
**નવકારવાલી**-વીશ. ૐ હ્રીઁ નમો ચરિત્તસ્સ

**કાઉસગ્ગ**-૭૦ લોગસ્સ.
**સ્વસ્તિક**-૭૦.
**પ્રદક્ષિણા**
**ખમાસમણાં**- } ૭૦

**ખમાસમણાનો દુહો:-**

જાણ ચારિત્ર તે આતમા નિજસ્વભાવમાં રમતોરે.
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવી ભમતોરે-વીર૦

### ચારિત્રપદના ૭૦ ગુણ—

૧ પ્રાણાતિપાતવિરમણરૂપચારિત્રાય નમઃ
૨ મૃષાવાદવિરમણરૂપચારિત્રાય નમઃ
૩ અદત્તાદાનવિરમણરૂપચારિત્રાય નમઃ
૪ મૈથુનવિરમણરૂપચારિ૦
૫ પરિગ્રહવિરમણરૂપચારિ૦
૬ ક્ષમાધર્મરૂપચારિત્રાય નમઃ
૭ મૃદુતાધર્મરૂપચારિ૦
૮ આર્જવધર્મરૂપચારિ૦
૯ મુક્તિધર્મરૂપચારિ૦
૧૦ તપોધર્મરૂપચારિ૦
૧૧ સંયમધર્મરૂપચારિ૦
૧૨ સત્યધર્મરૂપચારિ૦
૧૩ શૌચધર્મરૂપચારિ૦

૧૪ અકિઞ્ચનધર્મરૂપચારિ૦
૧૫ બ્રહ્મચર્યધર્મરૂપચારિ૦
૧૬ પૃથિવીરક્ષાસંયમચારિ૦
૧૭ ઉદકરક્ષાસંયમચારિ૦
૧૮ તેજોરક્ષાસંયમચારિ૦
૧૯ વાયુરક્ષાસંયમચારિ૦
૨૦ વનસ્પતિરક્ષાસંયમચારિ૦
૨૧ દ્વીન્દ્રિયરક્ષાસંયમચારિ૦
૨૨ ત્રીન્દ્રિયરક્ષાસંયમચારિ૦
૨૩ ચતુરિન્દ્રિયરક્ષાસંયમચારિ૦
૨૪ પઞ્ચેન્દ્રિયરક્ષાસંયમચારિ૦
૨૫ અજીવરક્ષાસંયમચારિ૦
૨૬ પ્રેક્ષાસંયમચારિ૦
૨૭ ઉપેક્ષાસંયમચારિ૦
૨૮ અતિરિક્તવસ્ત્રભક્તાદિપરિસ્થાપનત્યાગરૂપસંયમચારિ૦
૨૯ પ્રમાર્જનરૂપસંયમચારિ૦
૩૦ મનઃસંયમચારિ૦
૩૧ વાક્સંયમચારિ૦
૩૨ કાયસંયમચારિ૦
૩૩ આચાર્ય વૈયાવૃત્યરૂપસંયમચારિ૦
૩૪ ઉપાધ્યાયવૈયાવૃત્યરૂપસંયમચારિ૦
૩૫ તપસ્વિવૈયાવૃત્યરૂપસંયમચારિ૦
૩૬ લઘુશિષ્યાદિવૈયાવૃત્યરૂપચારિ૦
૩૭ ગ્લાનસાધુવૈયાવૃત્યરૂપચારિ૦
૩૮ સાધુવૈયાવૃત્યરૂપચારિ૦

૩૯ શ્રમણોપાસકવૈયાવૃત્યરૂપચારિ૦
૪૦ સર્ઙ્ઘવૈયાવૃત્યરૂપચારિ૦
૪૧ કુલવૈયાવૃત્યરૂપચારિ૦
૪૨ ગણવૈયાવૃત્યરૂપચારિ૦
૪૩ પશુપણ્ડકાદિરહિતવસતિવસન બ્રહ્મગુપ્તિચારિ૦
૪૪ સ્ત્રીહાસ્યાદિવિકથાવર્જન બ્રહ્મગુપ્તિચારિ૦
૪૫ સ્ત્રી-આસનવર્જન બ્રહ્મગુપ્તિચારિ૦
૪૬ સ્ત્રી-અઙ્ગોપાઙ્ગનિરીક્ષણવર્જન બ્રહ્મગુપ્તિચારિ૦
૪૭ કુડયન્તરસ્થિતસ્ત્રીહાવભાવશ્રવણવર્જન બ્રહ્મગુપ્તિચારિ૦
૪૮ પૂર્વસ્ત્રીસંભોગચિન્તનવર્જન બ્રહ્મગુપ્તિચારિ૦
૪૯ અતિસરસઆહારવર્જન બ્રહ્મગુપ્તિચારિ૦
૫૦ અતિઆહારકરણવર્જન બ્રહ્મગુપ્તિચા૦
૫૧ અઙ્ગવિભૂષાવર્જન બ્રહ્મગુપ્તિચારિ૦
૫૨ અનશનતપોરૂપચારિ૦
૫૩ ઔનોદર્યતપોરૂપચારિ૦
૫૪ વૃત્તિસંક્ષેપતપોરૂપચારિ૦
૫૫ રસત્યાગતપોરૂપચારિ૦
૫૬ કાયક્લેશતપોરૂપચારિ૦
૫૭ સંલેષણાતપોરૂપચારિ૦
૫૮ પ્રાયશ્ચિત્તતપોરૂપચારિ૦
૫૯ વિનયતપોરૂપચારિ૦
૬૦ વૈયાવૃત્યતપોરૂપચારિ૦
૬૧ સ્વાધ્યાયતપોરૂપચારિ૦
૬૨ ધ્યાનતપોરૂપચારિ૦
૬૩ કાયોત્સર્ગતપોરૂપચારિ૦

૬૪ અનન્તજ્ઞાનસંયુક્તચારિ૦
૬૫ અનન્તદર્શનસંયુક્તચારિ૦
૬૬ અનન્તચારિત્રસંયુક્તચારિ૦
૬૭ ક્રોધનિગ્રહકરણચારિ૦
૬૮ માનનિગ્રહકરણચારિ૦
૬૯ માયાનિગ્રહકરણચારિ૦
૭૦ લોભનિગ્રહકરણચારિ૦

---

## નવમો દિવસ

**પદ**-શ્રી તપ
**વર્ણ**-સફેદ. આયંબિલ
એક ધાન્યનું તે ચોખાનું.
**નવકારવાલી**-વીશ—ૐ હ્રીઁ
નમો તવસ્સ.

**કાઉસગ્ગ**-૫૦ લોગસ્સ.
**સ્વસ્તિક** ૫૦
**પ્રદક્ષિણાં**
**ખમાસમણાં**- } ૫૦

**ખમાસણનો દુહો :—**

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે.
તપ તે એહીજ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે.
વીર જિણેસર ઉપદીશે, સાંભળજો ચિત્ત લાઇરે,
આતમ ધ્યાને આતમા, રિદ્ધિ મળે સવી આઇરે-વીર૦

### તપ પદના ૫૦ ગુણ:—

૧ યાવત્કથિકતપસે નમ:
૨ ઇત્વરકથિકતપસે નમ:
૩ બાહ્ય-ઐાનોદર્યતપસે નમ:

૪ અભ્યન્તર-ઐાનોદર્યતપસે નમઃ
૫ દ્રવ્યતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૬ ક્ષેત્રતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૭ કાલતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૮ ભાવતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૯ કાયક્લેશતપસે નમઃ
૧૦ રસત્યાગતપસે નમઃ
૧૧ ઇન્દ્રિય-કષાય-યોગવિષયકસંલીનતાતપસે નમઃ
૧૨ સ્ત્રી-પશુ-પણ્ડકાદિવર્જિતસ્થાનાવસ્થિતતપસે નમઃ
૧૩ આલોચનપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૪ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૫ મિશ્રપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૬ વિવેકપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૭ કાયોત્સર્ગપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૮ તપઃપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૯ છેદપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૦ મૂલપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૧ અનવસ્થિતપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૨ પારઞ્ચિતપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૩ જ્ઞાનવિનયરૂપતપસે નમઃ
૨૪ દર્શનવિનરૂપતપસે નમઃ
૨૫ ચારિત્રવિનયરૂપતપસે નમઃ
૨૬ મનોવિનયરૂપતસે નમઃ
૨૭ વચનવિનયરૂપતપસે નમઃ
૨૮ કાયવિનયરૂપતપસે નમઃ

૨૯ ઉપચારવિનયરૂપતપસે નમઃ
૩૦ આચાર્યવૈયાવૃત્યતપસે નમઃ
૩૧ ઉપાધ્યાયવૈયાવૃત્યતપસે નમઃ
૩૨ સાધુવૈયાવૃત્યતપસે નમઃ
૩૩ તપસ્વિવૈયાવૃત્યતપસે નમઃ
૩૪ લઘુશિષ્યાદિવૈયાવૃત્યતપસે નમઃ
૩૫ ગ્લાનસાધુવૈયાવૃત્યતપસે નમઃ
૩૬ શ્રમણોપાસકવૈયાવૃત્યતપસે નમઃ
૩૭ સઙ્ઘવયાવૃત્યતપસે નમઃ
૩૮ કુલવૈયાવૃત્યતપસે નમઃ
૩૯ ગણવૈયાવૃત્યતપસે નમઃ
૪૦ વાચનાતપસે નમઃ
૪૧ પૃચ્છનાતપસે નમઃ
૪૨ પરાવર્તનાતપસે નમઃ
૪૩ અનુપ્રેક્ષાતપસે નમઃ
૪૪ ધર્મકથાતપસે નમઃ
૪૫ આર્ત્તધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૬ રૌદ્રધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૭ ધર્મધ્યાનચિન્તનતપસે નમઃ
૪૮ શુકલધ્યાનચિન્તનતપસે નમઃ
૪૯ બાહ્યકાયોત્સર્ગતપસે નમઃ
૫૦ અભ્યન્તરકાયોત્સર્ગતપસે નમઃ

છેલ્લે દિવસે વિશેષમાં નવપદજી મહારાજની વિસ્તારથી પૂજા ભણાવવી, તથા ફળ-ફૂલ નૈવેદ્ય વગેરે વિશેષ ચઢાવવાં.

નવપદ મંડલની રચના કરવી. રાત્રિ જાગરણ કરવું. શ્રીપાલ-રાજાનો રાસ પૂર્ણ કરવો.

પ્રકારાન્તરે નીચે જણાવેલા નવ દુહાવડે પણ ખમાસમણા દઇ શકાય છે :—

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો શ્રીજિનભાણ. ૧

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમળ ક્ષય કરી, ભયે સિદ્ધ, નમો તાસ. ૨

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતા, નમો નમો તેહ સૂરીંદ. ૩

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે શિષ્યને, જય જય પાઠક ગીત. ૪

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો નમો સાધુ સુરંગ. ૫

લોકાલોકના ભાવ જે, કેવળી ભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૬

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૭

રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદૈવ;
ભાવરયણનું નિધાન છે, જય જય સંયમી જીવ. ૮

કર્મ તપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૯

## પારણાના દિવસનો વિધિ.

પારણાને દિવસે ઓછામાં ઓછું બેઆસણાનું પચ્ચક્ખાણ કરવું. હંમેશ મુજબ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, વાસક્ષેપપૂજા, ગુરૂવંદન ઇત્યાદિક કરી નાહી, શુદ્ધ થઇ, સ્નાત્ર તથા સત્તરભેદી પૂજા ભણાવવી, તે દિવસે કાઉસગ્ગ, સ્વસ્તિક, પ્રદક્ષિણા નવ નવ કરવા, તથા ખમાસમણાં નવ નવ દેવા. **ૐ હ્રીઁ શ્રી વિમલેશ્વરચક્રેશ્વરીપૂજિતાયશ્રીસિદ્ધચક્રાય નમઃ.** એ પદની વીસ નવકારવાળી ગણવી.

## નવપદ મંડળની રચનાનો વિધિ.

શાલિ (ચોખા) પ્રમુખ પાંચ વર્ણના ધાન્ય એકઠા કરી સિદ્ધચક્રના મંડળની રચના કરવી. અરહિંતાદિક નવેય પદોને વિષે શ્રીફળના ગોળાઓ મૂકવા. બીજોરા, ખારેક, દાડમ, નારંગી, સોપારી ઇત્યાદિ ફળ ગોઠવીને મૂકવા. નવગ્રહ અને દશદિક્પાળની રચના કરવી. મંડળ જેમ બને તેમ સુશોભિત થાય તેવી રીતે સોના રૂપાના વરખથી તથા ધ્વજાઓ વિગેરેથી શણગારી આકર્ષક બનાવવું. રચનાની વિશેષ ગોઠવણ તેના જાણકાર પાસેથી શીખી લેવી.

## કાઉસગ્ગ કરવાનો વિધિ.

**ખમાસમણ** દઇ **ઇચ્છારેણ સંદિસહ ભગવન્** (જે દિવસે જે પદ હોય તે પદ) **આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં ? ઇચ્છં 'વન્દણવત્તિઆએ૦ અન્નત્થ૦'** કહી, [જેટલા લોગસ્સનો હોય તેટલાનો] કાઉસગ્ગ કરવો, કાઉસગ્ગ પારી ને પ્રગટ રીતે એક **લોગસ્સ** કહેવો.

## પડિલેહણનો વિધિ

**ખમાસમણ** દેઇ, **ઇરિયાવહિયં** પડિક્કમી-**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરૂં ? ઇચ્છં**" કહી, ક્રિયામાં વપરાતા સર્વ ઉપકરણોની પ્રતિલેખના કરવી. પછી **ઇરિયાવહિયં** પડિક્કમી-કાજો લેવો. કાજો જોઇ સામાયિકમાં હોઇએ તો '**અણુજાણહ જસ્સગ્ગો**' કહી, ત્રણ વખત '**વોસિરે**' કહી, યોગ્ય સ્થાનકે પરઠવવો, પછી પરઠવાની **ઇરિયાવહિ** કરવી.

## દેવવંદનનો વિધિ.

પ્રથમ-**ઇરિયાવહિયં** પડિક્કમી-ઉત્તરાસંગ નાખી **ચૈત્યવંદન** કરવું. **નમુત્થુણં** સુધી કહી, **જયવીયરાય**૦ અડધા કહેવા.

પછી **ખમાસમણ** દેઇ ચૈત્યવંદનનો આદેશ માગી, **ચૈત્યવંદન** બોલવું. **નમુત્થુણં** સુધી કહી, ઉભા થઇ '**અરિહંત ચેઇયાણં**૦ **વંદણવત્તિ**૦ **અન્નત્થ**૦' કહી, એક **નવકારનો** કાઉસગ્ગ કરવો, પારી, **નમોર્હત્સિદ્ધા**૦ કહી, પહેલી **થોય** કહેવી, પછી '**લોગસ્સ**૦ **વંદણ**૦ **અન્નત્થ**૦' કહી, એક **નવકારનો** કાઉસગ્ગ પારી, બીજી **થોય** કહેવી, તે પ્રમાણે **પુખ્ખરવર**૦ અને **સિદ્ધાણં બુદ્ધાણં**૦ કહી અનુક્રમે ત્રીજી ને ચોથી **થોય** બોલવી. ચોથી થોય વખતે ફરી '**નમોર્હત્**૦' ' બોલવું. અને '**વંદણવત્તિ**૦' ને બદલે '**વેયાવચ્ચગરાણં**૦' કહેવું.

પછી **નમત્થુણં** કહી પ્રથમની વિધિ પ્રમાણે બીજી ચાર થોયો કહી **નમુત્થુણં**૦ **જાવંતિ ચેઇયાઇ**૦ **જાવંત કેવિ સાહુ**૦ કહી, સ્તવન બોલવું, પછી **જયવીયરાય** અરધા કહેવા.

ફરી **ખમાસમણ** દેઇ ત્રીજું **ચૈત્યવંદન નમુત્થુણં** સુધી કરવું. પછી **જયવીયરાય** આખા કહેવા સવારના દેવવંદન પછી **ખમાસમણ** દેઇ, **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરૂં? ઇચ્છં**, કહી એક **નવકાર** બોલી, **મન્હ જિણાણંની** સજ્ઝાય કહેવી. મધ્યાન્હ તથા સાંજના દેવવંદનમાં સજ્ઝાય કહેવાની જરૂર નથી.

## પચ્ચક્ખાણ પારવાનો વિધિ.

**ખમા૦ ઇરિયા૦** પડિક્કમી, **જગચિંતામણિનું ચૈત્યવંદન નમુત્થુણં૦ જાવંતિ ચેઇયાઇં૦ જાવંત કેવિસાહૂ૦ નમોર્હત્૦ ઉવસગ્ગહરં૦** યાવત્ **જયવીયરાય૦** પૂરા-પર્યંત કરવું.

પછી સજ્ઝાયનો આદેશ માગી, **નવકાર** ગણી, **મન્હ-જિણાણંની** સજ્ઝાય કહેવી. પછી **ખમાસમણ** દઇ 'ઇચ્છા૦ કહી મુહપત્તિ પડીલેહવી.

પછી **ખમાસમણ** દઇ '**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચક્ખાણ પારૂં?**' '**યથાશક્તિ**' **ખમા૦ ઈચ્છા૦ 'પચ્ચક્ખાણ પાર્યું.'** '**તહત્તિ**' કહી, મુઠીવાળી જમણો હાથ ચરવળા ઉપર સ્થાપી, એક નવકાર ગણી બોલવું.

'ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં પોરિસીં, સાઢ પોરિસીં, સૂરે ઉગ્ગએ પુરિમઙ્ઢમુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું ચોવિહાર, આયંબિલ એકાસણું પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણં ફાસિયં, પાલિયં, સોહિયં, તીરિયં, કીટ્ટિયં, આરાહિયં, જં ચ ન આરાહિયં, તસ્સ મિચ્છામિ દુક્કડં.

આ પ્રમાણે પાઠ બોલી એક નવકાર ગણી પચ્ચક્ખાણ પારવું.

## આયંબિલ કર્યા પછી ચૈત્યવંદન કરવાનો વિધિ.

**ખમાસમણ** દેઇ **ઇરિયાવહિયં** પડિક્કમી, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું? ઇચ્છં**, કહી **જગચિન્તામણીનું ચૈત્યવંદન જયવીયરાય** પર્યંત કરવું. દેરાસરે કરો તો **અરિહંત ચેઇયાણં વંદણ૦ અન્નત્થ૦ કહી,** એક **નવકારનો** કાઉસગ્ગ કરી, પારી **થોય કહેવી.**

## ઉજમણાનો વિધિ.

સાડા ચાર વર્ષે તપ પૂર્ણ થયે, પોતાની શક્તિ-વૈભવ અનુસાર ઉજમણું કરવું. ઉજમણું કરવાથી તપની સફળતા, લક્ષ્મીનો સદ્વ્યય, શુભ ધ્યાનની વૃદ્ધિ, સુલભ બોધિપણું, ભવ્ય જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ, શ્રી તીર્થંકર દેવની અપૂર્વ ભક્તિ, શ્રીજિનશાસનની પ્રભાવના ઇત્યાદિ મહા લાભોની પ્રાપ્તિ થાય છે. ઉજમણાથી વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય છે. ઉજમણું કરતાં વિશાળ મંડપ બાંધી શ્રીસિદ્ધચક્રનાં મંડલની સ્થાપના કરી મહોત્સવ કરવો. યંત્રની ગોઠવણ, પીઠિકાની રચના વિગેરેનું સ્વરૂપ ગીતાર્થ ગુરુ પાસેથી સમજી લેવું, ધનની શક્તિ અનુસાર નવાન ચૈત્યો જીર્ણોદ્ધારો, જિનબિંબો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો કરાવવા; તથા જ્ઞાન, દર્શન, ચારિત્રનાં ઉપકરણો એકઠાં કરી ઉજમણામાં મૂકવાં.

## મન્હ જિણાણંની સજ્ઝાય.

મન્હ જિણાણં આણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં;
છવ્વિહ–આવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઇ પઇદિવસં. ૧
પવ્વેસુ પોસહવયં, દાણં-સીલં-તવો અ ભાવો અ;
સજ્ઝાય–નમુક્કારો, પરોવયારો અ જયણા અ. ૨

જિણપૂઆ જિણથુણણં, ગુરુથુઅસાહમ્મિઆણ વચ્છલ્લં;
વવહારસ્સ ય સુદ્ધી, રહજત્તા તિત્થજત્તા ય. ૩

ઉવસમ-વિવેગ-સંવર,-ભાસાસમિઇ છજીવકરુણા ય;
ધમ્મિઅજણ-સંસગ્ગો, કરણદમો ચરણપરિણામો ૪

સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં-પભાવણા તિત્થે;
સડ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરુવએસેણં. ૫

## સંથારા પોરિસી સૂત્ર.

નિસીહિ નિસીહિ નિસીહિ, નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં.

અણુજાણહ જિટ્ઠિજ્જા! અણુજાણહ પરમગુરુ! ગુરુગુણ-રયણેહિં મંડિયસરીરા! બહુપડિપુન્ના પોરિસી, રાઇયસંથારએ ઠામિ. ૧

અણુજાણહ સંથારં, બાહુવહાણેણં વામપાસેણં;
કુક્કુડિપાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિં. ૨

સંકોઇઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ કાયપડિલેહા;
દવ્વાઇઉવઓગં, ઊસાસનીરુંભણાલોએ. ૩

જઇ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઇ રયણીએ;
આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪

ચત્તારિ મંગલં-અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં. ૫

ચત્તારિ લોગુત્તમા-અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો. ૬

ચત્તારિ સરણં પવજ્જામિ-અરિહંતે સરણં પવજ્જામિ,

સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭

પાણાઇવાયમલિઅં, ચોરિક્કં મેહૂણં દવિણમુચ્છં;
કોહં માણં માયં, લોભં પિજ્જં તહા દોસં. ૮

કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઇઅરઇસમાઉત્તં;
પરપરિવાયં માયા-મોસં મિચ્છત્તસલ્લં ચ. ૯

વોસિરિસુ ઇમાઇં, મુખ્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઇં;
દુગ્ગઇનિબંધણાઇં, અટ્ઠારસ પાવઠાણાઇં. ૧૦

'એગોહં નત્થિ મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઇ;'
એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઇ. ૧૧

'એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ,
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા.' ૧૨

સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા;
તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો;
જિણપણ્ણત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિઅં. (૩) ૧૪

ખમિઅ ખમાવિઅ મઇ ખમિઅ, સવ્વહ જીવનિકાય;
સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઇર ન ભાવ. ૧૫

સવ્વે જીવા કમ્મવસ, ચઉદહરાજ ભમંત;
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝવિ તેહ ખમંત. ૧૬

જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવં;
જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ.' ૧૭

# પચ્ચક્ખાણો.

## ઉપવાસનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ, ચઉવિહંપિ આહારં-તિવિહંપિ આહારં-અસણં, પાણં, ખાઇમં સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,

પાણહાર-પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,

પાણસ્સ-લેવેણ વા અલેવેણ વા, અચ્છેણ વા બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ.

## આયંબિલનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે-ચઉવ્વિહંપિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,

આયંબિલં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભો સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,

એગાસણં પચ્ચક્ખાઇ-*તિવિહંપિ આહારં-અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,

પાણસ્સ-લેવેણ વા અલેવેણ વા, અચ્છેણ વા બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા, વોસિરઈ.

## દેસાવગાસિઅનું પચ્ચક્ખાણ

(૧૪) નિયમ ધારવાવાળાને સાથે દેસાવગાસિય પચ્ચક્ખાણ લેવું હોય તો—

દેસાવગાસિયં ઉવભોગપરિભોગં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

એ પચ્ચક્ખાણ પણ સાથે બોલવું.

---

* ઠામ ચઉવિહાર કરવો હોય તો—

"એગાસણં પચ્ચક્ખાઈ-ચઉવિહંપિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં." એ પ્રમાણે બોલવું.

## આયંબિલ કરી મુખશુદ્ધિ કર્યા પછી ઉઠતાં તિવિહારનું પચ્ચક્ખાણ.

દિવસચરિમં પચ્ચક્ખાઇ—તિવિહંપિ આહારં—અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

## મુટ્ઠિસહિયંનું પચ્ચક્ખાણ.

મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઇ—અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

"ગંઠસહિયં," "વેટ્ઠસહિયં," પચ્ચક્ખાણ કરવું હોય તો તે શબ્દો બોલવા.

## પાણહારનું પચ્ચક્ખાણ.

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

## પારણાને દિવસે એકાસણા બિયાસણાનું પચ્ચક્ખાણ.

ઉગ્ગએ સૂરે-નમુક્કારસહિયં પોરિસિં, સાડ્ઢપોરિસિં, મુટ્ઠિસહિયં, પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે-ચઉવ્વિહંપિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તારાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,

વિગઇઓ પચ્ચક્ખાઇ-અન્નત્થણાભોગેણં, સહસાગારેણં-લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિ

એણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,

*એગાસણં, બિયાસણં, પચ્ચક્ખાઇ-તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં.

પાણસ્સ-લેવેણ વા અલેવેણ વા, અચ્છેણ વા.બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા, વોસિરઇ.

## ઓળી કરનાર ભાઇબ્હેનોને આવશ્યક સૂચનાઓ.

(૧) આ દિવસોમાં જેમ બને તેમ કષાયનો ત્યાગ કરવો અને વિકથા કરવી નહિ.

(૨) આ દિવસોમાં આરંભોનો ત્યાગ કરવો અને કરાવવો તથા બની શકે તેટલી 'અમારિ' પળાવવી.

(૩) દેવપૂજનનાં કાર્ય સિવાય સચિત્ત પાણીનો ત્યાગ રાખવો.

(૪) પહેલા અને પાછલા દિવસ સાથે બધા દિવસોમાં મન વચન અને કાયાથી નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરવું. કુદૃષ્ટિ પણ કરવી નહિ.

(૫) જતાં આવતાં ઇર્યાસમિતિનો ખાસ ઉપયોગ રાખવો.

(૬) કોઇ પણ ચીજ લેતાં મૂકતાં, કટાસણું સંથારીયું પાથરતાં, યતનાપૂર્વક પૂંજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો.

(૭) થુંક, બળખો, લીંટ જેમ તેમ નાંખવા નહિ, પણ

---

* જો બિયાસણું જ કરવું હોય તો 'એગાસણં' બોલવું નહિ, અને એકાસણું કરવું હોય તો 'બિયાસણં' બોલવું નહિ.

રૂમાલ રાખીને તેમાં કાઢવા ખાસ ઉપયોગ રાખવો, તેથી પણ જીવરક્ષા ઘણી થઇ શકે છે.

(૮) પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, પ્રભુપૂજન વિગેરે ક્રિયા કરતાં, ગુણણું ગણતાં, આહાર વાપરતાં, માર્ગે જતાંઆવતાં, સ્થંડિલ માત્રું કરતાં બોલવું નહિ.

(૯) આયંબિલ કરતી વખતે આહાર સારો યા ખરાબ હોય તેના ઉપર રાગ દ્વેષ કરવો નહિ. વાપરતાં 'સુર સુર' 'ચબ ચબ' શબ્દ નહિ કરવાં. એઠવાડ પડે નહિ તેવી રીતે ઉપયોગ રાખવો.

(૧૦) ચૌદ નિયમો હંમેશ ધારવા ઉપયોગ રાખવો.

(૧૧) પાણી પીધા પછી પ્યાલો તુરત જ લુંછી નાંખવો, તેમ નહિ કરવાથી બે ઘડી પછી સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે.

(૧૨) થાળી વાડકા વગેરે તમામ વાસણો નામ વિનાનાં તથા વસ્ત્રો ધોયેલાં વાપરવા, સાંધેલાં ફાટેલાં ન વાપરવાં.

(૧૩) ભાણા માંડવાના પાટલાઓ ડગતા ન રહે તેનો ખાસ ઉપયોગ રાખવો.

(૧૪) નવકારવાળી, પુસ્તક વિગેરે શુદ્ધ ઉંચે સ્થાનકે મૂકવાનો ઉપયોગ રાખવો, ચરવળે ભરાવી દેવાથી તથા કટાસણા ઉપર જેમ તેમ મૂકી દેવાથી આશાતના થાય છે.

(૧૫) દરેક ક્રિયા ઉભા ઉભા પ્રમાદ રહિતપણે કરવી.

# શ્રી સિદ્ધચક્રઆરાધનવિધિ

## દ્વિતીય વિભાગ

### શ્રી જિનેંદ્રસ્તુતિ સંગ્રહ

અદ્યાભવત્સફલતા નયનદ્વયસ્ય,
દેવ ત્વદીયચરણામ્બુજવીક્ષણેન;
અદ્ય ત્રિલોકતિલક પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણઃ. ૧

કલેવ ચન્દ્રસ્ય કલંકમુકતા, મુકતાવલિશ્ચારુગુણપ્રપન્ના;
જગત્ત્રયસ્યાભિમતં દદાના, જૈનેશ્વરી કલ્પલતેવ મૂર્તિઃ. ૨

ધન્યોહં કૃતપુણ્યોઽહં, નિસ્તીર્ણોહં ભવાર્ણવાત્,
અનાદિભવકાન્તારે, દૃષ્ટો યો ન શ્રુતો મયા. ૩

અદ્ય પ્રક્ષાલિતં ગાત્રં, નેત્રે ચ વિમલીકૃતે.
મુકતોહં સર્વપાપેભ્યો, જિનેંદ્ર તવ દર્શનાત્. ૪

દર્શનાત્ દુરિતધ્વંસઃ, વન્દનાત્ વાઞ્છિતપ્રદઃ;
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ. ૫

ઐન્દ્રશ્રેણિનતા પ્રતાપભવનં ભવ્યાઙ્ગિનેત્રામૃતં,
સિદ્ધાન્તોપનિષદ્વિચારચતુરૈઃ પ્રીત્યા પ્રમાણીકૃતા;
મૂર્તિઃ સ્ફૂર્તિમતી સદા વિજયતે જૈનેશ્વરી વિસ્ફુરન્;
મોહોન્માદઘનપ્રમાદમદિરામત્તૈરનાલોકિતા.

નેત્રાનન્દકરી ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મઞ્જરી,
શ્રીમદ્ધર્મમહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતાધૂમરી;
હર્ષોત્કર્ષ શુભપ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રીજિનપુઙ્ગવસ્ય ભવતુ શ્રેયસ્કરી દેહિનામ્. ૭

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રીસિદ્ધાન્તસુપાઠકા, મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પઞ્ચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મઙ્ગલમ્. ૮

અશોકવૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિઃ, દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ;
ભામણ્ડલં દુન્દુભિરાતપત્રં, સત્ પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણાં.૯
પૂર્ણાનન્દમયં, મહોદયમયં, કૈવલ્યચિદ્દૃગ્મયં,
રૂપાતીતમયં, સ્વરૂપરમણં, સ્વાભાવિકીશ્રીમયમ્;
જ્ઞાનોદ્યોતમયં, કૃપારસમયં, સ્યાદ્વાદવિદ્યાલયં,
શ્રીસિદ્ધાચલતીર્થરાજમનિશં, વન્દેહમાદીશ્વરમ્. ૧૦

સકલ કરમ વારી, મોક્ષમાર્ગાધિકારી,
ત્રિભુવનઉપકારી, કેવલજ્ઞાનધારી;
ભવિજન નિત્ય સેવો, દેવ એ ભક્તિભાવે,
એહી જિનવર ભજંતાં, સર્વ સંપત્તિ આવે.

જિનવર પદ સેવા સર્વ સંપત્તિ દાઈ,
નિશદિન સુખદાઇ, કલ્પવલ્લિ સહાઇ;

નમિ-વિનમિ લહીજે સર્વ વિદ્યા વડાઇ,
રિષભ જિનહ સેવા સાધતાં તેહ પાઇ. ૧૧
તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય;
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય. ૧૨

યૈઃ શાન્તરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં,
નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત ! ;
તાવન્ત એવ ખલુ તેપ્યણવઃ પૃથિવ્યાં
યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ. ૧૩

ધન્યાસ્ત એવ ભુવનાધિપ ! યે ત્રિસન્ધ્ય-
મારાધયન્તિ વિધિવદ્ વિધુતાન્યકૃત્યાઃ;
ભક્ત્યોલ્લસત્પુલકપક્ષ્મલદેહદેશાઃ
પાદદ્વયં તવ વિભો ! ભુવિ જન્મભાજઃ. ૧૪

દીનોદ્ધારધુરન્ધરસ્ત્વદપરો નાસ્તે મદન્યઃ કૃપા—
પાત્રં નાત્ર જને જિનેશ્વર ! તથાપ્યેતાં ન યાચે શ્રિયમ;
કિન્ત્વર્હન્નિદમેવ કેવલમહો સદ્બોધિરત્નં શિવં;
**શ્રીરત્નાકર** ! મંગલૈકનિલય ! શ્રેયસ્કરં પ્રાર્થયે. ૧૫

---

દીઠોરે નંદન નાભિ નરિંદનોરે,
દેવનો દેવ દયાળ રે,
આજ મહોદય મેં લહ્યો રે,
મારાં પાપ ગયાં પાયાળ રે.

તિહુઅણનાયક તું વડોરે લોલ, તુજ સમ અવર ન કોય રે,
દાદા દરિસણ દીજીયે રે લોલ. ૧

ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા, રસનાનો રસ લીધો રે,
**દેવચંદ્ર** કહે મારાં મનનો, સકલ મનોરથ સીધો રે. ૨

ભવોભવ તુમ ચરણની સેવા, હું તો માગું દેવાધિદેવા!
સામુ જુઓને સેવક જાણી, એવી **ઉદયરતનની** વાણી. ૩

તું અકલંકી રૂપ સરૂપી, પરમાનંદ પદ તું દાયી;
તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વીતરાગ તું નિરમાયી. ૧

અનુપમ રૂપ દેખી તુજ રીઝે, સુરનરનારીકે વૃન્દા;
નમો નિરંજન ફણીપતિ સેવિત, પાસ ગોડીચા સુખકન્દા. ૨

કાને કુંડલ શિર શત્ર બીરાજે, ચક્ષુટીકા નિરધારી;
અષ્ટ બીજોરૂં હાથ સોહીએ, તુમ વન્દે સહુ નરનારી. ૩

અગ્નિકાષ્ટાસે સર્પ નિકાલા, મંત્ર સુણાયા બહુ ભારી;
પૂર્વ જનમકા વૈર ખોલાયા, જળ વરસાયા નિરધારી. ૪

જળ આવી પ્રભુ નાકે અડીયા, આસન કંપ્યા નિરધારી,
નાગ નાગણી છત્ર ધરે છે, પૂર્વ જનમકા ઉપગારી. ૫

**રૂપવિજય** કહે સુણ મેરી લાવણી, એસી શોભા બહુ સારી,
માતાપિતા બંધવ સહુ સાથે, સંયમ લીધા નિરધારી. ૬

પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નં,
વદનકમલમઙ્કઃ કામિનીસઙ્ગશૂન્યં,
કરયુગમપિ યત્તે શસ્ત્રસંબન્ધવન્ધ્યં;
તદસિ જગતિ દેવો વીતરાગસ્ત્વમેવ. ૧

સરસશાન્તિસુધારસસાગરં,
શુચિતરં ગુણરત્નમહાગરમ્ ;
ભવિકપઙ્કજબોધદિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્ ૧

કિં કર્પૂરમયં ? સુધારસમયં ? કિં ચન્દ્રરોચિર્મયં ?
કિં લાવણ્યમયં ? મહામણિમયં ? કારુણ્યકેલિમયમ્ ?
વિશ્વાનન્દમયં ? મહોદયમયં ? શોભામયં ? ચિન્મયં ?
શુક્લધ્યાનમયં ? વપુર્જિનપતેર્ભૂયાદ્ ભવાલમ્બનમ્. ૧

## નવપદ ચૈત્યવંદનો.

(૧)

જો ધુરિ સિરિઅરિહંત,મૂલદઢપીઢપઇટ્ઠિઓ,
સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાય-સાહુ,ચિહું સાહગરિટ્ઠિઓ;
દંસણ-નાણ-ચરિત્ત-તવહિ, પડિસાહા સુન્દરુ,
તત્તક્ખર સરવગ્ગ લદ્ધિ,ગુરુપયદલ દુંબરુ;
દિસિવાલ જક્ખજક્ખિણી,પમુહ સુરકુસુમેહિં અલંકિઓ,
સો સિદ્ધચક્ક ગુરુકપ્પતરુ, અમ્હ મનવંછિય ફલ દિઓ. ૧

(૨)

[ ઇન્દ્રવજ્રા વૃતમ્ ]

ઉપ્પન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં;
સદ્દેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં. ૧

સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોણંતચઉક્કયાણં,
સૂરીણ દૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં. ૨

સુત્તત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગકુંજરાણં;
સાહૂણ સંસાહિઅ સંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં. ૩

જિણુત્તતત્તે રુઇલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ
અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ. ૪

આરાહિયખંડિયસક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિયસ્સ;
કમ્મદ્દુમોમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ. ૫

[ માલિની વૃત્તમ ]

ઇય નવપયસિદ્ધં લદ્ધિવિજ્જાસમિદ્ધં,
પયડિયસરવગ્ગં, હ્રીઁ તિરેહાસમગ્ગં;
દિસિવઇ સુરસારં, ખોણિ પીઢાવયારં,
તિજયવિજયચક્કં, સિદ્ધચક્કં નમામિ. ૬

(૩)

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણગાન. ૧

આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર;
ચોથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાઓ ઉદાર. ૨

સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમપદ આદર કરી, જપજો ધરી સસનેહ. ૩

છઠે પદે દર્શન નમો, દરિસણ અજુઆલો;
નમો નાણ પદ સાતમે, જિમ પાપ પખાલો. ૪

આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ;
પદ નવમે બહુ તપ તણો, ફળ લીજે અભંગ. ૫

એણીપરે નવપદ ભાવશું. એ, જપતાં નવનવ કોડ;
**પંડિત શાંતિ વિજય** તણો, **શિષ્ય** કહે કરજોડ. ૬

(૪)

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસો ચઈતર માસ;
નવદિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ, ૧

કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ;
જુગતે જિનવર પૂજીયા, **મયણાને શ્રીપાળ.** ૨

પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ;
મંત્ર જપો ત્રણકાળ ને, ગુણણું તેર હજાર.[1] ૩

કષ્ટ ટળ્યું **ઉંબર** તણું, જપતાં નવપદ ધ્યાન,
શ્રી **શ્રીપાળ** નરીંદ થયા, વાધ્યો બમણો વાન ૪

સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ.
પુણ્યે મુક્તિવધુ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

( ૫ )

પરમેશ્વર પરમાતમા, પાવન્ન પરમિટ્ટ;
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દીઠ. ૧

અચળ અકળ અવિકાર સાર, કરુણારસ સિંધુ;
જગતીજન આધાર એક, નિઃકારણબંધુ. ૨

---

૧. પાંચ પરમેષ્ઠિના (૧૦૮), અને જ્ઞાનના (૫), દર્શનનાં (૫) ચારિત્રના (૧૦) અને તપના (૨), એમ કુલ (૧૩૦) ભેદની એકેક નવકારવાળી ગણતાં (તેના ૧૦૦ ગણતા હોવાથી) ૧૩૦૦૦ ગુણણું થાય છે.

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કીમહી કળ્યા ન જાય;
**રામ** પ્રભુ નિજ ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

( ૬ )

જય જય શ્રી જિનરાજ! આજ, મળીયો મુજ સ્વામી;
અવિનાશી અવિકાર સાર, જગ અંતર જામી. ૧

રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી. ૨

સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકલ સિદ્ધિ વર બુદ્ધ;
રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ રિદ્ધ. ૩

કાળ બહુ થાવર ગ્રહ્યો, ભમીઓ ભવમાંહિ;
વિકલેંદ્રિ એળે ગયો, (પણ) થિરતા નહિ કયાંહિ. ૪

તિરિ-પંચેંદ્રિય દેહમાં, વળી કરમે હું આવ્યો;
કરી કૂકર્મ નરકે ગયો, (તુમ) દરિશન નવિ પાયો. ૫

એમ અનંત કાળે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગતારક તું મળ્યો, ભવજળ પાર ઉતાર. ૬

( ૭ )

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણાં તલસે;
તુમ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે. ૧

કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ? ૨

એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહી જોય;
**જ્ઞાન વિમલ** પ્રભુ નજરથી, તે શું ? જે નવિ હોય. ૩

(૮)

સિદ્ધચક્ર મહા મંત્રરાજ, પૂજા પરસિદ્ધ;
જાસ નમનથી સંપજે, સંપૂરણ રિદ્ધ. ૧
અરિહંતાદિક નવપદ, નિત્ય નવનિધિ દાતા;
એ સંસાર અસાર સાર, હોયે પાર વિખ્યાતા. ૨
અમરાચલ પદ સંપજે, પૂરે મનનાં કોડ;
મોહન કહે વિધિયુક્ત કરો, જિમ હોય ભવનો છોડ. ૩

(૯)

જગન્નાથને હું નમું હાથ જોડી,
કરુ વિનતિ ભક્તિ શું માન મોડી;
કૃપાનાથ સંસારકુ પાર તારો,
લહ્યો પુણ્યથી આજ દેદાર સારો. ૧
સોહીલા મળે રાજ્ય દેવાદિ ભોગો,
પરમ દોહીલો એક તુજ ભક્તિ જોગો;
ઘણા કાળથી તું લહ્યો સ્વામી મીઠો,
પ્રભુ પારગામી સહુ દુઃખ નીઠો. ૨
ચિદાનંદરૂપી પરબ્રહ્મ લીલા,
વિલાસી વિભો ત્યકતકામાગ્નિ કીલા;
ગુણાધાર જોગીશ નેતા અમાયી,
જય ત્વં વિભો ભૂતલે સુખદાયી. ૩
ન દીઠી જેણે તાહરી યોગ મુદ્રા,
પડયા રાતદિવસે મહામોહ નિદ્રા;
કીસી તાસ હોશે ગતિ જ્ઞાન સિંધો,
ભમંતા ભવે હે જગજ્જીવ બંધો. ૪

સુધાસ્યંદિ તે દર્શનં નિત્ય દેખે,
ગણું તેહનો હું વિભો જન્મ લેખે;
ત્વદાજ્ઞાવશે જે રહ્યા વિશ્વ માંહે,
કરે કર્મની હાણ ક્ષણ એક માંહે. ૫
જિનેશાય નિત્યં પ્રભાતે નમસ્તે,
ભવિ ધ્યાન હોજો હૃદયે સમસ્તે;
સ્તવી દેવના દેવને હર્ષ પૂરે,
મુખામ્ભોજ ભાલી ભજો હેજ ઉરે. ૬
કહે દેશના સ્વામી વૈરાગ્ય કેરી,
સુણે પર્ષદા બાર બેઠી ભલેરી;
સુધામ્ભોધ ધારા સમી તાપ ટાળે,
બહુ[1] બંધવા સાંભળે એક[2] ઢાળે. ૭

---

## શ્રી અરિહંતપદનું ચૈત્યવંદન

૧

જય જય શ્રી અરિહંત ભાનુ, ભવિ કમલ વિકાશી;
લોકાલોક અરૂપી રૂપી, સમસ્ત વસ્તુ પ્રકાશી. ૧

સમુદ્ઘાત શુભ કેવલે, ક્ષય કૃત મળ રાશિ;
શુકલ ચમર શુચિ પાદસે, ભયે વર અવિનાશી. ૨

અંતરંગ રિપુગણ હણીએ, હુયે અપ્પા અરિહંત;
તસુ પદ પંકજમેં રહી, **હીરધર્મ** નિત સંત. ૩

---

૧ બની. ૨ એક સરખી રીતે.

## શ્રી સિદ્ધપદનું ચૈત્યવંદન.

૨

શ્રી શૈલેશી પૂર્વ પ્રાંત, તનુ હીન ત્રિભાગી;
પુવ્વપઓગ પ્રસંગસે, ઉરધ ગત જાગી. ૧
સમય એકમેં લોકપ્રાંત, ગયે નિગુણ નિરાગી;
ચેતન ભૂપે આત્મરૂપ, સુદિશા લહી સાગી. ૨
કેવલ દંસણ-નાણથી એ, રૂપાતીત સ્વભાવ;
સિદ્ધ ભયે જસુ **હીરધર્મ**, વંદે ધરી શુભ ભાવ. ૩

---

## શ્રી આચાર્યપદનું ચૈત્યવંદન.

૩

જિનપદ કુલ મુખરસ અનિલ, મિત રસ ગુણ ધારી;
પ્રબલ સબલ ઘન મોહકી, જિણ તે ચમૂ હારી. ૧
ઋજત્રાદિક જિનરાજ ગીત, નય તનુ વિસ્તારી;
ભવ કૂપે પાપે પડત, જગ જન નિસ્તારી. ૨
પંચાચારી જીવકે, આચારજ પદ સાર;
તીનકું વંદે **હીરધર્મ**, અઠ્ઠોત્તરસો વાર. ૩

---

## શ્રી ઉપાધ્યાયપદનું ચૈત્યવંદન.

૪

ધન ધન શ્રી ઉવજઝાય રાય, શઠતા ઘન ભંજન;
જિનવર દેશિત દુવાલસં, દૂર કૃત જનરંજન. ૧
ગુણવન ભંજણ મય ગયંદ, સુયશણિ કિય ગંજણ;
કુણાલંધ લોય લોયણે, જથ્થય સુયમંજણ. ૨

મહાપ્રાણમેં જિન લહ્યો એ, આગમસે પદ ધુર્ય,
તીન પે અહનિશ **હીરધર્મ**, વંદે પાઠક વર્ય. ૩

---

## શ્રી સાધુપદનું ચૈત્યવંદન.

૫

દંસણ નાણ ચરિત્ત કરી, વર શિવપદ ગામી,
ધર્મ શુકલ શુચિ ચક્કસે, આદિમ ખય કામી. ૧
ગુણ પ્રમત્ત અપ્રમત્તસે, ભયે અંતરજામી;
માનસ ઈંદ્રિય દમન ભૂત, શમ દમ અભિરામી. ૨
ચારૂ તિધન (૨૭) ગુણ ભર્યો એ, પંચમ પદ મુનિરાજ;
તત્પદ પંકજ નમત હૈ, **હીરધર્મ** કે કાજ. ૩

---

## શ્રી દર્શનપદનું ચૈત્યવંદન.

૬

હૂય પુગ્ગલ પરિઅટ્ટ અદ્ધ, પરિમિત સંસાર;
ગંઠિભેદ તબ કરિ લહે, સબ ગુણનો આધાર. ૧
ક્ષાયક (૧) વેદક શશિ અસંખ, ઉપશમ પણ (૫) વાર;
વિના જેણ ચારિત્ર નાણ, નહિ હુવે શિવ દાતાર. ૨
શ્રી સુદેવ ગુરુ ધર્મની એ, રુચિ લચ્છન અભિરામ;
દર્શનકું ગણિ **હીરધર્મ**, અહનિશ કરત પ્રણામ. ૩

---

## શ્રી જ્ઞાનપદનું ચૈત્યવંદન.

૭

ક્ષપ્રાદિક રસ રામ વહ્નિ (૩૩૬), મિત આદિમ નાણ;
ભાવ મિલાપસે જિન જનિત, સુય વીશ (૨૦) પ્રમાણ. ૧

ભવ ગુણ પજ્જવ એહિ દોય, મણ લોચન (૨) નાણ;
લોકાલોક સરૂપ જાણ, ઇક કેવલ ભાણ. ૨

નાણાવરણી નાશથી એ, ચેતન નાણ પ્રકાશ;
સપ્તમ પદમેં **હીરધર્મ**, નિત ચાહત અવકાશ. ૩

---

## શ્રી ચારિત્રપદનું ચૈત્યવંદન.

૮

જસ્સ પસાયે સાહુ પાય, જુગ જુગ સમિતેંદ;
નમન કરે શુભ ભાવ લાય, પુણ નરપતિ વૃંદ. ૧

જંપે ધરી અરિહંતરાય, કરી કર્મ નિકંદ;
સમિતિ પંચ તીન ગુપ્તિ યુત, દે સુખ અમંદ. ૨

ઇષુ કૃતિ (૨૫) માન કષાયથી એ, રહિત લેશ શુચિવંત;
જીવ ચરિત્તકું **હીરધર્મ**, નમન કરત નિત સંત. ૩

---

## શ્રી તપપદનું ચૈત્યવંદન.

૯

શ્રી ઋષભાદિક તીર્થનાથ, તદ્દભવ શિવ જાણ;
ખિહિ અંતૈરપિ બાહ્ય મધ્ય, દ્વાદશ પરિમાણ. ૧

વસુ કર (૨૮) મિત આમોસહી, આદિક લબ્ધિ નિદાન;
ભેદે સમતા યુત ખિણે, દગ્ઘન (૮) કર્મ વિતાન. ૨

નવમે શ્રી તપ પદ ભલા એ, ઇચ્છારોધ સરૂપ;
વંદનસે નિત **હીરધર્મ**, દૂર ભવતુ ભવકૂપ. ૩

# સ્તવનો.

## (૧)

[ ગિરુઆરે ગુણ તુમ તણા-**એ દેશી.** ]

શ્રી તીરથ પદ પૂજો, ગુણિજન ! જેહથી તરિયે તે તીરથરે;
અરિહંત ગણધર નિયમા તીરથ, ચઉવિધ સંઘ મહાતીરથરે. શ્રી૦ ૧
એ આંકણી.

લૌકિક અડસઠ તીર્થને તજિયે, લોકોત્તરને ભજિયે રે;
લોકોત્તર દ્રવ્ય-ભાવ દુ ભેદે, થાવર-જંગમ જજિયેરે. શ્રી૦ ૨

પુંડરીકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકારરે;
થાવર તીરથ એહ ભણીજે, તીર્થયાત્રા મનોહારરે. શ્રી૦ ૩

વિહરમાન વીશ જંગમ તીરથ, બે કોડિ કેવળી સાથરે;
વિચરંતા દુઃખ દોહગ ટાળે, જંગમ તીરથ નાથરે. શ્રી૦ ૪

સંઘ ચતુર્વિધ જંગમ તીરથ, શાસનને શોભાવેરે;
અડતાલીશ ગુણે ગુણવંતા, તીર્થપતિ નમે ભાવેરે. શ્રી૦ ૫

તીરથપદ ધ્યાયો ગુણ ગાવો, પંચરંગી રયણ મિલાવોરે;
થાળ ભરી ભરી મોતીડે વધાવો, ગુણ અનંત દિલ લાવોરે. શ્રી૦ ૬

**મેરુપ્રભ** પરમેશ્વર હૂઓ, એહ તીરથને પ્રભાવેરે;
**વિજયસૌભાગ્યલક્ષ્મીસૂરિ** સંપદ, પરમ મહોદય પાવેરે. શ્રી૦૭

(૨)

તપપદને પૂજીજે હો પ્રાણી ! તપપદને પૂજીજે. એ આંકણી
સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે;
ક્ષમા સહિત જે આહાર નિરીહતા, આતમ ઋદ્ધિ નિહાળે.
હો પ્રાણી ! તપ૦ ૧

તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;
તોય તપ આચરણ ન મૂકે, અનંત ગુણો તપ મહિમા.
હો પ્રાણી ! તપ૦ ૨

**પીઠ** અને **મહાપીઠ** મુનીશ્વર, પૂરવ ભવ **મલ્લિ** જિનનો;
સાધવી **લખમણા** તપ નવિ ફળિયો, દંભ ગયો નહિ મનનો.
હો પ્રાણી ! તપ૦ ૩

અગ્યાર લાખ ને એંશી હજાર, પાંચસેં પાંચ દિન ઊણા;
**નંદનઋષિયે** માસખમણ કરી, કીધાં કામ સંપૂર્ણા.
હો પ્રાણી ! તપ૦ ૪

તપ તપિયા **ગુણરત્ન** સંવત્સર, **ખંધક** ક્ષમાના દરિયા;
ચૌદ હજાર સાધુમાં અધિકા, **ધન્નો** તપગુણ ભરિયા.
હો પ્રાણી ! તપ૦ ૫

ષડ્ ભેદ બાહિર તપના પ્રકાશ્યા, અભ્યંતર ષટ્ ભેદ;
બાર ભેદે તપ તપતાં નિર્મળ, સફળ અનેક ઉમેદ.
હો પ્રાણી ! તપ૦ ૬

**કનકકેતુ** એહ પદને આરાધી, સાધી આતમ કાજ;
તીર્થંકર પદ અનુભવ ઉત્તમ, **સૌભાગ્ય લક્ષ્મી** મહારાજ.
હો પ્રાણી ! તપ૦ ૭

(૩)

નવપદ ધરજો ધ્યાન, ભવિજન! નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરંતા, પામે જીવ વિશ્રામ. ભવિ૦ ૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણ ખાણ. ભવિ૦ ૨
દર્શન જ્ઞાન ચરિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવિ૦ ૩
આસો ચૈત્રની શુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ. ભવિ૦ ૪
એમ એકયાસી આંબિલ કીજે, વરસ સાડાચાર માન. ભવિ૦ ૫
પડિક્કમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર. ભાવિ૦ ૬
દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાળ. ભવિ૦ ૭
બાર, આઠ, છત્રીશ, પચવીશનો, સત્તાવીશ, સડસઠ, સાર. ભવિ૦ ૮
એકાવન, સીત્તેર, પચાસનો, કાઉસગ્ગ કરો સાવધાન. ભવિ૦ ૯
એક એક પદનું ગુણણું, ગણીએ દોય હજાર. ભવિ૦ ૧૦
એણે વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવ પાર. ભવિ૦ ૧૧
કરજોડી સેવક ગુણ ગાવે, **મોહન** ગુણ મણિમાળ. ભવિ૦ ૧૨
તાસ શિષ્ય મુનિ **હેમ** કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ. ભવિ૦ ૧૩

(૪)

સિદ્ધચક્ર સેવો રે પ્રાણી, ભવોદધિમાંહે તારક હો જાણી;
વિધિપૂર્વક આરાધી જે, જિમ ભવસંચિત પાતક છીજે. સિદ્ધ૦ ૧
પ્રથમપદે અરિહંત, બીજે પદે વળી સિદ્ધ ભગવંત;
ત્રીજે પદે આચાર્ય જાણું, ચોથે પદે ઉપાધ્યાય વખાણું. સિ૦ ૨
પાંચમે પદે સકલ મુનીંદ્ર, છઠે દર્શન શિવસુખ કંદ;
સાતમે પદે જ્ઞાન વિબુધ, આઠમે ચારિત્ર ધાર વિશુદ્ધ. સિ૦ ૩

નવમે પદ તપ સાર, એક એક પદ જપો હોય હજાર;
નવ આંબિલ ઓળી કીજે, ત્રણ કાળ જિનને પૂજીજે. સિ૦ ૪

દેવવંદન ત્રણ વાર, પડિક્કમણું પડિલેહણ ધાર;
**રત્ન** કહે એમ આરાધો, **શ્રીપાળમયણા** જિમ સુખસાધો.સિ૦ ૫

(૫)

ભવિયાં ! શ્રી સિદ્ધચક્ર આરાધો, તુમે મુક્તિ મારગને સાધો;
એહ નર ભવ દુર્લભ લાધો હો લાલ, નવપદ જાપ જપીજે. ૧

ત્રણ ટંક દેવ વાંદી જે, ત્રિહુંકાલે જિન પૂજીજે;
આંબિલ તપ નવ દિન કીજે હો લાલ, નવપદ જાપ જપી જે. ૨

(૬)

જ્ઞાનપદ ભજિયે રે જગત સુહંકરૂં, પાંચ એકાવન ભેદે રે;
સમ્યગ્ જ્ઞાન જે જિનવર ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે.
જ્ઞાન૦ એ આંકણી. ૧

ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસો રે;
ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે. જ્ઞાન૦ ૨

મનથી ન જાણે રે કુંભકરણ વિધિ, તેહથી કુંભ કેમ થાશે રે?
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્‌ભાવ પ્રકાશે રે.જ્ઞાન૦ ૩

કંચનનાણું રે લોચનવંત લહે, અંધોઅંધ પુલાય રે;
એકાંતવાદી રે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞાન૦ ૪

જ્ઞાન ભર્યા ભારતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળ રે;
જ્ઞાની જ્ઞાન તણી પરણુતિ થકી, પામે ભવજળ કૂળ રે. જ્ઞાન૦ ૫

અલ્પાગમ જઇ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે;
**ઉપદેશમાળામાં** કિરિયા તેહની, કાય કલેશ તસ હુંત રે.જ્ઞાન૦ ૬

**જયંત** ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકરપદ પામે રે;
રવિ શશિ મેહપરે જ્ઞાન અનંતગુણી, **સૌભાગ્યલક્ષ્મી** હિત કામેરે. જ્ઞાનપદ૦ ૭

(૭)

ઓ ભવિ પ્રાણી રે! સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો. ઓ૦
જે સિદ્ધચક્રને આરાધે, તેહની કીરતિ જગમાં વાધે. ઓ૦ ૧

પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ, ચોથે ઉવજ્ઝાય ને પાંચમે મુનીશ. ઓ૦ ૨

છઠે દરશન કીજે, સાતમે જ્ઞાનથી શિવ સુખ લીજે;
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ ભાળો. ઓ૦ ૩

ઓળી આયંબિલની કીજે, નોકારવાલી વીશ ગણીજે;
ત્રણે ટંકના રે દેવ, પડિલેહણ પડિક્કમણાં આંબેલ. ઓ૦ ૪

ગુરુમુખ કિરિયા રે કીજે, દેવગુરુ ભક્તિ ચિત્તમાં ધરીજે;
એમ કહે **રામનો** રે શિષ્ય, ઓલી ઉજવજો જગદીશ. ઓ૦ ૫

(૮)

અવસર પામીને રે, કીજે નવ આંબિલની ઓલી;
ઓલી કરતાં આપદ જાયે, રિદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અવસર૦ ૧

આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે,
આળસ મેલી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી. અવસર૦ ૨

પૂનમને દિન પૂરી થાતે, પ્રેમશું પખાલી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. અવસર૦ ૩

દેહરે જઈને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે;
ચોવીશે ચાહીને પૂજો, ભાવેશું ભગવંત. અવસર૦ ૪

બે ટંકે પડિક્કમણું બોલ્યું; દેવવંદન ત્રણ કાલ રે;
**શ્રી શ્રીપાલ** તણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અવસર૦ ૫

સમકિત પામી અંતરજામી, આરાધો એકાંત રે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અવસર૦ ૬

સત્તર ચોરાણું સુદિ ચૈત્ર એ, બારશે બનાવી રે;
સિધ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી. અવસર૦ ૭

**ઉદયરત્ન** વાચક ઉપદેશે, જે નરનારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપુરીમાં મહાલે. અવસર૦ ૮

(૯)

સિદ્ધચક્ર વર સેવા કીજે, નર ભવ લાહો લીજે જી રે;
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે.
ભવિજન ભજીયેજી રે. ૧

અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએ જીરે.
દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઇંદાજી રે;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવિજન૦ ૨

અજ અવિનાશી અકળ અજરામર, કેવળ દંસણ નાણીજી રે;
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભવિજન૦ ૩

વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્ર ચોગરાજ પીઠજી રે;
સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇંદ. ભવિજન૦ ૪

અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી રે;
દશ પયન્ના એમ પણયાલીસ પાઠક તેહના ધાર. ભવિજન૦ ૫

વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી રે;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય. ભવિ૦ ૬

ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી રે;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવિજન૦ ૭

અઠ્ઠાવીસ ચૌદ ને ષટ દુગ એક, મત્યાદિકના જાણજી રે;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વર નાણ. ભવિજન૦ ૮

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદ, ચારિત્ર છે વ્યવહારજી રે;
નિજ ગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભવિ૦ ૯

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી રે;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવ સાયરમાં સેતુ. ભવિજન૦ ૧૦

એ નવપદમાં પણ (પાંચ) છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી રે;
દેવ ગુરુ ને ધર્મ તે એહમાં, દો તીન ચાર પ્રકાર. ભવિજન૦ ૧૧

મારગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી રે;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહ જ હેતે. ભવિજન૦ ૧૨

વિમલેશ્વર સાન્નિધ્ય કરે તેહને, **ઉત્તમ** જેહ આરાધેજી રે;
**પદ્મવિજય** કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવિ૦ ૧૩

# થોયો.

(૧)

**વીર** જિનેશ્વર અતિ અલવેસર, **ગૌતમ** ગુણના દરિયાજી,
એક દિન આણા **વીરની** લઇને, **રાજગૃહી** સંચરીયાજી;
**શ્રેણિક રાજા** વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગલ બાર બીરાજે, હવે સુણો ભવિ પ્રાણીજી. ૧

માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત-સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દરિસણ-નાણ-ચારિત્ર-તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર **આસોથી** કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨

**શ્રેણિકરાય ગૌતમને** પૂછે, સ્વામી ! એ તપ કેણે કીધુંજી ?
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કેણે લીધુંજી ?
મધુર ધ્વનિ બોલ્યા **શ્રીગૌતમ,** સાંભળ **શ્રેણિકરાય** વયણાજી,
“રોગ ગયો ને સંપદા પામ્યા, **શ્રી શ્રીપાળ ને મયણાજી.** ” ૩

રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાળીજી,
નામ **ચક્કેસરી ને સિદ્ધાઇ, આદિ જિન વીર** રખવાલીજી;
વિઘનકોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી,
**ભાણવિજય** કવિ સેવક **નય** કહે, સાંનિધ્ય કરજે માયજી. ૪

(૨)

જિનશાસન વંછિત, પૂરણ દેવ રસાલ,
ભાવે ભવિ ભણીયે, સિદ્ધચક્ર ગુણમાલ;
ત્રિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ,
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાલ. ૧

અરિહંત, સિદ્ધ વંદો, આચારજ, ઉવજ્ઝાય,
મુનિ, દરિસણ, નાણ, ચરણ, તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં, ભવ કોટિ દુઃખ જાય. ૨

આસો ચૈતરમાં, શુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે, નવ આંબિલ નિરધાર;
દોય સહસ્ર ગણણું, પદ સમ સાડાચાર,
એકયાશી આંબિલ, તપ આગમ અનુસાર. ૩

સિદ્ધચક્રનો સેવક, **શ્રી વિમલેસર** દેવ,
**શ્રીપાલ**તણી પરે, સુખ પૂરે સ્વયમેવ;
દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
**શ્રીસુમતિ** સુગુરુનો, **રામ** કહે નિત્યમેવ. ૪

(૩)

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧

અરિહંત અનંત થયા-થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણો વિધિશું. ૨

'છ'રી પાળી જે તપ કરશે, **શ્રીપાળ**તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩

સાડાચાર વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો, **નય વિમલેસર** વર આપો. ૪

(૪

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જેમ **મયણા શ્રીપાળ.** ૧

માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે, કોઢી મળીયો કંત;
ગુરુ વયણે તેણે, આરાધ્યું તપ એહ,
સુખ સંપદ વરિયા, તરિયા ભવજલ તેહ. ૨

આંબિલ ને ઉપવાસ, છટ્ઠ વળી અટ્ઠમ,
દશ અટ્ઠાઇ પંદર, માસ છમાસી વિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩

તપ સાનિધ્ય કરશે, શ્રી **વિમલેશ્વર** યક્ષ,
સહુ સંઘનાં સંકટ, **ચૂરે** થઇ પ્રત્યક્ષ;
**પુંડરીક** ગણધાર, **કનકવિજય** બુધ શિષ્ય,
બુધ **દર્શનવિજય** કહે, પહોંચે સકલ જગીશ. ૪

(૫)

**અંગ** દેશ **ચંપાપુરી** વાસી, **મયણા** ને **શ્રીપાળ** સુખાશી,
સમકિતશું મન વાસી;
આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આશી,
ભાવ ધરી વિશ્વાસી;

ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિધ્ધચક્ર ઉપાસી,
થયા સ્વર્ગના વાસી;
આસો ચૈત્ર તણી પૂર્ણમાસી, પ્રેમે પૂજો ભક્તિ વિકાસી,
આદિ પુરુષ અવિનાશી. ૧

કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેશું ભરી હેમ કચોળી,
શુધ્ધ જળે અંઘોળી;
નવ આંબિલની કીજે ઓળી, આસો શુદિ સાતમથી ખોલી,
પૂજો શ્રી જિન ટોળી;
ચઉગતિમાંહે આપદાં ચોળી, દુર્ગતિનાં દુઃખ દૂરે ઢોળી,
કર્મ નિકાચિત રોળી;
કર્મ કષાય તણા મદ રોળી, જેમ શિવ રમણી ભમર ભોળી,
પામ્યા સુખની ઓળી. ૨

આસો શુદ સાતમશું વિચારી, ચૈત્રી પણ ચિત્તશું નિરધારી,
નવ આંબિલની સારી;
ઓળી કીજે આળસ વારી, પ્રતિક્રમણ બે કીજે ધારી,
સિદ્ધચક્ર પૂજો સુખકારી;
શ્રી જિનભાષિત પરઉપકારી, નવદિન જાપ જપો નરનારી,
જેમ લહો મોક્ષની બારી;
નવપદ મહિમા અતિ મનોહરી, જિન આગમ ભાખે ચમત્કારી,
જાઉં તેહની બલિહારી. ૩

શ્યામ ભમર સમ વીણા કાળી, અતિ સોહે સુંદર સુકુમાળી,
જાણે રાજ મરાળી;
જલહલ ચક્ર ધરે રૂપાળી; શ્રી જિનશાસનની રખવાળી,
**ચક્રેશ્વરી** મેં ભાળી;

જે એ ઓળી કરે ઉજમાળી, તેનાં વિઘ્ન હરે સા બાળી,
સેવક જન સંભાળી;
**ઉદયરત્ન** કહે આસનવાળી, જે જિન નામ જપે જપમાળી,
તે ઘર નિત્ય દીવાળી. ૪.

(૬)

શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હરખ અપાર,
જિમ લહો સુખ શ્રીકાર;
મન શુદ્ધે ઓલીતપ કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરીજે,
જિનવર પૂજા કીજે.
પડિક્કમણાં દોય ટંકનાં કીજે, આઠે થુઇએ દેવ વાંદીજે,
ભૂમિ સંથારો કીજે;
મૃષા તણો કીજે પરિહાર, અંગે શીયલ ધરીજે સાર,
દીજે દાન અપાર. ૧

અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વે સાધુ વંદીજે,
દંસણ નાણ થુણીજે;
ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવ પદ ગણણું ગણીજે;
નવ આંબિલ પણ કીજે.
નિશ્ચલ રાખી મન જગીશ, જપીએ પદ એકએકને ઇશ,
નોકારાવલી વીશ;
છેલ્લે આંબિલ મોટો તપ કીજે, સત્તરભેદી જિનપૂજા રચીજે,
માનવ ભવ ફળ લીજે. ૨

સાતસે કુષ્ટીયાના રોગ, નાઠા યંત્ર નમણ સંજોગ,
દૂર હુઆ કર્મના ભોગ;
કષ્ઠ અઢારે દૂરે જાયે, દુઃખ દોહગ સવિ દૂર પલાયે,
મનવંછિત સુખ થાયે.

નિરધનીયાને દે બહુ ધન્ન, અપુત્રીયાને પુત્ર રતન્ન,
જે સેવે શુદ્ધ મન્ન;

નવકાર સમો નહીં કોઇ મંત્ર, સિદ્ધચક્ર સમો નહીં કોઇ જંત્ર,
સેવો ભવિ હરખંત. ૩

જિમ સેવ્યા **મયણા શ્રીપાલ,** ઉંબર રોગ ગયો તત્કાલ,
પામ્યા મંગલ માલ.

**શ્રી**પાલ તણી પરે જે આરાધે, દિન દિન દોલત તસઘર વાધે,
અંતે શિવસુખ સાધે;

વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દૂર નિવારે;
દોલત લક્ષ્મી વધારે;

**મેઘવિજય** કવિયણના શિષ્ય, આણી હૈડે ભાવ જગદીશ,
**વિનય** વદે નિશદિશ ૪

(૭)

વિપુલ કુશલમાલા કેલિગેહં વિશાલા-
સમવિભવ નિધાનં શુદ્ધમન્ત્ર પ્રધાનમ્;

સુર નરપતિ સેવ્યં દિવ્ય માહાત્મ્ય ભવ્યં,
નિહતદુરિતચક્રં સંસ્તુવે સિદ્ધચક્રમ્. ૧

દમિતકરણવાહં ભાવતો યઃ કૃતાહં,
કૃતિ નિકૃતિ વિનાશં પૂરિતાઙ્ગિ વ્રજાંશમ્;

નમિત જિનસમાજં-સિદ્ધચક્રાદિબીજં,
ભજતિ સ ગુણરાજીઃ સોऽનિશં સૌખ્યરાજીઃ ૨

વિવિધસુકૃતશાખો ભઙ્ગપત્રૌઘશાલી,
નયકુસુમમનોજ્ઞઃ પ્રૌઢ સંપત્ફલાઢ્યઃ
હરતુ વિનુવતાં શ્રી-સિદ્ધચક્રં જનાનાં,
તરુરિવ ભવતાપા—નાગમઃ શ્રી જિનાનામ્. ૩

જિનપતિ પદસેવા સાવધાના ધુનાના,
દુરિતરિપુકદમ્બં-કાન્ત કાન્તિં દધાના;
દદતુ તપસિ પુસાં સિદ્ધચક્રસ્ય નવ્ય-
પ્રમદમિહ રતાનાં રોહિણી મુખ્યદેવ્યઃ ૪

(૮)

જં ભત્તિજુત્તા જિણ સિદ્ધસૂરિ, ઉવજ્ઝાય સાહૂણ કમે નમંતિ;
સુદંસણન્નાણ તવો ચરિત્તં, પુઅંતુ પાવેહ સુહં અણંતં. ૧

નામાઇભેએણ જિણિંદચંદા, નિચ્ચંનયા જેસિ સુરિંદ વિંદા;
તે સિદ્ધચક્કસ્સ તવે રયાણં, કુણંતુ ભવ્વાણ પસત્થનાણં. ૨

જો અત્થઓ **વીરજિણેણ** પુવ્વિં, પચ્છા ગણિંદે હિ સુભાસિઓઅ;
એયસ્સ આરાહણ તપ્પરાણં, સો આગમો સિદ્ધિ સુહં કુણેઉ. ૩

સવ્વત્થ સવ્વે **વિમલપ્પહાઈ**, દેવા તહા સાસણ દેવયાઓ;
જે સિધ્ધચક્કંમિ સયાવિ ભત્તા, પૂરિંતુ ભવ્વાણ મણોરહંતે. ૪

(૯)

શ્રી સિદ્ધચક્રમાં છે ત્રણ તત્વ, દેવ ગુરુ ધર્મ તણું એકત્વ,
આધારો ધરી સત્વ;

એ પદ દેવ તત્વમાં સારા, ગુરુ તત્વે ત્રણ પદ છે પ્યારા,
ધર્મમાં ચાર ઉદારા.
વિદ્યાપ્રવાદ પૂર્વથી સાર, સિદ્ધચક્રનો કર્યો ઉદ્ધાર,
પૂર્વ ધરે ધરી પ્યાર;
વિમલેશ્વર સુર પૂરે આશ, જે કરે નવપદ તપ ઉલ્લાશ,
**હંસ** લહે શિવવાસ. ૧

## શ્રીશાશ્વતા જિનસ્તુતિ

**ઋષભ ચંદ્રાનન** વંદન કીજે, **વારિષેણ** દુઃખ વારેજી,
**વર્ધમાન** જિનવર વળી પ્રણમો, શાશ્વત નામ એ ચારેજી;
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તિણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી. ૧

ઉર્ધ્વ અધો તિર્છે લોકે થઇ, કોડિ પનરસેં જાણોજી,
ઉપર કોડિ બેંતાલીસ પ્રણમો, અડવન લખ મન આણોજી,
છત્રીસ સહસ એંશી તે ઉપરે, બિંબ તણો પરિમાણોજી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષિમાં, પ્રણમું તે સુવિહાણોજી. ૨

**રાયપસેણિ જીવાભિગમે, ભગવતી સૂત્રે** ભાખીજી,
**જંબૂદ્વિપપન્નત્તિ ઠાણાંગે,** વિવરીને ઘણું દાખીજી;
વળી અશાશ્વતી **જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર** પ્રમુખે આખીજી,
તે જિન પ્રતિમા લોપે પાપી, જીહાં બહુ સૂત્ર છે સાખીજી. ૩

તે જિન પૂજાથી આરાધક, ઇશાન ઇંદ્ર કહાયાજી,
તિમ **સૂરિયાભ** પ્રમુખ બહુ સુરવર, દેવીતણા સમુદાયાજી,
નંદીશ્વર અટ્ટાઇ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી,
જિન **ઉત્તમ** કલ્યાણક દિવસે, **પદ્મવિજય** નમે પાયાજી. ૪

# શ્રી સિદ્ધચક્ર આરાધનવિધિ

## તૃતીય વિભાગ

### સ્નાત્રપૂજાનો વિધિ.

પ્રથમ ત્રણ ગઢને બદલે ત્રણ બાજોઠ મૂકીને ઉપલા બાજોઠના મધ્ય ભાગે કંકુનો સાથીઓ કરવો, અને તેની આગળ કંકુના સાથીઆ ચાર કરી તે ઉપર અક્ષત આરોપવા તથા ફૂળ મૂકવાં, વચલા સાથીઆ ઉપર રૂપાનાણું મૂકવું, ને ચારે સાથીઆ ઉપર કળશ સ્થાપવા. તેમાં પંચામૃત કરી જળ ભરવું, તથા વચલા સાથીઆ ઉપર થાળ મૂકીને તે થાળમાં કેસરનો સાથીઓ કરી સાથીઆમાં અક્ષત આરોપી ફૂળ મૂકી નવકાર ત્રણ ગણી પ્રભુને થાળમાં પધરાવવા, પ્રભુજીની જમણી બાજુએ દીપક કરવો, ડાબી બાજુએ ધૂપ મૂકવો. પછી બે સ્નાત્રીઆઓને ઉભા રાખીને ત્રણ નવકાર ગણાવવા, પછી પ્રભુના જમણા પગના અંગુઠે કળશમાંથી જળ રેડવું ને અંગુઠે અંગલૂછણાં ત્રણ કરવાં પછી અંગુઠે કેસરની પૂજા કરી હાથ ધોઇને સ્નાત્રીઆના જમણા હાથમાં કેસરનો ચાંલ્લો કરવો. પછી કુસુમાંજલિ માટે હાથમાં ફૂલ આપવાં, પછી નીચે પ્રમાણે કહેવું.

### પં. શ્રી દેવચંદ્રજી કૃત

# સ્નાત્ર પૂજા

## ઢાળ ૧ લી. પાંખડી ગાથા.

ચઉત્તિસે અતિસય જુઓ, વચનાતિસય જુત્ત;
સો પરમેશ્વર દેખી ભવિ, સિંહાસન સંપત્ત. ૧

### ઢાળ

સિંહાસન બેઠા જગભાણ, દેખી ભવિકજન ગુણમણિ ખાણ;
જે દીઠે તુજ નિર્મળ નાણ, લહિએ પરમ મહોદય ઠાણ.
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા;
તોરાં ચરણ કમળ સેવે ચોસઠ ઇંદા. કુ૦ ૧
ચોવીશ વૈરાગી, ચોવીશ સોભાગી, ચોવીશ જિણંદા. કુસુમાં૦

( એમ કહી પ્રભુના ચરણે પૂજા કરવી. )

### ગાથા

જો નિયગુણ પજ્જવ રમ્યો, તસુ અનુભવ એગત્ત;
સુહ પુગ્ગલ આરોપતાં, જો તસુ રંગ નિરત્ત. ૨

### ઢાળ

જો નિજ આતમ ગુણ આણંદી, પુગ્ગલ સંગે જેહ અફંદી;
જે પરમેસર નિજ પદ લીન, પૂજો પ્રણમો ભવ્ય અદીન.
કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા. તો૦ કુ૦ ૨

( એમ કહી પ્રભુના જાનુએ (ઘૂંટણે) પૂજા કરવી )

### ગાથા

નિમ્મલ નાણ પયાસકર, નિમ્મલ ગુણ સંપન્ન;
નિમ્મલ ધમ્મોવએસકર, સો પરમપ્પા ધન્ન. ૨

### ઢાળ

લોકાલોક પ્રકાશક નાણી, ભવિજન તારણ જેહની વાણી;
પરમાણંદ તણી નિશાણી, તસુ ભગતે મુજ મતિ ઠહરાણી.
કુસુમાંજલિ મેલો નેમ જિણંદા. તો૦ કુ૦ ૩

( એમ કહી પ્રભુના બે હાથની પૂજા કરવી )

### ગાથા

જે સિજ્ઝા સિજ્ઝંતિ જે, સિજ્ઝં સંતિ અણંત;
જસુ આલંબન ઠવિય મણ, સો સેવો અરિહંત. ૪

### ઢાળ

શિવસુખ કારણ જેહ ત્રિકાળે, સમ પરિણામે જગત નિહાળે;
ઉત્તમ સાધન માર્ગ દેખાડે, ઇંદ્રાદિક જસુ ચરણ પખાળે.
કુસુમાંજલિ મેલો પાસ જિણંદા. તો૦ કુ૦ ૪

( એમ કહી પ્રભુના બે ખભાની પૂજા કરવી )

### ગાથા

સમદિટ્ઠી દેસ જય, સાહુ સાહુણી સાર;
આચારજ ઉવજ્ઝાય મુણિ, જો નિમ્મલ આધાર. ૫

### ઢાળ

ચઉવિહ સંઘે જે મન ધાર્યું, મોક્ષ તણું કારણ નિરધાર્યું;
વિવિહ કુસુમ વર જાતિ ગહેવી, તસુ ચરણે પ્રણમંત ઠવેવી.
કુસુમાંજલિ મેલો વીર જિણંદા તો૦ કુ૦ ૫

( એમ કહી પ્રભુને મસ્તકે પૂજા કરવી )

## ઇતિ પાંખડી ગાથા

( પછી અક્ષત લેવા. )

## વસ્તુ છંદ.

સયલ જિનવર, સયલ જિનવર, નમિય મન રંગ;
કલ્લાણુક વિહિ સંઠવિય, કરિસ ધમ્મ સુપવિત્ત.
સુંદર સય ઈગ સત્તરિ તિથ્થંકર, એકસમય વિહરંતિ મહિયલ.
ચવન સમય ઇગ વીસ જિણુ, જમ્મ સમય ઇગ વીસ;
ભત્તિય ભાવે પૂજીયા, કરો સંઘ સુજગીસ. ૫

## ઢાળ ૨ જી

( એક દિન અચિરા હુલરાવતી—એ દેશી. )

ભવ ત્રીજે સમકિત ગુણુ રમ્યા, જિન ભક્તિ પ્રમુખ ગુણુ પરિણમ્યા;
તજિ ઈંદ્રિય સુખ આશંસના, કરી સ્થાનક વીશની સેવના. ૧

અતિ રાગ પ્રશસ્ત પ્રભાવતા, મન ભાવના એહવી ભાવતા;
સવિ જીવ કરું શાસન રસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી. ૨

લહી પરિણામ એહવું ભલું, નિપજાવી જિનપદ નિર્મલું;
આયુ બંધ વચ્ચે એક ભવ કરી, શ્રદ્ધાસંવેગ તે થિર ધરી. ૩

ત્યાંથી ચવિય લહે નરભવ ઉદાર, ભરતે તેમ ઐરવતેજ સાર;
મહાવિદેહે વિજયે વર પ્રધાન, મધ્યખંડે અવતરે જિન નિધાન. ૪

## ઢાળ ૩ જી.

## સુપનાની

પુણ્યે સુપનહ દેખે, મનમાંહે હર્ષ વિશેષે.
ગજવર ઉજ્વલ સુંદર, નિર્મળ વૃષભ મનોહર. ૧

નિર્ભય કેસરીસિંહ, લક્ષ્મી અતિહી અબીહ;
અનુપમ ફૂલની માળ, નિર્મળ શશિ સુકુમાળ. ૨
તેજે તરણી અતિ દીપે, ઇંદ્રધ્વજા જગ ઝીપે;
પૂરણ કળશ પંડૂર, પદ્મ સરોવર .પૂર. ૩
અગ્યારમે રયણાયર, દેખે માતા ગુણ સાયર;
બારમે ભુવનવિમાન, તેરમે અનુપમ રત્નનિધાન. ૪
અગ્નિશિખા નિરધૂમ, દેખે માતાજી અનુપમ;
હરખી રાયને ભાસે, રાજા અરથ પ્રકાશે. ૫
જગપતિ જિનવર સુખકર, હોશે પુત્ર મનોહર;
ઇંદ્રાદિક જસુ નમશે, સકલ મનોરથ ફળશે. ૬

## વસ્તુછંદ

પુણ્ય ઉદય, પુણ્ય ઉદય, ઉપના જિનનાહ.
માતા તવ રયણી સમે, દેખી સુપન હરખંતી જાગીય;
સુપન કહી નિજ કંતને સુપન અરથ સાંભળો સોભાગીય.
ત્રિભુવન તિલક મહા ગુણી, હોશે પુત્ર નિધાન;
ઈંદ્રાદિક જસુ પાય નમી, કરશે સિદ્ધિ વિધાન. . ૧

## ઢાળ ૪ થી. ચંદ્રાવલાની દેશી.]

સોહમપતિ આસન કંપીયો, દેઈ અવધિ મન આણંદીયો;
નિજ આતમ નિર્મલ કરણ કાજ, ભવજળ તારણ પ્રગટયો જહાજ. ૧
ભવ અટવી પારગ સથ્થવાહ, કેવળ નાણાઇય ગુણ અગાહ;
શિવસાધન ગુણ અંકૂરો જેહ, કારણ ઉલટયો આષાઢી મેહ. ૨
હરખે વિકસી તવ રોમરાય, વલયાદિકમાં નિજ તનુ ન માય;
સિંહાસનથી ઉઠયો સુરિંદ, પ્રણમંતો જિન આનંદકંદ. ૩

સગ અડપય સામો આવી તત્થ, કરી અંજલીય પ્રણમીય મથ્થ;
મુખે ભાખે એ ક્ષણ આજ સાર, તિયલોય પહુ દીઠો ઉદાર. ૪

રે રે નિસુણો સુરલોય દેવ, વિષયાનલ તાપિત તુમ સવેવ;
તસુ શાન્તિકરણ જળધર સમાન,'મિથ્યા વિષ ચૂરણ ગરુડવાન. ૫

તે દેવ સકળ તારણ સમથ્થ; પ્રગટયો તસ પ્રણમી હુવો સનાથ;
એમ જંપી શક્રસ્તવ કરેવિ, તવ દેવદેવી હરખે સુણેવિ. ૬

ગાવે તવ રંભા ગીત ગાન, સુરલોક હુવો મંગલ નિધાન;
નરક્ષેત્રે આરજવંશ.ઠામ, જિનરાજ વધે સુર હર્ષ ધામ. ૭

પિતા માતા ઘરે ઉત્સવ અશેષ, જિનશાસન મંગલ અતિ વિશેષ;
સુરપતિ દેવાદિક હર્ષ સંગ, સંયમઅર્થિ જનને ઉમંગ. ૮

શુભવેળા લગને તીર્થનાથ, જનમ્યા ઇંદ્રાદિક હર્ષ સાથ;
સુખ પામ્યા ત્રિભુવન સર્વ જીવ, વધાઇ વધાઈ થઇ અતીવ. ૯

(પછી જગચિંતામણીનું ચૈત્યવંદન જયવીયરાય અરધા સુધી કહેવું. પછી હાથ ધોઇ લુંછી નાંખવા, ને એક નવકાર ગણીને જળપૂર્ણ કળશને ધૂપ દઈ હાથમાં લઇને લૂગડું ઢાંકી નીચે પ્રમાણે કળશ કહેવો.

## ઢાળ ૫ મી.

( શ્રી શાન્તિજિનનો કળશ કહીશું, પ્રેમ સાગર પૂર. એ દેશી )

શ્રી તીરથપતિનું કળશ મજ્જન, ગાઇએ સુખકાર;
નરખિત્ત મંડણ દુહ વિહંડણ, ભવિક મન આધાર;
તિહાં રાવ રાણા હર્ષ ઉત્સવ, થયો જગ જયકાર.
દિશિકુમરી અવધિ વિશેષ જાણી, લહ્યો હર્ષ અપાર. ૧

નિય અમર અમરી સંગ કુમારી, ગાવતી ગુણછંદ;
જિન જનની પાસે આવી પહોતી, ગહ ગહતી આણંદ;
હે માય ! તેં જિનરાજ જાયો, શુચિ વધાયો રમ્મ;
અમ જમ્મ નિમ્મલ કરણ કારણ, કરીશ સુઇ કમ્મ. ૨
તિહાં ભૂમિશોધન દીપ દર્પણ, વાય વીંજણ ધાર;
તિહાં કરીય કદલી ગેહ જિનવર, જનની મજ્જનકાર.
વર રાખડી જિન પાણિ બાંધી, દીયે એમ આશિષ;
જુગ કોડાકોડી ચિરં જીવો, ધર્મદાયક ઇશ. ૩

(આ ઠેકાણે ભૂમિ શોધન કરી દર્પણ ધરવું અને ચામર વીંઝવો,
અને રાખડી પ્રભુ હાથે ચઢાવવી.)

## ઢાળ ૬ ઠી એકત્રીશાની

જગનાયકજી, ત્રિભુવન જન હિતકાર એ. એ—દેશી.

જીણ રયણીજી, દશદિશિ ઉજ્જ્વલતા ધરે;
શુભ લગનેજી, જ્યોતિષ ચક્ર તે સંચરે.
જિન જનમ્યાજી, જેણે અવસર માતા ઘરે,
તેણે અવસરજી, ઇંદ્રાસન પણ થર હરે.

### ત્રુટક

થર હરે આસન ઇંદ્ર ચિંતે, કોણ અવસર એ બન્યો;
જિન જન્મ ઉત્સવકાળ જાણી, અતિહી આનંદ ઉપન્યો.
નિજ સિદ્ધિ સંપત્તિ હેતુ જિનવર, જાણી ભકતે ઉમહ્યો;
વિકસિત વદન પ્રમોદ વધતે, દેવ નાયક ગહગહ્યો. ૧

### ઢાળ

તવ સુરપતિજી, ઘંટાનાદ કરાવ એ; (આ ઠેકાણે ઘંટ નાદ કરવો.)
સુર લોકેજી, ઘોષણ એ દેવરાવ એ.

નરક્ષેત્રેજી, જિનવર જન્મ હુઓ અછે;
તસુ ભગતેજી, સુરપતિ મંદર ગિરિ ગછે.

### ત્રુટક

ગચ્છેતિ મંદર શિખર ઉપર, ભવન જીવન જિન તણો;
જિન જન્મ ઉત્સવ કરણ કારણ, આવજો સવિ સુર ગણો.
તમ શુદ્ધ સમકિત થાશે નિર્મલ, દેવાધિદેવ નિહાલતાં;
આપણાં પાતિક સર્વ જાશે, નાથ ચરણ પખાલતાં. ૨

### ઢાળ

એમ સાંભળીજી, સુરવર કોડી બહુ મલી;
જિન વંદનજી, મંદરગિરિ સામા ચલી.
સોહમપતિજી, જિન જનની ઘર આવીયા;
જિન માતાજી, વંદી સ્વામિ વધાવીયા.

(આ ઠેકાણે અક્ષતથી વધાવવા.)

### ત્રુટક

વધાવીયા જિન હર્ષ બહુલે, ધન્ય હું કૃતપુણ્ય એ;
ત્રૈલોકયનાયક દેવ દીઠો, મુજ સમો કોણ અન્ય એ.
હે જગત જનની ! પુત્ર તુમચો, મેરુ મજ્જન વર કરી;
ઉત્સંગ તુમચે વલિય થાપીશ, આતમા પુણ્યે ભરી. ૩

### ઢાળ

સુર નાયકજી, જિન નિજ કર કમલે ઠવ્યા;
પંચ રૂપેજી, અતિશે મહિમાએ સ્તવ્યા.

નાટક વિધિજી, તવ બત્રીશ આગળ વહે;
સુર કોડીજી, જિન દર્શનને ઉમ્મહે.

### ત્રુટક

સુર કોડાકોડી નાચતી વળી, નાથ શુચિગુણ ગાવતી;
અપ્સરા કોડી હાથ જોડી, હાવ ભાવ દેખાવતી.
જયો જયો તું જિનરાજ, જગગુરૂ એમ દે આશીષ એ;
અમ્હ ત્રાણ શરણ આધાર જીવન, એક તું જગદીશ એ, ૪

### ઢાળ

સુર ગિરિવર જી, પાડુંક વનમેં ચિહુ દિશે;
ગિરિશિલા પર જી, સિંહાસન સાસય વસે.
તિહાં આણી જી, શક્રે જિન ખોળે ગ્રહ્યા;
ચૌસઠે જી, તિહાં સુરપતિ આવી રહ્યા.

### ત્રુટક

આવીયા સુરપતિ સર્વ ભકતે, કળશ શ્રેણી બનાવ એ;
સિદ્ધાર્થ પમુહા તીર્થ ઔષધિ, સર્વ વસ્તુ અણાવ એ.
અચ્ચુતપતિ તિહાં હુકમ કીનો, દેવ કોડાકોડીને;
જિન મજ્જનારથ નીર લાવો, સવ્વે સુર કર જોડીને. ૫

### ઢાળ ૭ મી

શાંન્તિને કારણે, ઇંદ્ર કલશા ભરે—એ દેશી.

આત્મસાધન રસી, દેવ કોડી હસી,
ઉલસીને ધસી, ક્ષીરસાગર દિશી;
પઉમદ્રહ આદિ દ્રહ, ગંગ પમુહા નઇ,
તીર્થજળ અમલ, લેવા ભણી તે ગઇ. ૧

જાતિ અડ કળશ કરી, સહસ્સ અઠ્ઠોત્તરા,
છત્ર ચામર, સિંહાસન શુભતરા.
ઉપગરણ પુપ્ફ, ચંગેરી પમુહા સવે,
આગમે ભાસિયા, તેમ આણી ઠવે. ૨

તીર્થજળ ભરિય, કર કળશ કરી દેવતા;
ગાવતા ભાવતા, ધર્મ ઉન્નતિ રતા,
તિરિય નર અમરને, હર્ષ ઉપજાવતા,
ધન્ય અમ શક્તિ, શુચિ ભક્તિ એમ ભાવતા ૩

સમકિત બીજ નિજ, આત્મ આરોપતા,
કળશ પાણી મિષે, ભક્તિજળ સીંચતાં,
મેરુ સિહરોવરે, સર્વ આવ્યા વહી,
શક્ર ઉત્સંગ જિન, દેખી મન ગહગહી. ૪

## વસ્તુ છંદ

હું હો દેવા, હું હો દેવા, અણાઇ કાલો;
અદિઠ્ઠ પુવ્વો તિલોય તારણો, તિલોય બંધુ; મિચ્છત્ત મોહવિદ્ધંસણો;
અણાઇ તિન્હા વિણાસણો, દેવાહિદેવો દિઠ્ઠ બોહિય કામેહિં. ૫

## ઢાળ–તેહિજ

એમ પભણંત વણ, ભવણ જોઇસરા,
દેવ વેમાણિયા, ભત્તિ ધમ્માયરા;
કેવિ કપ્પઠ્ઠિયા, કેવિ મિત્તાણુગા,
કેવિ વર રમણિ, વયણેણ અઇ ઉચ્છુગા. ૬

## વસ્તુ છંદ

તથ્થ અચ્ચુય, તથ્થ અચ્ચુય, ઇંદ આદેશ;
કરજોડી સવિ દેવગણ, લેય કળશ આદેસ પામિય;

અદ્દભુત રૂપ સરૂપ જીુઅ, કવણુ એહ ઉત્સંગે સામિય;
ઇંદ્ર કહે જગ તારણો, પારગ અમ પરમેસ.
નાયક દાયક ધમ્મ નિહિ, કરિયે તસુ અભિસેક. ૭

( એમ કહી કળશમાંથી અડધું જળ નામવું, પછી નીચે પ્રમાણે કહેવું.)

## ઢાળ ૮ મી

તીર્થ કમળદલ ઉદક ભરીને, પુષ્કર સાગર આવે–એ દેશી

પૂરણુ કળશ શુચિ ઉદકની ધારા, જિનવર અંગે નામે;
આતમ નિર્મલ ભાવ કરંતા, વધતે શુભ પરિણામે;
અચ્યુતાદિક સુરપતિ મજ્જન, લોકપાલ લોકાંત,
સામાનિક ઇંદ્રાણી પમુહા, એમ અભિષેક કરંત ૧

## ગાહા

તવ ઇસાણ સુરિંદો, સક્કં પભણેઇ કરઇ સુપસાઓ;
તુમ અંકે મહન્નાહો, પણમિત્તં અમ્હ અપ્પેહ. ૨
તા સક્કિંદો પભણેઇ સાહમી વચ્છલંમિ બહુ લાહો;
આણા એવં તેણું, ગિન્હિઅવ્વો ઉકકયથ્થાભો. ૩

( એમ કહી સર્વ સ્નાત્રિયા કળશ ઢોળે, અને મુખથી નીચે પ્રમાણે પાઠ કહે. )

## ઢાળ તેહિજ

સોહમ સુરપતિ વૃષભરૂપ કરી, ન્હવણુ કરે પ્રભુ અંગ;
કરિય વિલેપણુ પુષ્ફમાલ ઠવિ, વર આભરણુ અભંગ.
તવ સુરવર બહુ જય જય રવ કરી, નાચે ધરી આણંદ;
મોક્ષ માર્ગ સારથપતિ પામ્યો, ભાંજશું હવે ભવ ફંદ. ૪

કોડિ બત્રીશ સોવન ઉવારી, વાજંતે વરનાદે;
સુરપતિ સંઘ અમર શ્રી પ્રભુને, જનનીને સુપ્રસાદે.
આણી થાપી એમ પયંપે, અમે નિસ્તરિયા આજ;
પુત્ર તમારો ધણીય હમારો, તારણ તરણ જહાજ. ૫
માત જતન કરી રાખજો એહને, તુમ સુત અમ આધાર;
સુરપતિ ભકિત સહિત નંદીશ્વર, કરે જિન ભકિત ઉદાર.
નિય નિય કપ્પ ગયા સવિ નિર્જ્જર, કહેતાં પ્રભુ ગુણ સાર;
દીક્ષા કેવળજ્ઞાન કલ્યાણુક, ઇચ્છા ચિત્ત મઝાર. ૬
**ખરતરગચ્છ** જિન આણારંગી, **રાજસાગર** ઉવઝાય;
જ્ઞાનધર્મ **દીપચંદ** સુપાઠક, સુગુરુતણે સુપસાય.
**દેવચંદ્ર** જિન ભકતે ગાયો જન્મ મહોત્સવ છંદ;
બોધિબીજ અંકુરો ઉલ્લસ્યો, સંઘ સકલ આનંદ. ૭

## કળશ. રાગ વેલાવલ

એમ પૂજા ભકતે કરો, આતમ હિત કાજ;
તજિય વિભાવ નિજ ભાવમેં, રમતા શિવરાજ. એમ૦ ૧
કાળ અનંતે જે હુઆ, હોશે જેહ જિણંદ;
સંપય સીમંધર પ્રભુ, કેવળનાણુ દિણંદ. એમ૦ ૨
જન્મ મહોત્સવ એણી પરે, શ્રાવક રુચિવંત;
વિરચે જિન પ્રતિમા તણો, અનુમોદન ખંત. એમ૦ ૩
**દેવચંદ્ર** જિન પૂજના, કરતાં ભવપાર;
જિનપડિમા જિન સારિખી, કહી સૂત્ર મઝાર. એમ૦ ૪

(પછી પ્રભુજીને શુદ્ધ જળથી પખાળ કરી, અંગલુંછણું ત્રણ કરી, કેસર ચંદનથી પૂજા કરી, પુષ્પ ચડાવી, ધૂપ કરી, અક્ષત, ફળ, નૈવેદ્ય મૂકી; આરતી તથા મંગળદીવો ઉતારવો.)

**ઇતિ પંડિત શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજા સંપૂર્ણ:**

પંડિત શ્રી વીરવિજયજી કૃત

# સ્નાત્રપૂજા.

---

[ વિધિ—પૃષ્ટ ૬૮ માં લખ્યા પ્રમાણે કરવી ]

## કાવ્યમ.

( દ્રુતવિલમ્બિત છન્દઃ )

સરસશાન્તિસુધારસસાગરં,
શુચિતરં ગુણરત્નમહાગરમ્;
ભવિક પઙ્કજબોધદિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧;

## દોહા

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જન પીઠે થાપીને, કરીયે જળ અભિષેક. ૨

[ વિધિ-ફુલ અને અલંકાર ઉતારીને જમણે અંગુઠે જળનો અભિષેક કરી અંગલુંહણું કરી પૂજા કરવી. પછી કુસુમાંજલિની થાળી લઇ ઊભા રહેવું. ]

## ગાથા

### આર્યા ગીતિ.

*જિણ ! જમ્મસમયે, મેરુસિહરે, રયણ-કણય કલસેહિં;
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ૩
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિ—ઢાળ.**

નિર્મળ જળ કળશે ન્હવરાવે,
વસ્ત્ર અમૂલક અંગ ધરાવે,
કુસુમાંજલિ મેલો **આદિ જિણંદા**૦
સિદ્ધ સ્વરુપી અંગ પખાળી,
આતમ નિર્મળ હુઇ સુકુમાળી. કુ૦ આદિ૦ ૪

[ **વિધિ**-દરેક ઢાળ બોલીને પ્રભુજીના જમણે અંગુઠે કુસુમાંજલિ મૂકવી. ]

### ગાથા. આર્યાગીતિ :

મચકુંદ-ચંપ-માલઈ, કમલાઇ પુપ્ફ પંચ વણ્ણાઈ;
જગનાહ ણ્હવણ સમયે, દેવા-કુસુમાંજલિં-દિન્તિ. ૫
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિ—ઢાળ.**

રયણ સિંહાસન જિન થાપી જે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે;
કુસુમાંજલિ મેલો **શાંતિ જિણંદા**૦ ૬

---

*પાઠાન્તર-**બાલત્તણમ્મિ સામી ! સુમેરુ સિહરમ્મિ રણય-કલસેહિં તિઅદસાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ.**

### દોહા

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ૭

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિ—ઢાળ.**

કૃષ્ણાગરુ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે;
કુસુમાંજલિ મેલો **નેમિ જિણંદા૦** ૮

### ગાથા—આર્યા ગીતિઃ

જસુ પરિમલ બલ દહદિસિં, મહુયર ઝંકાર સદ્દસંગયા;
જિણ ચલણોવરિ મુક્કા, સુર-નર કુસુમાંજલિ સિદ્ધા. ૯

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**કુસુમાંજલિ—ઢાળ.**

**પાસ** જિણેસર જગ જયકારી, જલ થલ ફૂલ ઉદક કર ધારી;
કુસુમાંજલિ મેલો **પાર્શ્વ જિણંદા૦** ૧૦

### દોહા

મૂકે કુસુમાંજલી સુરા, **વીર** ચરણ સુકુમાળ;
તે કુસુમાંજલિ ભાવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ૧૧

નમોઽર્હત્સિદ્ધા૦—

**કુસુમાંજલિ—ઢાળ.**

વિવિધ કુસુમ વરજાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો **વીર** જિણંદા૦— ૧૨

### વસ્તુ છંદ

ન્હવણકાળે, ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલસુગંધિય;
જિણ પયકમલે નિવડઇ, વિગ્ઘહર જસનામમંતો,
અનંત ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ.
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિસેસ.

નમોઽર્હત્સિદ્ધા૦ ૧૩

### કુસુમાંજલિ-ઢાળ.

અનંત ચઉવીસી જિનજી જુહારું, વર્ત્તમાન ચઉવીસી સંભારું;
કુસુમાંજલિ મેલો **ચોવીશ જિણંદા**૦ ૧૪

### દોહા

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ,
ભક્તિભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૫

નમોઽર્હત્સિદ્ધા૦

### કુસુમાંજલિ-ઢાળ.

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી **શુભવીરવિજય** જયકારા.
કુસુમાંજલિ મેલો **સર્વ જિણંદા**૦ ૧૬

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દઇ જગચિંતામણિ ચૈત્ય-વંદન૦ જકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમાસમણ૦ જાવંત૦ નમોર્હત્૦ ઉવસગ્ગહર૦ અને જયવીયરાય પૂરા કહે, પછી હાથ ધોઇ મુખકોશ બાંધી, કળશ લઇ ઉભા રહીને કળશ કહે.

## કળશ. દોહા.

સયલ જિનેશ્વર પાય નમી, કલ્યાણક વિધિ તાસ,
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ૧

**ઢાળ.** એક દિન અચિરા હુલરાવતી—એ દેશી.

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીશસ્થાનક વિધિયે તપ કરી, એસી ભાવ દયા દિલમાં ધરી. ૧
જો હોવે મુજ શક્તિ ઇસી, 'સવિ જીવ કરું શાસન રસી;'
શુચિરસ ઢળતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતાં. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવિ પન્નર ક્ષેત્રે અવતરે, મધ્ય ખંડે પણ રાજવી કુલે. ૩
પટરાણી કુખે ગુણનિલો, જેમ માન સરોવર હંસલો;
સુખશય્યાએ રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે. ૪

**ઢાળ.** સ્વપ્નની—દેશી.

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠ્ઠો,
ત્રીજે કેસરીસિંહ, ચોથે લખમી અબિહ. ૧.

પાંચમે ફુલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા,
રવિ રાતો ધ્વજ મોહોટો, પૂરણ કળશ નહીં છોટો. ૨.

દશમે પદ્મ સરોવર, અગીયારમે રત્નાકર,
ભવન-વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂવ વર્જી. ૩.

સ્વપ્નલહી જઇ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે,
પુત્ર **તીર્થંકર** ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે. ૪

## વસ્તુ છંદ

અવધિનાણે, અવધિનાણે, ઉપના જિનરાજ;
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર;
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મ ઉદય પરભાત સુંદર.
માતા પણ આણંદિયાં, જાગતી ધર્મ વિધાન;
જાણંતિ જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ૧

## દોહા

શુભ લગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત.
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ૧.

## ઢાળ. કડખાની–દેશી.

સાંભળો કળશ જન્મ–મહોત્સવનો ઇહાં;
છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં.
માય સુત નમિય, આનંદ અધિકો ધરે;
અષ્ટ સંવર્ત, વાયુથી કચરો હરે. ૧

વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે;
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે.
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી;
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨

ઘર કરી કેળનાં, માય સુત લાવતી;
કરણ શુચી કર્મ જળ, કળશે નવરાવતી,
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી;
રાખડી બાંધી જઇ, શયન પધરાવતી. ૩

નમીય કહે માય! તુજ, બાળ લીલાવતી;
મેરુ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ.
સ્વામિ ગુણ ગાવતી, નિજ ઘર જાવતી;
તિણે સમે ઈંદ્ર, સિંહાસન કંપતી. ૪

**ઢાળ.** એકવીસાની–દેશી.

જિન જન્મ્યાજી, જિણ વેળા જનની ઘરે;
તિણ વેળાજી, ઈંદ્ર સિંહાસન થરહરે.
દાહીણોત્તરજી, જેતા જિન જનમે યદા,
દિશિ નાયકજી, સોહમ ઇશાન બેહુ તદા. ૧

## ત્રુટક છંદ

તદા ચિંતે ઇંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો;
જિનજન્મ અવધિ નાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો.
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે;
સવિ દેવી દેવા જન્મમહોત્સવે, આવજો સુરગિરિવરે. ૨.

(આ ઠેકાણે ઘંટ વગાડવો.)

## ઢાળ, પૂર્વની.

એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મળે;
જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઊપર ચલે.
સોહમપતિજી, બહુ પરિવારે આવીયા;
માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા. ૩
(અક્ષતથી પ્રભુને વધાવવા.)

## ત્રુટક.

વધાવી બોલે હે રત્નકૂખ! ધારિણી તુજ સુતતણો;
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો.
એમ કહી જિન પ્રતિબિંબ થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી;
દેવ દેવી નાચે હર્ષ સાચે, સુરગિરિ આવ્યા વહી. ૪.

## ઢાળ. પૂર્વની.

મેરુ ઉપરજી, પાંડુક વનમે ચિહું દિશે;
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે.
તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા;
હરિ ત્રેશઠજી, બીજા તિહાં આવી મળ્યા. ૫.

## ત્રુટક.

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના;
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના.
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે!
ખીરજલધિ ગંગા નીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે. ૬.

## ઢાળ. વિવાહલાની દેશી.

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા;
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશ ભરાવે. ૧.

તીરથ જળ ઔષધી લેતા, વળી ખીરસમુદ્રે જાતા;
જળ કળશા બહુલ ભરાવે, પુલ ચંગેરી થાળ લાવે. ૨

સિંહાસન ચામર ધારી, ધૂપધાણા રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩.

તે દેવા સુરગિરી આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ૪.

**ઢાળ.** રાગ ધન્યાશ્રી.

આતમ ભકિત મળ્યા કેઇ દેવા, કેતા મિત્તાનુજાઇ;
નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઇ.
જોઇસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે;
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. આ૦ ૧

અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો;
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢિસેં ગુણા કરી જાણો.
સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનાં અધિકાર;
બાસઠ ઇંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. આ૦ ૨.

ચંદ્રની પંકિત છાસઠ છાસઠ, રવિસેણી નરલોકો;
ગુરુસ્થાનક સુરકેરો એકજ, સામાનિકનો એકો.
સોહમપતિ ઇશાનપતિની, ઈંદ્રાણીના સોલ;
અસુરની દશ ઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ. આ૦ ૩.

જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો;
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો.
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો;
ઇશાનઇંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. આ૦ ૪.

તવ તસ ખોળે ઠવિ અરિહાને, સોહમપતિ મનરંગે;
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે,
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગરોલે;
મંગળદીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે. ૫.

ભેરી ભુંગળ તાલ બજાવત, વળીયા જિન કરધારી;
જનનીઘર માતાને સોંપી, એણિપરે વચન ઉચ્ચારી.
પુત્ર તમારો સ્વામી હમારો, અમ સેવક આધાર;
પંચ ધાવ રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર. આ૦ ૬.
બત્રીશ કોડી કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે;
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીશ્વર જાવે.
કરીય અટ્ઠાઇ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે;
દિક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. ૭.
**તપગચ્છ** ઇસર **સિંહ સૂરીસર**, કેરા શિષ્ય વડેરા;
**સત્યવિજય** પંન્યાસતણે પદ, **કર્પૂરવિજય** ગંભીરા.
**ખિમાવિજય** તસ **સુજસવિજયના**,
**શ્રી શુભવિજય** સવાયા;
પંડિત **વીરવિજય** શિષ્યે જિન, જન્મમહોત્સવ ગાયા. ૮.
ઉત્કૃષ્ટા એકશોને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ;
અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ.
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી **શુભવીર** સવાઇ;
મંગળ લીલા સુખ ભર પાવે, ઘર ઘર હર્ષ વધાઇ. આ૦ ૯.

ચોખાથી પ્રભુને વધાવવા.

પંડિત **શ્રી** વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા સંપૂર્ણમ.

**વિધિ**-અહીં કળશાભિષેક કરવો. પછી દૂધ, દહીં, ઘૃત; જળ અને સાકર એ પંચામૃતનો પખાળ કરીને પછી પૂજા કરવી અને ફૂલ ચઢાવવા. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી, પછી પ્રતિમાજીની આડો પડદો રાખી સ્નાત્રીઆઓએ પોતાના નવ અંગે કંકુના ચાંદલા કરવા, પછી પડદો કાઢી નાંખી મંગળ દીવો ઉતારવો.

# પંડિત શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત
# શ્રી શાંતિનાથજીનો કળશ.

**કાવ્યં.** શાર્દૂલવિક્રીડિત છન્દઃ

**શ્રેય**:શ્રીજયમંગલાભ્યુદયતા-વલ્લીપ્રરોહાંબુદો,
દારિદ્રયદ્રુમકાનનૈકદલને મત્તો[1] દ્ધુરઃ સિંધુરઃ;
વિશ્વસ્મિન્ પ્રગટપ્રભાવમહિમા ! સૌભાગ્યભાગ્યોદયઃ,
સઃ શ્રીશાંતિજિનેશ્વરોઽભિમતદો જીયાત્ સુવર્ણચ્છવિઃ.૧

**ગદ્ય.**

અહો ભવ્યાઃ ! શ્રૃણુત તાવત્-સકલમંગલમાલાકેલિ કલનલસત્કમલલીલારસરોલંબિત ચિત્તવૃત્તયો વિહિત શ્રીમજ્જિનેંદ્રભક્તિપ્રવૃત્તયઃ ! [2]સાંપ્રતં શ્રીમત્શાંતિજિન-જન્માભિષેકકલશો ગીયતે.

**ઢાળ**

રાગ વસંત, નટ, દેશાખ. આરામ મંદર ભાવ—એ દેશી.

શ્રી **શાંતિ** જિનવર, સયલ સુખકર, કલશ ભણીયે તાસ;
જિમ ભવિક જનને, સર્વ સંપત્તિ, બહુત લીલ વિલાસ.
કુરુનામે જનપદ, તિલક સમવડ, હત્થિણાઉર સાર;
જિન નયરી કંચણ, રયણ ધણ કણ, સુગુણ જન આધાર. ૧

તિહાં રાય રાજે, બહુ દિવાજે, **વિશ્વસેન** નરિંદ;
નિજ પ્રકૃતિ સોમહ, તેજે તપતહ, માનું ચંદ-દિણંદ.
તસ પણયખાણી, પટ્ટરાણી, નામે **અચિરા** નાર;
સુખ સેજ સૂતાં, ચૌદ પેખે, સુપન સાર ઉદાર. ૨

---

૧ દ્ધતઃ. ૨. સમ્પ્રતિ.

શાંતિકરણ જિન, **શાંતિ જિનેશ્વર** દેવ;
જે યોગ ક્ષેમંકર, જગ હિતકર નિતમેવ.
**વિશ્વસેન** નરેશ્વર, વંશ મહોદધિ ચંદ;
મૃગલંછન કંચન-વાને સમ સુખકંદ. ૩

જે પંચમ ચક્રી, સોલસમો જિનરાય;
જસ નામે સઘળા, ઈતિ ઉપદ્રવ જાય.
આવી ઉપન્યા, **અચિરા** દેવી કુખે;
નિજ મુખ ઉતરતાં, ચોદસ સુહણા દેખે. ૪

## દોહા

ભાવારથ જેહવા હુશે, દ્રવ્ય ભાવથી જેહ;
જિણ ગુણ દાખું દેશથી, મતિ મંદે કહું તેહ. ૧

## ઢાળ

રાગ-વસંત, સામેરી, નટ.

ઉન્નત સિત ગજવર, ચઉવિધ ધર્મ કહંત;
માનું મોહ મહાગઢ, તસ શિર દોટ દિયંત.
ઐરાવણપતિ નતિ, સેવિત ચઉગતિ અંત;
તિણ હેતે **પ્રથમ ગજ**, સુપને શુભ ચઉદંત. ૧

સંયમ ભાર વહેવા, ધોરી વૃષભ કહાવે;
ભરતે ભવિખેત્રે, બોધિ બીજ વર વાવો.
જસ ઉન્નત કકુદ, ઉન્નત ગોત્રને વંશ;
મિત અમૃત મંગલ મુખ, **બીજે વૃષભ** અવતંસ. ૨

પરતીર્થિક શ્વાપદ-પીડિત ભવિજન રાખે;
એકલમલ્લ દુર્ધર-સિંહ પરાક્રમ દાખે.

પરીસહ ગજ ભેદી, નહિ સહાય અબીહ;
એવો એ હોશે; **ત્રીજે** આવી એમ કહે **સિંહ.** ૩

દેઇ વાર્ષિક દાને, જિન પદ લચ્છી લેહસે;
મુજ ચાપલ દૂષણ, એહને સંગે મીટશે.
જડ (ળ) કંટક સંગી, નિજ કજ છંડી વાસ;
કહે **લક્ષ્મી ચોથે,** સુપને અર્થ વિલાસ. ૪

ત્રિભુવન શિર ધરશે, જસ આણા સુરધામ **(સુમદામ)**
નિજ જસભર સુરભિત, જગત હુશે ઉદ્દામ.
એ **પંચમ સુહણે, છઠે શશધર** દેખે;
નિઃકલંક હું થાવું, તુજ સુત સંગ વિશેષે. ૫

કુવલયે મુદ દેશે, શમ ચંદ્રાતપ યુક્ત;
હદે **સપ્તમે દિનકર,** મિથ્યા તિમિર વિમુક્ત.
ભવિકમળ વિકાસે, માતુ કહે પુષ્પદંત;
તુમ સુતપરે અમચો, નિત્ય ઉદય પભણંત. ૬

કુળ ધ્વજ તુમ નંદન, ધર્મ **ધ્વજ** સોહંત;
સવિ ત્રિભુવન માંહે, એહિજ એક મહંત.
એમ **અઠ્ઠમ** સુહણે, ભવિકને ભાવ જણાવે;
હવે **નવમે કુંભો,** સુપને એમ કહાવે. ૭

જ્ઞાન દર્શન ચારિત્ર, ધર્મ મહાપ્રાસાદ;
તસ શિખરે ઠવશે, આતમ નહિ વિખવાદ.
**દશમે પદ્મસરોવર,** સુકૃત કજપદ ઠાવે;
એ પાવન કરશે, જ્ઞાનાંજલી મંગલ ભાવે. ૮

તુજ સુત ગુણ રયણે, ગંભીરો સુગુણ મહેઠો;
થયો જાણી સેવે, **ખીરસમુદ્ર** જ મીઠો.

તે ભણી મુજ નીરે, હોજો તનુ પરિભોગ;
**એકાદસ** સુહણે, માનું એ વિનતિ યોગ. ૯

વળી **ભવન-વિમાનાધિપ**, ચઉદેવનિકાય;
સેવિત એ હોશે, પાસે સુર સમુદાય.
**બારમે** એ જાણો, **તેરમે રયણનો રાશી;**
ધન કંચન દેઇ, કરશે ત્રિગડે વાસી. ૧૦

જ્ઞાનાદિક ગુણ મણિ, દેશે ભવિને એહ;
વર વરિકા ઘોષિ, પુરવ પરે ગુણગેહ.
નિજ કર્મ ઇંધનને, ધ્યાનાનલ શું જવાલી;
નિજ આતમ નિર્મળ, કંચન પરે અજવાળી. ૧૧

**નિર્ધૂમ અગ્નિ** સમ, ભવિ સોવન કરી શુધ્ધ;
**ચૌદસમે** સુહણે, અષ્ટ કર્મ ખયે સિદ્ધ.
ચૌદરાજની ઉપર, કરશે જે અહિઠાણ;
તેહ ભણી સંપૂરણ, ચૌદ સુપન મંડાણ. ૧૨

ગુણ લક્ષણ લક્ષિત, અતિ સુંદર આકાર;
જિન માતા ચૌદે, દેખે સુપન ઉદાર.
પણ ચક્રી માતા, કાંઇક તેજે હીણ;
દેખે દોય પદ્ધર, દોય વાર ગુણ પીણ. ૧૩

કુલ કીર્તિ થંભો, કુલાધાર કુલમેર;
કુલ સુરતરુ પાદપ, જેહને નહીં ભવ ફેર.
કુલ મંડણ દીપક, ઝીપક દુશ્મન કોડી;
ત્રિભુવન જસ ભકતે, નમશે પદ કર જોડી. ૧૪

વળી હોડ ન એહની, કરતા ભુવન મઝાર;
લોકોત્તર ચરિતે, ધન્ય હોશે અવતાર.

વળી **જ્ઞાન વિમળ** ગુણ, જેહનાં કહેતાં પાર;
ન લહે મુખ કહેતાં, જો સુરગુરુ અવતાર. ૧૫

સવટ્ઠ સિદ્ધ વિમાનથી તવ, ચવિય ઉર ઉત્પન્ન;
બહુ ભદ્દ ભદ્દવ કસિણ સત્તમી, દિવસ ગુણ સંપન્ન.
તવ રોગ સોગ વિયોગ વિડ્ડર, મારી ઈતિ શમંત;
વર સયલ મંગલ કેલિ કમલા, ઘર ઘરે વિલસંત. ૧

તવ ચંદ યોગે જયેષ્ઠ તેરસ, વદી દિને થયો જમ્મ;
તવ મજઝ રયણીએ દિશીકુમારી, કરે સૂઈ કમ્મ.
તવ ચલિય આસન સુણીય સવિ હરિ, ઘંટનાદે મેલી;
સુરવિંદ સત્થે મેરૂ મત્થે, રચે મજ્જન કેલી. ૨

**ઢાળ.** નાભિરાયા ઘરે નંદન જનમીયાએ. એ દેશી.

**વિશ્વસેન** નૃપ ઘરે, નંદન જનમીયા એ;
તિહુઅહણ ભવિઅણ, પ્રેમ શું પ્રણમીયા એ. ૧

**ત્રુટક**

હાંરે પ્રણમીયા તે ચઉસઠ ઈદ્ર, લેઇ ઠવે મેરુ ગિરિંદ;
સુર નદીય નીર સમીર, તિહાં ખીર જલનિધિ નીર.
સિંહાસને સુરરાજ, તિહાં મલ્યા દેવ સમાજ;
સવિ ઐાષધિની જાત, તિહાં સરસ કમલ વિખ્યાત. ૨

**ઢાળ**

વિખ્યાત વિવિધ પરિકર્મના એ;
તિહાં હરખભર સુરભિ વરદામના એ. ૩

**ત્રુટક**

હાંરે વરદામ માગધ નામ, જેહ તીર્થ ઉત્તમ ઠામ;
તિહાંતણી માટી સર્વ, કર ગ્રહે સર્વ સુપર્વ.

ભાવના ચંદન સાર, અભિઓગિક સુર અધિકાર;
મન ધરી અધિક આણંદ, અવલોકતા જિનચંદ. ૪

ઢાળ

શ્રી જિનચંદને સુરપતિ સવિ નવરાવતા એ;
નિજ નિજ જન્મ, સુકૃતારથ ભાવતા એ. ૫

ત્રુટક

હાંરે ભાવતા જન્મ પ્રમાણ, અભિષેક કળશ મંડાણ;
સાઠ લાખને એક કોડિ, શત હોય ને પંચાસ જોડિ.
આઠ જાતિના જે હોય, ચઉસટ્ઠિ સહસા જોય;
એણી પરે ભક્તિ ઉદાર, કરે પૂજા વિવિધ પ્રકાર. ૬

ઢાળ

વિવિધ પ્રકારના કરીય શિણગારના એ;
ભરિય જલ વિમલના વિપુલ ભૃંગારના એ. ૭

ત્રુટક

હાંરે ભૃંગાર થાલ ચંગેરી, સુપ્રતિષ્ટ પ્રમુખ સુભેરી;
સવિ કલશ પરિમંડાણ, જે વિવિધ વસ્તુ પ્રમાણ.
આરતિને મંગળ દીપ, જિનરાજને સમીપ;
**ભગવતી ચૂર્ણિ** માંહિ, અધિકાર એહ ઉત્સાહી. ૮

ઢાળ

અધિક ઉત્સાહશું હરખભર જલ ભીંજતા એ;
નવ નવ ભાતિશું ભક્તિભર કીજતા એ. ૯

ત્રુટક

હાંરે કીજતા નાટિક રંગ, ગાજતા ગુહિર મૃદંગ;
કિર કીડતિ કડતાલ, ચઉતાલ તાલ કંસાલ.

શંખ પણુવ ભુંગળ ભેરી, ઝલ્લરી વીણા નફેરી;
એક કરે હય હયકાર, એક કરે ગજ ગુલકાર. ૧૦

ઢાળ

ગુલકાર ગર્જના રવ કરે એ;
પાય દૂર દૂર ધૂર સુર ધરે એ. ૧૧

ત્રુટક

હાંરે સુર ધરે અતિ બહુમાન, તિહાં કરે નવ નવ તાન;
વર વિવિધ જાતિ છંદ, જાણે ભક્તિ સુરતરુ કંદ.
વળી કરે મંગલ આઠ, એ **જંબપન્નત્તિ** પાઠ;
થય થુઇ મંગલ એમ, મન ધરે અતિ બહુ પ્રેમ. ૧૨

ઢાળ

બહુ પ્રેમ શું ઘોષણા પુણ્યની સુર સહુએ;
સમકિત પોષણા શિષ્ટ સંતોષણા એમ બહુએ. ૧૩

ત્રુટક

હાંરે બહુ પ્રેમશું સુખ ખેમ, ધરે આવીયા નિધિ જેમ;
બત્રીસ કોડિ સુવન્ન, કરે વૃષ્ટિ રયણની ધન્ન.
જિનજનની પાસે મેલી, કરે અઠ્ઠાઇની કેલી;
**નંદીસરે** જિન ગેહ, કરે મહોત્સવ સસનેહ. ૧૪

ઢાળ

હવે રાય મહોત્સવ, કરે રંગભર, હુવો જબ પરભાત;
સુર પૂજીઓ સુત, નયણે નિરખી, હરખીઓ તવ તાત.
વર ધવલ મંગલ, ગીત ગાતાં, સધવ ગાયે રાસ;
બહુ દાને માને, સુખીયા કીધા, સકલ પુગી આસ. ૧

તિહાં પંચવરણી, કુસુમ વાસિત, ભૂમિકા સંલિત્ત;
વર અગર કુંદરુ, ધૂપ ધૂપણુ, છાંટયા કુંકુમ દિત્ત.
શિર મુગટ મંડલ, કાને કુંડલ, હૈયે નવસર હાર;
ઇમ સયલ ભૂષણુ, ભૂષિતાંબર, જગત જન પરિવાર. ૨

જિન જન્મ કલ્યાણુક મહોત્સવે, ચૌદ ભુવન ઉદ્યોત;
નારકી થાવર પ્રમુખ સુખીયાં, સકલ મંગળ હોત.
દુઃખ દુરિત ઇતિ શમિત સઘળાં, જિનરાજ જન્મ પ્રતાપ;
તેણે હેતે **શાંતિકુમાર** ઠવીઉં, નામ ઇતિ આલાપ. ૩

એમ **શાંતિજિનનો** કલશ ભણતાં, હોએ મંગલમાલ;
કલ્યાણુ કમલા કેલી કરતા, લહિએ લીલ વિલાસ.
જિન સ્નાત્ર કરીએ, સહેજે તરીયે, ભવસમુદ્રનો પાર;
શ્રી **જ્ઞાનવિમલસૂરીંદ** જંપે, શ્રી **શાંતિજિન** જયકાર. ૪

ઇતિ શ્રી શાંતિનાથજીનો કળશ

# શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયકૃત

# નવપદ-પૂજા

## વિધિ

આ પૂજામાં અવશ્ય જરૂરની કેટલીએક ચીજો:-

દુધ, દધિ, ઘૃત, શર્કરા, શુદ્ધજળ, એ પંચામૃત; કેશર, સુગંધિ ચન્દન, કર્પૂર, કસ્તુરી, અમ્બર, રોલી, મૌલીસૂત્ર, છુટાં ફૂલ, ફૂલોની માળા, ફૂલોના ચંદ્રવા, ધૂપ, અક્ષત પ્રમુખ. નવ જાતિનાં ધાન્ય, નવ પ્રકારના નૈવેદ્ય, નવ પ્રકારનાં ફળ, નવ પ્રકારની પકવ વસ્તુ, મિશ્રી, પતાસાં, ઓલા પ્રમુખ, અંગ-લૂહણાં માટે સફેદ વસ્ત્ર, પહેરવા માટે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર, ઇત્યાદિ; તથા નવ નવ નાળના કળશ, નવ રકેબી, પરાત (તાસ), તાંસળાં, આરતિ, મંગલદીપક ભગવાનની આંગી, સમવસરણ, ઇત્યાદિ સર્વ વસ્તુઓ પ્રથમથી એવી રીતે ઠીક કરીને રાખવી કે જેથી પૂજા વખતે અડચણ ન આવે. સંક્ષેપમાં વિધિ કહ્યો છે, વિશેષ વિધિ ગુરુગમથી જાણવો.

# કળશ ઢાલન વિધિ

ચૈત્ર તથા આશ્વિન માસમાં એ પૂજાઓ ભણાવીયે ત્યારે નવ સ્નાત્રિયા કરવા, મોટા કળશ પ્રમુખમાં પંચામૃત ભરવું, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરવું, તે ગુરુપાસે મંત્રાવી, કેશરથી તિલક કરવું. કંકણદોરો હાથે બાંધવો, ડાબા હાથમાં સ્વતિક કરીને વિધિ યુક્ત સ્નાત્ર ભણાવવું.

૧ પહેલું-શ્રીઅરિહંત પદમાં તન્દુલ, ધૂપ-દીપ-નૈવેદ્ય પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ, નાગરવેલ પ્રમુખનાં પાન, રકેબીમાં ધરીને, તે રકેબી હાથમાં રાખવી. કળશને મૌલિસૂત્ર બાંધી, કુંકુમના સ્વસ્તિક કરી, પંચામૃતથી ભરી, ને કળશો હાથમાં લેઈ, પ્રથમ શ્રીઅરિહંતપદની પૂજા ભણવી [જે પૃષ્ઠ ૧૦૧ પર આપવામાં આવી છે.] તે સંપૂર્ણ ભણી રહ્યા પછી મોટા થાલમાં પ્રતિમાજીને પધરાવવા પછી '**ૐ હ્રીં નમો અરિહંતાણં**' એ પ્રમાણે બોલીને અભિષેક કરી શ્રી અરિહંતપદની પૂજા કરવી. અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવવા.

૨. બીજું-સિદ્ધપદ રક્તવર્ણે છે, માટે ઘઉં રકેબીમાં ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય લઇને નવ કળશ પંચામૃતથી ભરી, બીજી પૂજા ભણવી, તે સંપૂર્ણ થયા પછી '**ૐ હ્રીં નમો સિદ્ધાણં**' એમ કહી કળશથી અભિષેક કરી અષ્ટદ્રવ્ય ચઢાવવા.

૩ ત્રીજું-આચાર્યપદ પીળે વર્ણે છે, માટે ચણાની દાળ, અષ્ટ દ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઇ, નવ કળશ પંચામૃતથી ભરી ત્રીજી પૂજા ભણવી, તે સંપૂર્ણ થયા પછી '**ૐ હ્રીં નમો આયરિયાણં**' એમ કહી કળશ વડે અભિષેક કરવો. અષ્ટ દ્રવ્ય ચડાવવા.

૪. ચોથું-ઉપાધ્યાયપદ નીલ વર્ણે છે, માટે મગ, તથા અષ્ટ દ્રવ્ય લઈ, પૂર્વોક્ત વિધિએ પૂજા ભણાવવી, સંપૂર્ણ થયા પછી '**ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણું**' એમ કહી કળશ વડે અભિષેક કરવો, ને અષ્ટ દ્રવ્ય ચઢાવવા.

૫. પાંચમું-શ્રી સાધુપદ શ્યામ વર્ણે છે, માટે અડદ, અષ્ટદ્રવ્યાદિ લેવા, બીજી વિધિ પ્રથમ પ્રમાણે કરી પૂજા ભણાવવી. તે સંપૂર્ણ થયાથી '**ૐ હ્રીં નમો સવ્વસાહૂણં**" કહેવું.

૬ છઠું-દર્શનપદ શ્વેતવર્ણે છે, માટે અક્ષત લેવા '**ૐ હ્રીં નમો દંસણસ્સ**' કહેવું. બીજી સર્વ વિધિ પૂર્વોક્ત રીતે કરવી.

૭. સાતમું-જ્ઞાનપદ શ્વેતવર્ણે છે, માટે અક્ષત લેવા. **ૐ હ્રીં નમો નાણસ્સ**' કહેવું. બીજી સર્વ વિધિ પૂર્વોક્ત રીતે કરવી.

૮. આઠમું-ચારિત્રપદ પણ શ્વેતવર્ણે છે, માટે અક્ષત લેવા. **ૐ હ્રીં નમો ચારિત્તસ્સ**' કહેવું. બીજી સર્વ વિધિ પૂર્વોક્ત રીતે કરવી.

૯. નવમું-તપપદ શ્વેતવર્ણે છે, માટે અક્ષત લેવા. પૂર્વોક્ત વિધિ કરીને '**ૐ હ્રીં નમો તવસ્સ**' કહી અભિષેક કરી અષ્ટ દ્રવ્ય ચઢાવવા.

પછી અષ્ટપ્રકારી પૂજા કરવી, આરતિ કરવી.

## નવપદપૂજા વિધિ

# પ્રથમ શ્રી અરિહંતપદપૂજા

**કાવ્યં.** ઉપજાતિવૃત્તમ.

ઉપ્પન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં;
સદ્દેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં. ૧

ભુજંગપ્રયાતવૃત્તમ.

નમોऽનન્તસન્તપ્રમોદપ્રદાન--
પ્રાધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;
થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા,
સદા સિદ્ધચક્રાય **શ્રીપાલરાજા.** ૨

કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે,
ભલા ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;
કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે,
સદા વાસિયો આત્મા ત્યણ કાળે. ૩

જિકે તીર્થંકરકર્મ ઉદયે કરીને,
દિયે દેશના ભવ્યને હિત ધરીને;
સદા આઠ મહાપાડિહારે સમેતા,
સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા. ૪

કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગા,
ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગા;
જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે,
નમો તેહ તીર્થંકરા મોક્ષ કામે. ૫

## ઢાળ. ઉલાલાની દેશી

તીર્થપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરો જી;
દેશના અમૃત વરસતા, નિજવીરજ વડ વીરોજી. ૧

**ઉલાલો**-વરઅક્ષય નિર્મળ જ્ઞાન ભાસન, સર્વભાવ પ્રકાશતા;
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા.
જિનનામકર્મપ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા;
જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિકજનને થોભતા.

## પૂજા. ઢાળ. શ્રીપાળના રાસની

ત્રીજે ભવ વર સ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિન નામ;
ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે.
ભવિકા! સિદ્ધચક્રપદ વંદો, જેમ ચિરકાળે નંદો રે. ભવિકા! સિ૦ ૧
એ આંકણી.

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકળ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘ ટાળું રે.
ભવિકા! સિ૦ ૨

જે તિહું નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગ કરમ ક્ષીણ જાણી;
લેઇ દીક્ષા શિક્ષા દિયે જનને, તે નમિયે જિનવાણી રે.
ભવિકા! સિ૦ ૩

મહાગોપ મહામાહણ કહિયે, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહ રે.
ભવિકા! સિ૦ ૪

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીસ ગુણયુત વાણી;
જે પ્રતિબોધ કરે જગ જનને, તે જિન નમિયે પ્રાણી રે.
ભવિકા ! સિ૦ ૫

## ઢાળ

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે.
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઇ રે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે. વીર૦
એ આંકણી. ૧

કાવ્યં-દ્રુતવિલંબિત વૃત્તમ.

( આ કાવ્ય પ્રત્યેક પૂજા દીઠ કહેવું )

વિમલ કેવલ ભાસન ભાસ્કરં, જગતિ જંતુ મહોદય કારણં;
જિનવરં બહુમાન જલૈર્ઘનં, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકળ દેવે વિમળ કળશાનીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશીષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબૂદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિકં યજામહે સ્વાહા.

## પ્રથમ અરિહંતપદપૂજા સમાપ્તા ૧

---

# દ્વિતીય શ્રી સિદ્ધપદપૂજા

**કાવ્યં**. ઇન્દ્રવજ્રાવૃત્તમ્.

સિદ્ધાણમાંણદ-રમાલયાણં, નમો નમોઽણંત ચઉક્કયાણં.

**કાવ્યં**. ભુજંગપ્રયાતવૃત્તમ્.

કરી આઠકર્મ ક્ષયે પાર પામ્યા,
જરાજન્મમરણાદિભય જેણે વામ્યા;
નિરાવર્ણ જે આત્મરૂપે પ્રસિદ્ધા,
થયા પાર પામી સદા સિદ્ધબુદ્ધા. ૧

ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા,
રહ્યા જ્ઞાનમય જાતવર્ણાદિ લેશ્યા;
સદાનંદસૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા,
અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા. ૨

**ઢાળ. ઉલાલાની દેશી**

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી;
અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિભૂપોજી. ૧

**ઉલાલો**–જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિવ્યક્તિપણે કરી;
સ્વદ્રવ્ય ક્ષેત્ર સ્વકાલ ભાવે, ગુણ અનંતા આદરી.
સુસ્વભાવ ગુણપ્રયાય પરિણતિ, સિદ્ધસાધન પરભણી;
મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહાગુણી. ૨

**પૂજા. ઢાળ. શ્રીપાળના રાસની.**

સમયપએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;

અવગાહન લહી જે શિવ પોહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.
ભવિકા! સિ૦ ૬

પૂર્વ પ્રયોગ ને ગતિ પરિણામે, બંધન છેદ અસંગ;
સમય એક ઉર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે.
ભવિકા! સિ૦ ૭

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધપ્રણમો સંત રે.
ભવિકા! સિ૦ ૮

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;
ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે.
ભવિકા! સિ૦ ૯

જ્યોતિશું જ્યોતિ મળી જશ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે.
ભવિકા! સિદ્ધચક્ર૦ ૧૦.

## ઢાળ.

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ-નાણી રે;
તે ધ્યાતાં નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે; વીર૦ ૨

કાવ્યં-વિમલકેવલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦ **સિદ્ધાય** જલાદિકં યજામહે સ્વાહા.

## દ્વિતીય સિદ્ધપદપૂજા સમાપ્તા.

# તૃતીય શ્રી આચાર્યપદપૂજા.

**કાવ્યં.** ઇન્દ્રવજ્રાવૃત્તમ્

સૂરીણદૂરીકયકુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં.

ભુજંગપ્રયાતવૃત્તમ્

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા,
જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજા;
ષટ્વર્ગ વર્ગિત ગુણે શોભમાના,
પંચાચારને પાળવે સાવધાના. ૧

ભવિપ્રાણીને દેશના દેશ કાળે,
સદા અપ્રમત્તા યથા સૂત્ર આલે;
જિકે શાસનાધાર દિગ્દન્તિકલ્પા,
જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા. ૨

## ઢાળ. ઉલાલાની દેશી.

આચારજ મુનિપતિ ગણિ, ગુણછત્રીશી ધામોજી;
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી. ૧

**ઉલાલો**-નિઃકામ નિર્મળ શુદ્ધચિદ્દઘન, સાધ્ય નિજ નિરધારથી;
નિજ જ્ઞાન-દર્શન ચરણ-વીરજ, સાધના વ્યાપારથી.
ભવિજીવ બોધક તત્ત્વશોધક, સયલગુણ સંપત્તિધરા;
સંવરસમાધિ ગતઉપાધિ, દુવિધ તપ ગુણઆગરા. ૨

## પૂજા. ઢાળ. શ્રીપાળના રાસની.

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;

તે આચારજ નમિયે તેહશું, પ્રેમ કરીને જાચોરે.
ભવિકા ! સિ૦ ૧૧

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે.
ભવિકા ! સિ૦ ૧૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય;
જેહને તે આચારજ નમિયે, અકલુષ અમલ અમાય રે.
ભવિકા ! સિ૦ ૧૩

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુનિમનને રે.
ભવિકા ! સિ૦ ૧૪

અત્થમિયે જિન સૂરજ કેવળી, ચંદે જે જગદીવો;
ભુવન પદારથ પ્રકટન પટુ તે, આચારજ ચિરંજીવોરે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૧૫

## ઢાળ.

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાનીરે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વીર૦ ૩
કાવ્યં-વિમલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦ [આચાર્યાય
જલાદિકં યજામહે સ્વાહા.

## તૃતીય આચાર્યપદપૂજા સમાપ્તા

## ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા.

### કાવ્યં ઇન્દ્રવજ્રાવૃત્તમ્

સુતત્થવિત્થારણતપ્પરાણં, નમો નમો વાયગકુંજરાણં.

ભુજંગપ્રયાતવૃત્તમ્

નહીં સૂરિ પણ સૂરિગણુને સહાયા;
નમું વાચકા ત્યક્તમદમોહમાયા.
વળિ દ્વાદશાઙ્ગાદિ સૂત્રાર્થદાને;
જિકે સાવધાના નિરુદ્ધાભિમાને. ૧

ધરે પંચને વર્ગ વર્ગિત ગુણોઘા;
પ્રવાદિ દ્વિપોચ્છેદને તુલ્ય સિંઘા.
ગણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા;
ઉપાધ્યાય તે વંદિયે ચિતપ્રભૂતા. ૨

### ઢાળ. ઉલાલાની દેશી

ખંતિજુઆ મુત્તિજુઆ, અજ્જવ મદ્દવજુત્તા જી;
સચ્ચં સોયં અકિંચણા, તવ સંજમગુણરત્તા જી. ૧

ઉલાલો-જે રમ્યા બ્રહ્મસુગુત્તિ ગુત્તા, સમિતિ સમિતા શ્રુતધરા;
સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મ પર વિભજનકારા.
ભવભિરુ સાધન ધીર શાસન, વહનધોરી મુનિવરા;
સિદ્ધાન્ત વાયણ દાન સમરથ, નમો પાઠક પદધરા. ૨

### પૂજા. ઢાળ. શ્રીપાળના રાસની.

દ્વાદશ અંગ સજ્જાય કરે જે, પારગ ધારગ તાસ;

સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસરે.
ભવિકા ! સિ૦ ૧૬

અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમિયે તે સુપસાય રે.
ભવિકા ! સિ૦ ૧૭

મૂરખ શિષ્ય નિપાઇ જે પ્રભુ, પાહાણુને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે.
ભવિકા ! સિ૦ ૧૮

રાજકુમાર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવ ભય સોગ રે.
ભવિકા ! સિ૦ ૧૯

બાવનાચન્દન રસ સમ વયણે, અહિતતાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળે રે.
ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો. ૨૦

### ઢાળ

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આતમા, જગબન્ધવ જગભ્રાતા રે. વીર૦ ૪

કાવ્ય-વિમલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રી પરમ૦ ઉપાધ્યાય
જલાદિકં યજામહે સ્વાહા

## ચતુર્થ ઉપાધ્યાયપદ પૂજા સમાપ્તા

# પંચમ શ્રી મુનિપદપૂજા

કાવ્ય ઇંદ્રવજ્રાવૃત્તમ્

સાહૂણ સંસાહિઅસંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં.

ભુજંગપ્રયાતવૃત્તમ્

કરે સેવના સૂરિ-વાયગ-ગણિની;
કરૂં વર્ણના તેહની શી મુણિની.
સમેતા સદા પંચસમિતિ ત્રિગુપ્તા;
ત્રિગુપ્તે નહીં કામ ભોગેષુ લિપ્તા. ૧
વળિ બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી;
હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી,
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી;
નમું સાધુને તેહ નિજ પાપ ટાળી. ૨

## ઢાળ. ઉલાલાની દેશી

સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગી જી;
ભવ દવ તાપ શમાવતા, આતમ સાધન રંગીજી. ૧

**ઉલાલો**-જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા;
કાઉસ્સગ્ગ મુદ્રા, ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા.
તપ તેજ દીપે કર્મ ઝીપે, નૈવ છીપે પર ભણી;
મુનિરાજ કરુણાસિંધુ ત્રિભુવન-બંધુ પ્રણમું હિત ભણી.૨

## પૂજા. ઢાળ. શ્રીપાળના રાસની,

જેમ તરુ ફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;

લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગૌચરી જાવે રે.
ભવિકા ! સિ૦ ૨૧

પંચ ઇન્દ્રિયને જે નિત્ય ઝીપે, ષટ્કાયક પ્રતિપાળ;
સંયમ સત્તરપ્રકારે આરાધે, વંદુ તેહ દયાળ રે.
ભવિકા ! સિ૦ ૨૨

અઢાર સહસ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર,
મુનિ મહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે.
ભવિકા ! સિ૦ ૨૩

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા;
એહવા મુનિ નમિયે જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકુરા રે.
ભવિકા ! સિ૦ ૨૪

સોનાતણી પરે પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાને;
સંજમ ખપ કરતા મુનિ નમિયે, દેશ કાળ અનુમાને રે.
ભવિકા ! સિ૦ ૨૫

**ઢાળ.**

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે? વીર૦ ૫

કાવ્યં-વિમલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦ **સાધવે**
જલાદિકં યજામહે સ્વાહા.

## પંચમ મુનિપદપૂજા સમાપ્તા

---

## ષષ્ઠ શ્રી સમ્યગ્દર્શનપદ પૂજા

**કાવ્યં.** ઇન્દ્રવજ્રાવૃત્તમ્

જિણુત્તતત્તે રુઇલક્ખણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ્સ.

ભુજંગપ્રયાતવૃત્તમ્

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા;
ટળે જે અનાદિ અચ્છે જેમ પથ્યા.
જિનોક્તે હોયે સહજથી શ્રદ્ધાનં;
કહિયે દર્શનં તેહ પરમં વિધાનં. ૧

વિના જેહથી જ્ઞાન અજ્ઞાનરૂપં;
ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં.
પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય તે હોવે;
તિહાં આપરૂપે સદા આપ જોવે. ૨

**ઢાળ.** ઉલાલાની દેશી

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપો જી;
જસુ નિરધાર સ્વભાવ છે, ચેતનગુણ જે અરૂપો જી. ૧

**ઉલાલો**–જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પર ઈહા ટળે;
નિજ શુદ્ધસત્તા પ્રગટ અનુભવ, કરણરુચિતા ઉચ્છળે.
બહુમાન પરિણતિ વસ્તુ તત્ત્વે, અહવ તસુ કારણપણે;
નિજ સાધ્યદષ્ટે સર્વ કરણી, તત્ત્વતા સંપત્તિ ગણે. ૨

**પૂજા ઢાળ.** શ્રીપાળના રાસની.

શુદ્ધદેવ ગુરુધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ;

જેહ પામીજે તેહ નમીજે, સમ્યગદર્શન નામ રે.
ભવિકા ! સિ૦ ૨૬

મલ ઉપશમ ક્ષયઉપશમ ક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ;
સમ્યગ્દર્શન તેહ નમીજે, જિનધર્મે દ્રઢરંગ રે.
ભવિકા ! સિ૦ ૨૭

પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષયઉપશમિય અસંખ;
એકવાર ક્ષાયિક તે સમકિત, દર્શન નમિયે અસંખ રે.
ભવિકા ! સિ૦ ૨૮

જે વિણુ નાણુ પ્રમાણુ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફળિયો;
સુખ નિર્વાણુ ન જે વિણુ લહીયે, સમકિતદર્શન બળિયો રે.
ભવિકા ! સિ૦ ૨૯

સડસટ્ઠ બોલે જે અલંકરિયો, જ્ઞાન ચારિત્રતણું મૂળ;
સમકિતદર્શન તે નિત્ય પ્રણમું, શિવપંથનું અનુકૂળ રે
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૩૦

**ઢાળ.**

શમ સંવેગાદિક ગુણા, ક્ષયઉપશમ જે આવે રે;
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે. ૬

કાવ્ય-વિમલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦ **દર્શનાય**
જલાદિકં યજામહે સ્વાહા

## ષષ્ઠ સમ્યગ્દર્શન પદ પૂજા સમાપ્ત

# સપ્તમ શ્રી સમ્યગ્ જ્ઞાનપદ પૂજા

**કાવ્ય.** ઇન્દ્રવજ્રાવૃત્તમ્

અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણદિવાયરસ્સ.

ભુજંગપ્રયાતવૃત્તમ્

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે;
યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે.
તેણે જાણિયે વસ્તુ ષડ્દ્રવ્યભાવા;
ન હુયે વિતત્થા નિજેચ્છા સ્વભાવા. ૧

હોય પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે;
ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે.
વળી જ્ઞેય-હેય-ઉપાદેય રૂપે;
લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે. ૨

**ઢાળ.** ઉલ્લાલાની દેશી

ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી;
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવે જી. ૧

**ઉલ્લાલો**-જે મુખ્યપરિણતિ સકલજ્ઞાયક, બોધ ભાવવિલચ્છના;
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના.
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા;
સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા. ૨

**પૂજા. ઢાળ.** શ્રીપાળના રાસની.

ભક્ષાભક્ષ ન જે વિણ લહિયે, પેય-અપેય વિચાર;

કૃત્ય-અકૃત્ય ન જે વિણુ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે.
ભવિકા ! સિ૦ ૩૧

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિધ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે.
ભવિકા ! સિ૦ ૩૨

સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણુ કહો કેમ રહિયે રે.
ભવિકા ! સિ૦ ૩૩

પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ;
દીપકપરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશિ મેહ રે.
ભવિકા ! સિ૦ ૩૪

લોક ઉર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ ;
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન મુજ શુદ્ધ રે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૩૫

ઢાળ

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વી૦ ૭

કાવ્યં-વિમલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦ **જ્ઞાનાય** જલાદિકં યજામહે સ્વાહા.

## સપ્તમસમ્યગ્જ્ઞાનપદ પૂજા સમાપ્તા

## અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા

**કાવ્યં.** ઇન્દ્રવજ્રાવૃત્તમ્

આરાહિઅખંડિઅસક્કિઅસ્સ, નમો નમો સંજમવીરિયસ્સ.

ભુજંગપ્રયાતવૃત્તમ્

વળી જ્ઞાનફળ ચરણ ધરીયે સુરંગે;
નિરાશંસતા દ્વારરોધ પ્રસંગે.
ભવાંભોધિસંતારણે યાનતુલ્યં;
ધરૂં તેહ ચારિત્ર અપ્રાપ્તમૂલ્યં. ૧

હોયે જાસ મહિમાથકી રંક રાજા;
વળી દ્વાદશાંગી ભણી હોય તાજા.
વળી પાપરૂપોપિ નિષ્પાપ થાય;
થઇ સિદ્ધ તે કર્મને પાર જાય. ૨

**ઢાળ.** ઉલાલાની દેશી

ચારિત્રગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મૂલોજી;
પરરમણીયપણું ટળે, સકલસિદ્ધ અનુકુલો જી. ૧

**ઉલાલો**-પ્રતિકૂળ આશ્રવ ત્યાગ સંયમ, તત્ત્વથિરતા દમમયી;
શુચિ પરમ ખંતિ મુત્તિ દશ પદ, પંચ સંવર ઉપચઇ.
સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા;
અકષાય અકલુષ અમલ ઉજ્જવલ, કામકશ્મલ ચૂર્ણતા. ૨

**પૂજા. ઢાળ.** શ્રીપાળના રાસની.

દેશવિરતિ ને સર્વવિરતિ જે, ગૃહિ યતિને અભિરામ;

તે ચારિત્ર જગત જયવંતુ, કીજે તાસ પ્રણામ રે.
ભવિકા ! સિ૦ ૩૬

તૃણપરે જે ષટ્ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરિયો;
તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાંહે ધરિયો રે.
ભવિકા ! સિ૦ ૩૭

હુઆ રાંક પણ જેહ આદરી, પૂજિત ઇંદ નરિંદે;
અશરણ શરણ ચરણ તે વંદુ, પૂર્યું જ્ઞાન આનંદે રે.
ભવિકા ! સિ૦ ૩૮

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે;
શુકલ શુકલ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમિયે રે.
ભવિકા ! સિ૦ ૩૯

ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ;
ચારિત્ર નામ નિરુત્તે ભાંખ્યું, તે વંદુ ગુણગેહ રે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૪૦

## ઢાળ

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. વી૦ ૮

કાવ્યં-વિમલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦ **ચારિત્રાય**
જલાદિકં યજામહે સ્વાહા.

## અષ્ટમ ચારિત્રપદ પૂજા સમાપ્ત

# નવમ શ્રી તપ:પદ પૂજા

**કાવ્યં.** ઇંદ્રવજાવૃતમ્

કમ્મદ્દુમોમ્મૂલણકુંજરસ્સ, નમો નમો તિવ્વતવોભરસ્સ.

માલિનીવૃત્તમ્

ઇય નવપયસિદ્ધં, લદ્ધિવિજ્જાસમિદ્ધં;
પયડિયસુરવગ્ગં. હ્રીંતિરેહાસમગ્ગં.
દિસિવઇસુરસારં, ખોણિપીઢાવયારં;
તિજયવિજયચક્કં, સિદ્ધચક્કં નમામિ. ૧

ભુજંગ પ્રયાતવૃત્તમ્

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે;
નિકાચિતપણે બાંધિયાં તેહ બાળે,
કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે;
ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે. ૨

હોયે જાસ મહિમાથકી લબ્ધિ સિદ્ધિ;
અવાંછકપણે કર્મ આવરણશુદ્ધિ.
તપો તેહ તપ જેહ મહાનંદ હેતે;
હોય સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે. ૩

ઇસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે;
સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે.
વળી **જ્ઞાનવિમલાદી** ગુણરત્ન ધામા;
નમું તે સદા **સિદ્ધચક્ર** પ્રધાના. ૪

માલિની વૃત્તમ્

ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે;
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે.
**જ્ઞાનવિમલ** ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે;
સવિ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે. ૫

**ઢાળ.** ઉલ્લાલાની દેશી

ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદે જી;
આતમ સત્તા એકતા, પરપરિણુતિ ઉચ્છેદે જી. ૧

**ઉલ્લાલો**-ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે;
યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે.
અંતર મુહૂરત તત્ત્વ સાધે, સર્વ સંવરતા કરી;
નિજ આત્મસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી. ૨

**ઢાળ.**

એમ નવપદ ગુણ મંડલં, ચઉ નિક્ષેપ પ્રમાણે જી;
સાત નયે જે આદરે, સમ્યગ્જ્ઞાને જાણે જી. ૩

**ઉલ્લાલો**-નિર્ધારસેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ;
તસુ કરણ ઇહા તત્ત્વ રમણે, થાય નિર્મળ ધ્યાન એ;
એમ શુદ્ધસત્તા ભળ્યો ચેતન, સકલ સિદ્ધિ અનુસરે;
અક્ષય અનંત મહંત ચિદ્ઘન, પરમ આનંદતા વરે. ૪

**કળશ**

**હરિગીત છંદ**

ઇય સયલ સુખકર ગુણપુરંદર, સિદ્ધચક્ર પદાવલી;
સવિ લદ્ધિ વિજ્જા સિદ્ધિમંદિર, ભવિક પૂજો મનરૂલી.

**ઉવજ્ઝાયવર શ્રીરાજસાગર** જ્ઞાનધર્મ સુરાજતા;
ગુરુ **દીપચંદ** સુચરણ સેવક, **દેવચંદ** સુશોભતા. ૧

**પૂજા. ઢાલ.** શ્રીપાલના રાસની.

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરુ કંદ રે.
ભવિકા ! સિ૦ ૪૧

કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમાસહિત જે કરંતાં;
તે તપ નમિયે જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાં રે.
ભવિકા ! સિ૦ ૪૨

આમોસહિ પમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમિયે તે તપ ભાવે રે.
ભવિકા ! સિ૦ ૪૩

ફળ શિવસુખ મ્હોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરુ સરિખો વંદુ, સમ મકરંદ અમૂલ રે.
ભવિકા ! સિ૦ ૪૪

સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવીયું જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવપંથે રે.
ભવિકા ! સિ૦ ૪૫

એમ નવપદ થુણતો તિહાં લીનો, હુઓ તન્મય **શ્રીપાળ**;
**સુજશ**વિલાસે ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે.
ભવિકા ! સિદ્ધચક્ર૦ ૪૬

## ઢાળ.

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વર્ત્તે નિજગુણ ભોગે રે. વીર૦ ૯

આગમ નો-આગમતણો ભાવ તે જાણો સાચો રે;
આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે. વીર૦ ૧૦

અષ્ટ સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખી રે;
તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે. વીર૦ ૧૧

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે. વીર૦ ૧૨

ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે;
વાણી **વાચકજસ**તણી, કોઈ નયે ન અધુરી રે. વીર૦ ૧૩

---

## કાવ્યં. દ્રુતવિલંબિતવૃત્તમ્

આ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું.

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જન્તુમહોદયકારણમ્;
જિનવરં બહુમાનજલૌર્ઘનં, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃન્દ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબૂદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

**મંત્ર** ॐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે **તપસે** જલાદિકં યજામહે સ્વાહા.

## નવપદ કાવ્યાનિ પ્રારભ્યતે

ઈંદ્રવજ્રાવૃત્તમ્

### શ્રી અરિહંતપદ કાવ્યમ્.

જિયંતરંગારિગણે સુનાણે, સપ્પાડિહેરાઇસયપ્પહાણે;
સંદેહસંદોહરયં હરંતે, ઝાએહ નિચ્ચંપિ જિણેરિહંતે. ૧

### શ્રી સિદ્ધપદ કાવ્યમ્.

દુટ્ઠટ્ઠકમ્માવરણપ્પમુક્કે, અનંતનાણા ઇસિરીચઉક્કે;
સમગ્ગલોગગ્ગપયત્થસિધ્ધે, ઝાએહ નિચ્ચંપિ મણંમિ સિધ્ધે. ૨

### શ્રી આચાર્યપદ કાવ્યમ્.

ન તં સુહં દેઇ પીયા ન માયા, જે દિંતિ જીવાણિહ સૂરિપાયા;
તમ્હા હુ તે ચેવ સયા મહેહ, જં મુક્ખસુક્ખાઇં લહું લહેહ, ૩

### શ્રી ઉપાધ્યાયપદ કાવ્યમ્.

સુતત્થસંવેગમયં સુએણં, સંનીરખીરામયવિસ્સુએણં;
પીણંતિ જે તે ઉવજ્ઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ. ૪

### શ્રી સાધુપદ કાવ્યમ્.

ખંતે ય દંતેય સુગુત્તિગુત્તે, મુત્તે પસંતે ગુણજોગજુત્તે;
ગયપ્પમાએ હયમોહમાયે, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ. ૫

### શ્રી સમ્યગ્દર્શનપદ કાવ્યમ્.

જં દવ્વછક્કાઇસુ સદ્દહાણં, તં દંસણં સવ્વગુણપ્પહાણં;
કુગ્ગાહવાહી ઉવયંતિ જેણં, જહા વિસુધ્ધેણ રસાયણેણં. ૬

## શ્રી સમ્યગ્જ્ઞાનપદ કાવ્યમ્.

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તત્તાવબોહીક્કમયં પસિદ્ધં;
ધરેહ ચિત્તાવસહે ફુરંતં, માણિક્કદીવુવ્વ તમોહરંતં. ૭

## શ્રી ચારિત્રપદ કાવ્યમ્.

સુસંવરં મોહનિરોધસારં, પંચપ્પયારં વિગયાઇયારં;
મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહ નિચ્ચંપિ હુ સચ્ચરિત્તં. ૮

## શ્રી તપઃપદ કાવ્યમ્.

બજ્ઝં તહાબ્ભિંતરભેયભેયં, કસાયદુબ્ભેયકુકમ્મભેયં;
દુક્ખક્ખયત્થે કયપાવ નાસં, તવં તવેહાગમિઅં નિરાસં. ૯

નવપદ કાવ્યાનિ સંપૂર્ણાનિ
શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત નવપદ પૂજા સમાપ્તા.

# પંડિત શ્રી પદ્મવિજયજી કૃત
# નવપદની પૂજા.

**વિધિ**—નવપદની પૂજામાં જોઇતી ચીજો તથા કળશ ઢાળન વિધિ વગેરે પૃષ્ટ ૯૮ પર આપેલી છે તે પ્રમાણે અહીં જાણવી.

## પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા

### દોહા

શ્રુતદાયક શ્રુત દેવતા, વંદુ જિન ચોવીશ;
ગુણ સિદ્ધચક્રના ગાવતાં, જગમાં હોય જગીશ. ૧

અરિહંત-સિદ્ધ-સૂરિ નમું, પાઠક-મુનિ ગુણ ધામ;
દંસણ-નાણ-ચરણ વળી, તપ ગુણ માંહે ઉદ્દામ. ૨

ઇમ નવપદ ભક્તિ કરી, આરાધો નિત્યમેવ;
જેહથી ભવદુ:ખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ. ૩

તે નવપદ કાંઈ વરણવું, ધરતો ભાવ ઉલ્લાસ;
ગુણિ ગુણગણ ગાતાં થકાં, લહિયે જ્ઞાન પ્રકાશ. ૪

**પ્રતિષ્ઠાકલ્પે** કહી, નવપદ પૂજા સાર;
તેણે નવપદ પૂજા ભણું, કરવા ભક્તિ ઉદાર. ૫

## ઢાળ પહેલી. રાગ ભૈરવ

પ્રથમ પદ જિનપતિ, ગાઈએ ગુણતતિ,
પાઈયે વિપુલ ફળ, સહજ આપ;
નામ ગોત્રજ સુણ્યાં, કર્મ મહા નિર્જર્યાં,
જાય ભવ સંતતિ બદ્ધ પાપ. ૧

એક વર રૂપમાં, વરણ પંચે હોયે,
એક તુજ વર્ણ તે, જગ ન માયો,
એક તિમ શ્લોકમાં, વરણ બત્રીસ હોએ,
એક તુજ વર્ણ, કિણુહી ન ગવાયો. ૨

વાચગુણ અતિશયા, પાડિહેરા સયા,
બાહ્ય પણ એ ગુણા, કુણે ન ગવાયા;
કેવળ નાણ તહ, કેવળ દંસણ-
પમુહ અભ્યન્તરા, જીનપ પાયા,
તેહ મુહ **પદ્મથી** કેમ કહાયા.

## દોહા

જિણ ગુણ અનંત અનંત છે, વાચ ક્રમ મિત દીહ,
બુદ્ધિરહિત શક્તિ વિકલ, કેમ કહું એકણ જીહ. ૬

## ઢાળ બીજી. રાગ દેશાખ.

ભાવ ધરી ભવિ પૂજીયે, તિગ અડ પણ ભેય;
તિમ સત્તરભેદે કરી, પૂજો ગત ખેય. ભાવ૦ ૧

ઇગવીશ અડસય ભેદથી, જિન ભાવ સંભારી;
પૂજો પરિગલ ભાવશું, પ્રભુ આણાકારી. ભાવ૦ ૨

પૂજા કરતાં પૂજ્યની, પૂજ્ય પોતે થાયે;
તુજપદ **પદ્મ** સેવક તિણે, અક્ષય પદ પાવે. ભાવ૦ ૩

## કાવ્યં. દ્રુતવિલંબિતવૃત્તમ્.

વિમલ કેવલ ભાસન ભાસ્કરં, જગતિ જંતુ મહોદય કારણં;
જિનવરં બહુમાન જલૈર્ઘનં, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે. ૧

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે;
આપણાં કર્મ મલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબૂદ્વીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

**મંત્ર-ૐ** હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે **'અર્હતે'** જલાદિકં યજામહે સ્વાહા.

પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા સમાપ્ત

---

# દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા

## દોહા

સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય;
જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય. ૧

**ઢાળ ત્રીજી.** પારીરે જાતિનું ફૂલ સરગથી—એ દેશી

**નમો સિદ્ધાણં** હવે પદ બીજે, જે નિજ સંપદ વરીયા;
જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખ દરિયા કે.

સિદ્ધ સુબુદ્ધ કે, સ્વામિ નિજ રામી કે;
હાંરે વાલા પ્રણમો નિજ ગુણ કામી રે.
ગુણકામી ગુણકામી ગુણવંતા, જે વચનાતીત હુઆ રે. ૧.
એ આંકણી.

ક્ષાયિક સમકિત ને અક્ષય સ્થિતિ, જેહ અરૂપી નામ;
અવગાહન અગુરુલઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે. સિદ્ધ૦ ૨

ઇમ અડકર્મ અભાવે અડગુણ, વળી ઇગતીસ કહેવાય;
વળી વિશેષે અનંત્ અનંત ગુણ, નાણ નયણ નિરખાય.
નિત્ય નિત્ય વંદના થાય કે. સિદ્ધ૦ ૩

## દોહા.

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમું સિદ્ધ અનંત;
ફરસિત દેશ પ્રદેશને, અસંખ્યગુણા ભગવંત. ૧.

## ઢાળ ચોથી-રાગ ફાગ.

સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી ! પૂર્ણાનંદી. સિદ્ધ૦
લોકલોક લહે એક સમયે, સિદ્ધ વધૂ વરકંત. પ્રાણી૦
અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વદ્રવ્યાદિકવંત. પ્રાણી૦ ૧

વર્ણ ન ગંધ ન રસ નહીં ફરસ ન, દીર્ઘ હ્રસ્વ ન હુંત. પ્રાણી૦
નહીં સૂક્ષ્મ બાદર ગત વેદી, ત્રસ થાવર ન કહંત. પ્રાણી૦ ૨

અક્રોહી અમાની અમાયી અલોભી, ગુણ અનંત ભદંત. પ્રાણી૦
**પદ્મવિજય** નિત્ય સિદ્ધ સ્વામિને, લળિ લળિ લળિ પ્રણમંત.
પ્રાણી૦ ૩

**કાવ્યં**-વિમલકેવલ૦ **મંત્ર**-ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય૦ **સિદ્ધાય** જલાદિકં યજામહે સ્વાહા.

દ્વિતીય શ્રી સિદ્ધપદ પુજા સમાપ્ત.

---

## તૃતીય શ્રી આચાર્યપદ પૂજા

### દોહા,

પડિમા વહે વળી તપ કરે, ભાવના ભાવે બાર;
નમીએ તે આચાર્યને, જે પાળે પંચાચાર. ૧

**ઢાળ પાંચમી.** સંભવ જિનવર વિનતિ-એ દેશી.

આચારજ ત્રીજે પદે, નમીયે જે ગચ્છ ધોરી રે;
ઇંદ્રિય તુરંગમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરી રે. આ૦ ૧

શુધ્ધ પ્રરૂપક ગુણથકી, જે જિનવર સમ ભાખ્યા રે;
છત્રીશ છત્રીશી ગુણે, શોભિત સમયમાં દાખ્યા રે. આ૦ ૨

ઉત્કૃષ્ટા ત્રીજે ભવે, પામે અવિચલ ઠાણ રે;
ભાવાચારજ વંદના, કરીયે થઇ સાવધાન રે. આ૦ ૩

### દોહા.

નવવિધ બ્રહ્મ ગુપ્તિ ધરે, વર્જે પાપ નિયાણ;
વિહાર કરે નવ કલ્પ નવ-સૂરિ તત્ત્વના જાણ. ૧.

**ઢાળ છઠ્ઠી.** રાગ બિહાગડો-મુજ ઘર આવજો રે નાથ—એ દેશી.

સત્તાવીશ ગુણ સાધુના, શોભિત જાસ શરીર,
નવ કોટી શુદ્ધ આહાર લે, ઇમ ગુણ છત્રીશે ધીર.
ભવિજન ભાવસું નમો આજ, જિમ પામો અક્ષયરાજ.
ભાવિ૦ ૧ એ આંકણી.

જે પ્રગટ કરવા અતિ નિપુણ, વર લબ્ધિ અઠ્ઠાવીશ;
અડવિધ પ્રભાવકપણું ધરે, એ સૂરિગુણ છત્રીશ. ભવિ૦ ૨

તજે ચૌદ અંતર ગ્રંથીને, પરિષહ જીતે બાવીશ;
કહે **પદ્મ** આચારજ નમો, બહુ સુરિ ગુણ છત્રીશ. ભવિ૦ ૩

**કાવ્યં** વિમલ કેવ–લ૦ મંત્ર–ૐ હ્રીં શ્રીં પરમ૦
**આચાર્યાય** જલાદિકં યજામહે સ્વાહા.

તૃતીય શ્રી આચાર્યપદ પૂજા સમાપ્ત.

---

## ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદપૂજા

### દોહા.

ચોથે પદ પાઠક નમું, સકળ સંઘ આધાર;
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર. ૧

### ઢાળ સાતમી–

રાગ વસંત. તું તો જિન ભજ વિલંબ ન કર હો, હોરીકે ખેલઇયા–એ દેશી.

તું તો પાઠક પદ મન ધર હો, રંગીલે જીઉરા;
રાય રાંક જસુ નિકટ આવે, પણ જસ નહિ નિજ પર હો.
રંગીલે૦ ૧

સારણા દિકગચ્છ માંહે કરતાં, પણ રમતા નિજ ઘર હો.
રંગીલે૦ ૨

દ્વાદશાંગ સજ્ઝાય કરણકું, જે નિશદિન તત્પર હો.
રંગીલે૦ ૩

એ ઉવજ્ઝાય નિર્યામક પામી, તું તો ભવસાયર સુખે તરહો.
રંગીલે૦ ૪

જે પરવાદિ મતંગજ કેરા, ન ધરે હરિપરે ડર હો.
રંગીલે૦ ૫

**ઉત્તમ** ગુરુ પદ **પદ્મ** સેવનસે, પકડે શિવવધૂ કર હો.
રંગીલે૦ ૬

## દોહા.

આચારજ મુખ આગળે, જે યુવરાજ સમાન;
નિદ્રા વિકથા નવિ કરે, સર્વ સમય સાવધાન. ૧

ઢાળ આઠમી. જિનવચને વૈરાગીયો હો ધન્ના—એ દેશી.

**નમો ઉવજ્ઝાયાણં** જપો, હો મિત્તા !
જેહના ગુણ પચ્ચીવીશ રે, એકાગાર ચિત્તા ! એ પદ ધ્યાવો રે;
એ પદ ધ્યાવો ધ્યાનમાં રે મિત્તા ! મૂકી રાગ ને રીશ રે.
એકા૦ ૧

અંગ ઇગ્યાર પૂર્વધરા હો મિત્તા ! પરિષહ સહે બાવીશ;
ત્રણ્ય ગુપ્તિ ગુપ્તા રહે હો મિત્તા ! ભાવે ભાવના પચ્ચવીશ રે,
એકા૦ ૨

અંગ ઉપાંગ સોહામણા, હો મિત્તા ! ધરતા જેહ ગુણીશ;
ગણતા મુખ પદ **પદ્મથી** હો મિત્તા ! **નંદી અણુયોગ**
જગીશ રે.

એકાગર ચિત્તા ! એ પદ ધ્યાવો રે. ૩

**કાવ્ય**-વિમલ કેવલ૦ **મંત્ર**-ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય૦ ઉપાધ્યાયાય
યજામહે સ્વાહા.

ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા સમાપ્ત.

# પંચમ શ્રી સાધુપદ પૂજા

## દોહા

હવે પંચમપદે મુનિવરા, જે નિર્મમ નિઃસંગ;
દિન દિન કંચનની પરે, દીસે ચઢતે રંગ. ૧,

## ઢાળ નવમી.

રાગ વસંત, મોમન ભવન વિશાલ સાંઇયાં, મોમન–એ દેશી.

મુનિવર પરમ દયાલ, ભવિયાં ! મુનિ૦

તુમે પ્રણમોને ભાવ વિશાલ. ભવિયાં ! મુનિ૦ એ આંકણી
કુખી સંબલ મુનિવર ભાખ્યા;
આહાર દોષ ટાળે ખિયાલ. ભવિયાં ! મુનિ૦

બાહ્ય અભ્યંતર પરિગ્રહ છાંડી;
છાંડી સવિ જંજાલ. ભવિયાં ! મુનિ૦ ૧

જેણે એ ઋષિનું શરણ કર્યું તિણે;
પાણી પહેલી બાંધી પાળ. ભવિયાં ! મુનિ૦

જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા;
કાઢે પૂર્વના કાળ. ભવિયાં ! મુનિ૦ ૨

સંયમ સત્તર પ્રકારે આરાધે;
છ જીવના પ્રતિપાળ. ભવિયાં ! મુનિ૦

ઇમ મુનિગુણ ગાવે તે પહેરે;
સિદ્ધિ વધુ વરમાળ. ભવિયાં ! મુનિ૦ ૩

### દોહા

પાંચે ઇંદ્રિય વશ કરે, પાળે પંચાચાર;
પંચ સમિતિ સમિતા રહે, વંદુ તે અણગાર. ૧

### ઢાળ દસમી.

ગિરિરાજકું સદા મોરી વંદના રે-એ દેશી.

મુનિરાજકું સદા મોરી વંદના રે. મુનિ૦
ભોગ વમ્યા તે મનશું ન ઇચ્છે, નાગ જ્યું હોય અગંધના
રે. મુનિ૦
પરિસહ ઉપસર્ગે સ્થિર રહેવે, મેરુપરે નિઃકંપના રે. મુનિ૦ ૧

ઇચ્છા મિચ્છા આવસિયા નિસિહિયા,
તહકારને વલિ છંદના રે. મુનિ૦
પૃચ્છા પ્રતિપૃચ્છા ઉપસંપદા, સામાચારી નિમંતના રે મુનિ૦ ૨

એ દશવિધ સામાચારી પાળે, કહે **પદ્મ** લેઉં તસ ભામણા રે. મુનિ૦
એ ઋષિરાજ વંદનથી હોવે, ભવ ભવ પાપ નિકંદના રે. મુનિ૦ ૩

**કાવ્યં**-વિમલ કેવલ૦ મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦, **સાધવે** જલાદિકં યજામહે સ્વાહા.

પંચમ શ્રી સાધુપદ પૂજા સમાપ્ત

---

## ષષ્ઠ શ્રી દર્શનપદ પૂજા

### દોહા

સમકિત વિણુ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણુ સંસારમાં, અરહો પરહો અથડાય. ૧

## ઢાળ અગીઆરમી.

રાગ સારંગ.

પ્રભુ નિર્મળ દર્શન કીજીયે, એ આંકણી.

આતમજ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીયે. પ્રભુ૦ ૧
જસ અનુભવ અનંત પરિયટ્ટા, ભવ સંસાર સહુ છીજીયે પ્રભુ૦
ભિન્ન મુહૂર્ત્ત દર્શન ફરસનસે, અર્ધ પરિયટ્ટે સીઝીયે. પ્રભુ૦ ૨
જેહથી હોવે દેવ ગુરુ ફૂનિ, ધર્મ રંગ અટ્ઠિ મિંજીરે. પ્રભુ૦
ઇસ્યો **ઉત્તમ** દર્શન પામી, **પદ્મ** કહે શિવ લીજીયે. પ્રભુ૦ ૩

### દોહા

સમકિત અડ પયવણ ધણી, પણ જ્ઞાની કહેવાય;
અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્ત્તમાં, સકલ કર્મમલ જાય. ૧

## ઢાળ બારમી.

ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા—એ દેશી.

સમ્યગ દર્શન પદ તુમે પ્રણમો, જે નિજ ધુર ગુણ હોય રે;
ચારિત્ર વિણ લહે શાશ્વતપદવી, સમકિત વિણ નહિ કોય રે. સમ્ય૦ ૧

સદ્દહણા ચઉ લક્ષણ દૂષણ, ભૂષણ પંચ વિચારો રે;
જયણા ભાવણ ઠાણ આગારા, ષટ્ ષટ્ તાસ પ્રકારો રે. સમ્ય૦ ૨

શુધ્ધ લિંગ ત્રણ આઠ પ્રભાવક, દશવિધ વિનય ઉદારો રે;
ઇમ સડસઠ્ઠ ભેદે અલંકરિયો, સમકિત શુધ્ધ આચારો રે. સમ્ય૦ ૩

કેવલી નિરખીત સૂક્ષ્મ અરૂપી, તે જેહને, ચિત્ત વસિયો રે;
જિન **ઉત્તમ** પદ **પદ્મની** સેવા, કરવામાં ઘણું રસિયો રે, સમ્ય૦ ૪

**કાવ્યં**-વિમલ કેવલ૦ **મંત્ર**-ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય૦ **દર્શનાય** જલાદિકં યજામહે સ્વાહા.

૫૪ શ્રી દર્શનપદ પૂજા સમાપ્ત.

# સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા

## દોહા

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક તેહ;
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધર્મ સ્નેહ. ૧.

## ઢાળ તેરમી

નારાયણની દેશી. જિમ મધુકર મન માલતી રે—એ દેશી

નાણ પદારાધન કરો રે, જેમ લહો નિર્મલ નાણ રે. ભવિક જન!
શ્રદ્ધા પણ થિર તો રહે રે, જો નવતત્ત્વ વિન્નાણ રે.
ભવિ૦ નાણ૦ ૧

અજ્ઞાની કરશે કિશ્યું રે, શું લહેશે પુણ્ય પાપ રે. ભવિ૦
પુણ્ય પાપ નાણી લહે રે, કરે નિજ નિર્મલ આપ રે.
ભવિ૦ નાણ૦ ૨.

પ્રથમ જ્ઞાન પછી દયા રે, **દશવૈકાલિક** વાણ રે ભવિ૦
ભેદ એકાવન તેહના રે, સમજો ચતુર સુજાણ રે.
ભવિ૦ નાણ૦ ૩.

## દોહા

બહુ કોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ. ૧.

## ઢાળ ચૌદમી

હો મતવાલે સાજનાં—એ દેશી

નાણ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્યભાવ. મેરે લાલ;
જાણે જ્ઞાન ક્રિયા વળી, તિમ ચેતનને જડભાવ. મેરે૦ નાણ૦ ૧

નરગ સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર; મેરે૦
હેય જ્ઞેય ઉપાદેય લહે, નિશ્ચય ને વ્યવહાર.
મેરે૦ નાણ૦ ૨

નામ ઠવણ દ્રવ્ય ભાવ જે, વળી સગ નય ને સપ્ત ભંગ. મેરે૦
જિન મુખ **પદ્મ** દ્રહ થકી લહો, જ્ઞાન પ્રવાહ સુગંગ.
મેરે૦ નાણ૦ ૩

**કાવ્યં**-વિમલ કેવલ૦ **મંત્ર**-ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય૦ **જ્ઞાનાય** જલાદિકં યજામહે સ્વાહા.

સપ્તમ શ્રી જ્ઞાનપદ પૂજા સમાપ્ત.

---

## અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા

### દોહા

ચારિત્ર ધર્મ નમો હવે, જે કરે કર્મ નિરોધ;
ચારિત્ર ધર્મ જસ મન વસ્યો, સફલો તસ અવબોધ. ૧.

### ઢાળ પંદરમી

ટુંક અને ટોડા વચેરે, મેંદી કેરો છોડ મેંદી રંગ લાગ્યો, એ દેશી
ચારિત્ર પદ નમો આઠમેરે, જેહથી ભવ ભય જાય.
સંયમ રંગ લાગ્યો.
સત્તર ભેદ છે જેહના રે, સીત્તેર ભેદ પણ થાય. સંયમ૦ ૧.

સમિતિ ગુપ્તિ મહાવ્રત વળી રે, દસ ખંત્યાદિક ધર્મ. સંયમ૦
નાણ કારય વિરતિય છે રે, અનુપમ સમતા શર્મ. સંયમ૦ ૨

બાર કષાય ક્ષય ઉપશમે રે, સર્વવિરતિ ગુણઠાણ. સંયમ૦
સંયમ ઠાણ અસંખ્ય છે રે, પ્રણમો ભવિક સુજાણ. સંયમ૦ ૩

## દોહા

**હરિકેશી મુનિ** રાજીયો, ઉપન્યો કુલ ચંડાલ;
પણ નિત્ય સુર સેવા કરે, ચારિત્ર ગુણ અસરાલ. ૨

## ઢાળ સોળમી

સાહિબ કબ મિલે, સસનેહી પ્યારો હો. સા૦—એ દેશી.

સંયમ કબ મિલે, સસનેહી પ્યારો હો. સંયમ૦ એ આંકણી
ચું સમકિત ગુણઠાણગવારા, આતમમેં કરત વિચારા હો. સં૦ ૧
દોષ બહેંતાલીશ શુદ્ધ આહારા, નવકલ્પી ઉગ્ર વિહારા હો. સં૦ ૨
સહસ તેવીશ દોષ રહિત નિહારા, આવશ્યક દોયવારા હો. સં૦ ૩
પરિસહ સહનાદિક પરકારા, એ સબહે વ્યવહારા હો. સં૦ ૪
નિશ્ચય નિજ ગુણ કરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો. સં૦ ૫
મોહાદિક પરભાવસે ન્યારા, દ્દગ નય સંયુત સારા હો. સં૦ ૬
પદ્મ કહે ઇમ સુણી ઉજમાલા, લહે શિવવધૂ વરહારા હો. સં૦ ૭

**કાવ્યં**. વિમલ કેવલ૦ **મંત્ર**. ૐ હ્રીં શ્રીં પરમ-
પુરુષાય૦ **ચારિત્રાય** જલાદિકં યજામહે સ્વાહા.

અષ્ટમ શ્રી ચારિત્રપદ પૂજા સમાપ્ત.

---

## નવમ શ્રી તપઃપદ પૂજા

## દોહા

**દ્દઢપ્રહારી** હત્યા કરી, કીધાં કર્મ અઘોર;
પણ તપના પ્રભાવથી, કાઢયાં કર્મ કઠોર. ૧

## ઢાળ સત્તરમી

પુરુષોત્તમ સમતા છે તાહરા ઘટમાં-એ દેશી.

તપ કરીયે સમતા રાખી ઘટમાં. તપ૦
તપ કરવાલ કરાલ લે કરમાં, અડિએ કર્મ અરિભટમાં. તપ૦ ૧
ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુ જટમાં. તપ૦ ૨
એક અચરિજ પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાગર તટમાં. તપ૦ ૩
કાલ અનાદિકો કર્મ સંગતિસે, જીઉ પડીયો જ્યું ખટપટમાં. તપ૦ ૪
તાસ વિયોગ કરણ એ કરણું, જેણે નવિ ભમિયે ભવતટમાં. તપ૦ ૫
હોયે પુરાણુ તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં. તપ૦ ૬
ધ્યાન તપે સવિ કર્મ જલાઇ, શિવવધૂ વરિયે ઝટપટમાં તપ૦ ૭

## દોહા

વિઘ્ન ટળે તપ ગુણથકી, તપથી જાય વિકાર;
પ્રશંસ્યો તપ ગુણથકી, **વીરે ધન્નો** અણગાર. ૧

## ઢાળ અઢારમી

સચ્ચા સાંઇ હો, ડંકા જોર બજાયા હો—એ દેશી.

તપસ્યા કરતાં હો, ડંકા જોર બજાયા હો. એ આંકણી.

ઉજમણા તપ કેરા કરતાં, શાસન સોહ ચઢાયા હો;
વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા. તપ૦ ૧

અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લદ્ધિ અડવીસા હો;
**વિષ્ણુકુમારાદિક** પરે જગતમાં, પામત જયત જગીશા. તપ૦ ૨

**ગૌતમ અષ્ટાપદ ગિરિ** ચઢિયા, તાપસ આહાર કરાયા હો;
જે તપ કર્મનિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિરાયા. તપ૦ ૩

સાડાબાર વર્ષ જિન ઉત્તમ, **વીરજી** ભૂમિ ન ઠાયા હો;
ઘોરતપે કેવળ લહ્યા તેહના, **પદ્મવિજય** નમે પાયા. તપ૦ ૪

**કાવ્યં.** દ્રુતવિલંબિત વૃત્તમ્.

વિમલ કેવલ ભાસન ભાસ્કરં, જગતિજંતુ મહોદય કારણં;
જિનવરં બહુમાન જલૈર્ઘનઃ, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે.

**કળશ**

રાગ ધન્યાશ્રી.

આજ મહારે ત્રિભુવન સાહેબ ત્રૂઠો, અનુભવ અમૃત વૂઠો;
ગુણ અનુયાયી ચેતનાં કરતાં, કિશુંઅ કરે મોહ રૂઠો.
ભવિ પ્રાણી હો. આજ૦ ૧

એ નવપદનું ધ્યાન ધરંતાં, નવ નિધિ ઋદ્ધિ ઘરે આવે;
નવ નિયાણાનો ત્યાગ કરીને, નવ ક્ષાયિક પદ પાવે.
ભવિ૦ આજ૦ ૨

**વિજયસિંહ સૂરિ** શિષ્ય અનુપમ, ગીતારથ ગુણરાગી;
**સત્યવિજય** તસ શિષ્ય વિબુધવર, **કર્પૂરવિજય** વડભાગી.
ભવિ૦ આજ૦ ૩

તાસ શિષ્ય શ્રી **ખિમાવિજયવર, જિનવિજય** પંન્યાસ;
શ્રી ગુરુ **ઉત્તમવિજય** સુશિષ્યો, શાસ્ત્રાભ્યાસ વિલાસ.
ભવિ૦ આજ૦ ૪

ગજ વન્હિ મદ ચંદ્ર (૧૮૩૮) સંવત્સર, મહાવદિ બીજ ગુરુવારો;
રહી ચોમાસું **લીંબડી** નગરે, ઉદ્યમ એહ ઉદારો.
ભવિ૦ આજ૦ ૫

**તપગચ્છ વિજયધર્મસૂરિ** રાજે, **શાંતિજિણંદ** પસાયો;
શ્રી ગુરુ **ઉત્તમ** ક્રમ કજ અલિ સમ, **પદ્મવિજય** ગુણ ગાયો.
ભવિ પ્રાણી હો, આજ મ્હારે ત્રિભુવન સાહિબ તૂઠો.. ૬

**મંત્ર.** ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય **શ્રીમતે તપસે** જલાદિકં યજામહે સ્વાહા.

નવમ શ્રી તપઃપદ પૂજા સમાપ્ત

પંડિત શ્રી પદ્મવિજયજી કૃત શ્રી નવપદ પૂજા સમાપ્તમ.

# શ્રી સકલચંદજી ઉપાધ્યાય કૃત–
# સત્તરભેદીપૂજા

## વિધિ

૧. પ્રથમ સ્નાત્ર કરે.

૨. પછી અષ્ટપ્રકારી પૂજા કરે.

૩. ઉજ્જ્વવલ રૂપા પ્રમુખની રકેબીમાં કુંકુમ તથા કેશર વિગેરેનો સ્વસ્તિક કરે.

૪. પછી–કેશરપ્રમુખ મિશ્રિત શુદ્ધજળે સુંદર કળશ ભરી, સ્થાપનાનો રૂપિયો કળશમાં નાંખે.

૫. પછી–કળશ રકેબીમાં રાખી સ્નાત્રીયા ઉત્તરાસંગથી મુખ-કોશ કરી ત્રણ નવકાર ગણી નમસ્કાર કરે.

૬. હાથે ધૂપ દેઇ રકેબી હાથમાં ધારણ કરે.

૭. મન સ્થિર રાખે, છીંક વર્જન કરે.

**ન્હવણ**–સ્નાત્રીયા પ્રભુજી સન્મુખ ઉભા રહે, પંચામૃતનો કળશ અડગ રાખે, અને મુખથકી પહેલી પૂજાનો પાઠ ભણે

[જે પૂજા ૧૪૫માં પાને આપવામાં આવેલી છે] તે ભણીને પછી પ્રભુને પંચામૃતનું ન્હવણ કરે, તથા પ્રભુની ડાબી બાજુને અંગુઠે જળધારા આપે.

**૨ વિલેપન**-પછી સુંદર સૂક્ષ્મ અંગલૂહણે જિન-બિંબ પ્રમાર્જી; કેસર, ચંદન (સુખડ), મૃગમદ (કસ્તુરી), અગર (અગુરુચંદન), કર્પૂરાદિકની કચોલી ભરી હાથમાં લઇ ઉભો રહે, ને મુખથકી બીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વિલેપન કરી નવ અંગે પૂજન કરે.

**૩ વસ્ત્રયુગ્મ**-પછી અત્યંત સુકોમલ સુગંધિત અમૂલક વસ્ત્રયુગ્મ (બે વસ્ત્ર) ઉપર કેસરનો સ્વસ્તિક કરી, પ્રભુજી આગળ ઉભો રહી, મુખથકી ત્રીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુજી આગળ વસ્ત્રયુગ્મ ચઢાવે.

**૪ વાસચૂર્ણ**-પછી અગરચંદન, કર્પૂર, કુંકુમ, કસ્તુરીનું ચૂર્ણ કરી, કચોલી ભરી, પ્રભુ આગળ ઉભો રહી, મુખ થકી ચોથી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વાસચૂર્ણ બિંબ ઉપર છાંટે તથા જિન મંદિરમાં ચૂર્ણ ઉછાળે.

**૫ પુષ્પ**-પછી ગુલાબ, કેતકી, ચંપો, કુંદ, મચકુંદ, સોવનજાતિ, જુઇ, વિઉલસરા (બોરસલી) ઇત્યાદિ સુગંધયુક્ત પંચવર્ણ ફૂલ, લેઇ, ઉભો રહી મુખ થકી પાંચમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને, પંચવર્ણ ફૂલ ચઢાવે.

**૬ પુષ્પમાળા**-પછી નાગ, પુન્નાગ, મરૂઓ, (મરવો) દમણો, (ડમરો) ગુલાબ, પાડલ, મોગરો, સેવંત્રી (શેવતી), ચંબેલી, માલતી પ્રમુખ પંચવર્ણનાં ફૂલની સુંદર માળા ગુંથીને

હાથમાં લેઇ ઉભો રહી, છઠ્ઠી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુને કંઠે ફૂલની માળા પહેરાવે.

**૭ પુષ્પની આંગી**–પછી પંચવર્ણ ફૂલની કેશરથી આંગી રચી હાથમાં લેઇ, મુખ થકી સાતમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સુગંધિત પુષ્પે કરી, અત્યન્ત ભક્તિયે સહિત ભગવન્તના શરીરે આંગી રચે.

**૮ સુગન્ધિ ચૂર્ણ**–પછી ઘનસાર (બરાસ), અગર, સેલારસ પ્રમુખ સુગન્ધવટી ઇત્યાદિક સુગંધી ચૂર્ણ રકેબીમાં નાંખી, હાથમાં લઇ પરમેશ્વર આગળ ઉભો રહી, મુખથકી આઠમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સુગંધિ ચૂર્ણ ચઢાવે.

**૯ ધ્વજા**–પછી સધવા સ્ત્રીઓ એકઠી થઇ ધૂપ સહિત સુવર્ણમય દંડે કરી સંયુક્ત, ઉજ્વલ થાળમાં કુંકુમનો સ્વસ્તિક કરી અક્ષત, શ્રીફળ, રૂપાનાણું ધરીને તે થાળમાં પંચવર્ણી ધ્વજા ધારણ કરે.

પછી તે સધવા સ્ત્રીના મસ્તકે રાખી ગીતગાન ગાતાં સર્વ જાતિનાં વાજિંત્ર વાજતાં, ત્રણ પ્રદક્ષિણા આપે.

પછી ધ્વજા ઉપર ગુરુ પાસે વાસક્ષેપ કરાવે.

પ્રભુ સન્મુખ ગહુંળી કરે, ને ઉપર અક્ષતથી સ્વસ્તિક કરે, સોપારી ચઢાવે.

મુખ થકી નવમી પૂજાનો પાઠ ભણે, તે પાઠ ભણી રહી ધ્વજા ચઢાવે.

**૧૦ આભરણ**–પછી પીરોજા, નીલમ, લસણીયા, મોતી અને માણેકથી જડેલા એવા મુકુટ, કુંડલ, હાર, તિલક, બેરખાં,

કંદોરા, કડાં ઇત્યાદિક આભરણ લેઇ મુખ થકી દશમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને આભરણ તથા રોકડ નાણું બમણું ચઢાવે.

**૧૧ પુષ્પઘર**–પછી કોલ, અકોલ, કુંદ, મચકુંદ એવાં સુગંધિત પુષ્પનું ગૃહ બનાવી, છાજલી, ગોખ, કોરણી પ્રમુખની રચના કરી, હાથમાં લેઇ મુખથકી અગીઆરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને ફૂલઘર ચડાવે. ફૂલની ચંદનમાળા, ફૂલના ચંદ્રવા, પુંઠીયાં પ્રમુખ બાંધે.

**૧૨ પુષ્પવર્ષા**–પછી પંચવર્ણી સુગંધિત ફૂલ લેઇ, ફૂલનો મેઘ વરસાવતો બારમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને, ફૂલ ઉછાળે.

**૧૩ અષ્ટ માંગલિક**–પછી અખંડ તંદુલને રંગી પંચવર્ણા કરી, એક થાળમાં દર્પણ, ભદ્રાસન, નંદાવર્ત્ત, શરાવસંપુટ, પૂર્ણકુંભ, મત્સ્યયુગ્મ, શ્રીવત્સ, વર્દ્ધમાન અને સ્વસ્તિક, એ અષ્ટ માંગલિક રચી, તે થાળ હાથમાં લેઇ પ્રભુજીની આગળ ઉભા રહી તેરમી પૂજાનો પાઠ ભણે. તે ભણીને રૂપાનાણે સંયુક્ત તે થાળ પ્રભુજી આગળ ધરે.

**૧૪ ધૂપોત્ક્ષેપ**–પછી કુષ્ણાગુરુ, કુંદરુક, સેલારસ, સુગંધવટી, ઘનસાર, ચંદન, કસ્તુરી, અંબર ઇત્યાદિક વસ્તુનું ધૂપધાણું રકેબીમાં ધરી મુખથકી ચૌદમી પૂજાનો પાઠ ભણે. તે ભણીને ધૂપધાણું ઉખેવે.

**૧૫ ગીત**–પછી સુંદર સ્વરૂપવાન એવાં કુમાર-કુમારિકાઓ મધુર સ્વરે પ્રભુજીની આગળ ઉભા રહ્યા થકાં ગીત ગાન કરે; અને મુખથકી પંદરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પંદરમી પૂજા કરે.

**૧૬ નૃત્ય**-પછી પાંચેઇન્દ્રિયોએ પરિપૂર્ણ એવા સુંદર કુમાર અને કુમારીકાઓ, અથવા સમાન અવસ્થાવાળી સધવા સ્ત્રીઓ; અથવા એકલી કુમારીઓ, સુંદર વસ્ત્ર આભૂષણ પહેરી પ્રભુની સન્મુખ રહી, શંકા-કાંક્ષારહિત નાટક કરે, [કદાપિ સ્ત્રીઓનો યોગ ન બને તો સમાન અવસ્થાવાળા પુરુષો મળી] નાટક કરતા થકા મુખ થકી સોલમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સોલમી પૂજા કરે.

**૧૭ વાદ્ય**-પછી મૃદંગ, કંસાલ, તબલ, તાલ, ઝાંઝ, વીણા, સતાર, તૂરી, ભેરી, ફેરી, દુન્દુભિ, ચંગ, નફેરી પ્રમુખ સર્વ જાતીના વાજિંત્ર બજાવતા થકા મુખથકી સત્તરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સત્તરમી પૂજા કરે.

## આરતિનો વિધિ

૧ પૂજા ભણી રહ્યા પછી સર્વવસ્ત્રપ્રમુખ પહેરી ઉત્તરાસંગ કરે.

૨ પછી અંતરપટ કરી પોતાને લલાટે કુંકુમનું તિલક કરે.

૩ પછી અન્તરપટ દૂર કરી, રકેબીમાં સ્વસ્તિક કરી તેમાં રૂપાનાણું અક્ષત સોપારી ધરે.

૪ પછી આરતિ દીપક સાથે સંયોજીને પ્રભુની સન્મુખ દક્ષિણાવર્ત્તથી સર્વ વાજીંત્ર વાજતાં આરતિ કરે.

સત્તર ભેદી પૂજા વિધિ સંપૂર્ણ.

# સત્તરભેદી પૂજા પ્રારંભ

## દોહા.

અરિહંત મુખકજ વાસિની ભગવતી **ભારતી** દેવી;
સમરિય પૂજા વિધિ ભણું, તું મુજ મુખપદ સેવી. ૧

## આર્યા-ગાથા.

ન્હવણ-વિલેવણમંગે, ચક્ખુજુઅલં ચ વાસપૂઆઓ;
પુપ્ફારોહણ-માલા રોહણં તહય વન્નારોહણં. ૨

ચુન્નારોહણં જિણપુંગવાણ (ઝયારોહણ) માહરણરોહણ ચેવ;
પુપ્ફગિહં પુપ્ફપગરં, આરત્તી મંગલપઈવો. ૩

દીવો ધૂવોવક્ખેવો, નેવજ્જં સુહફલાણ ઢોવણયં;
ગીયં નટ્ટં વજ્જં, પૂયા ભેયા ઈમે સત્તર. ૩

---

સ્નાત્ર પૂજા ૧, લી વસ્તુ છંદ.

રયણ કંચન, રયણ કંચન. કલસભિંગાર;
ક્ષીરોદધિવર જલભરિય, અટ્ઠસહસ્સ ચઉસટ્ઠ અનુપમ;
ગંગાસિંધુ મહાનદી, તીર્થ કુંડ દ્રહ અમિય રસસમ,
ભદ્રસાલ નંદન સુમનસ, પંડુક વાપી વારિ;
જમ્મ સનાથ અમર કરે, ચઉવિહ સુર પરિવાર.

# પ્રથમ ન્હવણ પૂજા

**ઢાળ.** રત્નમાળાની, દેશાખ રાગેણ ગીયતે.

પ્રથમ પૂરવ દિશે, કૃત શુચિ સ્નાનકો,
દંતમુખશુદ્ધિકો, ધોતિ રાજી;
કનક મણિ મંડિત, વિશુદ્ધ ગંધોદકે,
ભરિય મણિ કનકની, કલશરાજી. ૧

જિનપભવનં ગતો, ભગવદાલોકને,
નમતિ તં પ્રથમતો, માર્જતીશં;
દિવિ યથેંદ્રાદિક સ્તીર્થગંધોદકૈઃ,
સ્નપયતિ શ્રાવકોઽન્તિમ-જિનેશં. ૨

**ગીત**-રાગ અડાણો, મલ્હાર-કેદાર મિશ્રિત.

ભવિ તુમ દેખો, અબ તુમ દેખો, સત્તરભેદ જિનભક્તિ;
અંગ ઉપાંગ કહી જિન ગણધરે, કુગતિ હરી દે મુક્તિ. ભવિ ૧.

શુચિતનુ ધોતી ધરી ગંધોદકે, ભરી મણિ કનકની કલશાલિ;
જિન દીઠે નમી પૂજી પખાળી, દે નિજ પાતક ગાળી. ભવિ ૨.

સમક્તિ શુદ્ધ કરી દુઃખહરણી, વિરતાવિરતિકી કરણી;
યોગીસર પણ ધ્યાને સમરી, ભવસમુદ્રકી તરણી. ભવિ૦ ૩.

દેખાવતી નહીં કબહું વૈતરણી, કુમતીકું રવિભરણી;
**સકલ મુનીશરકું** શુભ લહરી, શિવમંદિર નીસરણી. ભવિ૦ ૪.

**કાવ્યં**-

પુરંદરઃ પૂરિતહેમકુંભૈ-રદંભમંભોભિરલં સુગંધૈઃ;
સાકં સુરૈઘૈઃ સ્નપનેન સમ્યક્, પૂજાં જિનેંદ્રોઃ પ્રથમાં ચકાર. ૧.

પ્રથમ ન્હવણપૂજા સમાપ્ત. ૧

# દ્વિતીય ચંદનાવલેપન પૂજા પ્રારંભ.

વિલેપન પૂજા ૨ જી, વસ્તુ છંદ

વિમલ ચંદન, વિમલ ચંદન, ઘસિય ઘનસાર;
કેસરસારસું મેલવિઅ, ભરિય રત્ન કંચન કચોલિય;
અંગવિલેપન વિધિ કરિય, દિવ્યગંધરસમાંહિ મેલીય.
પૂજા દ્વિતીય પ્રમોદભર, નિરખે નયણુ કચોલ;
જિન મૂરતિ આલોકતાં, મુજ મન હરખ કલોલ. ૧.

**ઢાળ.** જયમાલાની. રામગ્રી રાગેણ ગીયતે.

ભાવના ચંદના, સરસ ગોસીસમાં,
ઘસિય ઘનસારશું, કંકુમા એ;
કનકમણિ ભાજનં, સુરભિ રસ પૂરિયાં,
તિલક નવ પ્રભુ કરો, અંગમાં એ. ૧.

ચરણ જાનુ કરે, અંસ શિર ભાલ સ્થળે,
કંઠ હૃદિ ઉદર જિન, દીજીયેએ;
દેવના દેવનું, ગાત્ર વિલેપતાં,
હર! પ્રભુ દુરિત કહી, લીજીયે એ. ૨.

**ગીત.** રાગ ટોડી અથવા વૈરાડી.

તિલક કરો પ્રભુ નવ અંગે, કુંકુમ ચંદન ઘસી શુચિ ઘનસાર;
પ્રભુ પગે જાનુ કર અંસ શિર, ભાલસ્થલે કંઠ હૃદિ ઉદરે ચાર.
અહો ભાલ સ્થલે કંઠ હૃદિ ઉદરે ચાર, સ્વયં પૂજાકાર. તિલક૦ ૧
કરિ [1] યક્ષકર્દમ અગરચુઓ મર્દન, લેપો મેરે જગગુરુ ગાત,

---

૧. બરાસ, કેશર, કસ્તુરી, મરીચ, અગર, અંબર, કક્કોલ, ચંદન એ સર્વનું મિશ્રણ તેનું નામ **યક્ષકર્દમ** અથવા **અષ્ટગંધ** છે.

હરિ જિમ મેરુપર ઋષભકી પૂજા કરી,
દેખાવત કૌતક ઓર ઓર ભાત. તિલક૦ ૨

હમેં તુમ તનુ લીંપ્યો, તોભી ભાવ નાંહિ છીપ્યો;
દેખો પ્રભુ વિલેપનકી બાત, હરો હમ તાપ;
એ દૂજી પૂજા વિલેપનકી, હરો દુરિતકું, શુચિ કીનો ગાત. તિલક૦ ૩

**કાવ્યં.**

અંગે પ્રમાર્જ્યાંગ–સુગંધગંધ, કાષાયિકેનૈષ પટેન બિંદુઃ;
વિલેપનૈઃ કેસર–ચંદનાદ્યૈઃ, પૂજાં જિનેંદ્રોરકરોદ્ દ્વિતીયામ ૨.

દ્વિતીય ચંદનવિલેપન પૂજા સમાપ્ત. ૨

---

## તૃતીય ચક્ષુયુગલ પૂજા પ્રારંભ.

ચક્ખુયુગલ પૂજા ૩ જી, વસ્તુ છંદ.

દેવનિર્મિત, દેવનિર્મિત, વિમલ દોઇ વસ્ત્ર;
અતિ ઉજ્જ્વલ ઉદ્યોતમય, સુગુણગંધ વાસાય પરિકર;
અખિલ અખંડ અમૂલ્યતર, ચંદ્રકિરણ સમ વિમલ સિતલ.

પહિરામણિય પવિત્ર ચઢે, પૂજા તૃતીય જિણંદ;
પેખીય પરમાનંદસું, અનુમોદે સવિ ઈંદ. ૧

**ઢાળ.** રામગ્રી રાગેણ ગીયતે.

તિમિર સંકોચનાં, રયણનાં લોચનાં,
એમ કહી જિન મુખે, ભવિક થાપો;
કેવળજ્ઞાન ને, કેવળ દર્શન, લોચનદોય હમ દેવ આપો. ૧

અહવા પાઠાંતરે, ત્રીજીય પૂજામાં, ભુવનવિરોચન, જિનપઆગે;
દેવચીવર સમું, વસ્ત્ર યુગ પૂજતાં, સકલ સુખસ્વામિની,
લીલ માગે. ૨

### ગીત. રાગ અધરસ.

રયણુ નયણુ કરી દોય લેકે, મેરે પ્રભુ મુખ દીજે;
કેવળજ્ઞાન ને કેવળદર્શન, હમપર કૃપા કરી પ્રસાદ
કીજે, રયણુ૦ ૧

દેવદુષ્યસમ વસ્ત્ર જોડ અહવા, ત્રીજી પૂજા કીજે;
ઉપશમ રસ ભરી, નયન કચોલડે, દેખી દેખી પ્રભુ મુખ
રસ પીજે. રયણુ૦ ૨

### કાવ્યં-

શ્રુતં શશાંકસ્ય મરીચિભિઃ કિં, દિવ્યાંશુક દ્વંદ્વ મતીવ ચારુ;
યુક્ત્યા નિવેશ્યોભયપાર્શ્વમૈંદ્રઃ, પૂજાં જિનેંદ્રો રકરોત્ તૃતીયાં. ૩
તૃતીય ચક્ષુયુગલ પૂજા તથા વસ્ત્રયુગલ (દેવદુષ્ય વસ્ત્રસમ
અંગલુહાણા બે) પૂજા સમાપ્ત. ૩

---

## ચતુર્થ વાસ પૂજા પ્રારંભ.

સુગંધવાસની પૂજા ૪ થી. વસ્તુ છંદ.

ગંધ સુરભિત, ગંધ સુરભિત, અગર કપૂર;
આમોદિત આકાશતલ, કિરણુ બહુલ નિર્જણિય સસીકર;
અતિ ઉજ્જવલ તનુ જિનતણું, કરીઅ સાર સંજાત સમકર.
ચરણુ કમલ અરિહંત તણે, પૂજા સકલ સુગંધ;
ચોથી ચિંતામણિ સમી, ફેડે બહુભવ બંધ. ૧

રામગ્રી રાગેણ ગીયતે.

નંદન વનતણાં, બાવના ચંદનાં, વાસવિધિ ચૂરણ, ચરચિયાં એ;
જાઇ મંદારશું, શુદ્ધ ઘનસારશું, સુરભિસમ કુસુમશું,
ચરચિયાં એ. ૧

ચઉથીય પૂજમાં, સુગંધ વાસે કરી, જે જિન સુરપતે,
અરચિયાં એ;

પ્રભુતણે અંગ મન, રંગ ભરી પૂજતાં, આજ ઉચ્ચાટ સવિ
ખરચિયા એ. ૨

**ગીત.** રાગ રામગ્રી

સૂનો જિનરાજ! તવ મહનં. એ આંકણી,
ઇંદ્રાદિક પરે કિમ હમ હોવત, તોભી તુમ સબ સહનં. સૂનો૦ ૧
સત્તરભેદે **દ્રુપદરાયકી-કુમરી** પૂજતી અંગે;
જેમ **સૂરિયાભ** સુરાદિક પ્રભુને. પૂજત ભવિ મનરંગે. સૂનો૦ ૨
વિવિધ સુગંધિત ચૂરણવાસે, મુંચતિ અંગ ઉવંગે;
ચઉથીય પૂજા કરત મન જાનત, મિલાવતિયા સુખ સંગે. સૂનો૦ ૩

**કાવ્યં-**

કર્પૂર સૌરભ્ય વિલાસ વાસૈઃ, શ્રીખંડ વાસૈઃ કિલ વાસવોઽથ;
વિભાસુર શ્રી જિન ભાસ્કરેંદ્રોઃ, પૂજાં જિનેંદ્રોરકરોત્ ચતુર્થીં. ૪.

ચતુર્થ સુગંધવાસ પૂજા સમાપ્ત. ૪

## પંચમ પુષ્પ પૂજા પ્રારંભ

પંચવર્ણના છૂટા ફૂલની પૂજા, ૫ મી વસ્તુ છંદ.

કમલ પરિમલ, કમલ પરિમલ, કુંદ મંદાર;
પારિજાતિ જાતિ સુમન, સહસપત્ર સતપત્ર સુંદર.

કોરંટ કેતકી સુદલ, બોલવેલિ ગુલાબ ચંપક;
જલથલ જાતિ સુવર્ણતર, મોગર મુકુલિત ફૂલ;
પંચમી પૂજા પરિકરિય, પામું સુહ સુર તુલ્ય ૧

આશાવરી, રાગેણ ગીયતે.

મોગરલાલ ગુલાબ માલતી, ચંપક કેતકી વેલી;
કુંદ પ્રિયંગુ નાગવર જાતિ, બોલસિરી શુચિ મેલી. મો૦ ૧
ભૂમંડળ જળ મોકલે ફૂલે, તે પણ શુદ્ધ અખંડે;
જિનપદ પંકજ જેમ હરિ પૂજે, તેણીપેરે ભવિ તું મંડે. મો૦ ૨

**ગીત.** રાગ નૃત્યકી, આશાવરી નટ, તથા શ્રીરાગ.

પારગ! તેરે પદપંકજ પર, વિવિધ કુસુમ સોહે;
હાં રે વિવિધ કુસુમ સોહે;
ઓર દેવનકું આક ધતુરે, તુજ સમો નહીં કોહે. પારગ૦ ૧
વિવિધ કુસુમ જાતિશું જબ, પંચમી પૂજા પૂજે;
તબ ભવિજનકે રોગ શોગ, સવિ ઉપદ્રવ ધ્રૂજે. પારગ૦ ૨

કાવ્યમ્-

મંદાર કલ્પદ્રુમ પારિજાત, જાતિરલિ જાત કૃતાનુયાતૈઃ;
પુષ્પૈઃ પ્રભો રગ્રથિતૈર્નવાંગ, પૂજાં પ્રતેને કિલ પંચમી સઃ ૫

પંચમ પુષ્પ પૂજા સમાપ્ત ૫

---

## ષષ્ઠ પુષ્પમાલ પૂજા પ્રારંભ

પંચવર્ણ ફુલમાલાની પૂજા છઠ્ઠી, વસ્તુ છંદ.

વિવિધ ગુંથિત, વિવિધ ગુંથિત, હાર સુવિચાર;
ચારુ ચતુર નવ સારસ ધર, વિમલ જાતિસુ વિભાંતિ સુમનસ,

માલા પરિમલ બહુ મિલિત, ભ્રમર વૃંદ ઝંકાર રવરસ;
ટોડર સાર સુદામ કરિ, છઠ્ઠી પૂજા જામ.
નયણ અમિયરસ પૂરિઅ, ક્ષિણુ ક્ષિણુ કરિયે પ્રણામ. ૧

દેશાખ રાગેણ ગીયતે.

ચંપકાસોગ પુન્નાગ વર મોગરા, કેતકી માલતી મહમહંતી;
નાગ પ્રિયંગુ શુચિ કમલસું બોલસિરી વેલિ વાસંતિકા
દમનજાતિ. ૧

કુંદ મચકુંદ નવમાલિકા વાલકો, પાડલ કોમલ કુસુમ ગુંથી;
સુરભિ વરદામ જિનકંઠે બેઠી વદે, ભ્રમર મુહ હું તુમ્હે
સુખી અમુંથી. ૨

**ગીત**. રાગ સબાબ.

કંઠપીઠે દામ દીઠે, પ્રભુ હમે રે પાપ નીઠે,
જ્યું શશી દેખત જાય તનુ તાપ;
પંચવર્ણી સબ કુસુમકી ગલે ઠવી,
ગગને સોહંતી જેસેં સુરપતિ ચાપ, કંઠ૦ ૧

લાલ ચંપક ગુલાલવેલી, જાઇ મોગર દમન ભેલી,
ગુંથી વિવિધ કુસુમ જાતિ, છઠ્ઠી માલ ચઢે દિશિ વાસતી;
તવ સુરકી વધૂપરેં નરવધૂ ગાતી. કંઠ૦ ૨

**કાવ્યમ્-**

તૈરેવ પુષ્પૈર્વિરચ્ય માલાં, સૌરભ્ય લોભ ભ્રમિ ભૃંગ માલાં;
આરોપયન્નાકપતિર્જિનાંગે, પૂજાં પ્રતિષ્ઠાં કુરુતે સ ષષ્ઠીં. ૬

ષષ્ઠ પુષ્પમાલ પૂજા સમાપ્ત ૬.

# સપ્તમ કુસુમઆંગીરચનારૂપપૂજા પ્રારંભ

વરણ પૂજા ૭ મી, વસ્તુ છંદ.

કુસુમ વર્ણક, કુસુમ વર્ણક, પીત સિત નીલ;
મેઘવરણ તામ્રરસ મય, જાઇજાતિ દલફૂલ મરુવક;
વિવિધ ભાંતિ શ્રેણિયસ ભર, વર્ણ પૂજા સાતમીય મનહર.
રચના રંગ ભરી કરીય, પૂજા પ્રભુ વીતરાગ;
કુમતફૂટ ચૂરણ કરિય, પ્રકટયો શિવ પુર માગ. ૧.

ગોડી રાગેણ ગીયતે.

સાતમી પૂજામાં વરણિક ફૂલશું ભવિ કરે એ,
ચંપક દમણલો મરુઓ જાસુદશું ચિત્ત ધરે એ;
આંગીય કેતકી વિચ વિચ શોભતી દેખીયેં એ,
આંગીય મીસ શિવનારી ને કાગળ લખીયેં એ. ૧.

**ગીત.** રાગ માલવી-ગોડી.

કુસુમ જાતિ આંગી મન ખંતે, પંચવર્ણની જાતે રે,
માંહે વિવિધ કથિતા ભાતે રે;
**સૂરિયાભાદિ** કરે જિનપૂજા, સકલ સુરાસુર ગાતે રે. કુસુમ૦ ૧

ચંપકશું દમણો મનરમણો, સંઝારાગ જ્યું શ્યામા રે;
પંચવર્ણ આંગી જિન અંગે, વિરચંતિ જ્યું સુરરામા રે;
ઋષભકૂટ **ચક્રિ** નામા રે. કુસુમ૦ ૨

## કાવ્યમ્.

મંદાકિનેંદીવર પીવરશ્રી, રકતોપલૈશ્ચંપક પાટલાધૈ;
કુર્વન્પ્રભોર્વર્ણક વર્ણ્ય શોભાં, પૂજાં પ્રતેને કિલ સપ્તમી સઃ ૭

( હમણાં પણ સંપ્રદાયે વિવિધ જાતિનાં ફૂલની
આંગી કરતા દેખાય છે ! )

પંચવર્ણ કુસુમજાતિ આંગીરચનારૂપ સપ્તમ પૂજા સમાપ્ત.

---

## અષ્ટમ ચૂર્ણ પૂજા પ્રારંભ

બરાસ પૂજા ૮ મી, વસ્તુ છંદ.

ચારુ ચૂરણ, ચારુ ચૂરણ, સુરભિ ઉદાર;
બાવનાચંદન ઘન ઘસીય માંહી, વિમલ કર્પૂર મેલીયે;
કુંકુમ નવરસ રંગ, ભરિ વિપુલ વાસ ઉલ્લાસકે લીયે.
અષ્ટમી પૂજા અતુલ પરિ, વિરચિય દેવ જિણંદ;
અશુભ કર્મ ઉડી ગયાં, પામો પરમાણંદ. ૧

કેદાર, કામોદ, કલ્યાણ રાગેણ ગીયતે, દોહા.

ઘનસારાદિક ચૂરણું, મનહર પાવન ગંધ;
જિનપતિ અંગ સુપૂજતાં, જિનપદ ભવિ કરે બંધ. ૧

અગર ચૂઓ અતિ મર્દિયો, હિમવાલુકા સમેત;
દશ દિશિ ગંધે વાસતાં, પૂજો જિનપદ હેત. ૨

### ગીત, રાગ કાનડો.

ચૂરોરી માઇ પૂરોરે માઈ, જિનવર અંગે સાર કપૂરે,
સબસુખ પૂરણ ચૂરણ ચર્ચિત, તનુ ભરી આનંદ પૂરે, ચૂરોરે૦ ૧

પાવન ગંધિત ચૂરણ ભરશું, મુંચતિ અંગ ઉવંગે,
આઠમી પૂજા કરત તિમ ભવિજન, મિલાવતીયા સુખ અંગે. ચૂરો૨૦

**કાવ્યમ્.**

દંભોલિપાણિઃ પરિમૃદ્ય સદ્યઃ, કર્પૂર ફાલીર્બહુ ભક્તિશાલી;
ચૂર્ણ સુખે ન્યસ્ય જિનસ્ય નૃણાં, ચક્રેઽષ્ટમં પૂજન મિષ્ટહેતુઃ ૮

( યદ્યપિ વાસપૂજા પહેલી પણ છે, પરંતુ તે વાસચંદન (વાસક્ષેપ) ની જાણવી, અતે આ ચૂર્ણપૂજા તે વાસ વિના બીજા કર્પૂરાદિક સુગંધ દ્રવ્યની છે.)

અષ્ટમ ચૂર્ણ પૂજા સમાપ્ત. ૮

---

## નવમ ધ્વજપૂજા પ્રારંભ

ધ્વજ પૂજા ૯ મી, વસ્તુ છંદ.

સહસ જોજન, સહસ જોજન, ધ્યજા ધરી દંડ;
બહુલ પતાકા પરિકલિત, વર્ણ રૂપ રસ રંગ અતિઘન;
ઘંટાનાદસું ઘૂઘરી, પવન પૂરી વાજંતિ શુભ સ્વરિ.
નયન કન્ન પેખી સુણીય, ધ્વજા તણે મંડાણ;
નવમી પુજા નિર્મલી, સોહે ત્રિભુવન ભાણ. ૧

**રાગ.** ગોડી જાફર તાલેન ગીયતે.

દેવનિર્મિત, દેવનિર્મિત, ગગને અતિ ઉત્તુંગ;
ધર્મધ્વજા જન મન હરણ, કનક દંડગત સહસ જોયણ;
રણઝણંતિ કિંકિણી નિકર; લઘુપતાકયુત નયનભુષણ.
જેમ જિન આગળ સુર વહે, તેમ નિજ ધન અનુસાર;
નવમી પૂજા ધ્વજતણી, કહે પ્રભુ તું હમ તાર. ૧

**ગીત.** રાગ ગોડી, નટ, રામગ્રી.

માઇ સહસ જોયણ દંડ ઉંચો, જિનકો ધ્વજ રાજે;
લઘુપતાકા કિંકિણી જુત, પવન પ્રેરિત વાજે. માઇ૦ ૧
સુર નર મનમોહન સોહન, જેમ સુરે ધ્વજ કીનો;
તેમ ભવિ ધ્વજપૂજા કરતાં, નરભવ ફળ લીનો. માઇ૦ ૨

## કાવ્યમ્.

પુલોમજાં મૌલિ નિવેશનેન, પ્રદક્ષિણીકૃત્ય જિનાલયં તં;
મહાધ્વજં કીર્તિમિવં પ્રતત્યઃ, પૂજામકાર્ષીન્નવમીં બિડૌજાઃ. ૯

નવમ ધ્વજ પૂજા સમાપ્ત.

---

## દશમ આભૂષણ પૂજા પ્રારંભ

આભરણ પૂજા ૧૦મી, વસ્તુ છંદ.

જડિત કંચન, જડિત કંચન, લલિત લખમૂલ;
હીરા પાંચ પ્રધાનતર, હંસગર્ભ સઉગંધ મોચક;
પદ્મરાગ સોભાગકર, રયણરાશિ કલ્યાણ કારક.
મુક્તાફલ મંડિત મુકુટ, કુંડલ હાર વિચિત્ર;
દશમી પૂજા દીપતી, સોહે સાચ પવિત્ર. ૧

ગોડી, ધવલ રાગેણ ગીયતે.

લાલવર હીરડા, પાંચ પીરોજડા, વિધિ જડયાંએ;
મોતીય નીલુઆ, લસણિઆ ભૂષણે, તિહાં ચડયાંએ;
કાને રવિમંડળ, સમજુગ કુંડળ, દીજીયે એ,
અંગદ રયણનો, મુકુટ કંઠાવલી, કીજીયે એ. ૧.

**ગીત.** રાગ ગોડી ત્રિતાલ, માલવી.

મુકુટ દીયો કનકે ઘડયો, રયણ જડયો જિનવર શીશ;
ઉર વરહાર રચિત વર ભૂષણ, દૂષણ હર જગદીશ.
મુકુટ૦ ૧.

લાલડે ખરે હીરે, પાંચ મોતીયન રયણે જડે દો કુંડળ;
અંગદ જડિત સિંહાસન ચામર, દિઓ પદ લિયો આખંડલ.
મુકુટ૦ ૨.

## કાવ્યમ્

મુક્તાવલી કુંડલ બાહુરક્ષા, કોટીર મુખ્યાભરણાવલીનાં;
પ્રભોર્યથાસ્થાન નિવેશનેન, પૂજામકાર્ષીદ્દશમીં બિડૌજાઃ ૧૦.

દશમ આભૂષણ પૂજા સમાપ્ત ૧૦.

---

## એકાદશ કુસુમગૃહપૂજા પ્રારંભ

ફૂલઘરની પૂજા ૧૧મી, વસ્તુ છંદ

પુસ્કર સરોવર, પુસ્કર સરોવર, સકલ દિસે ભાગ;
મલ્લ મનોહર સદલતર, બંધ ભાતિ સંધાણ સમતર;
સકલ વર્ણ કંદલ લતા, ગુચ્છ ગુલ્મ ચિત્રામ સુંદર.
નાથ નિરંજન પાખતીય, પુષ્પતણો ઘર રમ્ય;
પેખી પૂજા અગીયારમી, સફલ હુઓ મુજ જન્મ ૧.

**કેદાર**—ગોડી રાગેણ ગીયતે.

વિવિધ કુસુમે ખચ્યું, વિશ્વકર્મ્મા રચ્યું, કુસુમગેહં;
રુચિર સમ ભાગશું, સુરવિમાના જિશ્યું. રયણરેહં. ૧.

તોરણ જાલીશું, કુસુમની માળશું, શોભતુંએ;
ગુચ્છ ચંદ્રોદય, ઝુંમખાવૃંદ જે, શોભતું એ. ૨.

**ગીત.** રાગ કેદારો અને બિહાગ.

મેરે મન રમ્યો, જિનવર કુસુમઘરે, હાંરે કુસુમઘરે. મેરો૦
વિવિધ જુગતિવર, કુસમકી જાતિ ભાતિ, જેસે અમર ઘરે
મેરો૦ ૧.

કુસુમ ઝુમખ ચંદ્રોદય તોરણ, જાલિક મંડપ ભાગ;
એકાદશમી પૂજા કરતાં, અવિચળ પદ ભવિ માગ.
મેરો૦ ૨.

**કાવ્યમ**

પુષ્પાવલીભિ : પરિતોવિતત્ય, પુરંદર : પુષ્પગૃહં મનોજ્ઞં;
પુષ્પાસુધાજેય: જયેતિ જલ્પનેકાદશી-માતનુતે સ્મ પૂજાં. ૧૧

એકાદશ કુસુમગૃહપૂજા સમાપ્ત. ૧૧.

---

## દ્વાદશ કુસુમમેઘ પૂજા પ્રારંભ

પુલનો મેહ વરસાવવાની પૂજા ૧૨મી, વસ્તુ છંદ.

ફૂલ પરિકર, ફૂલ પરિકર, કરી પ્રભુ પાય;
પંચ વરણ દલ પુષ્ફમય, પુન્ય પગર પ્રાસાદ સંઠિય,
મહિઅલ મંડિત અતિ વિમલ, રણઝણંતિ દિસિ વિદિસિ છપ્પય.
દ્વાદસમી પૂજા કારીય, ફૂલ પગર ઉદાર;
સમરસ ઉજ્જલ અવતરીઓ, દીસે પરતક્ષ સાર. ૧

મલ્લાર રાગેણ ગીયતે.

પંચવર વરણનો, વિબુધ જેમ કુસુમનો, મેઘ વરસે;
ભ્રમર ભ્રમરીતણાં, યુગલ રસિયા પરે, ત્રિજગ હરષે. ૧

પગારવર ફૂલનો, પંચવર્ણ કરી, સુકૃત તરશે;
બારમી પૂજમાં, હર્ષ તે જેમ મળે, કનક પુરસે. ૨

**ગીત.** રાગ મેઘ મલ્લાર.

મેહુલા જ્યું મળી વરસે, કરી કરી ફૂલ પગર હર્ષ, મેહુ૦
પંચવર્ણ જાનુમાને, સમવસરણ જેમ સુર મળી;
તેમ કરે શ્રાવક લોક, દ્વાદશમી પ્રભુ પૂજા કરતાં,
જન મન મુદ પરસે. મેહુલા૦ ૧

ભમરપે કહાવતી ઉડતે, જાનુ અધોવૃંત પડતે.
તાકું અધોગતિ નાંહીં, જો હમ પરે પ્રભુ આગળ પડે;
હમપરે તસ નહીં પીડા, કુસુમપૂજા કરી સુખ લહે,
દિન દિન જશ ચઢતે. મેહુલા૦ ૨

**કાવ્યમ**

કરાગ્રમુક્તૈઃ કિલ પંચવર્ણૈઃ, સુગ્રંથ પુષ્પ પ્રકરં પુરોઽસ્ય;
અપંચયન વંચિત કામ શક્તેઃ, સ દ્વાદશીમાતનુતે સ્મ પૂજાં. ૧

દ્વાદશ કુસુમમેઘ પુજા સમાપ્ત. ૧૨

---

## ત્રયોદશ અષ્ટમાંગલિક પૂજા પ્રારંભ

આઠ મંગલ.ભરણ પુજા ૧૩ મી, વસ્તુ છંદ.

સાલિ ઉજ્જલ, સાલિ ઉજ્જલ, આણીઅ અખંડ;
દુર્બલ ખંડિય બલિ છલિઅ, સુરભિ સુરતરુ સુવાસક;
દર્પણ ભદ્રાસન ભરીય, વર્દ્ધમાન શ્રીવત્સ મત્સ;

કલશ અને સ્વસ્તિક વિપુલ, નંદાવર્ત નિવાસ;
તેરમી પુજા મંગલ કરણ, પુરે મનની આસ ૧

વસંત રાગેણ ગીયતે

રયણહીરા જિસાં, શાલિવર તંદુલા, વર ફળ્યા એ;
સ્વસ્તિક દર્પણ, કુંભ ભદ્રાસન, શું મળ્યા એ.
નંદાવર્ત્તક, ચારુ શ્રીવત્સક, વર્દ્ધમાનં;
મત્સ્યયુગલં લિખિ, અષ્ટમંગલ હુસે, શોભમાનં. ૧

**ગીત,** રાગ વસંત.

જિનપ આગળ વિરચો ભવિ લોઇ;
જસુ દર્શન શુભ હોઇ, જ્યું રે દેખત સબ કોઈ. જિનપ૦
અતુલ તંદુલે કરી, અષ્ટ મંગલાવલી,
તેમ કરો જેમ તુમ ઘરે ફરી હોઇ. જિનપ૦ ૧
સ્વસ્તિક શ્રીવચ્છ, કુંભ ભદ્રાસન, નંદાવર્ત્તક વર્દ્ધમાનં;
મત્સ્યયુગ દર્પણ, તેમ વર ફલગુણ,
તેરમી પુજા સબ, કુશલ નિધાનં. જિનપ૦ ૨

**કાવ્યમ.**

આદર્શ ભદ્રાસન વર્ધમાન, મુખ્યાષ્ટસન્માંગલિકૈર્જિનાગ્રે;
સ રાજતા પ્રોજ્જ્વલ તંદુલોત્થૈ-સ્ત્રયોદશીમાતનુતે સ્મ પૂજાં ૧૩

ત્રયોદશ અષ્ટમાંગલિક પૂજા સમાપ્ત ૧૩.

---

## ચતુર્દશ ધુપદીપક પૂજા પ્રારંભ

આરતી મંગલ દીવાની પૂજા ૧૪ મી, વસ્તુ છંદ.

અગર ઉત્તમ, અગર ઉત્તમ, માંહિ મૃગમદ;
કુંદરુક્કો તુરુક્કોમય, મઘમઘંત વરધૂપ વર્ધક.

કંચન રયણ સુદંડધર, ધૂપધાણું વૈડૂર્ય ચિત્રકર;
યતન કરી ઉખેવસુએ, ભોગ ભલી પેરે તાર;
ચૌદશમી પૂજા નિપુણ, તારે ભવ સંસાર. ૧

માલવી—ગોડી રાગેણ ગીયતે.

કૃષ્ણાગરૂતણું, ચૂરણ કરી ઘણું, શુદ્ધ ઘનસારશું, ભેળીયું એ;
કુંદરૂક્કો તુરૂક્કા સુકસ્તૂરિકા, અંબર તગરશું, મેલીયું એ. ૧

રયણ કંચનતણું, ધૂપધાણું ઘણું, પ્રગટ પ્રદીપશું, શોભતું એ;
દશદિશે મહમહે, અગર ઉખેવતાં, ચઉદમી પૂજારજ ક્ષોભતું એ. ૨

ગીતઃ રાગ કલ્યાણ.

આણીએ ધૂપી ધુમાવળી, જિનમુખ દાહિણાવર્ત્ત કરંતી;
દેવગતિ સૂચતિ ચાલી. ધૂપી૦

કૃષ્ણાગરુ અંબર મૃગમદશું, ભેળી તેમ ઘનસારો;
ધૂપ પ્રદીપ દશાંગ કરંતાં, ચોદમી પૂજા ભવિ ! તારો. ધૂપી૦ ૧

## કાવ્યમ્‌-

કર્પૂર કાલાગરુ ગંધ ધૂપઃ; મુત્ક્ષિપ્ય ધૂમસ્થલ દૂરિતૈના;
ઘંટાનિનાદેન સમં સુરેંદ્રશ્ચતુર્દશી માતનુતે સ્મ પૂજાં. ૧૪

ચતુર્દશ ધૂપદીપક પૂજા સમાપ્ત. ૧૪

---

## પંચદશ ગીત પૂજા પ્રારંભ

રતવન ગીતની પૂજા ૧૫ મી, વસ્તુ છંદ.

તાલ મદ્દલ, તાલ મદ્દલ, વંસ વર વીણ;
પડહ ભેરી ઝાલર તુંબર, સંખ પણવ ઘુઘરીય ઘમઘમ;

સિરિમંડલ મહુઅર મણુજ, નિપુણ નાદ રસ છંદતમ.
દુંદુભિ દેવતણી ગયણ, વાજે સૂર ગંભીર;
પન્નરમી પૂજા કરી, પામ્યો ભવ તીર.

ત્રીવેણી ગોડી, રાગ ગાથાબંધેન ગીયતે.

ગગનતણું નહીં જેમ માનં, તેમ અનંતફળ જિનગુણ ગાનં;
તાન માન લયશું કરી ગીતં, સુખ દીયે જેમ અમૃત પીતં. ૧
વીણા વંશ તલ તાલ ઉવંગે, સુરતિ રાખી વરતંતિ મૃદંગે;
જયતિ માન પડતાલિક તાલો, આયત ધરીને પાતક ગાળો. ૨

**ગીત.** શ્રીરાગ.

તું શુભ પાર નહીં સુયણો, માનાતીત યથા ગયણો; તું૦
તાન માન લય શું જિનગીતં, દુરિત હરે જેમ
રજ પવણો. તું૦ ૧

વંશઉપાંગ તાલ સિરિમંડલ, ચંગ મૃદંગ તંતિ વીણો;
વાજતિ તાન માન કરી ગીતં, પીતાંમૃતપરે કર લીનો. તું૦ ૨
ગાવતિ સુર ગાયન જેમ મધુરે, તેમ જિન ગુણગણ મણિરયણો;
**સકલ** સુરાસુર મોહન તું જિન, ગીત કહ્યો હમ તુમ
નયણો. તું૦ ૩

**કાવ્યમ્-**

અષ્ટોત્તરં સ્ત્રોત્રશતં પઠિત્વા, જાનુસ્થિતઃ સ્પૃષ્ટધરઃ સુરેશઃ
શક્રસ્તવં પ્રોચ્ય શિરસ્થપાણિઃ, નત્વા જિનં સંસદ માહુલોકે. ૧૫

પંચ દશ ગીતપૂજા સમાપ્ત ૧૫

# ષોડશ નૃત્ય પૂજા પ્રારંભ

નાટક પૂજા ૧૬ મી, વસ્તુ છંદ.

ગીત ગુણ મિત, ગીત ગુણ મિત, પાઠ પદ બંધ;
ધુધૂઆ વ્યત્ર પટ્ટવર જયતમાલ, પ્રત્તમટ્ટ તાલગ;
ત્રિણિ ગ્રામ સુર સપ્તમય, એકવીસ મુરછનાય સાધગ;
તાન માન ગુણ જ્ઞાનલય, નિર્મલ નાદ સુરંગ;
સોલમી પૂજા કરી, પામ્યો સમરસ ચંગ. ૧

સોરઠ–મધુમાદન રાગેણ ગીયતે.

સરસ વય વેષ મુખરૂપ કુચ શોભતી,
વિવિધ ભૂષાંગિની સુરકુમારી;
એકશત આઠ સુરકુમર કુમરી તિહાં,
વિવિધ વીણાદિ વાજીંત્રધારી. સરસ૦ ૧

અભિનવ હસ્તકી હાવભાવે કરી, વિવિધ જુગતે બહુ નાચકારી;
દેવના દેવને દેવરાજી યથા,
કરતિ નૃત્યં તથા ભૂમિચારી. સરસ૦ ૨

ગીત. રાગ શુદ્ધ નટ્ટ.

એકશત આઠ નાચે, દેવકુમર કુમરી;
દોંદોંદોં મુરજ ગુંજતી, નાચતી દઇ ભમરી. એક૦ ૧

ઘનકુચયુગ હાર રાજિ, કસી કંચુકી બંધી;
સોલસ સિંગાર શોભિત, વેણી કુસુમગુંથી. એક૦ ૨

નટ કટિકટ ઠહ ઠહ, વિચ પટ્ટિ તાલ વાજે;
દેખાવતી જિન હસ્તકી, નૃત્યકી નવિ લાજે, એક૦ ૩

તિન તિનાતિ તંતિ વાજે, રણઝણંતિ વીણા;
તાંડવ જેમ સુર કરંત, તેમ કરો ભવિ લીણા. એક૦ ૪

### કાવ્યમ્.

આલોકના કૃત્યવિદો તતોઽસ્ય, ગંધર્વ નાટ્યાધિપતી અમર્ત્યો;
તૂર્યત્રિકં સજ્જયતિસ્મ તત્ર, પ્રભોર્નિષણ્ણે પુરતઃ સુરેન્દ્રઃ. ૧૬

ષોડશ નૃત્ય પૂજા સમાપ્ત. ૧૬

---

## સપ્તદશ સર્વવાદ્ય પૂજા પ્રારંભ

વાજીંત્ર આરતી મંગલ દીવાની પૂજા ૧૭ મી; વસ્તુ છંદ.

સાંત રસમય, સાંત રસમય, અરથ ઉદાર,
અઠ્ઠુત્તર સય કવિતવર, કરિય દેવ અરિહંત ગુણમય;
સાત આઠ પદ ઓસરિય, ધરિઅ પાણિ સિર કમલ જોડીય;
ત્રિણિવાર મસ્તક ધરીય, ભૂમિતલ નિય જાણ;
ચઉરંગુલ ઉંચો ભણે, નમુત્થુણં સુદ્દઢ જાણ. ૧

સામેરી રાગેણ ગીયતે.

સમવસરણ જેમ વાજાં વાજે, દેવ દુંદુભિ અંબર ગાજે,
ઢોલ નિશાન વિશાળ;
ભૂંગળ ઝલ્લરિ પણવ નફેરી,, કંસાલા દડબડી વર ભેરી;
શરણાઇ રણકાર. ૧
મુરજ વંશ સુરતી નવિ મૂકે, સત્તરમી પૂજા ભવિ નવિ ચૂકે;
વીણા વંશ કહે જિન જીવો, આરતિ તેમ મંગળ પઈવો, ૨.

## ગીત. રાગ ગૂર્જરી.

ઘણું જીવ તું જીવ જિનરાજ જીવો ઘણું,
શંખ સરણાઇ વાજિંત્ર બોલે;
મહુઅરિ પરિ પરિ દેવકી દુંદુભી,
હે ! નહિ જિન તણે કોઇ તોલે. ઘણું૦ ૧.

ઢોલ નિશાન કરતાલ તલતાલશું,
ઝલ્લરી પણુવ ભેરી નફેરી;
વાજતાં દેવ વાજિંત્ર જાણે કહે,
સકલ ભવિકો પ્રભો ભવ ન ફેરી. ઘણું૦ ૨

એણીપરે ભવિક વાજિંત્રપૂજા કરી, કહે મુખે તું પ્રભુ! ત્રિજગ દીવો;
ઇંદ્રપરે કેમ અમે જિનપપૂજા કરૂં, આરતિ સાખિ મંગળ પઇ વો.
ઘણું૦ ૩.

## કાવ્યમ.

મૃદંગ ભેરી વરવેણુ વીણા, ષડ્ભામરી–ઝલ્લરિ–કિંકિણીનાં;
ભંભાદિકાનાં ચ તદા નિનાદૈ:, ક્ષણું જગન્નાદમયં બભૂવ. ૧૭.

સપ્તદશ સર્વવાદ્ય પૂજા સમાપ્ત. ૧૭

---

વસ્તુ છંદ

એહ વિધિવર, એહ વિધિવર, સત્તર ગુણ ભેદ,
પૂજા પરમેશ્વરતણી, કરીય દેવ નર નારી શ્રાવક,
સમકિતધારી નિપુણનર, વીતરાગ શાસન પ્રભાવક,

સ્વર્ગમૃત્યુ પાતાલ સુર, શ્રી જિન ભવન મઝાર;
**સકલ** પૂજા અનુમોદતાં, કરતાં હરખ અપાર. ૧

શ્રી સકલચંદજી ઉપાધ્યાય કૃત સત્તરભેદી પૂજાના

છંદ સમાપ્ત.

## કળશ.

ધન્યાશ્રી રાગેણ ગીયતે.

થુણીયો થુણીયો રે પ્રભુ તું ! સુરપતિ જેમ થુણીયો;
તીન ભુવન મનમોહન લોચન, પરમ હર્ષ તબ જણિયો રે. પ્રભુ૦ ૧
એક શત અઠ કવિતનિત અનુપમ, ગુણમણિ ગુંથી ગુણિયો;
ભવિક જીવ ! તુમ થય થુઇ કરતાં, દુરિત મિથ્યામતિ ખણિયો
રે. પ્રભુ૦ ૨

**તપગચ્છ** અંબર દિનકર સરિખો, **વિજયદાન** ગુરુ મુણિયો;
જિન ગુણ સંઘ ભગતિ કરિ પસરી, કુમતિ તિમિર સબ
હણિયો રે. પ્રભુ૦ ૩

એણીપરે સત્તરભેદ પૂજા વિધિ, શ્રાવકકું જિને ભણિયો;
**સકલ** મુનીશ્વર કાઉસ્સગ્ગ ધ્યાને, ચિંતવિત તસ ફળ ચુણિયો
રે. પ્રભુ૦ ૪

શ્રી સકલચંદજી ઉપાધ્યાય કૃત સત્તરભેદી પૂજા સમાપ્તમ.

પંડિત શ્રી વીરવિજયજી કૃત

# ચોસઠપ્રકારી પૂજા વિધિસહિત

વિશાલ જિનભવનને વિષે શુભ મુહૂર્તે જળયાત્રાનો વરઘોડો ચડાવીને તીર્થોદક મેળવવાં. અષ્ટકર્મનું માંડલું અક્ષત રંગી આઠ પાંખડીનું ઉજ્જવલ તંદુલે ભરવું. રેખા પંચવર્ણી કરવી. પછી રક્ત ગુલાલે સિદ્ધના આઠગુણને સ્થાનકે મંત્રાક્ષર લખવા તે મંત્રના પદ નીચે મુજબઃ—

૧ ૐ હ્રીં અનંતજ્ઞાનાત્મકેભ્યો નમઃ

૨ ,, ,, અનંતદર્શનાત્મકેભ્યો નમઃ

૩ ,, ,, અનંતસુખાત્મકેભ્યો નમઃ

૪ ,, ,, અનંતચરણાત્મકેભ્યો નમઃ (પાઠાંતરે અનંતક્ષાયિકેભ્યો નમઃ)

૫ ,, ,, અક્ષયસ્થિતયે નમઃ

૬ ,, ,, અમૂર્ત્તયે નમઃ

૭ ,, ,, અગુરુલઘવે નમઃ

૮ ,, અનંતવીર્યેભ્યો નમઃ

એ રીતે મંત્રપદ લખવા. મધ્યમાં વૃક્ષ તથા જ્ઞાન પધરાવવું. વૃક્ષને મૂળ પાસે કુહાડો મૂકવો. અખંડદીપક રાખવો. ચોસઠ મોદકનો એક થાળ ભરીને મૂકવો. શ્રી મહાવીર દેવની પ્રતિમાને અભિષેક કરવો. ચોસઠ કુમાર અને ચોસઠ કુમારીકાઓ ઉભાં રાખવાં. (જઘન્યપક્ષે આઠ કુમાર કુમારીકાઓ ઉભાં રહે) એ રીતે અષ્ટપ્રકારીપૂજા આઠ દિવસપર્યંત નિત્ય ભણાવવી. આઠે દિવસ નૈવેદ્ય ને ફળ નવાં નવાં ધરાવવાં. એ રીતે એ આઠ દિવસમાં ચોસઠ પૂજા પૂર્ણ થાય.

નિત્ય સંઘની વાત્સલ્યતા અને ગુરુભક્તિ કરવી, જ્ઞાનોપકરણાદિ કરવાં, રાત્રિજાગરણ કરવાં, પ્રભાવના કરવી, યાચકને દાન આપવું. ઇત્યાદિ વિધિ પૂર્ણ થયે વૃક્ષને મહોત્સવ સહિત દેરાસરમાં પધરાવવું.

(આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ.)

૧ કુવાનું શુદ્ધ જળ, ૨ ચંદન-કેશર ૩ કેતકી, જાઇ વગેરે જાત જાતનાં ફૂલ, ૪ દશાંગ-અગરબત્તી ધૂપ, ૫ પંચ દીવેટનો દીવો, ૬ ઉજ્જવલ અખંડ અક્ષત, ૭ ઉત્તમ નૈવેદ્ય, ૮ ઉત્તમ ફળ.

# ચોસઠપ્રકારી પૂજા પ્રારંભ

## પ્રથમદિવસેઽધ્યાપનીયં જ્ઞાનાવરણીયકર્મસૂદનાર્થં

## પ્રથમં પૂજાષ્ટકમ્

### પ્રથમ જલપૂજા.

**દોહા.**

**શ્રી શંખેશ્વર** સાહેબો, સમરી સરસતી માય;
**શ્રી શંભુવિજય** સુગુરુ નમી, કહું તપફળ સુખદાય. ૧

જ્ઞાન થકી સવિ જાણુતા, તે ભવ મુગતિ જિણંદ;
વ્રત ધરી ભૂતળ તપ તપ્યા, તપશ્રી પદ મહાનન્દ. ૨

દાનશક્તિ જો નવિ હુવે, તો તનુશક્તિ વિચાર;
તપ તપિએ થઇ યોગ્યતા, અલ્પ કષાય આહાર. ૩

પરનિંદા છંડી કપટ, વિધિ ગીતારથ પાસ;
**આચારદિનકરે** દાખિયો, તે તપ કર્મ વિનાશ. ૪

વિવિધ પ્રકારે તપ કહ્યાં, આગમ રયણની ખાણ;
તેહમાં **કર્મસૂદન તપે**, દિન ચઉસઠિ પ્રમાણ. ૫

**જ્ઞાનાવરણાદિકર્મ** અઠ, પચ્ચક્ખાણે છેદાય;
ઉપવાસાદિક અડ કવલ, અંતિમ તિમ અંતરાય. ૬

ઉજમણું તપ પૂરણે, શક્તિતણે અનુસાર;
તરુવર રૂપાનો કરો, ઘાતિયાં શાખા ચાર. ૭

ચાર પ્રશાખા પાતલી, કર્મનો ભાવ વિચાર;
ઈગસય અડવન પત્ર તસ, કાપવા કનક કુઠાર. ૮

ચોસઠ મોદક મૂકીયે, પુસ્તક આગળ સાર;
ચોસઠ કલશા નામિયે, જિન પડિમા જયકાર. ૯

પૂજા સામગ્રી રચી, ભરી ફળ નૈવેદ્ય થાળ;
જ્ઞાનોપગરણ મેળવી, જ્ઞાનભક્તિ મનોહાર. ૧૦

જળકળશા ચોસઠ ભરી, ધરિયે પુરુષને હાથ;
તીર્થોદક કળશા ભરી, ચોસઠ કુમરી હાથ. ૧૧

ચોસઠ વસ્તુ મેળવી, મંડળ રચિયે સાર;
મંગળદીવો રાખીયે, પુસ્તક મધ્ય વિશાલ. ૧૨

સ્નાત્ર મહોત્સવ કીજીયે, પૂજા અષ્ટ પ્રકાર;
જ્ઞાનાવરણ હઠાવવા, આઠ અભિષેક ઉદાર. ૧૩

## ઢાળ

રાગ-જોગીઓ આશાવરી-મોતીવાળા ભમરજી-એ દેશી.

ચરમ પ્રભુ મુખ ચંદ્રમા, સખિ! દેખણ દીજે,
હાથ આરિસા બિંબરે, સખિ! મુને દેખણ દીજે;
છપ્પન્નદિગ્ કુમરી કહે, સખિ૦ વિકસિત મેઘ કદંબરે. સખિ૦ ૧

ભવમંડળમેં ન દેખીયો, સખિ૦ પ્રભુજીનો દેદાર રે; સખિ૦
કૃત્ય કરી ઘર જાવતી, સખિ૦ ખેલત બાળ કુમાર રે. સખિ૦ ૨

યૌવનવય સુખ ભોગવે, સખિ૦ **શ્રી મહાવીર** કુમાર રે; સખિ૦
જ્ઞાનથી કાળ ગવેષિઓ, સખિ૦ આપ હુવા અણગાર રે. સખિ૦ ૩

ગુણઠાણું લહી બારમું, સખિ૦ જ્ઞાનાવરણી હણ્યું જેમ રે; સખિ૦
કેવળ લહી મુગતે ગયા, સખિ૦ અમે પણ કરશું તેમ રે. સખિ૦ ૪

સ્વામી સેવાથી લહે, સખિ૦ સેવક સ્વામીભાવ રે; સખિ૦
સાલંબન નિરાલંબને, સખિ૦ કરશું એહવો બનાવ રે. સખિ૦ ૫

તીસ કોડાકોડી સાગરુ, સખિ૦ થિતિ અંતરમુહૂર્ત્ત લઘીસરે; સખિ૦
બંધ ચતુર્વિધ ચેતશું, સખિ૦ પગઇ હિઈ રસ પએસ રે. સખિ૦ ૬

સૂક્ષ્મ બંધ ઉદય વળી, સખિ૦ ઉદીરણ સત્તા ખીણ રે; સખિ૦
સ્નાતક સ્નાન મિષે હુવે, સખિ૦ જ્ઞાન પડલ મલહીણ રે. સખિ૦ ૭

સર્વાંગે સ્નાતક થઇ, સખિ૦ કરશું સાહેલી રંગ રે; સખિ૦
સહજાનંદ ઘરે રમો, સખિ૦ શ્રી **શુભવીરને** સંગ રે. સખિ૦ ૮

## **કાવ્ય**-ઉપજાતિવૃત્તમ્.

તીર્થોદકૈર્મિશ્રિતચન્દનૌઘૈઃ, સંસારતાપાહતયે સુશીતૈઃ;
જરાજનિપ્રાન્તરજોભિશાન્ત્યૈઃ, તત્કર્મદાહાર્થમજં યજેહમ્. ૧

## દ્રુતવિલમ્બિત વૃત્તદ્વયમ્.

સુરનદીજલપૂર્ણ ઘટૈર્ઘનૈ ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈઃ પરૈઃ;
સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં, વિમલતાં ક્રિયતાં ચ નિજાત્મનઃ. ૨

જનમનોમણિભાજનભારયા, શમરસૈકસુધારસધારયા;
સકલબોધકલારમણીયકં, સહજસિદ્ધમહં પરિપુજયે. ૩

**મન્ત્ર:** ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય અજ્ઞાનોચ્છેદનાય શ્રીમદ્ **વીરજિનેન્દ્રાય જલં** યજામહે સ્વાહા.

અજ્ઞાનોચ્છેદાકાર્યં પ્રથમ જલપૂજા સંપૂર્ણ

---

## દ્વિતીય ચન્દન પૂજા

### દોહા

મૂલ પ્રકૃતિયે એક એ, ઉત્તર પ્રકૃતિ પાંચ;
મોહસમે પણ નવિ સમે, વિણ ખાયકની આંચ. ૧

તિણે તેહિજ વિધિ સાધવા, પૂજો અરિહા અંગ;
સિદ્ધસ્વરૂપ હૃદય ધરી, ઘોળી કેસર રંગ. ૨

### ઢાળ બીજી.

ઝુંબખડાની–દેશી

બીજી ચંદન પૂજના રે, કરી કેસરનો ઘોળ; પ્રભુપદ પૂજીએ.

બાહિર રંગે ગવેષીને રે, રંગ અભ્યંતર ચોળ; પ્ર૦
પૂજીયે જિન પૂજીયે રે, આનંદરસ કલ્લોલ. પ્ર૦ ૧ એ આંકણી.

ધૂર પગઇ ધૂર કર્મની રે, બંધ ત્રિભંગ પ્રકાર; પ્ર૦
ખય ઉપશમ ગુણ નીપજે રે, અડવીશ ઉપર ચાર. પ્ર૦ ૨

ત્રણશેં ચાલીશ ઉત્તરુ રે, બ્રહ્માદિક પદ બાર; પ્ર૦
પૂજ્ય **વિશેષાવશ્યકે** રે, **નંદીસૂત્ર** મોઝાર. પ્ર૦ ૩

બંધહેતુ છતે પામીયે રે, મતિ આવરણ બલેણ; પ્ર૦
ધ્રુવબંધિ પ્રકૃતિ ટળે રે, જબ લહે ખાયક શ્રેણ. પ્ર૦ ૪

જિમ **રોહે** નૃપ રીઝવ્યો રે, રીઝવવો એક સાંઇ; પ્ર૦
**શ્રીશુભવીરને** આશરે રે, નાશે કર્મ બલાય. પ્ર૦ ૫

**કાવ્યં**-દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્.

જિનપતેર્વરગન્ધસુપૂજનં, જનિજરામરણોદ્ભવભીતિહૃત્;
સકલરોગવિયોગવિપદ્ધરં, કુરુ કરેણ સદા નિજપાવનમ્. ૧

સહજકર્મકલંકવિનાશનૈ-રમલભાવસુવાસનચન્દનૈઃ;
અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ મતિજ્ઞાનાવરણનિવારણાય શ્રીમતે **વીરજિનેન્દ્રાય ચન્દનં** ય૦ સ્વાહા.

મતિજ્ઞાનાવરણનિવારણાર્થં દ્વિતીય ચન્દન પૂજા સંપૂર્ણ

---

## તૃતીય પુષ્પ પૂજા

### દોહા

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાલણહાર;
ક્ષણમેં શ્રુતકેવળી કર્યા, દેઇ ત્રિપદી ગણધાર. ૧

સુમનસ વૃષ્ટિ તિણે સમે, સમવસરણ મોઝાર;
કરતા સુમનસ સુમનસા, પ્રભુ પૂજા દિલધાર. ૨

## ઢાળ ત્રીજી

દ્વેષ ન ધરિયેં લાલન, દ્વેષ ન ધરિયેં–એ દેશી.

સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે;
પૂજે સુરવર ફૂલની રાશે, સ્વામી! ફૂલની રાશે.
કેતકી જાઈનાં ફૂલ મંગાવો;
ભેદત્રિકેં કરી પૂજા રચાવો. સ્વા૦ ૧

પ્રભુપદ પ્રણમી શ્રી શ્રુત માગો;
શ્રુતજ્ઞાનાવરણ તે જેમ જાય ભાગો. સ્વા૦
ખય–ઉપશમગુણ જિમ જિમ થાવે;
તિમ તિમ આતમ ગુણ પ્રગટાવે. સ્વા૦ ૨

મતિ વિણ શ્રુત ન લહે કોઇ પ્રાણી;
સમક્તિવંતની એહ નિશાની. સ્વા૦
કૃત્યાદિક શ્રુતનાણ જણાવે;
ખીર–નીર જિમ હંસ બતાવે. સ્વા૦ ૩

ગીતારથ વિણ ઉગ્રવિહારી;
તપિયા પણ મુનિ બહુલ સંસારી. સ્વા૦
અલ્પાગમ તપ કલેશ તે જાણો;
**ધર્મદાસગણી** વચન પ્રમાણો. સ્વા૦ ૪

ભેદ ચતુર્દશ વીશ વખાણો;
ઓર રીત મતીજ્ઞાન સમાણો. સ્વા૦
મતિ શ્રુત નાણેં ચઉ શિવ જાવે;
શ્રુત કેવલી **શુભવીર** વધાવે. સ્વા૦ ૫

**કાવ્ય.** દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્.

સુમનસાં ગતિદાયિવિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્;
સુમનસાં સુમનોગુણસંગિનં, જન ! વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને. ૧

સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;
પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨

**મન્ત્ર : ૐ** હ્રીં શ્રીં પરમ૦ શ્રુતજ્ઞાનાવરણનિવારણાય **શ્રીમતે વીરજિનેંદ્રાય** કુસુમાનિ ય૦ સ્વાહા.

શ્રુતજ્ઞાનાવરણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ.

---

## ઇતિ ચતુર્થી ધૂપ પૂજા.

### **દોહા**

અવધિજ્ઞાનાવરણના, ક્ષયથી હુઆ ચિદ્રૂપ;
તે આવરણ દહન ભણી, ઉર્ધ્વગતિરૂપ ધૂપ. ૧

### **ઢાળ ચોથી.**

જિનવર જગત દયાળ, ભવિયાં જિનવર એ દેશી.

એ ગુણ જ્ઞાન રસાલ, ભવિયાં ! એ ગુણ જ્ઞાન રસાલ,

ધૂપઘટા કરી જ્ઞાનછટા વરી, અવધિ આવરણ પ્રજાળ, ભ૦
ષટ્ ભેદાંતર વૃદ્ધિની રચના, જાણે ક્ષેત્ર ને કાળ. ભ૦ એ૦ ૧

અંગુલ આવલી સંખમસંખે, પૂરણે કિંચૂણ કાળ; ભ૦
પૂર્ણાવલિ અંગુલ પુહુત્તે, હસ્તે મુહૂર્ત્ત વિચાલ. ભ૦ ૨

કોશ દિનાંતર યોજન દિન નવ, દ્રવ્યપર્યાય વિશાળ; ભ૦
પણુવીશ યોજન પક્ષ અધૂરે, પક્ષે ભરત નિહાલી. ભ૦ એ૦ ૩

**જંબુદ્વીપ** તે માસ અધિકે, વરસે ચઢી દ્વીપ ભાળ; ભ૦
**રુચકદ્વીપ** તે વર્ષ પુહુત્તે, સંખ્યાતે સંખ્યાતો કાળ. ભ૦ એ૦ ૪

કાળ અસંખ્ય દ્વીપ સંખમસંખા, જ્ઞાન પ્રત્યક્ષ તિકાળ; ભ૦
એક સમે અઠ અધિક શત સીઝે, ટાળી ભવજંજાળ. ભ૦ એ૦ ૫

**શિવરાજઋષિ** વિભંગને ટાળી, વરિયા શિવ વરમાળ ભ૦
સાયરદ્વીપ અસંખ્ય દિખાવે, શ્રી **શુભવીર** દયાળ. ભ૦ એ૦ ૬

**કાવ્યં**. દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્.

અગરમુખ્યમનોહરવસ્તુનાં: સ્વનિરુપાધિગુણૌઘવિધાયિનાં:
પ્રભુશરીરસુગન્ધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ. ૧
નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલપ્રવિકર્ષણમ્;

વિશદબોધમનન્તસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨
**મન્ત્ર**: ૐ હ્રીં શ્રીં પરમ૦ અવધિજ્ઞાનાવરણનિવારણાય શ્રીમતે **વીરજિનેન્દ્રાય** ધૂપં ય૦ સ્વાહા.

અવધિજ્ઞાનાવરણનિવારણાર્થં ચતુર્થી ધૂપ પૂજા સંપૂર્ણ.

---

## પંચમી દીપક પૂજા

### દોહા

મણુપજ્જવ આવરણતમ. હરવા દીપકમાળ;
જયોતસેં જયોત મિલાઇયે, જ્ઞાન વિશેષ વિશાળ. ૧

## ઢાળ પાંચમી.

ગોપી વિનવે રે—એ દેશી

જ્યોતિ જગમગે રે, અઢી દ્વીપ પ્રમાણ,
દો ભેદે કરી રે, અઢી અંગુલનો તરતમ જાણ. એ આંકણી.

જેહ વિપુલમતિ રે, તેહને તે ભવ પદ નિરવાણ;
મુનિવેષજ વિના રે, નવિ ઉપજે દો ભેદે નાણ. જ્યોતિ૦ ૧

વિમલાતમ દશા રે, જાણે જ્યોતિષ વ્યન્તર ઠાણ;
તિર્ચ્છાલોકમાં રે, ભાખ્યું એહ પ્રમાણ. જ્યોતિ૦ ૨

અધોલોકમાં રે, યોજન સો અધિકેરા જાણ;
સંજ્ઞી જીવના રે, જાણે મનચિંતન મંડાણ. જ્યોતિ૦ ૩

ઋજુમતિ દ્રવ્યથી રે, અનંત અનંત પ્રદેશ વિચાર;
અસંખિત ભવ કહે રે, પલિઅ અસંખમ ભાગ ત્રિકાળ. જ્યોતિ૦ ૪

સવિ પરજાયનો રે, ભાગ અનંતો મનથી સાર;
ચારે ભાવથી રે, અધિકા વિપુલમતિ અણગાર. જ્યોતિ૦ ૫

મતિ શ્રુત નાણશું રે, મનપજ્જવ પામ્યા મુનિરાય;
ખાયકભાવથી રે, એક સમય દશ મુક્તિ જાય. જ્યોતિ૦ ૬

ખય ઉપશમ પદે રે, મુનિવર તે સાતે ગુણઠાણ;
**શ્રી શુભવીરથી** રે, **જંબુસ્વામિ** લગે એ નાણ. જ્યોતિ૦ ૭

**કાવ્યં.** દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્

ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્
સ્વતનુકાન્તિકરં તિમિરં હરં, જગતિ મઙ્ગલકારણમાતરમ્. ૧

શુચિમનોત્મચિદુજ્જવલદીપકૈ-ર્જ્વલિતપાપપતઙ્ગસમૂહકૈ;
સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨

**મન્ત્ર-ૐ** હ્રીં શ્રીં પરમ૦ મનઃપર્યવજ્ઞાનાવરણોચ્છેદનાય શ્રીમતે **વીરજિનેન્દ્રાય** દીપં ય૦ સ્વાહા.

મનઃપર્યવજ્ઞાનાવરણોચ્છેદનાર્થં પંચમી દીપક પૂજા સંપૂર્ણ.

---

## ષષ્ઠી અક્ષત પૂજા

### દોહા.

ઘનઘાતી ઘાતે કરી, જેહ થયા મુનિભૂપ;
બહિરાતમ ઉચ્છેદિને, અંતર આતમરૂપ. ૧

**ઢાળ છઠ્ઠી.** સાહેલડીયાં—એ દેશી.

અક્ષતપદ વરવા ભણી, સુણો સંતાજી! અક્ષત પૂજા સાર ગુણવંતાજી!
અક્ષત ઉજ્જવલ તંદૂલા, સુ૦ ઉજ્જવલજ્ઞાન ઉદાર. ગુ૦ ૧

પંચમ પગઇ ટાળવા, સુ૦ વરવા પંચમજ્ઞાન; ગુ૦
**ત્રિશલાનંદ** નિહાળીયે સુ૦ બાર વરસ એક ધ્યાન. ગુ૦ ૨

નિંદ સ્વપ્ન જાગરદશા, સુ૦ તે સવિ દૂરે હોય; ગુ૦
દેખે ઉજાગરદશા સુ૦ ઉજ્વલ પાયા દોય. ગુ૦ ૩

લહી ગુણઠાણું તેરમું, સુ૦ ધૂર સમયે સાકાર ગુ૦
ભાવિજિનેશ્વર વંદીયે, સુ૦ નાઠા દોષ અઢાર ગુ૦ ૪
છતી પર્યાયે જ્ઞાનથી, સુ૦ જાણે જ્ઞેય અનંત; ગુ૦
શ્રી **શુભવીર**ની સેવના, સુ૦ આપે પદ અરિહંત ગુ૦ ૫

**કાવ્ય.** દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્

ક્ષિતિતલેऽક્ષતશર્મનિદાનકં, ગણિવરસ્ય પરોऽક્ષતમણ્ડલમ્;
ક્ષતવિનિર્મિતદેહનિવારણં, ભવપયોધિસમુદ્ધરણોદ્યતમ્. ૧

સહજભાવસુનિર્મલતણ્ડુલૈ-ર્વિપુલદોષવિશોધકમઙ્ગલૈઃ
અનુપરોધસુબોધવિધાનકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨

**મન્ત્ર**-ૐ હ્રીં શ્રીં પરમ૦ કેવલજ્ઞાનાવરણનિવારણાય, **શ્રીમતે વીરજિનેન્દ્રાય** અક્ષતં ય૦ સ્વાહા.

કેવલજ્ઞાનાવરણ નિવારણાર્થં ષષ્ટી અક્ષત પૂજા સંપૂર્ણ.

---

## સપ્તમ નૈવેદ્ય પૂજા

આદ્યરૂપ આહારે વધે, રૂપાંતર અણાહાર;
અણાહારી પદ પામવા, ઠવો નૈવેદ્ય રસાળ. ૧

**ઢાળ સાતમી.** રાગ–બિલાવલ.

નૈવેદ્ય પ્રભુ આગળ ધરી, બહુ છંડી વાજે,
જ્ઞાનાવરણ નિવારીયે, રુચકાંતર ભાજે;
હાંહાં રે તવ સાંઇ નિવાજે,
હાંહાં રે જિનશાસન રાજે. નૈવેદ્ય૦ ૧

અજ્ઞાની પુણ્ય પાપનો, નવિ ભેદ તે જાણે;
નયગમ ભંગ પરૂપણા, હઠવાદે તાણે,
હાંહાં રે એક આપ વખાણે,
હાંહાં રે બંધ ઉદય ન જાણે. નૈવેદ્ય૦ ૨

આશાતના કરે જ્ઞાનની, જયણા નવિ પાળે;
સુગુરુ વચન નવિ સદ્દહે, પડયો મોહની જાળે.
હાંહાં રે અનંત કાળે,
હાંહાં રે નરભવ ન નિહાળે. નૈવેદ્ય૦ ૩

**રોહિત મત્સ્યની** ઉપમા, સિદ્ધાન્તે લગાવે,
જ્ઞાનદશા **શુભવીરનું**, જો દર્શન પાવે.
હાંહાં રે અજ્ઞાન હઠાવે,
હાંહાં રે જ્યોતિ નયન જગાવે. નૈવેદ્ય૦ ૪

**કાવ્ય.** દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્.

અનશનં તુ મમાસ્ત્વિતિ બુદ્ધિના, રુચિરભોજનસંચિતભોજનમ્;
પ્રતિદિનં વિધિના જિનમન્દિરે, શુભમતે બત ઢૌકય ચેતસા. ૧

કુમતબોધવિરોધનિવેદકૈ-ર્વિહિતજાતિજરામરણાન્તકૈઃ;
નિરશનં પ્રચુરાત્મગુણાલયં, સહજસિદ્ધમહં પરિપૂજયે.

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ અજ્ઞાનોચ્છેદકાય
શ્રીમતે **વીરજિનેન્દ્રાય** નૈવેદ્યં ય૦ સ્વાહા૦

અજ્ઞાનોચ્છેદનાર્થં સપ્તમી નૈવેદ્ય પૂજા સંપૂર્ણ.

---

## અષ્ટમ ફલ પૂજા

બંધોદય સત્તા ધ્રુવા, પાંચે પયડી જોય;
દેશઘાતિની ચાર છે, કેવળ સર્વથી હોય. ૧

જ્ઞાનાચારે વરતતાં, ફળ પ્રગટે નિરધાર;
તેણે ફળપૂજા પ્રભુતણી, કરીએ વિવિધ પ્રકાર. ૨

**ઢાળ આઠમી**, રાગ ફાગ–સુરતી મહિનાની દેશી.

એ પાંચે આવરણનો, બંધ દશમ ગુણઠામ.
ઉદય ઉદીરણ સત્તા, ખીણે કહે જગભાણ. ૧

જ્ઞાનથી શ્વાસોશ્વાસમાં, કઠીન કર્મ ક્ષય જાય;
ફલાવંચકતા તસ ટળે, જોગાવંચક થાય. ૨

અરિહા પણ તપ કરતા, એકાકી રહી રાણ;
અણહુંતા સુરકોડી, સેવે પૂરણ નાણ. ૩

જ્ઞાનદશા વિણુ તપ જપ, કિરિયા ઢરત અનેક;
ફળ નવિ પામે રાંક તે, રણમાં રોલ્યો એક. ૪

તેલી બળદ પરેં કષ્ટ કરે, જીઉ વિણુ શ્રુત લહેર;
નિશદિન નયનમિંચાણે, ફરતો ઘેરને ઘેર. ૫

જ્ઞાન પ્રથમ પછી જયણા, **દશવૈકાલિક** વાણ;
જ્ઞાનને સુરતરુ ઉપમા, જ્ઞાનથી ફળ નિર્વાણ. ૬

કર્મસૂદન તપ પૂરણ, ફળપૂજા ફળ સાર;
શ્રી **શુભવીરના** જ્ઞાનને, વંદીએ વાર હજાર. ૭

કાવ્યં–દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્

શિવતરોર્ફલદાનપરૈર્નવૈ-ર્વરફલૈઃ કિલ પૂજ્ય તીર્થપં;
ત્રિદશનાથ નત ક્રમપંકજં, નિહત મોહમહીધર મંડલમ્, ૧

શમરસૈકસુધારસમાધુરૈ-રનુભવાખ્ય ફલૈરભયપ્રદૈઃ;
અહિત દુઃખહરં વિભવપ્રદં, સહજ સિદ્ધમહંપરિ પૂજયે. ૨.

## કળશ

રાગ ધન્યાશ્રી. તુઠો તુઠો રે–એ દેશી

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો,
**ત્રિશલામાતા** પુત્ર નગીનો. જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મહા૦ ૧

રયણ સિંહાસન બેસી ચઉમુખ, કર્મસૂડણતપ ગાયો;
**આચારદિનકરે વર્દ્ધમાનસૂરિ,** ભવિ ઉપગાર રચાયો રે.
મહા૦ ૨

**પ્રવચનસારોદ્ધાર** કહાવે, **સિદ્ધસેન સૂરિરાયો;**
દિન ચઉસટ્ઠી પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મહા૦ ૩

ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મહા૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પૂણ્યે શાસન પાયો રે. મહા૦ ૫

**વિજયજિનેંદ્ર સૂરીશ્વર** રાજ્યે, **તપગચ્છ** કેરો રાયો;
**ખુશાલવિજય માનવિજય** વિબુધના, આગ્રહથી વિરચાયો.
મહા૦ ૬

વડ ઓશવાળ **ગુમાનચંદસુત,** શાસન રાગ સવાયો;
ગુરુભક્તિ શા **ભવાનચંદ** નિત્ય, અનુમોદન ફળ પાયો રે.
મહા૦ ૭

મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ હુઆ એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મહા૦ ૮

**શ્રી વિજયસિંહ સૂરીશ્વર** કેરા, **સત્યવિજય** બુધ ગાયો;
**કર્પૂરવિજય** તસ **ખિમાવિજય** જસ, વિજય પરંપર ધ્યાયો રે.
મહા૦ ૯

પંડિત શ્રી **શુભવિજય** સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય **ધીરવિજય** સલૂણા, આગમ રાગ સવાયો રે.
મહા૦ ૧૦

તસ લઘુ બાંધવ **રાજનગરમેં**, મિથ્યાત પુંજ જલાયો;
**પંડિત વીરવિજય કવિ** રચના, સંઘ સકળ સુખદાયો રે.
મહા૦ ૧૧

પહેલો ઉત્સવ **રાજનગરમેં**, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ **નંદીશ્વર** દેવા, પૂરણ હર્ષ સવાયો રે.
મહા૦ ૧૨

## કવિત

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;
હમ રાજતે જગ ગાજતે દિન અખય તૃતીયા આજથેં,
**શુભવીર** વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર (૧૮૭૪) વર્ષ વિરાજતે.

## મંત્ર—

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરા મૃત્યુ નિવારણાય પ્રથમ કર્મોચ્છેદકાય શ્રીમતે **વીરજિનેંદ્રાય** ફલં યજામહે સ્વાહા.

પ્રથમ કર્મોચ્છેદનાર્થં અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ.

પ્રથમ દિવસે અધ્યાપનીયં જ્ઞાનાવરણીય કર્મસૂદનાર્થં

પ્રથમ પૂજાષ્ટક સંપૂર્ણ.

**વિધિ**–આ પ્રમાણે હવે પછી પ્રત્યેક દિવસે જે જે પૂજા ભણાય, તે તે પૂજાનાં જે બે કાવ્યો હોય તે બે કાવ્ય અનુક્રમે તે તે પૂજાના અંતમાં ભણવાં, તથા મંત્ર પણ સર્વ પૂજા દીઠ કહેવો. અને કળશ પૃષ્ટ ૧૮૨ પર છે, તે પણ પ્રત્યેક દિવસે જ્યારે આઠ પૂજા પૂરી થાય ત્યારે છેલ્લો ભણવો.

---

## દ્વિતીયદિવસેઽધ્યાપનીયં દર્શનાવરણીયકર્મસૂદનાર્થં દ્વિતીયં પૂજાષ્ટકમ્,

### આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ

નદીનાં જળ, ૨ ચંદન–કેસર, ૩ મરવા ડમરાનાં ફૂલ, ૪ અષ્ટાંગ ધૂપ, ૫ નવ દીવેટનો દીવો તથા બીજો બે દીવેટનો દીવો, ૬ કમોદના ચોખા, ૭ નૈવેદ્ય, ૮ ફળ.

### પ્રથમ જળપૂજા

**દોહા**

દર્શનાવરણ તે વરણવું, નવ પગઇ દુર્દંત .
દર્શન નિદ્રા ભેદથી, ચઉ પણ કહે અરિહંત. ૧.

બંધોદય સત્તા ધ્રુવા, પયડી નવ તિમ પંચ;
નિદ્રા અધ્રુવોદય કહી, સર્વઘાતી પણ પંચ. ૨.

દંસણ તિગ દેશઘાતિયા, કેવળદંસણ એક;
સર્વઘાતી મેં દાખીઓ, વાદળ મેઘ વિવેક. ૩.

વિકટ નિકટ ઘટ પટ લહે. જિમ આવરણ વિયોગ;
જ્ઞાનાંતર ક્ષણથી સહુ, સામાન્યે ઉપયોગ. ૪.

એ આવરણ બળે કરી, ન લહ્યું દર્શન નાથ;
નૈગમ દર્શન ભટકિયો, પાણી વલોવ્યું હાથ. ૫.

પૂરણ દર્શન પામવા, ભજિએ ભવિ ભગવંત;
દૂર કરે આવરણને, જિમ જળથી જળકંત. ૬.

## ઢાળ પહેલી

નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર. એ દેશી

માગધને વરદામ પ્રભાસહ, ગંગા નીર વિવેક રે;
દર્શનાવરણ નિવારણ કારણ, અરિહાને અભિષેક રે.
નમો રે નમો દર્શનદાયકને. એ આંકણી. ૧

દર્શનદાયક શ્રી જિનવર તું, લાયકતાને લાગ રે;
પ્રીત પટંતર હોય ન છાજે, જો હોય સાચો રાગ રે. નમો૦ ૨

રાગ વિના નવિ રીઝે સાંઇ, નિરાગી વીતરાગ રે;
જ્ઞાનનયન કરી દર્શન દેખે, તે પ્રાણી વડભાગ રે; નમો૦ ૩

ચઉ દંસણ પ્રતિ સૂક્ષ્મબંધે, ઉદયાદિક ખીણ અંત રે;
તે આવરણ કઠિન મલ ખાલી, સ્નાતક સંત પ્રસંત રે. નમો૦ ૪

ગ્રંથી વિકટ જે પોલ પોલીયો, રોકે દર્શન ભૂપ રે;
શ્રી **શુભવીર** જો નયન નિહાળે, સેવક સાધનરૂપ રે. નમો૦ ૫

**કાવ્ય.** તીર્થોદકૈઃ-૧ સુરનદી૦-૨ જનમનો૦ ૩

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ અન્ધોદયનિવારણાય જલં ય૦ સ્વાહા

અન્ધોદયનિવારણાર્થં પ્રથમ જલ પૂજા સંપૂર્ણ.

# દ્વિતિય ચન્દન પૂજા

## દોહા

ઉપદેશક નવ તત્ત્વના, પ્રભુ નવ અંગ ઉદાર;
નવ તિલકે ઉત્તર નવ, પગઇ ટાળણહાર. ૧

## ઢાળ બીજી

રાગ–કાશી નાયકી–રસિયા દિલ દીઠડી જ્યોત ઝગાર–એ દેશી

તુજ મૂરતિ મોહનગારી, રસિયા! તુજ મૂરતિ મોહનગારી;

દ્રવ્યહ ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ પડિમા પ્યારી. રસિયા૦ તુ૦
નયગમ ભંગ પ્રમાણે ન નિરખી, કુમતિ કદાગ્રહ ધારી. રસિ૦ તુ૦૧

જિનઘર, તીરથ, સુવિહિત આગમ, દર્શને નયણ નિવારી; રસિ૦ તુ૦
ચક્ષુદર્શનાવરણ કર્મ તે, બાંધે મૂઢ ગમારી. રસિયા૦ તુ૦ ૨

કાણા નિશદિન જાત્યંધાપણું, દુઃખિયા દીન અવતારી; રસિયા૦ તુ૦
દર્શનાવરણ પ્રથમ ઉદયથી, પરભવ એહ વિચારી. રસિયા૦ તુ૦ ૩

અલ્પતેજ નયનાતપ દેખી, જૂએ આડો કર ધારી; રસિયા૦ તુ૦
જાણું પૂરવભવ કુમતિની, હજીય ન ટેવ વિસારી. રસિયા૦ તુ૦ ૪

જયણાયુત ગુરુ આગમ પૂજો, જિનપડિમા જયકારી; રસિયા૦ તુ૦
**શ્રીશુભવીરનું** શાસન વરતે, એકવીશ વરસ હજારી. રસિયા૦ તુ૦૫

**કાવ્ય.** જિનપતે૦-૧ સહજકર્મ૦-૨

**મન્ત્ર** ૐ હ્રીં શ્રીં પરમ૦ ચક્ષુર્દર્શનાવરણનિવારણાય ચન્દન૦
ય૦ સ્વાહા.

ચક્ષુર્દર્શનાવરણનિવારણાર્થં દ્વિતીય ચન્દન પૂજા સંપૂર્ણ

# તૃતીય પુષ્પ પૂજા

## દોહા

ફૂલ અમૂલક પૂજના, **ત્રિશલાનંદન** પાય;
સુરભિ દુરભિ નાસાપ્રમુખ, અચક્ષુઆવરણ હઠાય. ૧

## ઢાળ ત્રીજી.

રાજ ! પધારો મેરે મંદિર—એ દેશી.

ડમરો મરુઓ કેતકી ફૂલે, પૂજાફલ પરકાશ્યાંજી;
ભોગીનિવાસા સંયુતઆશા, લક્ષણવંતી નાસા, ભવ ભવ ઠરિયે જી;
જિનગુણ માલ રસાલ, કંઠે ધરિયેજી. ૧ એ આંકણી.

ગુણ બહુમાન જિનાગમ વાણી, કાને ધરી બહુમાને જી;
દ્રવ્ય ભાવ બહિરાતમ ટાળી, પરભવ સમજે શાને. ભવ૦ ૨

પ્રભુ ગુણ ગાવે ધ્યાન મલ્હાવે, આગમ શુદ્ધ પ્રરૂપે જી;
મૂરખ મૂંગા ન લહે પરભવ, ન પડે વળી ભવકૂપે. ભવ૦ ૩

પરમેષ્ઠિને શીશ નમાવે, ફરસે તીરથભાવે જી;
વિનય વૈયાવચ્ચાદિક કરતાં, **ભરતેસર** સુખ પાવે. ભવ૦ ૪

જિમ જિમ ક્ષય ઉપશમ આવરણા, તિમ ગુણ આવિરભાવે જી;
**શ્રી શુભવીર** વચન રસલબ્ધે, સંભિન્નસ્રોત જણાવે. ભવ૦ ૫

**કાવ્ય.** સુમનસાં૦-૧ સમયસાર૦-૨

**મન્ત્ર** : ૐ હ્રીં શ્રીં પરમ૦ અચક્ષુર્દર્શનાવરણનિવારણાય પુષ્પાણિ ય૦સ્વાહા.

અચક્ષુર્દર્શનાવરણનિવારણાર્થં તૃતીય પુષ્પ પૂજા સંપૂર્ણ.

# ચતુર્થી ધૂપપૂજા.

## દોહા.

અવધિ દર્શનાવરણ ક્ષય, ઉપશમ ચઉગતિ માંહિ;
ક્ષાયકભાવે કેવળી, નમો નમો સિદ્ધ ઉચ્છાહિં. ૧

## ઢાળ ચોથી.

( ચંદ્રશેખર રાજા થયો—એ દેશી. )

અવધિરૂપી આહકે, ખટભેદ વિશેષે;
અવધિદર્શન તેહનું, સામાન્યે દેખે. ૧

એ ગુણ લેઇ ઉપન્યો, પરભવથી સ્વામી;
આ ભવમાં સુખીયા અમે, તુમ દર્શન પામી. એ આંકણી

દેવ નિરય ગતિથી લહે, ગુણથી નર તિરિયા;
કાઉસગ્ગમાં મુનિ હાસ્યથી, હેઠા ઉતરિયા. એ ગુણ૦ ૨

પરિણામે ચઢતી દશા, રૂપિદ્રવ્ય અનંતા;
જઘન્યથી ઉત્કૃષ્ટથી, સવિ દ્રવ્ય મુણંતા. એ ગુણ૦ ૩

ક્ષેત્ર અસંખ્ય અંગુલ લઘુ-ગુરુલોક અસંખા;
ભાગ અસંખ્ય લઘુ આવલિ, ઉત્સર્પિણી અસંખા. એ ગુણ૦ ૪

ચાર ભાવ દ્રવ્ય એકમાં, લઘુભાવ વિશેષે;
અસંખ્ય પર્યવ દ્રવ્યપ્રત્યે, ગુરુદર્શન દેખે. એ ગુણ૦ ૫

**નંદીસૂત્રે** એણીપરે, કહ્યું અવધિનાણ;
નિરાકાર ઉપયોગથી, દર્શન પરિણામ. એ ગુણ૦ ૬

વિભંગે પણ દાખીયું, દર્શન સિદ્ધાંતે;
**તત્વારથ** ટીકા કહે, સમકિત એકાંતે. એ ગુણ૦ ૭

તસ આવરણ દહન ભણી, ધૂપપૂજા કરીયે;
શ્રી **શુભવીર** શરણ લહી, ભવસાગર તરીયે. એ ગુ૦ ૮

**કાવ્ય.** અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨

**મન્ત્ર**-ૐ હ્રીં શ્રીં પરમ૦ અવધિદર્શનાવરણનિવારણાય ધૂપં ય૦ સ્વાહા.

અવધિદર્શનાવરણનિવારણાર્થં ચતુર્થી ધૂપ પૂજા સંપૂર્ણમ્.

---

## પંચમ દીપક પૂજા.

### દોહા.

કેવલદર્શનાવરણનો, તું પ્રભુ ટાળણહાર; ૧
જ્ઞાનદીપકથી દેખીયે, મોટો તુજ આધાર

### ઢાળ પાંચમી.

રાગિણી આશાવરી—ગરબાની દેશી.

દીપક દીપતોરે, લોકાલોક પ્રમાણ;
દર્શન દીવડોરે, હણી આવરણ લહે નિર્વાણ. દીપક૦ ૧ એ આંકણી

ક્ષાયિકભાવે અનાદિ ચેતન, આઠ પ્રદેશ ઉઘાડારે;
અવરનું દર્શન દેખણ ભમિયો, પણ આવરણ તે આડા. દી૦ ૨

તુમ સેવે તે તુમસમ હોવે, શક્તિ અપૂરવ યોગે રે;
ક્ષપકશ્રેણી આરોહિ અરિહા, ધ્યાન શુકલ સંયોગે. દી૦ ૩

ઘનઘાતીનો ઘાત કરીને, પ્રથમ સમય સાકારે;
સમયાંતર દર્શન ઉપયોગે, દર્શનાવરણ વિદારે. દી૦ ૪

મૂલ એક બંધ ચાર સત્તોદય, ઉત્તર પણ એક બાંધે રે;
અડતાલીસ ઉદયે પંચાશી, સત્તા હણી શિવ સાધે. દી૦ ૫

ઝગમગ ઝાઝા દીપક પૂજા, કરતાં કોડિ દિવાજારે;
**શ્રી શુભવીર** જિનેશ્વર રાજા, રાજ્યે રૈયત તાજા. દી૦ ૬

**કાવ્ય.** ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨

**મન્ત્ર**-ૐ હ્રીં શ્રીં પરમ૦ કેવલદર્શનાવરણનિવારણાય દીપકં ય૦ સ્વાહા.

કેવલદર્શનાવરણનિવારણાર્થં પંચમી દીપક પૂજા સંપૂર્ણ.

---

## ષષ્ઠી અક્ષતપૂજા.

### દોહા.

નિદ્રા દુગ દલ છેદવા, કરવા નિર્મલ જાત;
અક્ષત નિર્મલ પૂજના, પૂજો શ્રી જગતાત. ૧

### ઢાળ છઠ્ઠી.

થૂલીભદ્ર કહે સુણ બાળા રે—એ દેશી

હવે નિદ્રા પાંચની ફેટી રે, મોહરાયતણી એ ચેટીરે;
સર્વઘાતી પયડી મોટી રે, નિદ્રા દુગ બ્હેનો છોટી રે. ૧

એ બ્હેનો જગત પિતરાણીરે, નાના મ્હોટા મુંઝવ્યા પ્રાણીરે;
**ભાનુદત્ત** પુરવધર પડિયારે, દીપજ્યોતે જોયા નવિ જડિયારે.
એ આંકણી.

મુખે જાગે આળસ મોટી રે, તે નિદ્રા બાળવધૂટી રે;
ઉભાં બેઠાં નયણાં ઘુંટીરે, જબ લાગે વયણની સોટી રે. એ૦ ૨

તબ નયણની નિંદ વછુટીરે, પ્રચલા લક્ષણ ગતિ ખોટીરે;
દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિ નયણે નિદ્રા પલેટી રે. એ૦ ૩

પૂરવધર પણ શ્રુત મોટી રે, રહ્યા નિગોદમાં દુઃખવેટી રે;
અપૂર્વ બંધથી છૂટી રે, સત્તાઉદયે બારમે ખૂટી રે. એ૦ ૪

**મુનિરાજ** મળીને લુંટી રે, **અપ્રમત્તને** દંડે કૂટી રે.
છલ જોતીને રોતી વખૂટી રે, ધ્યાન લહેર બગાડે બૂટીરે. એ૦ ૫

**શુભવીર** સમા નહીં માટી રે, નિદ્રાની વનકટી કાટી રે;
થઇ સાદિ અનંતની છેટી રે, શિવસુંદરી સહેજે ભેટી રે. એ૦ ૬

**કાવ્યં**-ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ નિદ્રાપ્રચલાવિચ્છેદનાય અક્ષતાન્
ય૦ સ્વાહા.

નિદ્રાપ્રચલાવિચ્છેદનાર્થં ષષ્ઠી અક્ષતપૂજા સંપૂર્ણા.

---

## સપ્તમી નૈવેદ્ય પૂજા

### દોહા

આહારે ઉંઘ વધે ઘણી, નિદ્રા દુઃખ ભંડાર;
નૈવેધ ધરી પ્રભુ આગળે, વરિયે પદ અણાહાર. ૧

## ઢાળ સાતમી.

રાગ ગોડી–તોરણ આઇ કયું ચલે રે. એ દેશી.

થીણુદ્ધી ત્રિક સાંભળો રે, નિદ્રા જે દુઃખદાય, સલૂણા;
બંધ બીજા ગુણઠાણમેં રે, છઠ્ઠે ઉદય મુનિરાય સલુણા;
જિમ જિમ જિનવર પૂજીયે રે, તિમ તિમ ધ્રૂજે કર્મ. સ૦ ૧

સંપ કરી સત્તા રહે રે, નવમાને એક ભાગે; સં૦
નિદ્રાનિદ્રા તેહમાં રે, કષ્ટે કરી જે જાગે. સ૦ જિમ૦ ૨

પ્રચલા પ્રચલા ચાલતાં રે, નયણે નિંદ તુખાર; સ૦
જાગે રણસંગ્રામમાં રે, વિજળી જ્યું ઝબકાર. સ૦ જિમ૦ ૩

દિનચિંતા રાત્રે કરે રે, કરણી જે નર નાર; સ૦
**બળદેવનું** બળ તે સમે રે, નરકગતિ અવતાર. સ૦જિમ૦ ૪

એમ **વિશેષાવશ્યક**કે રે, વરણવિયો અધિકાર; સ૦
સાધુમંડળીમાં રહે રે, એક **લઘુ અણગાર.** સ૦જિમ૦ ૫

થીણુદ્ધી નિદ્રાવશે રે, હણિયો હસ્તિ મહંત; સ૦
સૂતો ભરનિદ્રાવશે રે; ભૂતળીએ દોયદંત. સ૦ જિમ૦ ૬

અંગ અશુચિ શિષ્યનું રે, સંશય ભરિયા સાધ; સ૦
જ્ઞાની વયણે કાઢીયો રે, **હંસવને**થી વ્યાધિ. સ૦ જિમ૦ ૭

ષટ્ માસે નિદ્રા લહે રે, **શેઠ વધૂ** દૃષ્ટાંત, સ૦
નિદ્રા વિયોગે કેવલી રે, શ્રી **શુભવીર** ભદંત. સ૦ જિમ૦ ૮

**કાવ્યમ્.**–અનશનં૦ ૧ કુમતબોધ૦ ૨

**મન્ત્રઃ–ૐ** હ્રીં શ્રીં પરમ૦ થીણુદ્ધિત્રિકદાહનાય નૈવેદ્યં ય૦ સ્વાહા.

થીણુદ્ધિત્રિકદહનાર્થં સપ્તમી નૈવેદ્યપૂજા સંપૂર્ણમ્.

# અષ્ટમી ફળ પૂજા

## દોહા.

વિવિધ ફળે પ્રભુ પૂજતા, ફળ પ્રગટે નિર્વાણ;
દર્શનાવરણ વિલય હુવે, વિઘટે બંધનાં ઠાણ. ૧

**ઢાળ-આઠમી.** રાગ દીપચંદીની તાલ.

હોરી ખેલાવત કન્હઇયા, નેમીસર સંગે લે ભઇયા-એ દેશી

હોરી ખેલું મેરે સાહબિયા, સંગે રંગે સુણુ હો ભઇયા; હોરી૦
અબિર ગુલાલ સુગંધ વિખરિયા, કનક કચોળી કેસરિયાં. હોરી૦ ૧

ખારેક બીજોરા ફળ ટેટી. પૂજે ફળ થાળે ભરિયાં;
ફાગ ગાન ગુણ તાન બજૈયા, દર્શનાવરણ ભયે ડરિયાં. હોરી૦ ૨

એ પ્રભુદર્શન વિણ ભવ ફરિયા, કુદેવ કુતીર્થ વર્ણવિયા;
કુગુરુ કુશાસ્ત્ર પ્રશંસા કરિયા, મિથ્યાત્વધર્મ હઇયે ધરિયા. હોરી૦ ૩

બહોત દુઃખે બહુ શોકે ભરીયાં, સમકિત દૂષણ આચરિયાં;
કુવ્રત પાળે ને ચાલે અનઇયા, પરમેષ્ઠિ ગુરુ ઓલવિયા; હોરી૦ ૪

પડણિયા ગુરુ અપચ્ચક્ખાણિયા, **ભગવઇ** ભાખે ગણધરિયા;
દર્શનાવરણી કર્મ ઘેરૈયા, તીસ કોડાકોડી સાગરિયા. હોરી૦ ૫

એસે બંધકો ધંધ ઘટૈયા, સાંયુંકી આણા શિર ધરિયા;
શ્રૃંગી લવણ મધુદ્રી લહેરિયા, શ્રી **શુભવીર** પ્રભુ મળિયા.
હોરી૦ ૬

**કાવ્યમ**-શિવતરો૦ ૨ શમરસૈ૦ ૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ દ્વિતીયકર્મદાહનાય ફલં ય૦ સ્વાહા.

**કળશ**-ગાયો ગાયો રે **મહાવીર**૦ પૃષ્ટ ૧૮૨ પરનો ભણવો.

દર્શનાવરણીયકર્મદહનાર્થં અષ્ટમી ફળ પૂજા સંપૂર્ણમ્.

દ્વિતીયદિવસેઽધ્યાપનીયં દર્શનાવરણીયકર્મસૂદનાર્થં દ્વિતીયં

પૂજાષ્ટકં સંપૂર્ણમ્.

---

## તૃતીયદિવસેઽધ્યાપનીયં વેદનીયકર્મનિવારણાર્થં તૃતીયં પૂજાષ્ટકમ્.

### આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ.

૧ કસ્તુરી-બરાસવાળું જળ, ૨ કેસર-બરાસ, ૩ ફૂલપગર કરવું, ૪ પંચાંગ ધૂપ, ૫ બે દિવેટનો દીપક, ૬ કમોદ-શાલિ અખંડ, ૭ નૈવેદ્ય, ૮ ફળ.

### પ્રથમ જલ પૂજા

#### દોહા

ત્રીજું અઘાતી વેદની, જાવ લહે શિવશર્મ;
સંસારે સવિ જીવને, તબ લગે એહિજ કર્મ. ૧

બંધોદય અધ્રુવ કહી, ધ્રુવસત્તાયે હોય;
પયડી અઘાતી જાણીયે, શાતા અશાતા દોય. ૨

કર્મ વિનાશીને હુવા, સિદ્ધ બુદ્ધ ભગવાન;
તે કારણ જિનરાજની, પૂજા અષ્ટવિધાન. ૩

ન્હવણ વિલેપન કુસુમની, જિન પુરધૂપ પ્રદીપ;
અક્ષત નૈવેદ્ય ફળતણી, કરો જિનરાજ સમીપ. ૪

## ઢાળ પહેલી

રૂડી ને રઢિયાળી રે વ્હાલાં—એ દેશી.

ન્હવણની પૂજા રે, નિરમલ આતમા રે;
તીર્થોદકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેલાય. ન્હવ૦ ૧

સુરગિરિ દેવા રે, સેવા જિનતણી રે;
કરતાં ન્હવણ તે નિરમળ થાય, કનક રજત મણિકળશ ઢળાય. ન્હ૦ ૨

સુર વહૂ નાચે રે, માચે રંગશું રે;
ગાયન દેવ તે જિનગુણ ગાય, વૈશાલિક મુખદર્શન થાય. ન્હ૦ ૩

ચિહું ગતિમાંહે રે, ચેતન રોલીયો રે;
સુખ નર જે સુખિયા સંસાર, નારક તિરિ દુઃખનો ભંડાર. ન્હ૦ ૪

[1]શેં વશે-સુખમાં રે, સ્વામિ ન સાંભર્યા રે;
તેણે હું રઝળ્યો કાળ અનંત, મલિન રતન નવિ તેજ ઝગંત. ન્હ૦ ૫

પ્રભુ નવરાવી રે, મેલ નિવારશું રે;
વેદની વિઘટે મણિ ઝળકંત, શ્રી **શુભવીર** મળે એકંત. ન્હ૦ ૬

**કાવ્યં**-તીર્થોદકૈઃ૦ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદનીયકર્મનિવારણાય જલં યજા૦ સ્વાહા

**વેદનીયકર્મનિવારણાર્થં પ્રથમ જલ પૂજા સંપૂર્ણમ્.**

---

[1] શાતામાં આશક્ત

# દ્વિતીય ચંદન પૂજા

## દોહા

વેદનીયકર્મતણી કહું, ઉત્તરપયડી દોય;
જાસ વિવશ ભવચોકમાં, મૂંઝાણા સહુ કોય. ૧

## ઢાળ બીજી

રાગ–આશાવરી–સાહિબ સહસફણા—એ દેશી.

તન વિકસે મન ઉલ્લસેરે, દેખી પ્રભુની રીત, દાયક દિલ વસિયા;
ઝૂરણ લાગી જીભડી રે, પુરણ બાંધિ પ્રીત. દા૦ ૧

નયનજ્યોતિસમ પ્રીતડીરે, એક સુરત દોય કાન.
વેદની હરી ધનવંતરીરે! કરિયે આપ સમાન. દા૦ ૨

વેદની ઘર વાસો વસ્યો રે, નડિયા નાથ! કુનાથ; દા૦
પાણી વલોવ્યું એકલું રે, ચતુર ન ચઢિયો હાથ. દા૦ ૩

ખડ્ગધાર મધુ લેપશું રે, તેહવો એ સંસાર; દા૦
લક્ષણ વેદનીકર્મનું રે, ફળ કિંપાક વિચાર. દા૦ ૪

તુજ શાસન પામે થકે રે, લાધો કર્મનો મર્મ; દા૦
કોડી કપટ કોઇ દાખવેરે, પણ ન તજું તુજ ધર્મ. દા૦ ૫

પૂન્ય મળે પૂજા રચું રે, કેશર ઘોળી હાથ; દા૦
શ્રી **શુભવીરવિજય** પ્રભુ રે, મળિયો અવિહડ સાથ. દા૦ ૬

**કાવ્ય**–જિનપતે૦ ૧ સહજકર્મ૦ ૨

**મન્ત્રઃ**–ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદનીયકર્મ નિવારણાય ચન્દનં ય૦ સ્વાહા.

વેદનીયકર્મલક્ષણનિવારણાર્થં દ્વિતીય ચન્દન પૂજા સંપૂર્ણ

---

# તૃતીય પુષ્પ પૂજા

## દોહા

આળયો સાથ મળે થકે, ચોરતણું નહીં જોર;
જિનપદ ફૂલે પૂજતાં, નાસે કર્મ કઠોર ૧

## ઢાળ ત્રીજી.

રાગ સારંગ—હો ધન્ના—એ દેશી.

કર્મ કઠોર દૂરે કરો રે મિત્તા! પામી શ્રી જિનરાજ,
ફૂલપગર પૂજા રચો રે મિત્તા! પામી નરભવ આજ રે;
રંગીલા મિત્તા! એ પ્રભુ સેવોને, એ પ્રભુ સેવો સાનમાં રે,
મિત્તા! પામો જેમ શિવરાજ રે. રંગી૦ એ૦ ૧

વેદની વશ તુમે કાં પડો રે? મિત્તા! જેહને પ્રભુશું વેર;
સાહિબ વેરી ન વિસરેરે મિત્તા! તો હોય સાહિબ મહેર રે.
રંગી૦ એ૦ ૨

છઠ્ઠા ગુણઠાણા લગે રે મિત્તા! બંધ અશાતા જાણ;
શાતા બાંધે કેવલી રે મિત્તા! તેરમે પણ ગુણઠાણ રે.
રંગી૦ એ૦ ૩

શાતા અશાતા એક પદે રે મિત્તા! ચરમગુણે પરિહાર;
સત્તા ઉદયથી કેવલી રે મિત્તા! સહે પરિસહ અગિયાર રે.
રંગી૦ એ૦ ૪

તીસ કોડાકોડી સાગરૂ રે મિત્તા! લઘુસાતૈયા ત્રિભાગ;
બંધ અશાતા વેદની રે મિત્તા! હવે શાતા સુવિભાગ રે.
રંગી૦ એ૦ ૫

પન્નર કોડાકોડી સાગરૂરે મિત્તા ! લઘુ હોય સમય તે થીર;
**ગોયમ** સંશય ટાલિયો રે મિત્તા ! **ભગવઈમાં શુભવીરરે.**
રંગી૦ એ૦ ૬

**કાવ્યમ**-સુમનસાં૦ ૧ સમયસાર૦ ૨

**મંત્ર :-** ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદનીયબન્ધનિવારણાય પુષ્પાણિ ય૦ સ્વાહા.

વેદનીયબન્ધનિવારણાર્થં તૃતીય પુષ્પ પૂજા સંપૂર્ણમ્.

---

## ચતુર્થી ધૂપ પૂજા.

### દોહા.

**ઉત્તરાધ્યયને** થિતિ લઘુ, અંતરમુહૂર્ત્ત કહાય;
**પન્નવણામાં** બાર ને, શાતાબંધ સંપરાય. ૧
શાતાવેદની બંધનું, ઠાણ પ્રભુ પુર ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે. પ્રગટે આત્મસ્વરુપ. ૨

### ઢાળ ચોથી.

વિમળાચળ વેગે વધાવો—એ દેશી.

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે;
**મહાવીર** પ્રભુ ઘર આવે, **જીરણશેઠ** ભાવના ભાવે રે. મહા૦ ૧

ઉભી શેરીયે જળ છંટકાવે, જાઇ કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઇ થાળ ભરાવે રે. મહા૦ ૨

અરિહાને દાનજ દીજે, દેતાં દેખીને રીઝે;
ષટમાસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. મહા૦ ૩

તે જિનવર સન્મુખ જાવું, મુજ મંદિરીયે પધરાવું;
પારણું ભલી ભક્તે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. મહા૦ ૪

પછી પ્રભુને વેળાવા જઇશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઇશું, વિરતિ અતિરંગે વહીશું રે. મહા૦ ૫

દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. મહા૦ ૬

એમ **જીરણશેઠ** વદંતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિનાદ સુણંતા રે. મહા૦ ૭

કરી આયુ પૂરણ શુભભાવે, સુરલોક **અચ્યુતે** જાવે;
શાતા વેદની સુખ પાવે, **શુભવીર** વચનરસ ગાવે રે. મહાવીર ૮

**કાવ્યમ્**-અગરમુખ્ય૦-૧ નિજગુણાક્ષય૦ ૨

**મન્ત્રઃ**—ૐ હ્રીં શ્રીં પરમ૦ સાતાબંધાપહાય ધૂપં ય૦ સ્વાહા.

સાતાબંધાપહાર્થં ચતુર્થી ધૂપ પૂજા સંપૂર્ણમ્.

---

## પંચમી દીપક પૂજા.

### દોહા

શાતાબંધક પ્રાણિયા, દીપે એણે સંસાર;
તેણે દીપકપૂજા કરી, હરિયે દુઃખ અંધાર. ૧

### ઢાળ પાંચમી

ચતુરો ચેતો ચેતના વલી—એ દેશી.

સાંભળજો મુનિ સંયમરાગે, ઉપશમ શ્રેણે ચઢિયા રે;
શાતાવેદની બંધ કરીને, શ્રેણી થકી તે પડિયા રે, સાં૦ ૧

ભાખે **ભગવઈ** છઠ્ઠતપ બાકી, સાત લવાયુ ઓછે રે;
**સરવારથ સિદ્ધે** મુનિ પોહોતા, પૂર્ણાયુ નવિ છોછે રે. સાં૦ ૨

શય્યામાં પોઢયા નિત્ય રહેવે, શિવમારગ વિસામો રે;
નિર્મળ અવધિનાણે જાણે, કેવળી મન પરિણામો રે. સાં૦ ૩

તે શય્યા ઉપર ચંદરૂવે, ઝુંબખડે છે મોતી રે;
વિચલું મોતી ચોસઠ મણનું, ઝગમગ જાલિમ જ્યોતિ રે. સાં૦ ૪

બત્રીશ મણનાં ચઉ પાખલિયે, સોલમણાં અડ સુણિયાં રે;
આઠમણાં સોલસ મુગતાફળ, તિમ બત્રીસ ચઉ મણિયાં રે. સાં૦ ૫

દોમણ કેરાં ચોસઠ મોતી, ઇગસય અડવીશ મણિયાં રે;
દોસય ને વળી ત્રેપન મોતી, સર્વ થઈને મળિયાંરે. સાં૦ ૬

એ સઘળાં વિચલા મોતીશું, આફળે વાયુ યોગે રે;
રાગ રાગિણી નાટક પ્રગટે, લવસત્તમ સુર ભોગે રે. સાં૦ ૭

ભૂખ તરસ છીપે રસલીના, સુરસાગર તેત્રીશ રે;
શાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે, **વીરવિજય** જગદીશ રે. સાં૦ ૮

**કાવ્ય**-ભવતિદીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨

**મન્ત્ર** :

ૐ હ્રીં શ્રીં પરમ૦ સાતોત્તરસુખપ્રાપણાય દીપં ય૦ સ્વાહા.

સાતોત્તરસુખપ્રાપ્ત્યર્થં પંચમી દીપક પૂજા સંપૂર્ણમ્.

# ષષ્ઠી અક્ષત પૂજા.

## દોહા.

અક્ષતપૂજાયે કરી, પૂજો જગત દયાળ;
હવે અશાતાવેદની, બંધના ઠાણ નિહાળ. ૧

## ઢાળ છઠ્ઠી

બટાઉની દેશી.

પ્રભો ! તુજ શાસન મીઠડું રે, સમતા સાધન સાર,
યોગનાલિકા રૂઅડી, તે તો જ્ઞાનીને ઘરબાર રે;
હું રોળ્યો એણે સંસાર રે, ગુણ અવગુણ સરિખા ધાર રે,
હીરોહાથ ખોળ્યો અંધાર રે, ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ. ૧

શોકકર્યો સંસારમાં રે, પરને પીડા દીધ,
ત્રાસ પડાવ્યા જીવને, જીવ બંદીખાને લીધ રે;
મુનિરાજની નિંદા કીધ રે, મુનિ સંતાપ્યા બહુ વિધ રે,
રાજા **દેવસેનાભિધ** રે, એક **સરિયશતક** પરસિદ્ધ રે. ન૦ ૨

માણસના વધ આચર્યા રે, છેદન ભેદન તાસ,
થાપણ રાખી ઓળવી, કરી ચાડી પડાવ્યા ત્રાસ રે;
દમિયા પર ક્રોધ નિવાસ રે, કેઇ ઝુઝવિયા રહી પાસ રે,
કેઇ જીવની ભાંગી આસ રે, થયો કરપી **કપિલાદાસ** રે. ન૦ ૩

એમ અશાતાવેદની રે, બાંધે પ્રાણિ અનંત,
**સૂત્રવિપાકે** સાંભળો, **મૃગાપુત્રતણો** દૃષ્ટાંત રે;
સુણી કંપે સમકિતવંત રે, સુખ અક્ષય પામે એકાંત રે,
કરો અક્ષતપૂજા સંત રે, **શુભવીર** ભજો ભગવંત રે. ન૦ ૪

**કાવ્યં**. ક્ષિતિતલે૦-૧ સહજભાવ૦ ૨

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ અસાતાબન્ધસ્થાનનિવારણાય અક્ષતાં ય૦ સ્વાહા.

અસાતાબન્ધનિવારણાર્થં ષષ્ઠી અક્ષતપૂજા સંપૂર્ણમ્.

## સપ્તમી નૈવેદ્ય પૂજા

### દોહા

ન કરી નૈવેદ્ય પૂજના, ન ધરી ગુરુની શિખ;
લહે અશાતા પરભવે, ઘર ઘર માંગે ભીખ.

### ઢાળ સાતમી

ઇમિન નાગિણી–મ્હારી સહિરે સમાણી–એ દેશી.

તુજ શાસનરસ અમૃત મીઠું, સંસારસાં નવિ દીઠું રે;
મનમોહન સ્વામિ!
દીઠું પણ નવિ લાગ્યું મીઠું, નારક દુઃખ તેણે દીઠું રે. મ૦ ૧
દશવિધ વેદન અતુલ તે પાવે, દુઃખમાં કાળ ગમાવે રે; મ૦
પરમાધામી દુઃખ ઉપજાવે, ભવ ભાવના યે ભાવે રે. મ૦ ૨
જેમ વિષભુક્તિ તલાર અવાજા, એક નગરે એક રાજા રે; મ૦
શત્રુસૈન્ય સમાગમ પહેલું, ગામ ગામ વિષ ભેળ્યું રે. મ૦ ૩
ધાન્ય મિઠાઇ મીઠા જળમાં, ગોળ ખાંડ તરુફળમાં રે; મ૦
પડહો વજવી એમ ઉપદેશે, "જે મીઠાં જળ પીશે રે. મ૦ ૪
ભક્ષ્ય ભોજ્ય રસ લીના ખાશે, તે યમ મંદિર જાશે રે; મ૦
દૂરદેશાંગત ભોજન કરશે, ખારાં પાણી પીશે રે. મ૦ ૫

તે ચિરંજીવ લહે સુખશાતા, કદીય ન હોય અશાતા રે; ”મ૦
નૃપઆણા કરી તે રહ્યા સુખીયા, બીજા મરણ લહે દુઃખિયા રે.
મ૦ ૬

વિષમિશ્રિત વિષયારસ જુત્તા, **બ્રહ્મદત્ત** નરક પહુત્તા રે; મ૦
**મેઘકુમાર ધન્નો** સુખભાજા, શ્રી **શુભવીર** તે રાજા રે. મ૦ ૭

**કાવ્ય**–અનશનં તુ૦–૧ કુમતબોધ૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ અસાતોદયનિવારણાય નૈવેદ્યં ય૦ સ્વાહા.

અસાતોદયનિવારણાર્થં સપ્તમી નૈવેદ્ય પૂજા સંપૂર્ણ.

---

## અષ્ટમી ફલ પૂજા.

### દોહા.

આત્મિક ફળ પ્રગટાવિયું, ટાળી શાત અશાત;
**ત્રિશલાનંદન** આગળે, ફળ પૂજા પરભાત ૧

### ઢાળ આઠમી.

નંદકુમાર કેડે પડયો, કેમ ભરિયે—એ દેશી.

**વીર** કુંવરની વાતડી, કેને કહિયે? કેને કહિયે રે કેને કહિયે?
નવિ મંદિર બેશી રહિયે, સુકુમાળ શરીર; વીર૦ એ આંકણી.
બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઇંદ્રે મ્હલાવ્યો;
ઇંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ. વીર૦ ૧
છોરુ ઉછાછલાં લોકનાં કેમ રહિયે? એની માવડીને શું કહીયે?
કહિયે તો અદેખાં થઇએ, નાસી આવ્યા બાળ. વીર૦ ૨

આમલકી ક્રીડાવશે વીંટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો;
હાથે ઝાલી **વીરે** તાણ્યો, કાઢી નાંખ્યો દૂર. વીર૦ ૩

રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, મુજ પુત્રને લેઇ ઉછળિયો;
**વીર** મુષ્ટિપ્રહારે વળિયો, સાંભળીયે એમ. વીર૦ ૪

**ત્રિશલા**માતા મોજમાં એમ કહેતી, સખિઓને ઓલંભા દેતી;
ક્ષણ ક્ષણ પ્રભુ નામજ લેતી, તેડાવે બાગ. વીર૦ ૫

વાટ જોવંતા **વીરજી** ઘેર આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા;
માતા **ત્રિશલા**એ નવરાવ્યા, આલિંગન દેત. વીર૦ ૬

યૌવનવય પ્રભુ પામતાં પરણાવે, પછી સંયમશું દિલ લાવે;
ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળનાણ. વીર૦ ૭

કર્મસૂદન તપ ભાખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઇ છાજે;
ફળ પૂજા કહી શિવ કાજે, ભવિને ઉપગાર. વીર૦ ૮

શાતા અશાતા વેદની ક્ષય કીધું, ભાવે અક્ષયપદ લીધું;
**શુભવીરનું** કારજ સીધું, ભાંગે સાદિ અનંત. વીર૦ ૯

**કાવ્યં**-શિવતરોઃ-૧ શમરસૈઃ૦ ૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદનીયકર્મદાહનાય ફલં ય૦ સ્વાહા.

**અથ કલશઃ**-ગાયો ગાયો રે **મહાવીર૦** પૃષ્ટ ૧૮૨થી ભણવો.

વેદનીયકર્મદહનાર્થમષ્ટમી ફલ પૂજા સંપૂર્ણમ.

તૃતીયદિવસેઽધ્યાપનીયં વેદનીયકર્મનિવારણાર્થં તૃતીયં પુજાષ્ટકમ.

# ચતુર્થદિવસેઽધ્યાપનીયં મોહનીયકર્મસૂદનાર્થં ચતુર્થ પૂજાષ્ટકમ્.

## આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ—

દ્રાક્ષનાં પાણી, ૨ બાવનાચંદન, ૩ જાઈ, કેવડો અને જાસુદના ફૂલ, ૪ દશાંગ ધૂપ, ૫ બે દિવેટનો દીપક, ૬ વ્રીહિ (ડાંગર) અખંડ ૭ નૈવેદ્ય, ૮ ફળ.

## પ્રથમ પૂજા.

### દોહા.

શ્રી **શુભવિજય** સુગુરુનમી, માતપિતા સમ જેહ;
બાળાપણે બતલાવિયો, આગમનિધિ ગુણગેહ. ૧

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુથી લહિયે નાણ;
નાણથકી જગ જાણીયે, મોહનીનાં અહિઠાણ. ૨

કષ્ટ તે કરવું સોહિલું, અજ્ઞાની પશુ ખેલ;
જાણપણું જગ દોહીલું, જ્ઞાની મોહનવેલ. ૩

અજ્ઞાની અવિધિ કરે, તપ જપ કિરિયા જેહ,
વિરાધક ષટ્ કાયનો, **આવશ્યકમાં** તેહ. ૪

મૂરખ મુખ આગમ સુણી, પડિયા મોહની પાસ;
આગમ લોપી બહુ જના, નરય નિગોદે વાસ. ૫

મૂરખસંગ અતિ મળે, તો વસિયે વનવાસઃ
પંડિતશું વાસો વસી, છેદો મોહનો પાસ. ૬

કુચ્છા મિચ્છ કષાય સવિ, ભય ધ્રુવબંધિ એહ;
શેષ અધ્રુવબંધિ કહી, મિચ્છધ્રુવોદય ગેહ. ૭

સગવીસ અધ્રુવોદય કહી, હવે અધ્રુવ સમ મીસ,
સત્તાથી દૂરે કરો, ધ્રુવસત્તા છવ્વીસ. ૮

મોહની દૂર થયે થકે, નાસે કર્મ સંભાર;
કારણથી કારજ સધે, પૂજા અષ્ટ પ્રકાર. ૯

## ઢાળ પહેલી.

ઓધવ ! માધવને કહેજો—એ દેશી,

જળપૂજા જુગતે કરીયે, મોહનીબંધ ઠાણ હરીયે,
વિનતડી પ્રભુને કરીયે રે ચેતન, ચતુર થઈ ચુકયો:
નિજગુણ મોહવશે મૂકયો રે. ચે૦ ૧

જીવ હણ્યા ત્રસ જળ ભેટી, દેઈ ફાંસો મોઘર કૂટી,
મુખ દાબી વાધર વીંટી રે. ચે૦ ૨

કલેશ શમ્યા ઉદિરણીયા, અરિહા અવગુણ મુખ ભણિયા,
બહુ પ્રતિપાલકને હણિયારે. ચે૦ ૩

ધર્મી ધર્મથી ચુકવિયા, સૂરિ પાઠક અવગુણ લવિયા,
શ્રુતદાયક ગુરુ હેલવિયા રે. ચે૦ ૪

નિમિત્ત વશીકરણે ભરિયો, તપસી નામ વૃથા ધરિયો,
પંડિત વિનય નવિ કરિયો રે. ચે૦ ૫

ગામ દેશ ઘર પરજાળ્યાં, પાપ કરી અન્ય શિર ઢાળ્યાં,
કપટ કરી બહુ જન વાળ્યાં રે. ચે૦ ૬

બ્રહ્મચારી થઇ ગવરાણો, પરદારાશું મુંઝાણો,
પરધન દેખી દુહવાણો રે. ચે૦ ૭

પરદ્રોહી મિથ્યાભાષી, વિશ્વાસઘાતી કૂડસાખી,
મુનિ છંડી સેવ્યા ખાખી રે. ચે૦ ૮

મોહનીબંધ કરી ફરિયો, સિત્તેર કોડાકોડી સાગરિયો,
હવે તુમ શાસને અવતરિયો રે. ચે૦ ૯

શ્રી **શુભવીર** મયા કિજે, જિમ સેવક કારજ સીઝે,
વાંક ગુનો બક્ષી દીજે રે, ચેતન ચતુર થઇ ચુકયો. ૧૦

**કાવ્યં**-તીર્થોદકૈ:૦ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ મોહનીયબન્ધસ્થાનનિવારણાય જલં ય૦ સ્વાહા.

મોહનીયબન્ધસ્થાનનિવારણાર્થં પ્રથમ જલ પૂજા સંપૂર્ણ,

---

## દ્વિતીયા ચન્દન પૂજા

### દોહા

બીજી ચંદનપૂજના, પૂજો ભેળી કપૂર;
અડવીસ પયડી માંહેથી, ચારિત્રમોહની દૂર. ૧

### ઢાળ બીજી

રાગ-બિહાગ-બિલાવર, ઘડિ ઘડિ સાંભળો સાંઇ સલુણા-એ દેશી

ચંદનપૂજા ચતુર રચાવે, મોહ મહીપતિ મેહેલ ખણાવે; ચંદન૦
ચારિત્રમોહની મૂળ જળાવે, જિનગુણ ધ્યાન અનળ સળગાવે. ચં૦ ૧

ચાર અનુંતાનુબંધિ વિષધર, સુર **વસુદત્તસુનિરૂપ** ધરાવે; ચં૦
ત્રણ નાગ એક નાગણી મહોટી, પડિબોહણ **નાગદત્ત** ડસાવે. ચં૦ ૨

જાવજીવ ચારનું વિષ રહેવે, સજ્જનને એણીપરેં સમજાવે; ચં૦
નરક લહે સમકિત ગુણઘાતે, અંતે સમાધિપણું
નવિપાવે. ચં૦ ૩

ચાલીસ સાગર કોડાકોડી, બંધ ઉદય સાસ્વાદન ભાવે; ચં૦
આઠમે ગુણઠાણે વીશસત્તા, પર્વતરેખા ક્રોધ કહાવે. ચં૦ ૪

આઠ ફણાલો માન મણિધર, પથ્થરથંભને કોણ નમાવે; ચં૦
ઘનવંશી મૂળ માયા નાગણી, લોભ કિરમજી રંગ કોણ
હઠાવે. ચં૦ ૫

મેં વશ કીધા મુનિ કિરિયાથી, મંત્રમણિ મોહ રે વશ નાવે; ચં૦
જાંગુલી વાદીને પાણી ભરાવે, **નાગદત્ત વસુદત્ત** જગાવે. ચં૦ ૬

સામાયિક દંડક ઉચરાવે, એ સમો મંત્ર ન કો જગ આવે; ચં૦
**શ્રી શુભવીર**ના શાસનમાંહિ, **નાગદત્ત** અક્ષયપદ પાવે. ચં૦ ૭

**કાવ્યઃ** જિનપતે૦ ૧ સહજકર્મ૦ ૨

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ અનન્તાનુબન્ધિદાહનાય ચન્દન
ય૦ સ્વાહા.

અનન્તાનુબન્ધિદહનાર્થં દ્વિતીય ચન્દન પૂજા સંપૂર્ણ

## તૃતીય પુષ્પ પૂજા

---

### દોહા

અપચ્ચકખાણી ચોકડી, ટાળી અનાદિની ભૂલ;
પરમાતમ પદ પૂજીયે, કેતકી જાઇને ફૂલ.

## ઢાળ ત્રીજી.

રાણીઓ રૂવે રંગે મહેલમાંરે—એ દેશી

ફૂલપૂજા જિનરાજની રે, વિરતિને ઘરબાર રે, સનેહા !
તે ગુણલોપક અપચ્ચક્ખાણી રે, જે ક્રોધાદિક ચાર રે; સનેહા !
ચાર ચતુર ચિત્ત ચોરટા રે, મોહ મહીપતિ ઘેર રે. સ૦ ચા૦ ૧

ચાલીસસાગર કોડાકોડી રે, બંધથિતિ અનુસાર રે; સ૦
ઉદય વિપાક અબાધકકાળે રે, વર્ષ તે ચાર હજાર રે. સ૦ ચા૦ ૨

બંધ ઉદય ચોથે ગુણે રે, નવમે સત્તા ટાળ રે; સ૦
વર્ષ લગે તે પાપ કરી રે, ન ખમાવે ગુરુ બાળ રે. સ૦ ચા૦ ૩

તિર્યંચની ગતિ એહથી રે, પુઢવીરેખા ક્રોધ રે; સ૦
અસ્થિ નમાવ્યું વરષે નમે રે, **બાહુબલી** નરયોધ રે.
સ૦ ચા૦ ૪

માયા મિંઢાસિંગ સરીસી રે, લોભ છે કર્દમરંગ રે; સ૦
અનીતિપુરે વ્યવહારિયો રે, **રણઘંટાને** સંગરે સ૦ ચા૦ ૫

ચાર ધુતારા વાણિયારે, પાસેથી વાળ્યું વિત્તરે, સ૦
**રત્નચૂડ** પરે **શુભવીર** શું રે, લાગે ચતુરનું ચિત્તરે.
સ૦ ચા૦ ૬

**કાવ્યમ્** સુમનસાં૦ ૧ સમયસાર૦ ૨

**મન્ત્ર :**

ૐ હ્રીં શ્રીં પરમ૦ અપ્રત્યાખ્યાનીયનિવારણાય પુષ્પાણિ ય૦ સ્વાહા૦

અપ્રત્યાખ્યાનીયનિવારણાર્થં તૃતીય પુષ્પ પૂજા સંપૂર્ણ.

---

# ચતુર્થી ધૂપ પૂજા.

## દોહા.

પ્રત્યાખ્યાની ચોકડી, દહન કરેવા ધૂપ;
પૂજક ઉર્ધ્વગતિ લહે, વળી ન પડે ભવકૂપ. ૧

## ઢાળ ચોથી.

અને હાંરે વાલ્હોજી વાયે છે વાંસળીરે,—એ દેશી.

અને હાંરે ધૂપ ધરો, જિન આગળે રે;
કૃષ્ણાગરુ ધૂપ દશાંગ, શ્રેણિ ભલી ગુણઠાણની રે.
અને હાંરે ધૂપધાણું રયણે જડયું રે, ઘડયું જાત્યમયી કનકાંગ!
શ્રેણી૦ અને હાંરે ધૂપ૦ ૧

અ૦ મુનિવરરૂપ ન દાખવે રે, થિતિ બંધ પૂરવની રીત, શ્રેણી૦
અ૦ બંધોદય ગુણઠાણે પાંચમે રે, હવે ક્ષાયક શ્રેણિ વદિત્ત શ્રેણી૦
અ૦ ધૂ૦ ૨

અ૦ સોલ સામંતને ભોગવી રે, વચ્ચે ઘેરી હણ્યા લઇ લાગ; શ્રેણી૦
અ૦ નાઠા આઠે સેનાપતિ રે, નવમાને બીજે ભાગ. શ્રેણી૦
અ૦ ધૂ૦ ૩

અ૦ ચઉમાસા લગે એ રહે રે, મરણે નરની ગતિ જાણ; શ્રેણી૦
અ૦ રજરેખા સમ ક્રોધ છે રે, કઠથંભ સમાણો માન. શ્રેણી૦
અ૦ ધૂ૦ ૪

અ૦ માયા ગોમૂત્ત સારખી રે, છે લોભ તે ખંજનરંગ; શ્રેણી૦
અ૦ મુનિવર મોહને નાસવે રે, રહી **શ્રી શુભવીરને** સંગ શ્રેણી૦
અ૦ ધૂ૦ ૫

**કાવ્યમ્**-અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨

**મન્ત્ર :**

**ૐ હ્રીં શ્રીં** પરમ૦ પ્રત્યાખ્યાયનીયદાહનાય ધૂપં ય૦ સ્વાહા

પ્રત્યાખ્યાનીયદહનાર્થં ચતુર્થં ધૂપપૂજા સંપુર્ણં.

---

## પંચમી દીપક પૂજા.

### દોહા

સંજ્વલનની ચોકડી, જબ જાયે તવ ગેહ;
જ્ઞાનદીવો પરગટ હુવે, દીપક પુજા તેહ. ૧

### ઢાળ પાંચમી.

ચંદ્રપ્રભ જિન ચંદ્રમા રે—એ દેશી

જગદીપકની આગળ રે, દીપકનો ઉદ્યોત;
સંજ્વલનનો જવલતે થકે રે. ભાવ દીપકની જયોત. હો જિનજી!

તેજે તરણીથી વડો રે, દોય શિખાનો દીવડો રે;
ઝળકે કેવળ જયોત. એ આંકણી ૧

બંધસ્થિતિ પૂરવપરે રે, સંજ્વલનનો તિગ જાણ;
બંધ ઉદય સત્તા રહે રે, અનિયટ્ટિ ગુણઠાણ. હો જિનજી! તે૦ ૨

લોભદશા અતિ આકરી રે, નવમે બંધ પળાય;
ઉદય ને સત્તા જાણિયે રે, જે સૂક્ષ્મ સંપરાય. હો જિનજી! સે૦ ૩

સાહિબ શ્રેણિ સંચર્યો રે, લોભનો ખંડ પ્રચંડ;
ગુણઠાણા સરિખો કરી રે, ખેરવ્યો ખંડોખંડ. હો જિનજી! તે૦ ૪

પક્ષલગે ગતિ દેવની રે, જળરેખા સમ ક્રોધ;
નેત્રલતા સમ માનથી રે, ચરમ ચરણનો રોધ. હો જિનજી! તે૦ ૫

માયા અવલેહી સમી રે, લોભ હરિદ્રારંગ;
ક્ષાયક ભાવે કેવળી રે, શ્રી **શુભવીર** પ્રસંગ. હો જિનજી! તે૦ ૬

**કાવ્યમ્**-ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ સંજ્વલનજ્વાલનાય દીપં ય૦ સ્વાહા.

સંજ્વલનજ્વલનાર્થં પંચમી દીપક પૂજા સંપૂર્ણ.

---

## ષષ્ઠી અક્ષત પૂજા

### દોહા.

નવ નોકષાય તે ચરણમાં, તે રાગ-દ્વેષ પરિણામ;
કારણ જેહ કષાયનાં, તિણ નોકષાય તે નામ. ૧

### ઢાળ છઠ્ઠી.

સહસાવન જઇ વસિયે ચાલોને સખિ!—એ દેશી.

વીર કને જઇ વસિયે, ચાલોને સખિ! વીર કને જઇ વસિયે;

અક્ષતપૂજા જિનની કરતાં, અક્ષયમંદિર વસિયે;
હાસ્યાદિક ષટ્ ખડપટકારી, તાસ વદન નવિ પસિયે. ચા૦ ૧

હાસ્યરતિ દશ કોડાકોડી, સાગર બંધન કસિયે;
અરતિ ને ભય શોક દુગંચ્છા, વીશ કોડાકોડી ખસિયે. ચા૦ ૨

ભય રતિ હાસ્ય દુગંચ્છા અપૂરવ, શેષ પ્રમત્ત બંધ ઘસિયે;
ઉદય અપૂરવ સત્તા નવમે, પંચમ ભાગે નસિયે. ચા૦ ૩

કાજવ ઉદ્ધરતાં મુનિ દેખે, સોહમપતિ મોહ વસિયે;
મોહે નડિયા નાણુથી પડિયા, કાઉસ્સગ્ગમાં મુનિ હસિયે. ચા૦ ૪

મોહની હાસ્ય વિનોદે વસતાં, જેમ તેમ મુખથી ભસિયે;
કોઇ દિન રતિ કોઈ દિન અરતિમાં, શોકમસી લેઇ ઘસિયે. ચા૦ ૫

સંસારે સુખ લેશ ન દીઠું, ભયમોહની ચિહું દિશિયે;
ચરણ દુગંછા ફળ ચંડાળે, જન્મ **મેતારજ** ઋષિએ. ચા૦ ૬

મોહમહીપતિ મહા તોફાને, મુંઝાણા અહનિશિયે;
શ્રી **શુભવીર** હજુરે રહેતાં, આનંદ લહેર વિલસિયે. ચા૦ સ૦ ૭

**કાવ્યં** ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ હાસ્યષટ્કનિવારણાય અક્ષતાન્ ય૦ સ્વાહા.

હાસ્યષટ્કનિવારણાર્થં ષષ્ઠી અક્ષત પૂજા સંપૂર્ણમ્.

---

## સપ્તમી નૈવેદ્ય પૂજા.

### દોહા.

આહારે વેદ ઉદય વધે, જેહથી બહુ જંજાળ;
નિર્વેદી આગળ ઠવો, ભરી નૈવેદ્યનો થાળ. ૧

## ઢાળ સાતમી.

રાગ–મારૂ, પરજીયાની ચાલ, અમે જાણી તમારી વાત રે—એ દેશી
મળીને વિછડશો નહીં કોય રે, મન માન્યા મોહનને
મળી૦ એ આંકણી

વેદે વાહ્યો જીવ, વિષયી થયો, ભવ માંહે ઘણું ભટકાય રે; મન૦
મોહની ઘર વસ્યો, મોહની ખોળતો;
મળે મોહન ન ઓળખાય રે. મન૦ ૧

જે ગુણ શ્રેણે ચડયા, વેદ ઉદયે પડયા;
**અષાઢાભૂતિ** મુનિરાય રે; મન૦
એમ અનેક તે ચૂકયા, તપ બળ વને મૂકયા;
શકયા નહીં વેદ છુપાય રે- મન૦ ૨

મહાનિશીથે કહ્યા, ભવ બહુલા લહ્યા;
વેદ ઉદય ઋષિરાય રે; મન૦
વેદવિલુદ્ધા પ્રાણી, કરે સંપદહાણી;
**રાવણ** નમે **સીતાના** પાય રે. મન૦ ૩

દેવ અચ્યુતનિવાસી, પૂરવપ્રિયા પાસી;
મણુઅ નારીશું લપટાય રે; મન૦
**પન્નવણાયે** કહ્યા, વેદ વિવશ રહ્યાઃ
ઘર છંડી વિદેશે જાય રે; મન૦ ૪

ગળે ફાંસો ધરે, ઝંપાપાત કરે;
માત પિતાશું ન લજાય રે; મન૦

વેદ ત્રિહું ઉદયાણે, નવમે ગુણઠાણે;
મિથ્યાતે નપું બંધાય રે. મન૦ ૫

નવમ દૂજા સુધી, પુરુષ પ્રિયા બંધી,
હવે સત્તાથી છેદાય રે; મન૦

નર નપુંસક નારી, નવમેથી હારી,
ષટ્ ત્રણ્ય ચોથાને ભાય રે. મન૦ ૬

નરીત્થી નપું જોડી, સાગર કોડાકોડી,
દશ પન્નર વીશ કહાય રે; મન૦

વેદે નડયો જડયો, સંસારી ઘડયો,
નિર્વેદિ ચઢયો નહિ છાયરે. મન૦ ૭

અબ તું સ્વામિ મળ્યો, નરભવ જ ફળ્યો,
નૈવેદ્યપૂજા ફળદાય રે; મન૦

**શ્રી શુભવીર** હજારે, રહો આનંદ પૂરે, ભવ વેદન વિસરી જાય રે.
મન માન્યા મોહનને. ૮

**કાવ્યમ્**-અનશનં૦ ૧ કુમતબોધ૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદત્રિકસૂદનાય નૈવેદ્યં ય૦ સ્વાહા.

વેદત્રિકસૂદનાર્થં સપ્તમી નૈવેદ્ય પૂજા સંપૂર્ણ.

## અષ્ટમી ફળ પૂજા.

### દોહા.

મોહ મહાભટ કેશરી, નામે તે મિથ્યાત;
ફળપૂજા પ્રભુની કરી, કરીશું તેહનો ઘાત.

### ઢાળ આઠમી.

રાગ વસંત-ધુમાર અહો મેરે લલના-એ દેશી.

મોહ મહિપતિ મહેલમેં બેઠે, દેખે આયો વસંત; લલના.
**વીરજિણંદ** રહે વનવાસે, મોહસેં ન્યારો ભગવંત;
ચતુરા કે ચિત્ત ચંદ્રમા હો ૧

મંજરી પંજરી કોયલ ટહુકે, ફૂલીફળી વનરાય, લલના
ધર્મરાજ જિનરાજજી ખેલે, હોરી ગોરી અજ્જવીકાય. ચ૦ ૨

સંતોષ મંત્રી વડો સુખ આગે, સમક્તિ મંડળી ભૂપ, લલના
સામંત પંચમહાવ્રત છાજે, ગાજે માર્દવ ગજરૂપ. ચ૦ ૩

ચરણ કરણ ગુણ પ્યાદલ ચાલે, સોનાની સુતબોધ, લલના
શીલાંગરથ શિર સાંઇ સુહાવે, અધ્યવસાય જસ યોધ. ચ૦ ૪

મોહરાય પણ ઇણ સમે આયે, માયા પ્રિયા સુત કામ, લલના
મંત્રી લોભ ભટ દુર્દ્ધર ક્રોધા, હાસ્યાદિ ષટરથ નામ. ચ૦ ૫

મિથ્યાતમંડળી રાય અટારો, બંધ ઉદય નિજઠાણ, લલના
સમક્તિ મિશ્રમોહની લઘુભાઇ, ઉદયે સત્તમ સમ જાણ. ચ૦ ૬

સિત્તેરસાગર કોડાકોડી, મિથ્યાત્વનો સ્થિતિબંધ, લલના
સત્તા ત્રણની અડ ગુણઠાણે. માન હસ્તી યે ચાહે ધંધ. ચ૦ ૭

તસ રક્ષક મન જિન પલટાયો, મોહ તે ભાગ્યો જાય, લલના
ધ્યાન કેશરિયા કેવળ વરીયો, વસંત અનંત ગુણ ગાય. ચ૦ ૮
તે **શુભવીર** જિણંદે દાખ્યો, કર્મસૂદન તપ એહ, લલના
તપફળ ફળપૂજા કરી યાચો, સાચો સાંઇશું કરો નેહ. ચતુર૦ ૯

**કાવ્યં**-શિવતરોઃ ૧ શમરસૈઃ૦ ૨

**મંત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ દર્શનમોહનીય નિવારણાય ફલાનિ
ય૦ સ્વાહા.

**કળશ** ગાયો ગાયો રે **મહાવીર૦** પૃષ્ટ ૧૮૨ પરથી.

દર્શનમોહનીયનિવારણાર્થં અષ્ટમી ફળ પૂજા સંપૂર્ણ.
ચતુર્થદિવસેઽધ્યાપનીયં મોહનીયકર્મસૂદનાર્થં
ચતુર્થં પૂજાષ્ટકમ્,

---

## પંચમદિવસેઽધ્યાપનીયં આયુષ્યકર્મસૂદનાર્થં
## પંચમં પૂજાષ્ટકમ્.

### આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ—

૧ સાકરનું પાણી, ૨ કેસર, ૩ જાઇ અને ચંબેલીનાં ફૂલ, ૪ કુંદરૂં-દશાંગ ધૂપ, ૫ ચાર દીવેટનો દીપક, ૫ અખંડ ચોખા, ૭ નૈવેદ્ય, ૮ ફળ.

### પ્રથમ જલપૂજા

**દોહા**

પંચમ કર્મતણી કહું, પૂજા અષ્ટ પ્રકાર;
મોહરાય દરબારમાં, જીવિત કારાગાર. ૧

ચાર અઘાતી આઉખાં, બંધોદય સુવિચાર;
સત્તાયે પણ જાણિયે, અધ્રુવપદ નિરધાર. ૨

ચાર ગતિમાં જીવડો, આયુકર્મને યોગ;
બંધ ઉદયથી અનુભવે, સુખ દુઃખ કેરા ભોગ. ૩

ચરમશરીરી વિણ જિકે, જીવ ઇણે સંસાર;
સમય સસય બાંધે સહી, કર્મ તે સાત પ્રકાર. ૪

અંતરમુહૂર્તે આઉખું, ભવમાં એકજ વાર;
બાંધી અબાધા અનુભવી, સંચરીયા ગતિ ચાર. ૫

એમ પુદ્દગલ પરાવર્તના, કરી સંસાર અનંત;
નિર્ભયદાયક નાથજી ! મળિયો તું ભગવંત ૬

જળપૂજા જુગતે કરી, ધરી પ્રભુચરણે શીશ;
ચાર પયડીમાં સુરગતિ, દાયક ઠાણુ કહીશ. ૭

## ઢાળ પહેલી.

શીતલજિન સહજાનંદી—એ દેશી.

તીર્થોદક કલશા ભરિયે, અભિષેક પ્રભુને કરીયે;
પ્રાતિહારજ શોભા ધરીયે, લઘુ ગુરુ આશાતના હરયે;
સલુણા સંત ! એ રીતે કીજે, દેવ આયુ લહે ભવ બીજે. સ૦ ૧

પરમાતમ પૂજા રચાવે, સમતારસ ધ્યાન ધરાવે;
શોક સંતાપ અલ્પ કરાવે, સાધુ સાધવીને વોહરાવે સ૦ ૨

ગુણી રાગ ધરે વ્રત પાળે, સમકિત ગુણને અજુવાળે;
જયણા અનુકંપા ઢાળે, કરે ગુરુવંદન ત્રણ કાળે. સ૦ ૩

પંચાગ્નિ તાપ સહંતા, બ્રહ્મચારી વનમાં વસંતા;
કષ્ટે કરી દેહ દમંતા, બાળતપસી નામ ધરંતા. સ૦ ૪

બંધ કરતો સાતમે જાણો, ઉદયે ચોથો ગુણઠાણો;
ઓઘે સુરઆયુ પ્રમાણો, સત્તા ઉપશમ ગુણઠાણો. સ૦ ૫

લોક લોકોત્તર ગુણધારી, અંતે પરિણામ સમારી;
દેવલોકમાંહે અવતારી, **શુભવીર** વચન બલિહારી. સલૂણા૦ ૬

**કાવ્યં**-તીર્થોદકૈ૦ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ દેવાયુર્બન્ધસ્થાનનિવારણાય જલં ય૦ સ્વાહા.

દેવાયુર્બન્ધસ્થાનનિવારણાર્થં પ્રથમ જલ પૂજા સંપૂર્ણ.

---

## દ્વિતીય ચંદન પૂજા.

### દોહા.

પર્યાપ્તિ પૂરી કરી, સમકિત દૃષ્ટિ દેવ;
ન્હવણ વિલેપન કેસરે, પૂજે જિન તતખેવ. ૧

### ઢાળ બીજી.

કોશ્યા વેશ્યા કહે રાગીજી, મનોહર મનગમતા ।—એ દેશી

દુનિયામાં દેવ ન દૂજોજી, જિનવર જયકારી;
કરું અંગવિલેપન પૂજાજી જિ૦
તેમ સમકિતી સુર પૂજેજી જિ૦
મિથ્યાત્વી પણ કોઇ બૂઝેજી જિ૦ ૧

તિહાં પહેલી ભવનનિકાયજી જિ૦
એક સાગર અધિકું આયજી જિ૦
ઉત્તરથી દક્ષિણ હીણાજી જિ૦
નવમાં દો પલિય તે ઉણાજી જિ૦ ૨

વ્યંતર એક પલિયનું આયજી જિ૦
સુણ સાહિબ ત્રીજી નિકાયજી જિ૦
સહસ લક્ષ વરસ અધિકેરેજી જિ૦
રવિ ચંદ્ર પલ્યોપમ પૂરેજી જિ૦ ૩

ગહ રિખ તારક જોડાયજી જિ૦
પલ્ય અર્ધને ચોથે પાયજી જિ૦
સૌધર્મે સાગર દોયજી જિ૦
બીજે અધિકેરાં હોયજી જિ૦ ૪

દોય કલ્પે સગહિય જાણોજી જિ૦
એ પરમાયુ પરિમાણોજી જિ૦
દશ ચઉદશ સત્તર દિજેજી જિ૦
મહાશુક્ર લગે તે લીજેજી જિ૦ ૫

હવે કીજે અધિક એક એકેજી જિ૦
એકત્રીશ નવમેં ગ્રૈવેયકેજી જિ૦
તેત્રીશ ને પંચ વિમાનેજી જિ૦
સમકિત દૃષ્ટિ તિહાં માનેજી જિ૦ ૬

શિવ સાધક બાધક ટાણેજી જિ૦
સુરસુખ તે દુઃખ કરી જાણેજી જિ૦
કલ્યાણક રંગે ભીનાજી જિ૦
**શુભવીર** વચન રસ લીનાજી જિ૦ ૭

**કાવ્યં-જિનપતે૦ ૧ સહજકર્મં૦ ૨**

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ સુરાયુર્નિગડભંજનાય ચન્દનં ય૦ સ્વાહા.
સુરાયુર્નિગડભંજનાર્થં દ્વિતીય ચન્દન પૂજા સંપૂર્ણ

---

## તૃતીય પુષ્પ પૂજા.

### દોહા.

ત્રીજી કુંસુમની પૂજના, પૂજે નિત્ય જિનરાય;
પંડિત સંગ કરે સદા, શાસ્ત્ર ભણે ધરે ન્યાય. ૧

ન્યાયે ઉપાર્જન કરે, જયણાયુત સુનિદાન;
ભદ્રક ભાવે નવિ કરે, આરંભ નિંદા ઠાણ. ૨

પરઉપકારાદિ ગુણે, બાંધે મણુઅનુ આય;
તુજ શાસન રસિયા થઇ, શિવમારગ કોઇ જાય. ૩

### ઢાળ ત્રીજી.

આસણરા યોગી એ—દેશી

કુસુમની પૂજા કર્મ નસાવે, **નાગકેતુ**પરે ભાવે રે.
સુણજો જગસ્વામિ !
આયુ નિકાચિત છે પણ તેહથી, કર્મનું જોર હઠાવે રે. સુ૦ ૧

**શ્રેણિક** સરિખા તુજ ગુણરાગી, કર્મની બેડી ન ભાંગી રે; સુ૦
**સુકુમાલિકા** ઉપનય ઇહાં ભાવો, **સાર્થવાહ** ઘર લાગી રે. સુ૦ ૨

ત્યાશી લાખ પૂરવ ઘરવાસે, જિનવર વિરતિ ન આવે રે; સુ૦
બંધ તુરિય સત્તા ઉદયેથી, કેવળી અંતે ખપાવે રે. સુ૦ ૩

ત્રણ પલ્યોપમ યુગલિક આયુ, કલ્પતરુ ફળ લીના રે; સુ૦
સંખ્યાયુ નર શિવ અધિકારી, જાય તે ભવ વ્રત હિના રે. સુ૦ ૪

પૂરવકોડી ચરણફળ હારે, મુનિ અધિકેરે આય રે; સુ૦
શ્રી **શુભવીર** અચલસુખ પાવે, ચરમ ચોમાસું જાય રે.
સુણજો જગસ્વામિ ! ૫

**કાવ્યમ્**—સુમનસા૦ ૧ સમયસાર૦ ૨

**મન્ત્ર** : ૐ હ્રીં શ્રીં પરમ૦ નરાયુર્નિવારણાય પુષ્પાણિ ય૦ સ્વાહા.

નરાયુર્નિવારણાર્થં તૃતીય પુષ્પ પૂજા સંપૂર્ણ.

---

## ચતુર્થી ધૂપ પૂજા

### દોહા.

કર્મ સમિધ દાહન ભણી, ધૂપઘટા જિનગેહ;
કનક હુતાશન યોગથી, જાત્યમયી નિજ દેહ. ૧

નિજગુણ રંગ સુગંગમે, ઢલકત ઝલકંત હંસ;
આયુ કલંક ઉતારતાં, શોભે નિર્મળ વંશ. ૨

નિર્મળ વંશ નિહાળીને, કુળવંતી ઘરનાર;
પરઘર રમતો દેખીને, સમજાવે ભરતાર. ૩

### ઢાળ ચોથી,

રાગ—જોગીયા આશાવરી, ઉડ ભમરા ! કંકણીપર બેઠા, નથણીસેં લક્ષકારૂંગી, ઉડ જારે ભમરા ! તુજ મારૂંગી.—એ દેશી.

જિનગુણ ધૂપઘટા વાસંતી, કુળવંતી પર દારુંગી,

મત જારે પિયા ! તુજ વારુંગી;
બાલ ખેલમેં નવિ બતલાયો, અબ નયને લલકારુંગી. મત૦ ૧

માત પિતા સયણા લજવાતે, લાજત દશ દોષ ડારુંગી; મત૦
એ તુજ ખ્યાલ બૂરો દુનિયામેં, કયા મેં મુખ દેખારુંગી? મત૦ ૨

રયણી ઘોરમેં ચોર ફિરત હે, પિયુ હરરોજ પોકારુંગી; મત૦
ઇતને દિન ઓઝલમેં રહેતી, સહેતી દુનિયા ગારુંગી. મત૦ ૩

તીનલોક સાહિબકી આના, મેં તેરે શિર ધારુંગી; મત૦
દીપકી જ્યોતસેં મંદિર રહેના, પરઘર ચાર વિસારુંગી. મત૦ ૪

ચાર સજ્જાયે ફૂલ બિછાઉં, છતિયાંસે બિ લગારુંગી; મત૦
રંગમહેલમેં સહેલ કરતાં, ગોદમેં પુત્ત રમારુંગી. મત૦ ૫

ગંગાનીર સે અંગ પખારૂં, નાથ સગાસે તારુંગી; મત૦
નવલ વધૂસે પુત્ત સગાઇ, મંગળતૂર બજારુંગી. મત૦ ૬

નાથસેં હોતી પુત્ત પનોતી, સખિયાં ગીત ઉચ્ચારુંગી; મત૦
**શ્રી શુભવીર** ચતુર ચોરીમેં, શિર પર લૂણ ઉતારુંગી. મત૦ ૭

**કાવ્યં**-અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ નરાયુર્વિગમાદંતરંગકુટુંબપ્રાપ્તયે ધૂપં ય૦ સ્વાહા.

નરાયુર્વિગમાદંતરંગકુટુંબપ્રાપ્ત્યર્થં ચતુર્થી ધૂપ પૂજા સંપૂર્ણ.

# પંચમી દીપક પૂજા.

## દોહા.

મનમંદિર દીપક જિસ્યો, દીપે જાસ વિવેક;
તસ તિરિઆયુ નહિ કદા, થાનક બંધ અનેક. ૧

## ઢાળ પાંચમી.

ચોરી વ્યસન નિવારિયે—એ દેશી.

દીપકપૂજા જિનતણી, નિત કરતાં હો અવિવેક તે જાય કે;
અવિવેકે કરી આતમા, બંધ પાડો હો તિરિયંચનું આય કે.
અજ્ઞાની પશુ આતમા. એ આંકણી ૧

શીળરહિત પરવંચકા, ઉપદેશે હો પોષે મિથ્યાત કે;
વણજ કરે કૂડ તોલશું, મુખ ભાંખે હો કુકર્મની વાત કે. અ૦ ૨

વસ્તુ ઉત્તમ હીણ જાતિશું, ભેળવીને હો વેચે નાદાન કે;
માયા કપટ કૂડ શાખિયો, કરે ચોરી હો નિત્ય આરતધ્યાન કે. અ૦ ૩

થઇ ધીરોલી સાધવી, **શેઠ સુંદર** હો **નંદ મણિયાર** કે;
અવિવેકે પરભવ લહે, ગોહજાતિ હો દેડક અવતાર કે. અ૦ ૪

કૂડ કલંક ચઢાવતાં, નીલ કાપોત હો લેશ્યા પરિણામ કે;
શ્રી **શુભવીર**ના નિંદકો, તિરિઆયુ હો બાંધે એણે ઠામ કે. અ૦ ૫

**કાવ્યં**-ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ તિર્યગાયુર્બંધસ્થાનનિવારણાય દીપં ય૦ સ્વાહા.

ઇતિ તિર્યગાયુર્બંધસ્થાનનિવારણાર્થં પંચમી દીપક પૂજા સંપૂર્ણ.

# ષષ્ઠી અક્ષત પૂજા.

## દોહા.

અક્ષતપૂજા પૂજીયે, અક્ષતપદ દાતાર;
પશુઆ રૂપ નિવારીને, નિજરૂપે કરનાર. ૧

## ઢાળ છઠ્ઠી.

મનમોહન મેરે,—એ દેશી.

તુમ અમ પહેલે એકઠા, મનમોહન! મેરે, મળિયા વાર અનંત; મ૦
શીઘ્રપણે કેમ સાહિબા! મ૦ આપ હુઆ ભગવંત? મ૦ ૧
આળસુ મંદ પરાધીને મ૦ અંતર પડીયો જાય; મ૦
એકલડા મેં આચર્યાં મ૦ તિરિય ગતિનાં આય. મ૦ ૨
એકેંદ્રિયમાંહે રહ્યો મ૦ બાવીસ વરસ હજાર; મ૦
ક્ષુલ્લકભવ સત્તર કર્યા મ૦ શ્વાસોશ્વાસ મોઝાર. મ૦ ૩
બેઇંદ્રિય ગુરુ આયુથી મ૦ જીવે વરસ તે બાર; મ૦
ઓગણપચાસ વાસરા મ૦ તેઇંદ્રિય અવતાર. મ૦ ૪
છમાસી ચઉરિંદ્રિયે મ૦ પલ્ય પણિંદી તીન; મ૦
બંધ કહ્યો સાસ્વાદને મ૦ ઉદયે પંચમ લીન. મ૦ ૫
સત્તા ખસી ગઈ સાતમે મ૦ પૂજ્ય હુઆ **શુભવીર**; મ૦
હું પણ મળીયો અવસરે મ૦ પૂજું અક્ષતે થઈ થીર. મ૦ ૬

**કાવ્યમ્**—ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨

**મન્ત્ર** ૐ હ્રીં શ્રીં પરમ૦ તિર્યગાયુર્નિવારણાય અક્ષતાન્ ય૦ સ્વાહા.

તિર્યગાયુર્નિવારણાર્થં ષષ્ઠી અક્ષત પૂજા સંપૂર્ણ

---

# સપ્તમી નૈવેદ્ય પૂજા.

## દોહા

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઈય અણંત;
નૈવેદ્યપૂજા ફળ દિયો, અણાહારી પદ સંત! ૧

માતા યશોદાજી હુલરાવ્યો, ભાવ્યો મનગોપાલ, બાલપણે વાલહો—એ દેશી

આહાર કરતાં અહોનિશ માચ્યો, નાચ્યો ઈણે સંસાર,
સાંભળ વિશરામી!

નૈવેદ્ય થાળ ઠવી જિન આગે, માગું પદ અણાહાર, સાં૦
દેતાં નહીં તુજવાર સાં૦ **ત્રિશલામાત** મલ્હાર, સાં૦
મુજ અવગુણ ન વિચાર. સાં૦
મદ મચ્છર લોભી અતિ વિષયી, જીવ તણો હણનાર, સાં૦

મહારંભી મિથ્યાત ને રૌદ્રી, ચોરીનો કરનાર; સાં૦
ઘાતક જિન અણગાર સાં૦ વ્રતનો ભંજનહાર, સાં૦
મદિરા માંસ આહાર, સાં૦ ભોજન નિશિ અંધાર. સાં૦
ગુણી નિંદાનો ઢાલ, સાં૦ લેશ્યા ધૂર અધિકાર. સાં૦
નારકીમાં અવતાર સાં૦ એણે લક્ષણ નિરધાર. સાં૦
અવગુણનો નહીં પાર સાં૦ (પણ) આવ્યો તુજ દરબાર. સાં૦
નિજરૂપ દિયો એક વાર સાં૦ જેમ **વિદ્યાધર** ઉપગાર. સાં.
સંજીવની બુટી ચાર સાં૦ સાજો કીધો ભરતાર. સાં૦
**શુભવીર** વડો આધાર. સાંભળ૦

**કાવ્યમ**—અનશનં૦ ૧ કુમતબોધ૦ ૨

**મન્ત્રઃ**–ૐ હ્રીં શ્રીં પરમ૦ નરકાયુર્બન્ધસ્થાનનિવારણાય નવેદ્યં યજા૦ સ્વાહા.

નરકાયુર્બંધસ્થાનનિવારણાર્થં સપ્તમી નૈવેદ્ય પૂજા સંપૂર્ણ.

---

## અષ્ટમી ફલ પૂજા.

### દોહા.

બંધની બેડી ભંજવા, જિન ગુણ ધ્યાન કુઠાર;
ફળપૂજાથી તે હુવે, ફળથી ફળ નિર્ધાર.

### ઢાળ આઠમી.

પરિગ્રહ મમતા પરિહરો–એ દેશી

ફળપૂજા વીતરાગની, કરતાં દુઃખ પળાય; સલૂણે,
અરિહા પૂજ અરોચકા, જીવ તે નરકે જાય. **સલૂણે** ૧

બંધ સમય ચિત્ત ચેતિયે, શ્યો ઉદયે સંતાપ ? સ૦
શોક વધે સંતાપથી, શોક નરકની છાપ. સ૦ બંધ૦ ૨

ઇગ તિગ સગ દશ સત્તરુ, બાવીશને તેત્રીશ; સ૦
સાગર સાતે નરકમાં, નારકી પાડે ચીસ. સ૦ બંધ૦ ૩

દશવિધ દાહક વેદના, વૈતરણીનાં દુઃખ; સ૦
પરમાધામી વશ પડયા, ઘડીય ન પામે સુખ. સ૦ બંધ૦ ૪

જાતિસ્મરણે જાણતા, અનુભવિયા અવદાત; સ૦
તોપણ **રાવણ** ઝૂઝતો, **લક્ષ્મણ**શું કરી ઘાત. સ૦ બંધ૦ ૫

પરમાધામી દેખીને, નાંખે અગ્નિ મઝાર; સ૦
ચોથી નરકે બૂઝવ્યા, **સીતેંદ્રે** તેણી વાર. સ૦ બંધ૦ ૬

રાય **વસુ** નરકે પડયા, **સુભૂમ** સરિખા વીર; સ૦
સાંભળી હૈડાં કમકમે, ધ્રૂજે વછૂટે શરીર. સ૦ બંધ૦ ૭

આદિ તુરિય બંધ ઉદયથી, સત્તા સાતમે ટાળ; સ૦
કર્મસૂદન તપફળ દીયો, શ્રી **શુભવીર** દયાળ. સ૦ બંધ૦ ૮

કાવ્યં-શિવતરો૦ ૧ શમરસૈ૦ ૨

**મન્ત્ર**-ૐ હ્રીં શ્રીં પરમ૦ નરકાયુર્નિગડવિફલાય ફલાનિ
ય૦ સ્વાહા.

**કળશ**-ગાયો ગાયો **મહાવીર**૦ પૃષ્ટ ૧૮૨ ઉપરથી

નરકાયુર્નિગડવિફલાર્થં અષ્ટમી ફળ પૂજા સંપૂર્ણ
પંચમે દિવસેઽધ્યાપનીયં આયુઃકર્મસૂદનાર્થં
પંચમં પૂજાષ્ટકં સંપૂર્ણમ્

---

## ષષ્ઠે દિવસેઽધ્યાપનીયં નામકર્મસૂદનાર્થં ષષ્ઠં પૂજાષ્ટકમ્

### આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ-

૧ દૂધ અભિષેક, ૨ સુવર્ણ સાથે ઘસેલું કેસર, ૩ પંચવર્ણિ ફૂલે ઝારી ભરવી, ૪ પચાંગ ધૂપ, ૫ બે દીવેટનો દીપક એવા એકસોને ત્રણ દીપક કરી વંશમાલે ધરવા, ૬ અક્ષત-પંચવર્ણા ચોખા, ૭ નૈવેદ્ય, ૮ ફળ.

---

## પ્રથમ જલ પૂજા.

### દોહા

પ્રણમું **શ્રી સંખેશ્વરો**, સાહિબ સુગુણ પવિત્ત;
મુજ ગુરુ ઉપકારે કરી, ક્ષણ ક્ષણ આવે ચિત્ત. ૧

નામ કરમ હવે દાખવું, ચિત્રક સરિખું જેહ;
નટ જેમ બહુરુપી કરે, તેમ શુભ અશુભે તેહ. ૨

ઊંચ નીચ દેહાકૃતિ, ખાંપણ દેહે હોય;
કૃષ્ણ નીલ જાડું ઘણું, અશુભ નામે તે જોય. ૩

રૂપે **હરિબળ** સારિખા, તે શુભનામ વખાણ;
મધ્ય તનુ પીત ઉજળો, સુંદર રાતો વાન. ૪

જૈનધર્મ રાતો રહે, ગાય ગુણી ગુણગ્રામ;
તેણે શુભ નાણ તે સંપજે, ઇતર અશુભ તે નામ. ૫

નામકર્મ દૂરે કરી, પામ્યા ભવનો પાર;
સિદ્ધ અરૂપી પદ ભણી, પૂજા અષ્ટ પ્રકાર, ૬

### ઢાળ પહેલી.

સુતારીના બેટા તને વિનવું રે લોલ—એ દેશી.

પિંડપયડી ચૌદ પખાળવારે લોલ, અભિષેક કરૂં અરિહંત જો;
જસ જ્ઞાનદશા રળિયામણી રે લો૦ કરે જ્ઞાની કરમનો અંતજો;
જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ. ૧

નર દેવ નિરય તિરિયા ગઇ રે લો૦ ઇગ વિગલ પણિંદિ જાતિ જો,
તરુ કીડી માખી થયો રે લો૦ શું વખાણું અપની બુનિયાદ જો.
જ્ઞા૦ ૨

તનુ ઉરલવિઉવ્વાહારગા રે લો૦ તેજ કર્મ અનાદિનાં સાથ જો;
ત્રણ આદિ ઉપાંગ તે ટાળવા રે લો૦ તુજ સરિખો ન મલિયો
નાથ જો. જ્ઞા૦ ૩

ઇણે નામે બંધન સંઘાતનાં રે લો૦ પણ બંધન ગ્રાહક પાંચ જો;
ષટ્ સંઘયણ આદિ કેવલી રે લો૦ જો વજ્રઋષભનારાચ જો. જ્ઞા૦ ૪

સંસારે ઋષભનારાચ છે રે લો૦ નારાચ અરધનારાચ જો;
કિલિ છેવઠું પંચમ કાલમાં રે લો૦ ગયાં રત્ન રહ્યાં
તનુ કાચ જો. જ્ઞા૦ ૫

સમચઉરંસ નિગોહ સાદિયે રે લો૦ કુબ્જડું વામણ સંઠાણ જો;
હુંડવાળાનું એકે ન પાંસરૂં રે લો૦ હવે વર્ણાદિ વીશ પ્રમાણ
જો. જ્ઞા૦ ૬

ગંધ વર્ણ ફરસ રસ પુગ્ગલા રે લો૦ હવે વીશ સોલ બોલે
ગ્રહવાય જો;
જીવ યોગ્ય ગ્રહણ અડ વર્ગણા રે લો૦ રાગદ્વેષનો રસ ઘોલાય
જો. જ્ઞા૦ ૭

આનુપૂર્વિ કહી ગતિ ચારની રે લો૦ જાય તાણ્યો વૃષભ
ઘર નાથ જો;
શુભ અશુભ ચાલ છંડી કરી રે લો૦ **શુભવીરને** વળગો
હાથ જો. જ્ઞાનીની૦ ૮

**કાવ્યમ:**-તીર્થોદકૈઃ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ પિંડપ્રકૃતિવિચ્છેદનાય જલં ય૦ સ્વાહા

પિંડપ્રકૃતિ વિચ્છેદનાર્થં પ્રથમ જલ પૂજા સંપૂર્ણ.

# દ્વિતીય ચન્દન પૂજા

## દોહા

દશ તિગ જિન ઘર સાચવી, પૂજીશું અરિહંત;
દશ યતિધર્મ આરાધીને, કરૂં થાવર દશ અંત. ૧

## ઢાળ બીજી.

વ્રજના વહાલાને વિનતિ રે–દેશી.

સાતે શુદ્ધિ સમાચરી રે, પૂજીશું અમે રંગે લાલ!
કેસર ચંદનશું ઘસી રે, સ્વામિ વિલેપન અંગે લાલ!
લાલ સુરંગી રે સાહિબો રે. ૧

ભૂ જળ જલણ અનિલ તરુ રે, થાવર પંચ પ્રકારો લાલ!
સૂક્ષ્મ નામ કરમ થકી રે, ભરિયા લોક મોઝારો લાલ! લા૦ ૨

નિજ પર્યાપ્તિ પૂર્યા વિના રે, મરતા તે અપજત્તા લાલ!
સાધારણ તરુ જાતિમાં રે, જીવ શરીરે અનંતા લાલ! લા૦ ૩

અંગ ઉપાંગ જે થિર નહીં રે, નામ અથિર તે દીઠો લાલ!
નાભિ હેઠે અશુભાકૃતિ રે, દુર્ભગલોક અનિઠો લાલ! લા૦ ૪

ન ગમે જે સ્વર લોકમાં રે, દુઃસ્વર ખેદનું ધામો લાલ!
સાચું લોકને નવિ ગમે રે, વચન અનાદેય નામો લાલ! લા૦ ૫

અપજસ નામથી નિંદતા રે, ખેદવિના લોક અનેકો લાલ!
**શ્રી શુભવીરને** નવિ હોવેરે, એ દશમાંહેની એકો લાલ! લા૦ ૬

**કાવ્યમ:**–જિનપતે૦ ૧ સહજકર્મ૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ સ્થાવરદશકનિવારણાય ચન્દનં ય૦ સ્વાહા.
સ્થાવરદશકનિવારણાર્થં દ્વિતીય ચન્દન પૂજા સંપૂર્ણ.

---

## તૃતીય પુષ્પપૂજા

### દોહા.

એ દશ પયડિ પાપની, પાપે બંધ કરંત;
ત્રસ દશ પામે જીવડો, જિમ અંશે પુણ્યવંત. ૧

### ઢાળ ત્રીજી.

રહો રહો રે જાદવ દો ઘડિયાં-એ દેશી.

રહો રહો રે રસભર દો ઘડિયાં, દો ઘડીયાં દિલસે અડિયાં. રહો૦
એ આંકણી.

કુસુમની પૂજા કરી ફળ માગું, પરમાતમ પાઉં પડિયાં; રહો૦
પુણ્ય ઉદય ત્રસ નામ ધરાયો, અબ તુમ વાર નહીં ઘડિયાં. રહો૦ ૧

વિગલેંદ્રિ પંચેદ્રિ કહાયો, પ્રભુ ઓળખાણ હવે પડિયાં; રહો૦
બાદર નામ જે નજરે દેખે, ઉવેખે કેમ નજરે ચડિયાં ? રહો૦ ૨

થઇ પર્યાપ્તો લબ્ધિકરણે, ચરણે આયો ન વિછડિયાં રહો૦
એક તનુ એક જીવ કહાવે, પ્રત્યેકમાં પણ અમે વડિયાં. રહો૦ ૩

દંતાદિક તનુ થિર નામે, તહવી મન અમે થિર કરિયાં; રહો૦
નાભિ ઉપર તનુ શુભ સહુ દેખે, તેણે તુમ હૃદયકમળ ધરિયાં રહો૦ ૪

સરવને વહાલો સુભગથી લાગું, જબ અમ ઘર તુમ પાવડિયાં રહો૦
સુસ્વર સુણતાં લાગે મીઠો, તુજ ગુણ આંબા મંજરિયા રહો૦ ૫

આદેય નામ વચન જગ માને, **શ્રી શુભવીર** મુખે ચડિયાં રહો૦
જસ ગુણ ગાવે લોક બનાવે, તે જસ નામ તે તુમ વડિયાં. રહો૦ ૬

**કાવ્યમ**— સુમનસાં૦-૧ સમયસાર૦-૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ત્રસદશકનિવારણાય પુષ્પાણિ ય૦ સ્વાહા૦

ત્રસદશકનિવારણાર્થં તૃતીય પુષ્પ પૂજા સંપૂર્ણ.

---

## ચતુર્થી ધૂપ પૂજા.

### દોહા.

ધૂપે જિનવર પૂજીયે, પ્રત્યેક દાહનહાર;
પયડિ ન જાયે મૂળથી, જબ લગે એ સંસાર.

### ઢાળ ચોથી.

વીર જિણંદ જગત ઉપકારી—એ દેશી.

આજ ગઇ મન કેરી શંકા, જબ તુમ દર્શન દીઠજી;
દૂર ગઇ લોકસંજ્ઞા છારી, આગમ અમીય તે મીઠજી. આજ૦ ૧

ગુરુ લઘુ અંગે એક ન હોવે, અગુરુલઘુ તે જાણજી;
સાસ ઉસાસ લીએ પજ્જત્તો, શ્વાસોશ્વાસ પ્રમાણજી. આજ૦ ૨

લંબગાત્ર મુખમાં પડજીભી, પયડિ ઉદય ઉપઘાતજી;
બળિયો પણ નવિ સુખપર આવે, નામ ઉદય પરાઘાતજી. આજ૦ ૩

તાપ કરે રવિબિંબ જે જીવા, આતપ નામ કહાયજી
અંગ ઉપાંગ સુતાર પુતલિયાં, નિર્માણ ઘાટ ઘડાયજી. આજ૦ ૪

વૈક્રિય સુર ખજુઓ શશિબિંબે, તાપ વિના પરકાશજી;
ઉદ્યોત નામ કરમ મેં જાણ્યું, આગમ નયન ઉજાશજી. આજ૦ ૫

કેવલ ઉપજે ત્રિભુવન પૂજે, વર અતિશય ગંભીરજી;
જિનનામ ઉદયે સમવસરણમાં, બેઠા **શ્રી શુભવીરજી.** આજ૦ ૬

**કાવ્યમ્** અગરુ મુખ્ય૦ ૧ નિજગુણા૦ ૨

**મન્ત્ર :-**

ૐ હ્રીં શ્રીં પરમ૦ પ્રત્યેકાષ્ટકપ્રકૃતિનિવારણાય **ધૂપં** ય૦ સ્વાહા.

પ્રત્યેકાષ્ટકપ્રકૃતિનિવારણાર્થં ચતુર્થી ધૂપપૂજા સંપૂર્ણ.

---

## પંચમી દીપક પૂજા.

### દોહા.

વીશ કોડાકોડી સાગરુ, મૂળ ગુરુ થિતિ બંધાય;
ઉત્તરપયડિ નિહાળવા, દીપક પૂજા રચાય. ૧

### ઢાળ પાંચમી.

સાહિબા મોતીડો હમારો—એ દેશી.

દીપકપૂજા જ્યોતિ જગાવું, ઉત્તરપયડિ તિમિર હરાવું;
સાહિબ ! તેં થિતિબંધ ખપાવ્યો, સેવકનો હવે લાગ તે ફાવ્યો;
સાહિબા ! સંસાર અટારો, મોહના ! મુજ તારો. એ આંકણી. ૧

સુહુમ વિગલતિગ બંધ અઢાર, મણુઅદુગે પન્નર અવધાર;
સંઘયણાગિઇ જુગલ કરીશ, દશ ઉપર દુગ વુઢ્ઢી વીશ. સા૦ ૨

સુરભિ મધુર શીત શુભ ચઉફાસા, થિર છ સુગઇ સુરદુગ દશ ખાસા;
પીતામ્લે વળી રક્ત કષાયે, નીલ કટુક વળી કૃષ્ણ તીખાયે. સા૦ ૩

સાડાબાર પન્નર ચુગ એકે, સાડા સત્તર વીશ હવિયે વિવેક;
વૈક્રી નિરય તિરિ ઉરલ દુગકા, તેમ પણ અથિર છ તસ સાસ
ચઉક્કા. સા૦ ૪

થાવર કુખગઇ જાતિ પણિંદી, પાપ ફરસ દુરગંધ એગિંદી;
છત્તીસ પયડિને વીશશું જોડી, સઘળે સાગર કોડાકોડી. સા૦ ૫

આહારકદુગ જિનનામ કરંતો, સાગર એક કોડાકોડી અંતો;
જો જિનનામ નિકાચિત કીજે, તો **શુભવીર** હુઆ ભવ ત્રીજે.
સાહિબ ! તેં થિતિબંધ ખપાવ્યો. ૬

**કાવ્યમ**—ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨

**મન્ત્ર**-ૐ હ્રીં શ્રીં પરમ૦ સ્થિતિબન્ધનિવારણાય દીપં ય૦ સ્વાહા.

નામ કર્મ સ્થિતિબન્ધનિવારણાર્થં પંચમી દીપક પૂજા સંપૂર્ણ.

---

## ષષ્ઠી અક્ષત પૂજા.

### દોહા.

વન્ન ચઉ તેઅ કમ્મણ, અગરુલઘુ નિમાણ;
ઉપઘાત નવ ધ્રુવબંધિ છે, અડવન્ન અધ્રુવા જાણ. ૨

## ઢાળ છઠ્ઠી.

ત્રીજે ભવ વર થાનક તપ કરી—એ દેશી.

અક્ષતપૂજા જિનની કરતાં, નામકરમ ક્ષય જાવે;
નામની સરવ અઘાતિ પયડિયાં, વરતે નિજ નિજ ભાવે રે;
પ્રાણી ! અરૂપી ગુણ નિપજાવો; પૂજ્યની પૂજા રચાવો રે;
પ્રાણી ! ૦ એ આંકણી૦ ૧

થાવર ચઉ આતાપ છેવટ્ઠું, હુંડ નિરયદુગ જાણું;
ઇગ દુતિ ચઉજાતિ જીવ બાંધે, પામી પ્રથમ ગુણઠાણું રે. પ્રાણી૦ ૨

મજ્ઝાગિઈ સંઘયણ તિરિ દુગ, દોહુગ તિગ ઉદ્યોત;
અશુભવિહાયોગતિ સાસ્વાદન, બંધ કહે ભગવંત રે. પ્રાણી૦ ૩

મણુઅ ઉરલદુગ ધૂર સંઘયણ, ચોથે બંધ કહાવે;
અજસ અથિર દુગ છઠ્ઠે બંધે, દશમે જસ બંધાવે રે. પ્રાણી૦ ૪

અગુરુલઘુ ચઉ જિન નિરમાણ, સુરદુગ સુરગઇ કહિયે;
તસ નવ ઉરલ વિણુ તણુવંગા, વર્ણાદિક ચઉ લહિયે રે. પ્રાણી૦ ૫

સમચઉરંસ પણિંદી જાતિ, બાંધે અડ ગુણઠાણે;
બંધહેતુ **શુભવીર** ખપાવે, ઉજ્જવલ ધ્યાનને ટાણે રે. પ્રાણી૦ ૬

**કાવ્યમ્**—ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ નામકર્મબન્ધનિવારણાય અક્ષતં
ય૦ સ્વાહા.

નામકર્મબન્ધનિવારણાર્થં ષષ્ઠી અક્ષત પૂજા સંપૂર્ણ.

## સપ્તમી નૈવેદ્ય પૂજા

ચઉવન્ના તેઅ કમ્મણ, નિમિત્ત અથિર થિર દોય;
અગુરુલઘુ ઉદયિની, શેષ અધ્રુવ તે જોય. ૧

### ઢાળ સાતમી.

દેખો ગતિ દૈવની રે—એ દેશી.

નૈવેદ્યપૂજા ભાવિયે રે, પુદ્‌ગલ આહાર ગ્રહંત;
ભાગ અસંખે આહારતા રે, નિર્જરે ભાગ અનંત;
જગતગુરુ આપજો રે, આપજો પદ આણાહાર, જ૦ ૧
એ આંકણી.

એહ રીતે દૂરે હુવે રે, નામ ઉદય જબ જાય;
સહુમતિગાયવ ધુર ગુણે રે, ઉદય કહે જિનરાય. જ૦ ૨

બીજે વિગલ ઇગ થાવરુ રે, ચોથે અણાઇજ્જ દોય;
પૂવ્વી દુહગ વૈક્રીદુગે રે, દેવ નિરયગતિ જોય. જ૦ ૩

તિરિગઇ ઉદ્યોત પાંચમે રે, છઠ્ઠે આહારક દોય;
ચરમ સંહનનતિગ સાતમે રે, ઋષભદુગ ઉપશમ હોય. જ૦ ૪

ઉરલ થિર ખગઇ દુગા રે, પત્તેયતિગ છ સંઠાણ;
તેઅ–કમ્મ ધુર સંઘયણને રે, અગુરુલઘુ ચઉ જાણ. જ૦ ૫

દુસર સુસર ચઉવન્ના રે, નિર્માણ ઉદય સયોગી;
સુભગાઇજ્જ જસ તસ તિગો રે, નરગઇ પણિંદી અયોગી, જ૦ ૬

જો જિનનામ ઉદય હુવે રે, તો તીર્થંકર લીધ;
યોગનિરોધ કરી હુઆ રે, શ્રી **શુભવીર** તે સિદ્ધ. જગત૦ ૭

**કાવ્યમ્-અનશન ૦ ૧ કુમતબોધ૦ ૨**

**મન્ત્રઃ-ॐ હ્રીં શ્રીં પરમ૦ નામકર્મ-ઉદયાવિચ્છેદનાય**

નૈવેદ્ય ય૦ સ્વાહા.

નામકર્મઉદયવિચ્છેદનાર્થં સપ્તમી નૈવેદ્ય પૂજા સંપૂર્ણ.

---

## અષ્ટમી ફલ પૂજા.

### દોહા.

આહારક સગ જિણ નરદુગં, વૈક્રિયની અગિયાર;
એ અધ્રુવ સત્તા કહી, બીજી ધ્રુવ સંસાર. ૧

### ઢાળ આઠમી.

પ્રભાતે ઉઠીને માતા મુખડું જોવે-એ દેશી.

આવી રૂડી ભગતિ મેં પહેલા ન જાણી;
પહેલાં ન જાણી રે સ્વામિ ! પહેલાં ન જાણી;
સંસારની માયામાં મેં, વલોવ્યું પાણી. આવી૦ એ આંકણી,

કલ્પતરુનાં ફળ લાવીને જે, જિનવર પૂજે;
કાલ અનાદિ કર્મ તે સંચિત, સત્તાથી ધ્રૂજે. આવી૦ ૧

થાવર તિરિ તિરયાયવ એ દુગ, ઇગ વિગલા લીજે;
સાધારણ નવમે ગુણઠાણે, ધુરભાગે છીજે. આવી૦ ૨

કેવળ પામી શિવગતિ ગામી, શૈલેશી ટાણે;
ચરમ સમય દો માંહિ સ્વામિ, અંતિમ ગુણઠાણે. આવી૦ ૩

આઠી નામ કરમની પયડિ, સઘળી તિહાં જાવે;
અજરામર નિષ્કલંક સ્વરુપે, નિષ્કર્મા થાવે. આવી૦ ૪

તે સિદ્ધકેરી પડિમા પૂજે, સિદ્ધમયી હોવે;
નાઇ ધોઇ નિર્મળ ચિત્તે; આરીસો જોવે. આવી૦ ૫

કર્મસૂદન તપ કેરી પૂજા, ફળ તે નર પાવે;
શ્રી **શુભવીર** સ્વરુપ વિલોકી, શિવવહૂ ઘર આવે. આવી૦ ૬

**કાવ્યમ્**-શિવતરો૦ ૧ સમરસૈ૦ ૨

**મન્ત્ર**-ૐ હ્રીં શ્રીં પરમ૦ નામકર્મસત્તાવિચ્છેદનાય ફલાનિ ય૦ સ્વાહા.

**કળશ**-ગાયો ગાયો રે **મહાવીર**૦ પૃષ્ઠ ૧૮૨ પરથી.

નામકર્મસત્તાવિચ્છેદનાર્થં અષ્ટમી ફલ પૂજા સંપૂર્ણ.

ષષ્ઠે દિવસેઽધ્યાપનીયં નામકર્મનિવારણાર્થં ષષ્ઠં પૂજાષ્ટકં સંપૂર્ણમ્.

---

# સપ્તમે દિવસેઽધ્યાપનીયં ગોત્રકર્મસૂદનાર્થં સપ્તમં પૂજાષ્ટકમ્.

## આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ :—

૧ સાકરનું પાણી; ૨ ચંદન-કેસર, ૩ વિવિધ ફૂલ, ૪ અગરબત્તી ધૂપ, ૫ બે દીવેટનો દીપ, ૬ ગોધુમ-અક્ષત, ૭ નૈવેદ્ય, ૮ ફળ.

## પ્રથમ જલ પૂજા.

### દોહા.

ગોત્ર કરમ હવે સાતમું, વ્યાપ્યું ઇણે સંસાર;
ગોત્ર કરમ છેદ્યા વિના, નવિ પામે ભવ પાર. ૧

ચક્રદંડ સંયોગથી, ઘડતો ઘટ કુંભાર;
ઘી ભરિયો ઘટ એકમેં, બીજે મદિરા છાર. ૨

ઉંચ નીચ ગોત્રે કરી, ભરિયો આ સંસાર;
કર્મદહન કરવા ભણી, પૂજા અષ્ટ પ્રકાર. ૩

રાગ એલૈયો–બિલાવલ.

મેં કીનો નહીં, પ્રભુ વિના ઓરશું રાગ—એ દેશી

કેશર વાસિત કનક કળશશું, જળ પૂજા અભિષેક;
સમકિતરંગે સદ્‌ગુરુ સંગે, ધરતો વિનય વિવેક.

મેં કીનો સહી, યા રીત ગોતકો બંધ, યા રીત ગોતકો બંધ.
મેં કી૦ યા૦ એ આંકણી. ૧

બહુશ્રુત ભક્તિ કરંતાં સઘળા, પૂજ્ય યુગપરધાન;
ગીતારથ એકાકી રહેતાં, પામે જગ બહુમાન. મેં કી૦ ૨

અજ્ઞાની ટોળે પણ ભોળે, બોળે પત્થર નાવ;
આલોયણ દેતો ભદ્રકને, પામે વિરાધક ભાવ. મેં કી૦ ૩

**બૌદ્ધગુરુને** બાણે હણતો, પગ અણફરસી **રાય;**
અજ્ઞાની મુન ઉગ્રાવહારી, બાજીગરને ન્યાય. મેં કી૦ ૪

**મંડુઆ** શ્રાવકને કહે સ્વામિ, હોયે જિનધર્મ આશાત;
અણુજાણ્યે શ્રુતઅર્થ વદંતા, સાચી ગુરુગમ વાત. મેં કી૦ ૫

જ્ઞાની ગુરુની સેવા કરતાં, આરાધે જિન ધર્મ;
અણુવ્રત ધરતો તપ અનુસરતો, નિર્મળ ગુણગ્રહે ધર્મ. મેં કી૦ ૬

ભણે ભણાવે વળી જિનઆગમ, આશાતન વરજંત;
શ્રી **શુભવીર** જિનેશ્વરભકતે, ઉત્તમ ગોત્ર બાંધંત. મેં કી૦ ૭

**કાવ્યં**-તીર્થોદકૈઃ૦ ૧ સુરનદી૦ ૧ જનમનો૦ ૩

**મન્ત્ર**: ૐ હ્રીં શ્રીં પરમ૦ ગોત્રબન્ધનિવારણાય જલં
ય૦ સ્વાહા૦

ગોત્રબન્ધનિવારણાર્થં પ્રથમ જલ પૂજા સંપૂર્ણ.

---

## દ્વિતીય ચન્દન પૂજા.

### દોહા

જ્ઞાનાદિક ગુણ નવિ હણે, બંધ ઉદયમેં કોય;
તિણે અઘાતી તે કહી, ગોત્રની પયડિ હોય. ૧

### ઢાળ બીજી.

પ્રતિમા લોપે પાપિયા, યોગવહન ઉપધાન જિનજી-એ દેશી.

જિન તનુ ચંદન પૂજતાં ઉત્તમકુળ અવતાર; જિનજી૦
ગોત્રવડે પ્રાણી વડો, માન લહે સંસાર. જિનજી!
તું સુખીયો સંસારમાં ૧.

ઉત્તમકુળના ઉપન્યા, સૂત્રે કહ્યા અણગાર; જિનજી !
વાચક સૂરિપદવી લહે, ઉચ્ચગોત્ર અવતાર. જિનજી ! તું૦ ૨

ઉગ્રભોગ વળી રાજવી, હરિવંશે જિનદેવ; જિનજી !
વાસવકલ્પે આરતા, ચક્રી હરિ બળદેવ. જિનજી ! તું૦ ૩

નીચગોત્ર થાવરસમા, મણિ હીરો ઝલકંત; જિનજી !
ગંગા ક્ષીરસમુદ્રનાં, યમુના જળ વહંત. જિનજી ! તું૦ ૪

કલ્પતરુ સહકારનાં, કેતકી પત્રને ફૂલ; જિનજી !
મંગળ કારણ શિર ધરે, મંદ પવન અનુકૂળ. જિનજી ! તું૦ ૫

એમ સંસારે પ્રાણિયા, ઉત્તમ ગોત્ર વિશેષ; જિનજી !
માન લહે **મઘવા** વળી, **બાહુબળી ભરતેશ.** જિનજી ! તું૦ ૬

ધર્મરયણની યોગ્યતા, ઉચ્ચગોત્ર કહાય; જિનજી !
**શ્રી શુભવીર** જિનેશ્વરુ, **સિદ્ધારથકુળ** જાય. જિનજી ! તું૦ ૭

**કાવ્યમ્**-જિનપતે૦ ૧ સહજકર્મ૦ ૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ ઉચ્ચૈર્ગોત્રાતીતાય ચન્દનં ય૦ સ્વાહા૦

ઉચ્ચૈર્ગોત્રસ્થિતિવિચ્છેદનાર્થં દ્વિતીય પુષ્પ પૂજા સંપૂર્ણ.

---

## તૃતીય પુષ્પ પૂજા

### દોહા.

જિનવર ફૂલે પૂજતાં, ઉંચગોત્ર બંધાય;
ઉત્તમકુળમાં અવતરી, કર્મરહિત તે થાય. ૧

## ઢાળ ત્રીજી.

સુણ ગોવાલણી ગોરસડાં-એ દેશી.

સુણ દયાનિધિ! ઉત્તમકુળ અવતરતાં પાર ન આવ્યો;
સદ્દગુરુ મળ્યે, તુમ આગમ અજવાળે મુજ સમજાવ્યો- એ આંકણી.

સમકિતસંયુત વ્રત આચરતાં, જિનપૂજા ફૂલપગર ભરતાં;
શ્રાવક મુનિ દશમું ગુણ ધરતાં, ઉચગોત્ર તણો બંધજ કરતાં. સુ૰ ૧

તુમે સત્તા ઉદયે અનુભવિયો, શૈલેશીકરણ કરી ખવિયો;
તે રસ ચખવી મુજ હેલવિયો, એક ખામી જે નવિ ભેળવિયો. સુ૰ ૨

એક સમયે એક બંધાયે; તેણે અધ્રુવબંધી થાયે;
સત્તોદય અધ્રુવ કહેવાયે, સુખિયા થઇએ જબ એ જાયે. સુ૰ ૩

લઘુબંધે અડ મુહૂરત કરિયો, ઉંચગોત્રે ગુરુ હિઇ આચરિયો;
દશ કોડાકોડી સાગરિયો, દશમેં વરસે ભોગવી ફરિયો. સુ૰ ૪

હવે મેં તુજ આણા શિર ધરિયો, થઇ અંત કોડાકોડી સાગરિયો;
મોટો દરિયો પણ મેં તરિયો, **શુભવીર પ્રભુ** સેવન ફળિયો. સ૰ ૫

**કાવ્યમ્** સુમનસા૦ ૧ સમયસાર૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ ઉચ્ચૈર્ગોત્રસ્થિતિ વિચ્છેદનાય પુષ્પાણિ
ય૦ સ્વાહા.

ઉચ્ચૈર્ગોત્રસ્થિતિવિચ્છેદનાર્થં તૃતીય પુષ્પ પૂજા સંપૂર્ણ.

# ચતુર્થી ધૂપ પૂજા.

## દોહા.

પયડિ દોય અઘાતિની, ગોત્ર કરમની એહ;
નીચગોત્ર કારણ કહું, જે અનુભવિયાં તેહ. ૧

## ઢાળ ચોથી.

ગાયો ગૌતમ ગોપી મુણીંદા, રસ વૈરાગ્ય ઘણો આયો-એ દેશી.

જિનવર અંગે પૂજા ધૂપ, ધૂપગતિ ઉંચે ભાવી;
પામી પંચેંદ્રિનાં રૂપ, નીચગતિ મુજ કેમ આવી? ૧

કહીએ કારણ સુણજો દેવ! તુજ આગમરસ નવિ ભાવ્યો;
ન કરી બહુશ્રુત કેરી સેવ, અરૂચિપણું અંતર લાવ્યો. ૨

ભણે ભણાવે મુનિવર જેહ, નિંદા તેહતણી ભાખી;
પરગુણ ઢાંકી અવગુણ લેહ, કુડી વાતતણો સાખી. ૩

વિણ દીઠી અણસાંભળી વાત, લોક વચ્ચે ચલવે પાપી;
ચાડી કરતાં પાડી જાત, વાડી ગુણતણી કાપી. ૪

ગુણ અવગુણ મેં સરિખા કીધ, અરિહાભક્તિ નવિ કીધી;
ઉત્તમ કુળ જાતિ પ્રસિદ્ધ, વાહ્યો મદ ગારવ ગિદ્ધિ. ૫

નીચઠાણ સેવંતા નાથ! બંધે નીચ ગોત્ર કરીયો.
**શ્રી શુભવીરનો** ઝાલ્યો હાથ, સહેજે ભવસાયર તરિયો. ૬

**કાવ્યમ્**-અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨

**મન્ત્ર**-ૐ હ્રીં શ્રીં પરમ૦નીચૈર્ગોત્રબન્ધસ્થાનોચ્છેદનાય ધૂપંય૦સ્વાહા.

નીચૈર્ગોત્રબન્ધસ્થાનોચ્છેદનાર્થં ચતુર્થી ધૂપ પૂજા સંપૂર્ણ.

# પંચમી દીપક પૂજા

## દોહા

કાગપ્રસંગે હંસ નૃપ-બાણુ પ્રાણુ પરિહાર,
**ગંગા**જળ જળધિ મળે, નીચ ઠાણુ સુવિચાર. ૧

## ઢાળ પાંચમી

જુવટું કોઈ રમશો નહીં રે—એ દેશી

ફાનસ દીપક જ્યોતિ ધરી રે, પૂજા રચું મનોહાર;
પ્રભુજી ! નીચ કુળે હવે નહીં રહું રે,
પૂજા અરુચિ ભાવે કરી રે, નીચ કુળે અવતાર. પ્ર૦ ૧

તુજ આગળ નવિ દીપ ધર્યો રે, નાપિક હાથ મશાલ; પ્ર૦
માતંગ જુંગિત જાતિ કહી રે, કાઢે અશુચિ ખાલ. પ્ર૦ ૨

માળી ગોવાળી કોળી તેલી રે, મોચી ને શુચિકાર; પ્ર૦
ત્રણ વનેચર પાપીયો રે, દોય અફાસ વિચાર. પ્ર૦ ૩

વણિમગ માહણુ રાંક કુલીરે. ભિક્ષુક કુળ અવતાર; પ્ર૦
જિનદર્શન નવિ શીશ નમે રે, તે શિર વહેતા ભાર. પ્ર૦ ૪

ગર્દભ જંબૂક નીચ તિરિ રે, કિલ્બિષિયા જે દેવ; પ્ર૦
ઝાડુ દિયે સુર આગળે રે, પરભવ નિંદક ટેવ. પ્ર૦ ૫

જીવ **મરીચિ** કુળમદથી રે, વિપ્ર ત્રિદંડિક થાય; પ્ર૦
**શ્રી શુભવીર** જિનેશ્વરુ રે, **દેવાનંદા** ઘર જાય. પ્રભુજી૦ ૬

**કાવ્યમ**-ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨

મન્ત્રઃ-ૐ હ્રીં શ્રીં પરમ૦ નીચૈર્ગોત્રોદયનિવારણાય દીપં ય૦ સ્વાહા.

નીચૈર્ગોત્રોદયનિવારણાર્થં પંચમી દીપક પૂજા સંપૂર્ણ.

---

## ષષ્ઠી અક્ષત પૂજા.

### દોહા.

નીચકુલોદય જિનમતિ, દૂર થકી દરબાર;
તુજ મુખ દરશન દેખતાં, લોક વડો વ્યવહાર. ૧

### ઢાળ છઠ્ઠી

વંદો વીર જિનેશ્વર રાયા—એ દેશી

અક્ષત પૂજા ગોધૂમ કેરી, નીચૈર્ગોત્ર વિખેરી રે.
તુજ આગમ પૂર સુંદરી શેરી, વક્ર નહીં ભવફેરી રે. અક્ષત૦ ૧

સાસાયણ લગે બંધ કહાવે, પાંચમે ઉદયે લાવે રે;
ગુણઠાણું જબ છઠ્ઠું આવે, ઉદયથી નીચ ખપાવે રે. અ૦ ૨

**હરીકેશી** ચંડાલે જાયા, સંયમધર મુનિરાયા રે;
નીચ ગોત્ર ઉદયેથી પલાયા, ઉંચકુળે શ્રુત ગાયા રે. અ૦ ૩

સમય અયોગી ઉપાંતે આવે, સત્તા નીચ ખપાવે રે;
અધ્રુવબંધી ઉદય કહાવે, ધ્રુવસત્તા તિરિભાવે રે. અ૦ ૪

સાતઇયા દોય ભાગ લઘેરી, જીવવિપાકી વડેરી રે;
વીશ કોડાકોડી સાગર કેરી, એ થિતિબંધ ઘણેરીરે. અ૦ ૫

એ થિતિબંધ કરંતા સ્વામિ ! તુમ સેવા નવિ પામી રે;
**શ્રી શુભવીર** મળ્યા વિસરામી, હવે કેમ રાખું ખામી રે ? અ૦ ૬

**કાવ્યમ્**-ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ નીચૈર્ગોત્રસત્તાસ્થિતિબન્ધનિવારણાય અક્ષતં ય૦ સ્વાહા૦

નીચૈર્ગોત્રસત્તાસ્થિતિબન્ધનિવારણાર્થં ષષ્ઠી અક્ષત પૂજા સંપૂર્ણ.

---

## સપ્તમી નૈવેદ્ય પૂજા

### દોહા.

નૈવેદ્ય પૂજા સાતમી, સાત ગતિ અપમાન;
કરવા વરવા શિવગતિ, વિવિધ જાતિ પકવાન ૧

### ઢાળ સાતમી

રાગ સારંગ-હમ મગન ભયે પ્રભુ ધ્યાન-એ દેશી

મીઠાઇ મેવા જિનપદ ધરતાં, અણાહારી પદ લીજીયે,
જિનરાજની પૂજા કીજિયે;
વિગ્રહગતિમાં વાર અનંતી, પામે પણ નવિ રીઝીયે. જિ૦ ૧

ઉંચ નીચ ગોત્રે તે હોવે, કારણ દૂર કરીજીયે; જિ૦
અરિહા આગે રાગે માગો, સેવકને શિવ દીજીયે. જિ૦ ૨

અગુરુલઘુપદ ગોત્રવિનાશી, પામ્યા બંધન છીજીયે; જિ૦
યોગી વિયોગી રહત અયોગી, ચરમ તિભાગ ઘટીજીયે. જિ૦ ૩

આત્મપ્રદેશમયી અવગાહન, શિવક્ષેત્રે તે રહીજીયે; જિ૦
બત્રીશ અંગુલ લઘુ અવગાહન, ખેત્રસમી ગુરુ લીજીયે. જિ૦ ૪

મસ્તકસમ સઘળે લોકાંતે, ગુરુગમ ભાવ પતીજીયે; જિ૦
અગુરુલઘુ અવગાહન એકે, સિદ્ધ અનંત નમીજીયે. જિ૦ ૫

ફરસિત દેશ પ્રદેશ અસંખહ, ગુણ અનંત ઠવીજિયે; જિ૦
**શ્રી શુભવીર** જિનેશ્વર આગમ, અમૃતનો રસ પીજીયે. જિ૦ ૬

**કાવ્યમ્**-અનશન૦ ૧ કુમતબોધ૦ ૨

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ અગુરુલઘુગુણપ્રાપણાય નૈવેદ્યં ય૦ સ્વાહા.

અગુરુલઘુગુણપ્રાપણાર્થં સપ્તમી નૈવેદ્ય પૂજા સંપૂર્ણ

---

## અષ્ટમી ફલ પૂજા

### દોહા.

ગોત્રકરમ નાશે કરી, સિદ્ધ હુઆ મહારાજ;
ફલપૂજા તેહની કરી, માગો અવિચળ રાજ. ૧

### ઢાળ આઠમી.

કેરબાની દેશી.

મેંબી સેવક તોરા પાયકા, દુનિયાંકે સાંઇ ! મેં બી૦
સેવક હમ કેઈ કાળકા, દુનિયાંકે સાંઇ ! મેંબી૦ એ આંકણી.

સુણિયે દેવાધિદેવા ! ફળપૂજાકી સેવા,
દીજીયે શિવફળ રાજિયે; દુ૦ મે૦

પરિશાટન થઇ, અફૂસમાણુ ગઇ,
જિત્યો જગત કેરી બાજીયે, દુ૦ મેં૦ ૧

ગોત્રકરમ હરી, જ્યોતસેં જ્યોત મળી,
આપ બિરાજો રંગમહેલમેં; દુ૦ મેં૦

સુખ અનંત લહે, સેવક દૂર રહે,
લાજિયે અમો સારા શહેરમેં દુ૦ મેં૦ ૨

સંસારસુખ લીયો, વગ્ગ અનંત કીયો,
તોભી ન એક પ્રદેશમેં. દુ૦ મેં૦

સિધ્ધકો સુખ લીનો, તાકો એકાંશ કીનો,
માવે ન લોકાકાશમેં; દુ૦ મેં૦ ૩

તાકો જો અંસ દેવે, તામેં કયા હાનિ હોવે,
સાહિબ ! ગરીબ નિવાજીયે; દુ૦ મેં૦

મહેર નજર જોવે, સેવક કામ હોવે,
લોક લોકોત્તર છાજીયે દુ૦ મેં૦ ૪

કર્મ કઠિન જડ્યો, સાંચું કે સુખ ચડ્યો,
બાત કરત હમ લાજિયે; દુ૦ મેં

આપહિ તેજે ગાયો, કર્મપડલ છાયો,
ઇતનો અંતર ભાંજિયે. દુ૦ મેં૦ ૫

શ્રેણિક આદે નિવા, ઓબી સાંચુંકી દવા,
જિનપદ લેત બિરાજીયે, દુ૦ મેં૦

સાચી ભગતિ કહી, કારણ યોગ સહી,
કારજ કોડી દિવાજિયે. દુ૦ મેં૦ ૬

કર્મસૂદન તપે, નામ પ્રભુકો જપે,
જાગીયે જ્ઞાન અવાજિયે; દુ૦ મેં૦

કોઇ ન નામ લેવે, સ્વામિ આશિષ દેવે,
**શ્રી શુભવીર** બળે ગાજિયે, દુનિયાં કે સાંઇ ! મેંખી૦ ૭

**કાવ્યમ્**—શિવતરો૦ ૧ શમરસૈ૦ ૨

**મન્ત્ર**:-ૐ હ્રીં શ્રીં પરમ શ્રીગોત્રાતીતાય ફલાનિ ય૦ સ્વાહા.

**કળશ.** ગાયો ગાયો રે **મહાવીર૦** પૃષ્ટ ૧૮૨ ઉપરથી.

ગોત્રાતીતતાર્થં અષ્ટમી ફલ પૂજા સંપૂર્ણ. સપ્તમે દિવસેઽધ્યાપનીયં ગોત્રકર્મસૂદનાર્થં સપ્તમં પૂજાષ્ટક સંપૂર્ણમ.

---

## અષ્ટમે દિવસેઽધ્યાપનીયં અન્તરાયકર્મ સૂદનાર્થં અષ્ટમં પૂજાષ્ટકમ્

### આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ—

૧ પંચામૃત જળ, ૨ કેસર, ૩ માલતી, જાઇનાં ફૂલ, ૪ અષ્ટાંગ ધૂપ, ૫ પાંચ દીવેટનો દીપક, એમજ વળી અહીં એકસો ને અઠ્ઠાવન દીપકની શ્રેણી વંશમાલે ધરવી, ૬ તંદુલનો નંદાવર્ત્ત રકેબીમાં કરવો, ૭ નૈવેદ્ય, ૮ ફળ.

### પ્રથમ જલ પૂજા

**દોહા.**

**શ્રી શંખેશ્વર** શિર ધરી, પ્રણમી શ્રીગુરુ પાય;
વંછિતપદ વરવા ભણી, ટાળીશું અંતરાય. ૧

જેમ રાજા રીઝયો થકો, દેતા દાન અપાર;
ભંડારી ખીજયો થકો, વારંતો તેણી વાર. ૨

તેમ એ કર્મ ઉદયથકી, સંસારી કહેવાય;
ધર્મ કર્મ સાધનભણી, વિઘન કરે અંતરાય. ૩

અરિહાને અવલંબિને, તરિયે ઇણે સંસાર,
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટપ્રકાર. ૪

## ઢાળ પહેલી.

આંબાના વડલા હેઠે ભર્યાં રે, સરોવર લહેરો લે છે રે,—એ દેશી.

જળપૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે;
કહેતાં નવિ આણો લાજ, કર જોડીને આગળ રહો રે. જળ૦ ૧

જિનપૂજાનો અંતરાય, આગમ લોપી નિંદા ભજી રે;
વિપરીત પ્રરૂપણા થાય, દીનતણી કરુણા તજી રે. જળ૦ ૨

તપસી ન નમ્યા અણગાર, જીવતણી મેં હિંસા સજી રે;
નવિ મળિયો આ સંસાર, તુમ સરિખો રે શ્રી નાથજી રે. જળ૦ ૩

રાંક ઉપર કીધો કોપ, માઠાં કર્મ પ્રકાશિયાં રે;
ધરમ મારગનો લોપ, પરમારથ કેતાં હાંસિયા રે. જળ૦ ૪

ભણતાંને કર્યો અંતરાય, દાન દીયંતાં મેં વારિયાં રે;
ગીતારથને હેલાય, જૂઠ બોલી ધન ચોરીયાં રે. જળ૦ ૫

નર પશુઆ બાળક દીન, ભૂખ્યાં રાખી આપે જમ્યો રે;
ધર્મવેળાયે બળહીન, પરદારાશું રંગે રમ્યો રે. જળ૦ ૬

કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને ઓળવી રે;
વેચ્યાં પરદેશ મોઝાર, બાળ કુમારિકા ભોળવી રે. જળ૦ ૭

પંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે;
અંતરાયકરમ એમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે. જળ૦ ૮

જળે પૂજંતી **દ્વિજનાર, સોમેસરી** મુગતિ વરી રે;
**શુભવીર** જગત આધાર, આણા મેં પણ શિર ધરી રે. જળ૦ ૯

**કાવ્યમ્**—તીર્થોદકૈઃ૦ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩

**મન્ત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમ૦ વિઘ્નસ્થાનકોચ્છેદનાય જલં ય૦ સ્વાહા

વિઘ્નસ્થાનકોચ્છેદનાર્થં પ્રથમ જલ પૂજા સંપૂર્ણ.

---

## દ્વિતીય ચંદન પૂજા

### દોહા.

શીતળગુણ જેમાં રહ્યો, શીતળ પ્રભુમુખ રંગ;
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરીહા અંગ. ૧

અંગવિલેપન પૂજના, પૂજો ઘસી ઘનસાર;
ઉત્તરપયડિ પંચમાં, દાન વિઘન 'પરિહાર. ૨

### ઢાળ બીજી.

કરપી ભૂંડો સંસારમાં રે—એ દેશી.

કરપી ભૂંડો સંસારમાં રે, જેમ **કપિલા** નાર;
દાન ન દીધું મુનિરાજનેરે, **શ્રેણિકને** દરબાર. કરપી૦ ૧

કરપી શાસ્ત્ર ન સાંભળેરે, તેણે નવિ પામે ધર્મ;
ધર્મવિના પશુ પ્રાણીયોરે, છંડે નહીં કુકર્મ. ક૦ ૨

દાનતણા અંતરાયથી રે, દાનતણો પરિણામ;
નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ. ક૦ ૩

કૃપણતા અતિ સાંભળી રે, નાવે ઘર અણગાર;
વિશ્વાસી ઘર આવતાં રે, કલ્પે મુનિ આચાર. ક૦ ૪

કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર;
અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડૂર. ક૦ ૫

કલ્પતરુ કનકાચલે રે, નવિ કરતાં ઉપકાર;
તેથી મરુધર રૂડો કેરડોરે, પંથક છાય લગાર. ક૦ ૬

ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષય ઉપશમ અંતરાય;
જિમ **જયસૂરને શુભમતિ રે,** ક્ષાયિક ગુણ પ્રગટાય. ક૦ ૭

શ્રાવક દાન ગુણે કરા રે, **તુંગિયા** અભંગ દુવાર;
**શ્રીશુભવીરે** વખાણીયા રે, **પંચમ અંગ** મઝાર ક૦ ૮

**કાવ્યમ**—જિનપતે૦ ૧ સહજકર્મ૦ ૨

**મન્ત્રઃ**

ॐ હ્રીં શ્રીં પરમ૦ દાનાન્તરાયનિવારણાય ચંદનં ય૦ સ્વાહા
દાનાન્તરાયનિવારણાર્થં દ્વિતીય ચંદન પૂજા સંપૂર્ણ.

---

## તૃતીય પુષ્પ પૂજા.

### દોહા

હવે ત્રીજી સુમનસ તણી, સુમનસ કરણ સ્વભાવ;
ભાવ સુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ. ૧

માલતી ફૂલે પૂજતી, લાભ વિઘન કરી હાણુ.
વણિકસુતા **લીલાવતી**, પામી પદ નિરવાણુ. ૨

## ઢાળ ત્રીજી

ઓરા ઓરાજી આવો રે, કહું એક વાતલડી—એ દેશી.

મનમંદિર આવો રે, કહું એક વાતલડી;
અજ્ઞાનીની સંગે રે, રમિયો રાતલડી. મન૦ ૧

વ્યાપાર કરેવા રે, દેશ વિદેશ ચલે;
પરસેવા હેવા રે, કોડી ન એક મળે. મન૦ ૨

**રાજગૃહી** નયરે રે, **દ્રમક** એક ફરે;
ભિક્ષાચર વૃત્તિયે રે, દુઃખે પેટ ભરે. મન૦ ૩

લાભાંતરાયે રે, લોક ન તાસ દીયે;
શિલા પાડંતો રે, પહોતો સાતમીયે. મન૦ ૪

**ઢંઢણ** અણગારો રે, ગોચરી નિત્ય ફરે;
પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે. મન૦ ૫

**આદીશ્વર સાહેબ** રે, **સંયમભાવ** ધરે;
વરસીતપ પારણું રે, **શ્રેયાંસરાય** ઘરે. મન૦ ૬

મિથ્યાત્વે વાહ્યો રે, આરતધ્યાન કરે;
તુજ આગમ વાણી રે, સમકિતી ચિત્ત ધરે. મન૦ ૭

જેમ **પૂણીયો શ્રાવક** રે, સંતોષ ભાવ ધરી;
નિત્ય જિનવર પૂજે રે, ફૂલપગર ભરી. મન૦ ૮

સંસાર ભમતાં રે, હું પણ આવી મળ્યો;
અંતરાય નિવારક રે, **શ્રીશુભવીર** મળ્યો. મન૦ ૯

**કાવ્યમ.** સુમનસાં૦ ૧ સમયસાર૦ ૨

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ લાભાન્તરાયોચ્છેદનાય પુષ્પાણિ યં૦ સ્વાહા.

લાભાન્તરાયોચ્છેદનાર્થં તૃતીય પુષ્પ પૂજા સંપૂર્ણમ.

---

## ચતુર્થી ધૂપ પૂજા.

### દોહા.

કર્મ કઠિન કઠ દાહવા, ધ્યાન હુતાશન યોગ;
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ. ૧

એકવાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક;
અશન પાન વિલેપને, ભોગ કહે જિન છેક. ૨

### ઢાળ ચોથી.

રાગ આશાવરી-છેડો નાંજી—એ દેશી.

બાજી બાજી બાજી, ભૂલ્યો બાજી;
ભોગ વિઘન ઘન ગાજી, ભૂલ્યો૦ આગમજ્યોત ન તાજી, ભૂલ્યો૦
કર્મ કુટિલવશ કાજી, ભૂલ્યો૦ સાહિબ ! સુણ થઇ રાજી. ભૂલ્યો૦
એ આંકણી

કાળ અનાદિ ચેતન રઝળે, એકે વાત ન સાજી;
મયણા ભઇણી ન રહે છાની, મળિયા માત પિતાજી. ભૂલ્યો૦ ૧

અંતરાય થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી;
કૂપની છાયા કૂપ સમાવે, ઇચ્છા તેમ સવિ ભાંજી. ભૂલ્યો૦ ૨

નૈગમ એક નારી ધૂતી પણ, ઘેવર ભુખ ન ભાગી;
જમી જમાઇ પાછો વળીયો, જ્ઞાનદશા તવ જાગી. ભૂલ્યો૦ ૩

કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફળ આવે;
રોગી પરવશ અન્ન અરુચિ, ઉત્તમ ધાન ન ભાવે. ભૂલ્યો૦ ૪

ક્ષાયિકભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાળા;
**વીર** કહે ભવ સાતમેં સિદ્ધા, **વિનયંધર** ભૂપાળા. ભૂલ્યો૦ ૫

**કાવ્યમ્**—અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ ભોગાન્તરાયદાહનાય ધૂપં ય૦ સ્વાહા૦

ભોગાન્તરાયદહનાર્થં ચતુર્થી ધૂપ પૂજા સંપૂર્ણમ્

---

## પંચમી દીપક પૂજા.

### દોહા.

ઉપભોગ વિઘન પતંગિયો પડત જગત્ જ્યું જ્યોત,
**ત્રિશલાનંદન** આગળે, દીપકનો ઉદ્યોત. ૧

ભોગવી વસ્તુ ભોગવે, તે કહિયે ઉપભોગ;
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ. ૨

### ઢાળ પાંચમી.

રાગ કાફી—અરનાથકું સદા મોરી વંદના—એ દેશી.

જિનરાજકું સદા મોરી વંદના, વંદના વંદના વંદના રે
જિનરાજકું સદા૦ એ આંકણી.

ઉપભોગ અંતરાય હઠાવી, ભોગીપદ મહાનંદના રે; જિ૦
અંતરાય ઉદયે સંસારી, નિર્ધનને પરછંદના રે. જિ૦ ૧

દેશ વિદેશે ઘર ઘર સેવા, **ભીમસેન** નરીંદના રે; જિ૦
સુણિય **વિપાક** સુખી **ગિરનારે**, હેલક તેહ મુણીંદના રે. જિ૦ ૨

બાવીશ વરસ વિયોગે રહેતી, **પવનપ્રિયા** સતી **અંજના** રે; જિ૦
**નળ દમયંતી** સતી **સીતાજી**, ષટ્‌માસી આક્રંદના રે. જિ૦ ૩

મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદના રે; જિ૦
**શ્રેણિક** દેખે પાઉસ નિશિયે, **મમ્મણશેઠ** વિટંબના રે. જિ૦ ૪

એમ સંસાર વિડંબન દેખી, ચાહું ચરણ જિનચંદના રે; જિ૦
ચકવી ચાહે ચિત્ત તિમિરારિ. ભોગીભમર અરવિંદના રે. જિ૦ ૫
**જિનમતિ ધનસિરિ** દો **સાહેલી**, દીપક પૂજ અખંડના રે; જિ૦
શિવ પામી તેમ ભવિ પદ પૂજો, શ્રી **શુભવીર**જિણંદનારે. જિ૦ ૬

**કાવ્યમ્**-ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ તુર્યવિઘ્નોચ્છેદનાય દીપં ય૦ સ્વાહા૦

તુર્યવિઘ્નોચ્છેદનાર્થં પંચમી દીપ પૂજા સંપુર્ણ.

---

## અષ્ઠી અક્ષત પૂજા

### દોહા

વીર્ય વિઘન ઘન પડલસે, અવરાણું રવિ તેજ;
કાળ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આત્મ સતેજ. ૧

અક્ષત શુદ્ધ અખંડશું, નંદાવર્ત્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણીયે જગત દયાળ. ૨

## ઢાળ છઠ્ઠી

સફળ ભઈ મેરી આજુકી ઘરિયાં—એ દેશી.

જિણંદા પ્યારા ! મુણીંદા પ્યારા ! દેખોરી જિણંદા ભગવાન !
દેખોરી જિણંદા પ્યારા ! એ આંકણી.

ચરમ પયડિકો મૂલ વિખરીયાં, ચમર તીરથ સુલતાન; દે૦
દર્શન દેખત મગન ભયે હે, માગત ક્ષાયિક દાન. દે૦ ૧

પંચ વિઘ્નકો ખય ઉપશમસેં, હોવત હમ નહીં લીન; દે૦
પાગલ બળહીણા દુનિયામેં, **વીરો સાલવી** દીન. દે૦ ૨

**હરિબળ** ચક્રી શક્ર જ્યું બળી એ, નિર્બળકુળ અવતાર; દે૦
**બાહુબળી** બળ અક્ષય કીનો, ધન ધન **વાલીકુમાર.** દે૦ ૩

સફળ ભયો નર જન્મ હમેરો, દેખત જિન દેદાર; દે૦
લોહચમક જ્યું ભગતિસેં હલિયે, પારસ સાંઇ વિચાર. દે૦ ૪

**કીરયુગલ** વ્રીહિ ચંચુમેં ધરતે, જિન પૂજત ભએ દેવ; દે૦
અક્ષતસે અક્ષયપદ દેવે, **શ્રી શુભવીરકી** સેવ. દેખોરી. ૫

**કાવ્યમ્**-ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨

**મન્ત્રઃ**

ૐ હ્રીં શ્રીં પરમ૦ વીર્યાન્તરાયદાહનાય અક્ષતાન્ ય૦ સ્વાહા.

વીર્યન્તરાયદહનાર્થં ષષ્ટી—અક્ષત પુજા સંપૂર્ણ

---

# સપ્તમી નૈવેદ્ય પૂજા.

## દોહા

નિર્વેદ્દી આગળ ધરો, શુચિ નૈવેદ્યનો થાળ,
વિવિધજાતિ પકવાન્નશું, શાળી અમૂલક દાળ. ૧

અણાહારીપદ મેં કર્યાં, વિગ્રહ ગઇઅ અનંત;
દૂર કરો એમ કીજીએ, 'દિઓ અણાહારી' ભદંત. ૨

## ઢાળ સાતમી.

રાગ કાફી–અખિયનમેં ગુલઝારા—એ દેશી.

અખિયનમેં અવિકારા, જિણંદા! તેરી અખિયનમેં આવકારા;
રાગ દ્વેષ પરમાણું નિપાયા, સંસારી સવિકારી, જિ૦
શાંત રુચિ પરમાણું નિપાયા, તુજ મુદ્રા મનોહારા. જિ૦ ૧

દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ ચૈત્ય ઉદારા; જિ૦
પંચ વિઘન ઘન પડલ પલાયા, દીપત કિરણ હજારા. જિ૦ ૨

કર્મ વિનાશી સિદ્ધ સ્વરૂપી, ઇગતીસ ગુણ ઉપચારા; જિ૦
વરણાદિક વીશ દૂર પલાયા, આગઇ પંચ નિવારા. જિ૦ ૩

તીન વેદકા છેદ કરાયા, સંગરહિત સંસારા; જિ૦
અશરીરી ભવબીજ દહાયો, **અંગ** કહે **આચારા.** જિ૦ ૪

અરૂપી પણ રૂપારોપણસે, ઠવણા **અણુયોગદ્વારા;** જિ૦
વિષમકાલ જિન બિંબ જિનાગમ, ભવિયણકું આધારા. જિ૦ ૫

મેવા મિઠાઇ થાળ ભરીને, ષટ્રસ ભોજન સારા; જિ૦
મંગળ તૂર બજાવત આવો, નર નારી કર ધારા. જિ૦ ૬

નૈવેદ્ય ઠવી જિન આગે માગો, **હલિનૃપ** સુર અવતારા; જિ૦
ટાળી અનાદિ આહારવિકારા, સાતમે ભવ અણાહારા. જિ૦ ૭

સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગગઇ સગભય હારા; જિ૦
**શ્રીશુભવીરવિજય** પ્રભુ પ્યારા, જિન આગમ જયકારા. જિ૦ ૮

**કાવ્યમ**—અનશનં૦ ૧ કુમતબોધ૦ ૨

**મન્ત્રઃ**—ૐ હ્રીં શ્રીં પરમ૦ સિદ્ધપદપ્રાપણાય નૈવેદ્યં ય૦ સ્વાહા.

સિદ્ધપદપ્રાપણાર્થં સપ્તમી નૈવેદ્ય પૂજા સંપૂર્ણ.

---

## અષ્ટમી ફલ પૂજા

### દોહા

અષ્ટ કર્મદળ ચૂરવા, આઠમી પૂજા સાર;
પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફલ નિર્ધાર. ૧

ઈંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજી કરી-માગે શિવફળ ત્યાગ. ૨

### ઢાળ આઠમી.

રાગ ધનાશ્રી-ગિરુઆ રે ગુણ તુમ તણા-એ દેશી.

પ્રભુ! તુજ શાસન અતિ ભલું, માને સુરનર રાણો રે;
મિચ્છ-અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાણો રે. પ્ર૦ ૧

આગમ વયણે જાણીયે, કર્મતણી ગતી ખોટી રે;
તીસ કોડાકોડી સાગરુ, અંતરાય થિતિ મોટી રે. પ્ર૦ ૨

ધ્રુવબંધી ઉદયી તથા, "એ પાંચે ધ્રુવ સત્તા રે;
**દેશઘાતિની** એ સહી, પાંચે 'અપરિચત્તા રે. પ્ર૦ ૩

સંપરાય બંધે કહી, સત્તા ઉદયે થાકી રે;
ગુણઠાણું લહી બારમું, નાઠી જીવ વિપાકી રે. પ્ર૦ ૪

જ્ઞાનમહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે;
ફળપૂજા ફળ આપીએ, અમે પણ તેહના આશી રે. પ્ર૦ ૫

**કીરયુગલશું દુર્ગતા, નારી** જેમ શિવ પામી રે;
અમે પણ કરશું તેહવી, ભક્તિ ન રાખું ખામી રે. પ્ર૦ ૬

સાચી ભકતે રિઝવી, સાહિબ દિલમાં ધરશું રે;
ઉત્સવ રંગ વધામણાં, મન વાંછિત સવિ કરશું રે. પ્ર૦ ૭

કર્મસૂદનતપ તરુફળે, જ્ઞાન અમૃતરસ ધારા રે;
શ્રી **શુભવીર**ને આશરે, જગમાં જય **જયકારા** રે. પ્રભુ૦ ૮

## કલશ.

રાગ ધનાશ્રી—તુઠો તુઠો રે, એ દેશી.

ગાયો ગાયો રે, **મહાવીર** જિનેશ્વર ગાયો.

**ત્રિશલામાતા** પુત્ર નગીનો, જગનો 'તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મહા૦ ૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મ **સૂડણ તપ** ગાયો;
**આચારદિનકરે વર્દ્ધમાનસૂરિ**, ભવિ ઉપકાર રચાયો રે. મહા૦ ૨

**પ્રવચનસારોદ્ધાર** કહાવે, **સિદ્ધસેન સૂરિરાયો**;
દિન ચઉસઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયોરે. મહા૦ ૩

ઉજમણાથી તપ ફળ વાધે, ઇમ ભાંખે જિનરાયો;
જ્ઞાન-ગુરુ ઉપકરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મહા૦ ૪

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મહા૦ ૫
**વિજયજિનેંદ્ર સૂરીશ્વરરાજ્યે, તપગચ્છ** કેરો રાયો;
**ખુશાલવિજય માનવિજય** વિબુધના, આગ્રહથી વિચરાયોરે. ૬

**વડઓશવાલ ગુમાનચંદ**સુત, શાસન રાગ સવાયો;
ગુરુભક્તિ **શા ભવાનચંદ** નિત્ય, અનુમોદન ફળ પાયો રે. મહા૦ ૭

**મૃગ બળદેવ** મુનિ **રથકારક**, ત્રણ્ય હુઆ એક ઠાયો,
કરણ કરાવણ ને અનુમોદન, સરીખાં ફળ નીપજાયો રે. મહા૦ ૮

**શ્રી વિજયસિંહ સૂરીશ્વર** કેરા, **સત્યવિજય** બુધ ઠાયો;
**કર્પૂર વિજય** તસ **ખિમાવિજય** જસ, વિજય પરંપર
ધ્યાયો રે. મહા૦ ૯

પંડિત શ્રી **શુભવિજય** સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય **ધીરવિજય** સલૂણા, આગમ રાગ સવાયોરે. મહા૦ ૧૦

તસ લઘુ બાંધવ **રાજનગરમેં**, મિથ્યાત્વ પુંજ જલાયો;
પંડિત **વીરવિજય** કવિ રચના, સંઘ સકળ સુખદાયો રે. મહા૦ ૧૧

પહેલો ઉત્સવ **રાજનગરમેં**, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ **નંદીસર** દેવા, પૂરણ હર્ષ છવાયો રે. મહા૦ ૧૨

**કળશ.**

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી,
તવ મોહ પુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી;

હમ રાજતે જગ ગાજતે, દિન અખય તૃતીયા આજ થેં,
**શુભ વીર** વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વીરાજતે.
૪ ૭ ૮ ૧

[**વિધિ**-પ્રત્યેક દિવસે આઠમી પૂજાને અંતે કળશ ભણીને પછી કાવ્ય અને મંત્ર ભણવો.]

**કાવ્યમ્**-શિવતરો૦ ૧ શમરસૈ૦ ૨

**મન્ત્રઃ—**

ૐ હ્રીં શ્રીં પરમં૦ અષ્ટમકર્મોચ્છેદનાય ફલાનિ ય૦ સ્વાહા.

અષ્ટમકર્મોચ્છેદનાર્થં અષ્ટમી ફલ પુજા સંપૂર્ણમ્

---

અષ્ટમદિનેઽધ્યાપનીયં અંતરાયકર્મસૂદનાર્થં
અષ્ટમં પુજાષ્ટકં સંપૂર્ણમ્.

આઠે કર્મનાં મૂળ ઉચ્છેદવાને માટે **કર્મસૂદન તપ** ચોસઠ દિવસનો છે, તે નીચે પ્રમાણે જાણવો. પ્રત્યેક કર્મ આશ્રયી ઉપવાસથી માંડી આઠ કવલ (કોળિયા) સુધીનું તપ આઠ દિવસ કરવું. ૬૪ દિવસના તપનો મંત્ર નીચે પ્રમાણે છે.

| કર્મની સંખ્યા. ના અંક | જેને આશ્રયીને કર્મસૂદન તપ કરવું, તે કર્મના નામનું કોષ્ટક. | ઉપવાસ. | એકાસણું. | એકસીથ. | એકઠાણું. | એકદત્તિ. | નીવિ. | આયંબિલ. | આઠકવલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય કર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૨ | દર્શનાવરણીય કર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૩ | વેદનીયકર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૪ | મોહનીયકર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૫ | આયુકર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૬ | નામકર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૭ | ગોત્રકર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૮ | અંતરાયકર્મ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |

પંડિત શ્રી વીરવિજયજી કૃત ચોસઠપ્રકારી પૂજા સમાપ્ત.

# વાચનાચાર્ય શ્રી વિજય માણુકસિંહ સૂરિ કૃત
# શ્રી મહાવીર જિન પંચકલ્યાણક પૂજા

## પૂજા-વિધિ

સર્વ વસ્તુ પાંચ પાંચ લાવવી, અષ્ઠ દ્રવ્યથી પાંચ રકેબીઓ ભરવી. એક સ્નાત્રીયો રકેબી લેઇને ઉભો રહે, બીજા કલશ લેઈને ઉભા રહે, પછી પહેલી પૂજાની પાંચ ઢાલો કહી, કાવ્યમંત્ર ભણી, પ્રભુને જલ સ્નાત્ર કરી, ચંદને પૂજી, પુષ્પ ચઢાવી, ધૂપ ઉખેવવો એમ અષ્ટ દ્રવ્યથી પૂજા કરવી. પછી બીજી રકેબી લેવી, એ રીતે પાંચે પૂજાઓ ભણાવવી. ત્રીજી પૂજામાં વરસીદાન વખતે યથાશક્તિ યાચકને દાન આપવું. પૂજા ભણાવ્યા પછી આરતી મંગલદીવો કરવો.

શ્રી મહાવીર જિન પંચકલ્યાણક પૂજા વિધિ સમાપ્ત.

---

## શ્રી મહાવીર જિન પંચકલ્યાણક પૂજા

### દોહા

પરમ ધરમ પૂરણ કલા, પરમાનંદ પ્રકાશ;
પ્રણમું **પંચાસર** પ્રભુ, પુરિસાદાણી **પાસ**. ૧

સમરી શારદ **શારદા**, વંદી ગુરુ ગુણ વાસ;
કલ્યાણક પૂજા રચું, આણી મન ઉલ્લાસ. ૨

શાસન નાયક સાહિબો, **ત્રિશલાનંદન** તાસ;
કલ્યાણક કીર્તન કરી, લહિયે લીલ વિલાસ. ૩

**ચ્યવન જનમ** પાવન **ચરણ**, **કેવલ મોક્ષ** નિવાસ;
પંચ કલ્યાણક પૂજતાં, નિશ્ચે પાતક નાશ. ૪

કલ્યાણ પ્રભુનાં કરી, સર્વ સુરાસુર સાથ;
જિષ્ણુ નંદીશ્વર જઇ, નમી શાશ્વત જિન નાથ. ૫

કલ્યાણક મહિમા તિહાં, આઠ દિવસ અભિરામ;
કરતા પૂરણ કોડથી, લેવા અવિચલ ધામ. ૬

તિણવિધિ તીર્થપતિ તણી, પૂજા અષ્ટ પ્રકાર;
કરી વરી કેવલ રમા, પામો ભવજલ પાર. ૭

ઇગદશ લખ એંસી સહસ, છસ્સેં પીસ્તાલીશ
માસખમણ કરી મુનિપણે, સેવી સ્થાનક વીશ. ૮

નંદન ભવ જિન નામનો, બંધ કરી બલવંત;
પ્રાણત સ્વર્ગ ગયા પ્રભુ, મંજુલ ભાગ્ય મહંત. ૯

વિલસે સાગર વિંશતિ, આયુષ ત્યાં અભિરામ;
અખિલ અમર ગણથી અધિક, રૂપ કાંતિ ગુણ ધામ. ૧૦

શાશ્વત જિનવર સેવતા, સુંદર ભક્તિ સહિત;
સુખ ભોગવતા સ્વર્ગનાં, કરતાં કાલ વ્યતીત. ૧૧

---

## પ્રથમ ચ્યવન કલ્યાણક પૂજા

### દોહા.

વર્ત્તમાન શાસન વિભુ, **વર્દ્ધમાન** ભગવાન;
પરમેષ્ઠિ પ્રભુ પૂજિયે, પ્રથમ ચ્યવન કલ્યાણ. ૧

## ઢાલ પહેલી. રાગ-પીલુ બરવો

મેરે સજ્જનસેં યૂં જા કહના. એ દેશી.

**શાસન નાયક જિનપતિ સેવો, ભવિજન નિર્મલ ભાવ ધરીરે,**
**એ આંકણી.**

જંબૂ દક્ષિણુ ભરતે જાણો, **માહણકુંડ** નગર વર માનો;
'વિપ્ર **રિષભદત્ત** નામ વખાણો.
**દેવનંદા** નામની, તસ ગજગામિની;
કામિની ગુણુ ભરીરે. શાસન૦ ૧

અષાઢ સુદ છઠ રજની અમંદે, ઉત્તરાફાલ્ગુની ઉડુગત ચંદે;
પ્રાણુત પુષ્પોત્તરથી જિણુંદે;
તાસ ઉદર અવતાર, ધર્યો નિરધાર, અનંતર ચ્યવન
કરીરે. શાસન૦ ૨

વારણુ વૃષભ સિંહાદિક વારુ, ચતુરા ચૌદ સુપન જોઇ ચારુ,
પતિ પુર કહત વચન વદી પ્યારુ,
વિપ્ર વદે તવ વાણુ, થશે ગુણ ખાણુ, તનુજ તુજ તેજ
હરિ રે. શાસન૦ ૩

પ્રીતમ વાણી સત્ય પ્રમાણી, સુખ ભોગવતી વિચરે શાણી,
પેખે તવ અવધે પવિપાણી;
**જગમાણુક** જિનરાય, નમે નિર્માય, નમુથ્થુણું ઉચરીરે.
શાસન૦ ૪

### દોહા

સંક્રંદન સિંહાસને, જઇને બેસે જામ;
સંશય એવો સંપજે, તેના મનમાં તામ. ૧

નીચ કુલે આવે નહી, જિન ચક્રી હરિ રામ;
આવે ઉત્તમ અન્વયે, આગમ રીતિ આમ. ૨

અંતિમ જિન કિમ આવિયા, વાડવ કુલ વિપરીત;
એ અતિ અણઘટતું થયું, ચિંતે પુરુહૂત ચિત્ત. ૩

### ઢાલ બીજી. રાગ વઢંસ

નાથ કૈસે ગજકો બંધ છોડાયો. એ દેશી.

વિડૌજા એણીપેરે ચિત્ત વિચારે,
અનુપમ આગમને આધારે. વિડૌજા૦ એ આંકણી.
ઉત્સર્પિણી અવસર્પિણી, જાય અનંતી જ્યારે;
અચ્છેરા ભુત ઉપજે એવો, કોઇક પદારથ ત્યારે. વિડૌજા૦ ૧

નીચગોત્ર કુલમદથી નિકાચ્યું, મરિચી તણે અવતારે;
આવી બ્રાહ્મણ કુલ અવતરિયા, એહ કરમ અનુસારે. વિડૌજા૦ ૨

જો કદી ઇમ ઉપજે પણ જિન જનિ, નીચ કુલે નવિ ધારે;
ઇંદ્રાચારથી ઉત્તમ કુલમાં, સંક્રંદન સંચારે. વિડૌજા૦ ૩

માટે મહાકુલ **જિનમાણકને**, મૂકવા જોઇયે મ્હારે;
એતાદૃશ અભિલાષ અંકુરિત, આખંડલ અવધારે. વિડૌજા૦ ૪

### દોહા

હરિ નૈગમેષીને હરિ, તેડી કહે તતકાલ;
માહણકુંડ નગર જઇ, લઇ જિન જગત દયાલ. ૧

ક્ષત્રિયકુંડ નગર વિશે, **સિદ્ધારથ** ભૂપાલ;
તસ રાણી **ત્રિશલા** તણે, ઉદર ધરો ઉજમાલ, ૨

ગર્ભ સુતા રૂપ તેહનો, માહણી કૂખ મઝાર;
થાપી પ્રત્યર્પણ કરો, આણા એહ ઉદાર. ૩

## ઢાલ ત્રીજી. રાગ ઠુમરી.

પ્રેમ વચન શરથી મન વીંધી. એ દેશી.

વાસવ આણા વચન વિનયથી, અંજલિ કરી શિર અંગીકરે રે;
વાસર રજની બ્યાશી વ્યતીતે, કાર્ય સકલ તે દેવ કરે રે. વાસવ૦ ૧

જબ તે નિર્જર શ્રી જિનવરને, **ત્રિશલા** રાણીની કૂખ ધરે રે;
દેખે તવ સા **દેવાનંદા**, **ત્રિશલા** ચૌદશ સ્વપ્ન હરે રે. વાસવ૦ ૨

તે રજની સા **ત્રિશલા** રાણી, સૂતી સુંદર શયન ઘરે રે;
ચૌદ સુપન જોઇ જાગી ચતુરા, હર્ષિત પુલકિત હર્ષ ભરે રે. વાસવ૦ ૩

જગજીવન **જિનમાણુક** જનની, ઉઠી શય્યાથકી ઉતરે રે;
હંસ ગતિ જઇ મન હરખંતી, ઉર્વીપતિ આગલ ઉચરે રે. વાસવ૦ ૪

### દોહા

વલ્લભ વાસ ભવન વિશે, સૂતાં સુખભર સેજ;
આજે મેં અવલોકિયાં, ચૌદ સુપન ઘન તેજ. ૧

## ઢાલ ચોથી. રાગ બિહાગ ત્રિતાલ

નગીનારે નેહ નજર કરી આજ. એ દેશી

સલૂણા રે સ્વપ્ન લહ્યાં મેં સાર; એ આંકણી.
પહેલે સુપને ગજવર પેખ્યો, બીજે વૃષભ ઉદાર. સલૂણા રે૦
તીજે કમનીય કેશરી ચોથે, શ્રીદેવી શ્રીકાર. સ૦ ૧

પંચમે ફૂલની માલા પાવન, છઠ્ઠે શશી સુખકાર. સ૦
સાતમે સવિતા આઠમે ધ્વજ શુભ, નવમેં ઘટ નિરધાર. સ૦ ૨

દીઠું પદ્મ સરોવર દશમેં, અગીયારમેં અકૂપાર. સ૦
બારમેં દેવ વિમાન તેરમેં, રમ્ય રતન અંબાર. સ૦ ૩

જોઇ ધનંજય ચૌદમેં જાગી, પ્રીતમ પ્રાણાધાર. સ૦
માનું થશે એ સ્વપ્ન **માણક**ધી, ફલ મંજુલ કિમ ફાર. સલૂણારે૦ ૪

## દોહા.

સ્વપ્ન પ્રિયા મુખ સાંભલી, આણી હર્ષ અપાર;
અર્થ કહે અવનીપતિ, નિજ મતિને અનુસાર. ૧

## ઢાલ પાંચમી. રાગ દેશ

વિમલા નવ કરશો ઉચાટ કે વહેલા આવશું રે. એ દેશી

જલ્પે જાયા આગલ સ્વપ્ન અર્થ જગતીપતિ રે,
ભાખે **ત્રિશલા** આગલ સ્વપ્ન અર્થ ભૂમિપતિરે. એ **આંકણી.**

વિપુલ અર્થ સુખ ભોગ વિશાલા, મંજુ મહોદય મંગલ માલા,
થાશે રંગ રસાલા, રમ્ય રમા રતિ રે. જલ્પે૦ ૧

પરમ પ્રતાપી પુણ્યે પૂરો, ઉત્તમ ગુણથી નહીં અધૂરો,
હોશે સુત બહુ શૂરો, તુજ હસ્તિ ગતિ રે. જલ્પે૦ ૨

વલ્લભ મુખની વલ્લભ વાણી, સાંભલી રાણી હર્ષ ભરાણી,
સત્ય પ્રમાણી બેઠી, જઈ શય્યા પ્રતિ રે. જલ્પે૦ ૩

જિન ગુરુ **માણક** કથા કરંતી, પરમ ધરમનું ધ્યાન ધરંતી,
સ્વપ્ન સ્મરંતી, વિચરે પુણ્યવતી સતી રે. જલ્પે૦ ૪

## કાવ્યં. શાર્દૂલ વિક્રીડિતં વૃત્તં

ગર્ભસ્થેઽપિચ યઃ સ્તુતઃ શતમખૈર્જાતસ્તુ તીવ્રાદરા
-ત્તીર્થાંભોભૃતભૂરિરત્નકલશૈર્ભર્માચલે મજ્જિતઃ;
દિક્ષા-કેવલ-મોક્ષ-પર્વસુ મહાધસ્ત્રેષુ સંપૂજિતો,
ભવ્યાનાં વિદધાતુ સોંતિમજિનો ભદ્રાવલીં સર્વદા. ૧

**મંત્રઃ**-ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે **મહાવીર જિનેંદ્રાય પરમેષ્ઠિને** જલં ચંદનં પુષ્પં.ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.

પ્રથમ ચ્યવન કલ્યાણક પૂજા સંપૂર્ણા.

---

## દ્વિતીય જન્મ કલ્યાણક પૂજા

### દોહા

ભૂપ સ્વપ્ન પાઠક ભણી, પૂછે તેડી પ્રભાત;
સ્વપ્ન અર્થ સોહામણા, ભાખે તે ભલી ભાત. ૧

### ઢાલ પહેલી. રાગ કેરબો

ગોપીચંદ લડકા, વાદલ વરશેરે કંચન મહેલમેં. એ દેશી

સદ્ધારથ રાજા સ્વપ્ન મહિમારે, તુમે સાંભલો, એ આંકણી.
જિનવર ચક્રી જનની નિરખે, ચૌદ સ્વપ્ન એ ચંગ,
વાસુદેવની પ્રસૂ વિલોકે, સાત સ્વપ્ન સુખ સંગરે. સિ૦ ૧

સ્વપ્ન ચાર બલદેવ સવિત્રી, દેખે શુભ અવદાત,
એક સ્વપ્ન અવલોકે ઉત્તમ, મંડલિકની માત રે. સિ૦ ૨

વરેણ્ય લક્ષણ વિનીત વિચક્ષણ, ધીર વીર ગંભીર,
નિરુપમ જગદાનંદન નંદન, હોશે તુમ કુલ હીરરે. સિ૦ ૩

રાજ્ય પતિ રાજાનો રાજા, ચક્રી ચારુ ચરિત્ર,
અથવા ત્રિભુવન **માણક** અરિહા, થાશે પુત્ર પવિત્રરે. સિ૦ ૪

## દોહા

સ્વપ્ન અર્થ એ સાંભલી, મહિપતિ મન હરખાય,
જોષીને સંતોષિને, વિગતે કરે વિદાય. ૧

ઈંદ્ર ધનદ આદેશથી, તિર્યગ્જૃંભક તામ,
ભૂરિ કનક રત્ને ભરે, સિદ્ધારથ નૃપ ધામ. ૨

ગુપ્ત થયા પ્રભુ ગર્ભમાં, જનની ભક્તિ નિમિત્ત,
ત્રિશલા સોક ધરે તદા, ચિંતે પ્રભુ નિજ ચિત્ત. ૩

## ઢાલ બીજી

પામ્યો પામ્યો પદમણી નારી હો—એ દેશી.

ન્યારી ન્યારી નિતાંત નહારી હો, ગતિ મોહ કરમની ન્યારી;
એ આંકણી

કર્યું હતું મેં સુખ કરવાને, એતો ઉલટું મુજ અંબાને,
થયું અતિ દુઃખકારી હો. ગતિ૦ ૧

જનની મન દુઃખ કારણ જાણી, અંગ હલાવ્યું અચરિજ આણી,
અવધે એમ વિચારી હો. ગતિ૦ ૨

સમજી ગર્ભ કુશલતા શાણી, રાણી ત્રીશલા હર્ષ ભરાણી,
વિષમ વિકલ્પ વિસારી હો. ગતિ૦ ૩

જિન **માણિકય** અભિગ્રહ ધારે, માતપિતા જીવતાં મ્હારે,
થવું નહી અણગારી હો. ગતિ મોહ કરમની ન્યારી. ૪

## દોહા

પૂરે દોહદ ભૂપતિ, સખી શિખામણ દેત;
વહતી ગર્ભ વિનોદથી, ત્રિશલા શાત સમેત. ૧

ભૂમિ ધાન્ય ભરે ભરી, સદાગતિ સુખકાર;
શકુન સકલ જય સૂચવે, આશા તેજ ઉદાર. ૨

રવિ મુખ ગ્રહ ઉંત્તમ સવી, લલિત યોગ શુભ લગ્ન;
મંગલ માલ મહોત્સવે, જનપદ સંમદ મગ્ન. ૩

ચૈત્ર શુકલ તેરસ નિશિ, ઉત્તરાફાલ્ગુની ચંદ;
જગજીવન જિન જનમિયા, પ્રગટયો પરમાનંદ. ૪

વાગી દુંદુભિ વ્યોમમાં, પ્રસર્યો ભુવન પ્રકાશ;
સુખ પામ્યા સહુ નારકી, ઉર્વી લહી ઉશ્વાસ. ૫

## ઢાલ ત્રીજી

ભકિત નૌકામાં બેશીને અમે ભવ તરિયે. એ દેશી

છપ્પન દિગ કુમરી આવીને, કરે નિજ કરણી;
નિજ કરણીરે, અનાદિ ભવ તરણી. છપ્પન૦ એ આંકણી

જિન જિન જનની નમી, જોજન ક્ષેત્રથીરે,
કચરો કાઢીને કરતી શુદ્ધ ધરણી;
શુદ્ધ ધરણીરે, કરતી શુદ્ધ ધરણી. છપ્પન૦ ૧

વારિ કુસુમ વરશે, મુકુર કલશાવલીરે,

વીંજણ ચામરને; ધરતી દીપ [1]સરણી;
દીપ સરણી રે, ધરતી દીપ સરની. છપ્પન૦ ૨

રંભા સદન રચી રનપી શણગારતી રે,
રક્ષા પોટલી, બાંધી મન હરણી,
મન હરણીરે, બાંધી મન હરણી. છપ્પન૦ ૩

ત્રિભુવન **માણેક** તમે, જિન ઘણું જીવજો રે,
આશીષ ઇમ આપે, વિભુ ગુણ વરણી, ગુણ વરણીરે,
વિભુ ગુણ વરણી. છપ્પન૦ ૪

## દોહા

તાવિષ પતિ આસન તદા, થર હર કંપિત થાય,
જાણે અવધિ જ્ઞાનથી, જનમ્યા શ્રી જિનરાય. ૧

સિંહાસન તજી શચીપતિ, સુન્મુખ પગ સગ આઠ,
જઇ વંદે જિનરાજને, કરી શક્રસ્તવ પાઠ. ૨

ત્રેશઠ શક્ર ગયા તદા, સુર સહ સુર ગિરિ શૃંગ,
સ્વામિ શરણ સોહમપતિ, આવે અધિક ઉમંગ. ૩

## ઢાળ ચોથી.

રામ નામ રસ પીજે, પ્યાલા પીજેરે. એ દેશી

આપ્ત ધામ હરિ આવે, હરખે આવે રે, આવે રે, આવે
બહુ ભાવે. એ આંકણી.

જનની વંદી મન આનંદી;
પ્રભુપદ પદ્મ વધાવેરે, વધાવેરે, વધાવે બહુ ભાવે. આપ્ત૦

માડીને ગાઢી નિંદ પમાડી, પ્રતિબિંબ પાસે ઠાવેરે, ઠાવેરે,
ઠાવે બહુ ભાવે. આ૦ ૧

સુરગિરિ શૃંગે પ્રભુને રંગે, પંચરૂપ કરી લાવેરે, લાવેરે, લાવે
બહુ ભાવે. આ૦
ઉલટ વિશેષે આસન બેશે, પ્રભુને અંક ધરાવેરે, ધરાવેરે,
ધરાવે બહુ ભાવે. આ૦ ૨

તવ સુર વૃંદા ચોસઠ ઈંદા, સર્વ સમુદિત થાવેરે. થાવેરે,
થાવે બહુ ભાવે. આ૦
શાસ્ત્ર પ્રમાણી સ્નાત્ર પૂજાની, શુભ સામગ્રી મિલાવેરે,
મિલાવેરે, મિલાવે બહુ ભાવે. આ૦ ૩

જિન મુખ નિરખે હૈડે હરખે, નિરુપમ સુખ રસ પાવેરે,
પાવેરે, પાવે બહુ ભાવે આ૦
હરિહૃય મલિયા ભકતે હલિયા, જિન **માણક** ગુણ
ગાવેરે, ગાવેરે, ગાવે બહુ ભાવે. આ૦ ૪

## દોહા

ક્ષીરોદધિ દ્રહ કુંડનાં, માગધને વરદામ;
લલિત તીર્થ જલ લાવતા, ઔષધિ ફ્લ અભિરામ. ૧

તીરથ મૃત્તિકા તથા, ચંદન સુમનસ ચંગ;
સરસ ધૂપ ચૂરણ શુચિ, આણે અતિ ઉછરંગ. ૨

દર્પણ ચામર દીપતાં, છત્ર કલશ શ્રીકાર;
સામગ્રી સવી સ્નાત્રની, કરતા સુર તૈયાર. ૩

## ઢાળ પાંચમી. રાગ કાફી.

ચિત્ત તુમે કરો ભવિક જન, મણિ તંદુલ ઉદાર. એ દેશી.

સુરપતિ કરે મેરુ પર, જિન જન્માભિષેક. એ આંકણી.
આઠ જાતિના કલશ અનોપમ, આઠ સહસ પ્રત્યેક;
ક્ષીર નીર ભરી જિનપર ઢાલે, ઇમ અઢીસેં અભિષેક. સુર૦ ૧

અચ્યુતાદિક હરિ સામાનિક, લોકપાલ મુખ લેખ;
ઇંદ્રાણી આનંદ ભરાણી, ન્હવણ કરે ધરી ટેક. સુર૦ ૨

ચંદન ચરચી કુસુમે અરચી, ધરી આભરણ અનેક;
સ્તવન નમન કરી જઈ જિન જનની, સમીપ ઠવે સુવિવેક, સુર૦ ૩

મિદ્રા હરી ધરી અંગુલ અમૃત, વરશી ધન અતિરેક;
નંદીશ્વર **જિનમાણક** મંહિમા, કરતા સુરવર છેક. સુર૦ ૪

**કાવ્યમ્**—ગર્ભસ્થોપિચ૦

**મંત્રઃ**- ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે **મહાવીર જિનેંદ્રાય અર્હતે** જલંચંદનં૦ યજામહે સ્વાહા.

દ્વિતીય જન્મ કલ્યાણ પૂજા સંપૂર્ણ

---

## તૃતીય દીક્ષા કલ્યાણક પૂજા

### દોહા

સવારમાં **સિદ્ધારથે**, છોડયા બંદિ સમસ્ત;
સસ્તી કરી વસ્તુ સવી, શણગાર્યું પુર શસ્ત, ૧

બાંધ્યાં તોરણ બારણે, સ્વસ્તિક પૂર્યા સાર;
સુમનસ ધૂપ સુગંધતા, નૃત્યાદિક મનોહર. ૨

કરજ રહિત રઇયત કરી, આપ્યાં દાન અપાર;
ઓચ્છવ રંગ વધામણાં, જિન પૂજા જયકાર. ૩

વાજાં વર વજડાવિયાં, ગવરાવ્યાં શુભ ગીત;
સ્થિતિપતિતા ઓચ્છવ કર્યો, રૂડી કુલવટ રીત. ૪

જ્ઞાતિ જમાડી જુક્તિશું, દેઇ સ્વજન સનમાન;
નામ ઠવ્યું નંદનતણું, **વર્દ્ધમાન** ગુણવાન. ૫

હરિ લાંછન કાંચન તનુ, અમૃત પાન કરંત;
દ્વિતીયા ચંદ્ર પરે વિભુ, દિન દિન વૃદ્ધિ લહંત. ૬

## ઢાલ પહેલી. રાગ ભૈરવી

એ જમવા અભિલાષ, સરસ મહી, એ જમવા અભિલાષ-એ દેશી

**વર્દ્ધમાન** ભગવાન, ભુવનમણી, **વર્દ્ધમાન** ભગવાન. એ આંકણી.

મનહર સ્ફૂર્તિ મંગલ મૂર્તિ, નૂતન રૂપ નિધાન; ભુવન૦
શારદ શશિ સમ વદન મનોરમ, અધર વિદ્રુમ ઉપમાન. ભુવન૦ ૧

ઘુંઘર વાલા કુંતલ કાલા, દંત તતિ સિત વાન; ભુવન૦
શ્વાસ સંબંધી સમીર સુગંધી, કરપદ કમલ સમાન. ભુવન૦ ૨

ગજપતિ ગામી અમલ અનામી, પુદ્ગલ પ્રબલ પ્રધાન; ભુવન૦
સહસ અષ્ટોત્તર લક્ષણ સુંદર, મતિ શ્રુત અવધિ માન. ભુવન૦ ૩

પૂરણ પ્રતાપી મધુરાલાપી, વિદિત સકલ વિજ્ઞાન; ભુવન૦
નિખિલનાનંદન **ત્રિશલાનંદન**, ગુણ ગણ **માણકે**
ખાણ. ભુવન૦ ૪

## દોહા

ક્રીડા કરે પ્રભુ એકદા, લઘુ વય બાલક હ્હાર;
વાસવ તવ બલ વર્ણવે; મરુત સભા મોઝાર. ૧

## ઢાલ બીજી. રાગ ભૈરવ

હોન દીલારામ તોકયા દિલકે આરામ. એ દેશી,

નાથ લઘુ બાલ તોએ શક્તિ વિશાલ, શક્તિ વિશાલ;
**વર્દ્ધમાન** સુકુમાલ, નાથ લઘુબાલ તોએ શક્તિ વિશાલ.
લાખો જો લેખ મલી બીવડાવે હ્હારે,
ભય મનમાં ન ધારે લગારે, લગારે.
તોએ શક્તિ વિશાલ, નાથ લઘુ બાલ તોએ શક્તિ વિશાલ.
એ આંકણી

## સાખી

મિથ્યાદૃષ્ટિ મત્સરી, અમર એક તવ આય,
થૂલ ભયંકર અહિ થઇ, વૃક્ષ ઉપર વિંટાય;
ભય મનમાં ન ધારે લગારે લગારે,
તોએ શક્તિ વિશાલ. નાથ૦ શક્તિ૦ લાખો૦ ૧

## સાખી.

દીર્ઘપૃષ્ઠને દેખતાં, બ્હીને નાઠા બાલ,
પકડી નિજ હાથે પ્રભુ, કરે દૂર તત્કાલ;
ભય મનમાં ન ધારે લગારે લગારે,
તોએ શક્તિ વિશાલ. નાથ૦ શક્તિ લાખો૦ ૨

## સાખી.

ધૃષ્ટપણે સુર તે ધરે, સાત તાલનું રૂપ,
પ્રકૃષ્ટ મુષ્ટિ પ્રહારથી, વાલે વિષ્ટપ ભૂપ.
ભય મનમાં ન ધારે લગારે, લગારે.
તોએ શક્તિ વિશાલ. નાથ૦ શક્તિ૦ લાખો૦ ૩

## સાખી.

સુર ગયો જિન **માણિક્યને**, ખામી નામી શિર,
તુષ્ટ ચિત્ત મઘવા તદા, નામ ધરે **મહાવીર**;
ભય મનમાં ન ધારે લગારે લગારે.
તોએ શક્તિ વિશાલ. નાથ૦ શક્તિ૦ લાખો૦ ૪

## દોહા

આઠ વર્ષની ઉમ્મરે, માત પિતા મનોહાર;
નિશાળે જગનાથને, આણે હર્ષ અપાર. ૧

સંશય પંડિતના સવી, ટાલે ત્યાં જગ તાત;
જૈનેંદ્ર વ્યાકરણ વર, તદા થયું વિખ્યાત. ૨

પિતૃવ્ય નામ **સુપાર્શ્વ** છે, **નંદિવર્દ્ધન** ભ્રાત;
ભગિની તાસ **સુદર્શના**, પાવન જગ પ્રખ્યાત. ૩

વરી **યશોદા** યૌવને, સુખ વિલસે સંસાર;
અઠાવીશ વરસે ગયાં, માત પિતા દ્યુ મઝાર. ૪

માગે સંજમ અનુમતિ, પ્રભુ નિજ બાંધવ પાસ;
પ્રત્યુત્તર આપે તદા, નંદિવર્દ્ધન ખાસ. ૫

## ઢાલ ત્રીજી. રાગ કાલિંગડો

ખીક લાગે ભાઇ બાપુ પાસે જાતાં મુજને રે. એ દેશી.

હાલ નહિ ભાઇ આપું વ્રતની સમંતિ તુજને રે;
માત પિતાનો વિરહ વહિ દહે છે મુજનેરે. હાલ૦ એ આંકણી.

ભાઇ વાત રખે એ ભાખે, પીડા પામું તુજ પાખે.
ક્ષત ઉપર ખાર શું નાખે, વલ્લભ તુજ વિજોગ કેમ
ખમાય મુજને રે. હાલ૦ ૧

**મહાવીર** કહે પિઅ માઇ, ભાર્યા સુત ભગિની ભાઇ;
થઇ સર્વ અનંત સગાઇ, જગતમાં કયાં કયાં પ્રતિબંધ
કરવો જીવને રે. હાલ૦ ૨

**નંદિ** કહે મોહ નઠારો, પણ પ્રાણથકી તું પ્યારો;
વેઠાય વિરહ નહી તારો, તેથી રજા બે વર્ષ પછી
હું આપીશ તુજને રે. હાલ૦ ૩

જિન **માણક** જલ્પે વારુ, હો વચન પ્રમાણ તમારું;
પણ આરંભ કોઇ મુજ સારુ, કરશો નહી હું રહીશ
ફાસુ આહાર ગ્રહણે રે. હાલ૦ ૪

### દોહા

પ્રાસુક આહારી રહ્યા. બ્રહ્મચરી બે વાસ;
તીશ વર્ષ જગ તાતજી, વસ્યા એમ ઘર વાસ. ૧

અવલોકે અવધે વિભુ, સંજમ અવસર જામ;
નવ લોકાંતિક નિર્જરા, વિનવે આવી તામ. ૨

અબ તુમે થાપો ધર્મ તીર્થ, સ્વામી હો મોક્ષ ગામી.

## ઢાલ ચોથી. રાગ કલ્યાણ

અબ મોયે તારો વાસુપૂજ્ય. એ દેશી.

અબ તુમે થાપો ધર્મ તીર્થ, એ આંકણી.
હે અરિગંજન અરિહંત, બોધિ દાયક બલવંત,
શિવ મારગ દર્શક સંત; શિવમારગ દર્શક સંતરે.
અબ તુમ થાપો ધર્મ તીર્થ. અબ૦ ૧

### સાખી

જય જય જગદાનંદન જિન, જય જય ભદ્ર ભદંત;
જય જય ક્ષત્રિય વર વૃષભ, ભય ભંજન ભગવંત;
સ્વામી હો મોક્ષ ગામી. અબ તુમે થાપો૦ ૨

### સાખી

નિરુપમ ગુણ મણિ નીરધિ, નિખિલ નીતિ નિષ્ણાત,
બૂઝ બૂઝ બુદ્ધિ નિધિ, તારણ ત્રિભુવન તાત;
સ્વામી હો મોક્ષ ગામી. અબ તુમે થાપો૦ ૩

કલ્યાણ શ્રેણિ કરનાર, દિવ્યામૃત સુખ દાતાર,
**સૂરિમાણક** જગમાં સાર, સૂરિમાણક જગમાં સારરે;
તુમે થાપો ધર્મ તીર્થ. અબ તુમે થાપો૦ ૪

### દોહા

વરસી દાન દિયે વિભુ, દુઃખ દારિદ્ર નિવાર;
કનક રજત મણિ હરિ કરિ, વસ્તુ વિવિધ પ્રકાર. ૧

દિન દિન સોનૈયા દિયે, એક કોડી અડ લક્ષ;
નિર્જર પતિ નિર્દેશથી, દેવ પૂરે ધન દક્ષ. ૨

ત્રણસેં અઠયાશી કોડિયો, એંશી લાખ દીનાર;
સર્વ દાન સંવત્સરે, આપે જગદાધાર. ૩

દાન પ્રભુ હાથે ગ્રહે, ભવ્ય તેહ નર નાર;
રોગ મટે ષટ માસનો, હોય વર્ષ નહી બાર. ૪

**નંદિવર્દ્ધનની** હવે, સંમતિ પામી સાર;
છઠ કરી સજ્જ થયા પ્રભુ, લેવા સંજમ ભાર. ૫

## ઢાલ પાંચમી

પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે. એ દેશી.

દીક્ષા અવસર જાણી કોડા કોડી દેવતા રે,
દર્િમ ચોસઠ ભાવે આવે જિન દરબાર.
વંદો વંદો પરમ વિરાગી ત્યાગી **વીરનેરે.** એ આંકણી.

## સાખી

કંચન મણિ કલશા કરી, તીર્થોદક ભરી તાર,
ન્હવરાવી જગનાથને, પહેરાવી શણગાર;
શોભિત **ચંદ્રપ્રભા** શિબિકામાં રત્ન સિંહાસનેરે,
પધરાવી નર પૂર્વક વહતા સુર ધરી પ્યાર. વંદો વંદો૦ ૧

## સાખી

કુસુમ વૃષ્ટિ સુર વર કરે, બોલે મંગલ માલ,
શક્ર ઇશાન ચામર ધરે, વાજિંત્ર નાદ વિશાલ;
ગોરી ગાવે ભાવે સાચે નાચે અપચ્છરારે,
સુંદર મંગલ હય ગય રથ નર ધ્વજ શ્રીકાર. વંદો વંદો૦ ૨

## સાખી

પ્રેમે પ્રભુ પદ પદ્મને, નમે બહુ નર નાર,
કહે સ્વજન હણી કર્મને, શિવસુખ વરજો સાર;
આવી આડંબરથી **જ્ઞાનખંડ** ઉદ્યાનમાંરે,
અશોક તલે તજી ભૂષણ લોચ કરે નિરધાર. વંદો વંદો૦ ૩

## સાખી

સહવદ દશમી ઉત્તરા, જગ **માણક** જિનરાય,
સિદ્ધ નમી વ્રત ઉચરે, મનપર્યવ તવ થાય;
થાપી દેવાધીશ્વર દેવદૂષ્ય પ્રભુ ખંધલેરે,
**નમો નાથાય** કહી નંદીશ્વર જાય ઉદાર.
વંદો વંદો પરમ વિરાગી ત્યાગી વીરનેરે૦ ૪

**કાવ્યં**-ગર્ભસ્થોપિચ૦

**મન્ત્રઃ** ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે **મહાવીર જિનેંદ્રાય**
**નાથાય** જલંચંદન૦ યજામહે સ્વાહા.

તૃતીય જન્મ કલ્યાણક પૂજા સંપૂર્ણમ્

---

# ચતુર્થ કેવલજ્ઞાન કલ્યાણક પૂજા

## દોહા

બંધુ વર્ગને જિન હવે, પૂછી કરે વિહાર;
સહતા સવી ઉપસર્ગને, વહતા સંજમ ભાર. ૧

દોય ઘડી દિવસ છતે, કુમાર નામે ગામ;
તે દિન જપ કાઉસગ રહ્યા, રાતે આતમરામ. ૨

કોપે ગોપ તિહાં કને, જિનને મારણ જાય;
ગોપતિ જાણી ગોપને, આપે શિક્ષા આય. ૩

હવે તિહાં જિનને હરિ, કરતો સેવા કોડ;
વિનય ધરીને વિનવે, જુગતે બે કર જોડ. ૪

## ઢાળ પહેલી

પ્રભુ અર્જ સુણી અહીં આવો, મંજારી બાલ બચાવો. એ દેશી
આ અર્જ પ્રભુ! અવધારો, તુમ પાસે રાખી તારો. એ આંકણી.

ઉપસર્ગ છે ઘણા આપને, નાથ કહું શિર નામી;
બાર વર્ષ વૈયાવચ્ચ બાબત, સાથે રહું હું સ્વામી. આ૦ ૧

નાથ કહે કદી થયું નથી એ, થશે નહીં નવ થાવે;
શક્રાદિકની સહાય થકી જે, અરિહા જ્ઞાન ઉપાવે;
હે ઈંદ્ર! થશે જે ભાવી, છે રીત અનાદિ આવી. ૨

સર્વ જિનેશ્વર કેવલ સંપદ, નિજ શકત્તે નિપજાવે;
તે માટે ઉપસર્ગ થશે તે, સહીશ સમતા ભાવે. હે ઈંદ્ર૦ ૩

હરવા તવ મરણાંત કષ્ટને, સિદ્ધારથને ઠાવે;
પ્રેમે જિન **માણક** પદ પ્રણમી, સુરપતિ સ્વર્ગે જાવે. આ૦ ૪

## દોહા

બહુલ બ્રાહ્મણને ગૃહે, પરમાન્ને જિનરાય;
પ્રથમ કરે તપ પારણું, પંચ દિવ્ય પ્રગટાય. ૧

ચેલોત્ક્ષેપ સુગંધ જલ, વૃષ્ટિ દુંદુભિ શબ્દ;
અહોદાન ઉદ્ઘોષણા, થાય કનકનો અબ્દ. ૨

વિચરંતા વસુધા વિશે, ધરતા ઉત્તમ ધ્યાન;
એક દિવસ દ્વિજ આવિને, વિનવે શ્રીભગવાન. ૩

## ઢાળ બીજી

શું કહું કથની મ્હારી રાજ, શું કહું કથની મ્હારી. એ દેશી

કહું દુઃખ હું મ્હારું રાજ! શું કહું દુઃખ હું મ્હારું!
હવે શરણુ છે એક તમારું રાજ! શું કહું દુઃખ હું મ્હારું
એ આંકણી.

જગજીવન તુમે વરસ્યા જ્યારે, વરસીદાન વસુ વારે;
તાત હતો નહીં હું અહીં ત્યારે, નિર્ભાગી અતિ ભારે. રાજ૦ ૧

રાત દિવસ ધન કારણુ રડિયો, જ્યાં ત્યાં અતિ આથડિયો;
તોપણુ રંચ ન ધન સાંપડિયો, નિવિડ વિઘન ઘન નડિયો. રાજ૦ ૨

પુણ્યે તુમ પદ પંકજ પામી, આજે અંતરજામી;
નિરાશ્રય નિર્ધન શિર નામી, શરણુ પડયો છું સ્વામી. રાજ૦ ૩

દીનદયાલ દયા દિલ ધારી, દારિદ્ર દુઃખ વિદારી;
સુખી કરો મ્હને જગ સુખકારી, જિન **માણુક** જયકારી. રાજ૦ ૪

## દોહા

દીન વચન સુણી એહવાં, પ્રભુજી પરમ કૃપાલ;
દેવદૂષ્ય અડધું દિયે, બ્રાહ્મણને તત્કાલ. ૧

અતિ ઉદાર અરિહંતનું, અર્દ્ધ વસ્ત્રનું દાન;
વસ્ત્ર પાત્રમાં સૂચવે, મૂર્છા નિજ સંતાન. ૨

અર્દ્ધ કંટક વળગી પડયું, જિન હરિ દષ્ટે જોય;
કેઇક મમતાથી કહે, કિહાં પડયું ઇમ કોય. ૩

વસ્ત્ર પાત્ર નિજ સંતતિ, દુર્લભ સુલભ નિહાલ;
કંટક પટ લગને થશે, શાસન કંટક જાલ. ૪

નિર્લોભી પ્રભુ નવ લિયે, તે વાડવ લઇ જાય;
વર્ષાધિક ઇમ **વીરજી**, ચીવર ધર કહેવાય. ૫
સાઢા બાર વરસ લગે, સહતા પરિષહ ઘોર;
ઘોર અભિગ્રહ ધારતા, હણવા કર્મ કઠોર. ૬

## ઢાલ ત્રીજી રાગ બરવો તાલ કેરબો

મજા દેતે હૈ કયા યાર, તેરે બાલ ઘુંઘર વાલે. એ દેશી

ધન ધન **વર્દ્ધમાન** વડવીર, વિચરે ઉર્વીતલ ઉપગારી;
સુર નર તિરિ ઉપસર્ગ સુધીર,, સમ્યગ સહતા સમતા ધારી.
એ આંકણી.

શૂલપાણિને કૌશિક વ્યાલ, ગુણ હીણ ગોશાલો ગોવાલ;
વ્યંતરી કટપૂતના વિકરાલ, કરે પરિષહ પ્રભુને દુઃખકારી. ધન૦ ૧

કપટી કુટિલ હૃદયનો ક્રૂર, સંતાપે બહુ સંગમ સુર;
પ્રભુજી પામ્યા દુઃખ ભરપૂર, રહ્યા ષટ માસી નિરાહારી. ધન૦ ૨

ગોપે ખીલા ઠોકયા કાન, મૂકી ખેંચે રાડ મહાન;
થયું અતિ ભૈરવ તવ ઉદ્યાન, ફાટી પર્વત શિલા ભારી. ધન૦ ૩

ઉધર્યા અપરાધી અસુમંત, શ્રી **જિનમાણક** કરુણાવંત;
મૂકી બાકુલ લેઇ મહંત, તાતજી **ચંદનબાલા** તારી. ધન ૦૪

## દોહા

કર્યો એક ષટ માસી તપ, પંચ દિવસ ઉણ એક
નવ ચોમાસી તપ કર્યા, ત્રણ માસી બે ટેક. ૧

દોઢ માશી અઢી માસિયા, બે બે ષટ બે માસ;
દ્વાદશ માસખમણ કર્યાં, બ્હોતેર કીધાં પાસ. ૨

બાર અઠમ વલી છઠ કર્યાં, બસ્સેં ઓગણત્રીશ;
ભદ્રાદિક પ્રતિમા ધરી, દિન દુગ ચઉ દશ ઈશ. ૩

નિર્જલ તપ સવી પારણાં, ત્રણસેં ઓગણપચાશ;
કાલ સમસ્ત પ્રમોદતો, અંતર્મુહૂર્ત્ત જાસ. ૪

એ રીતે તપ આચરી, સમતા સાધન સાથ;
કિલષ્ટ કર્મ દલ ક્ષય કરે, **જ્ઞાતપુત્ર** જગનાથ. ૫

## ઢાલ ચોથી. રાગ સોહની કવાલી

રાજા મેરા કિથેની ગયા. એ દેશી.

વીર જિણંદ, જયકારા જયકારા, ભવિજન પૂજો ભાવશું.
એ આંકણી.

માયા કાયા મમતા મારી, શમ દમ સંજમ ધરમ સ્વીકારી,
અવલ બન્યા અણગારા અણગારા ભવિ૦
સમિતિ ગુપ્તિ શોભિત સોભાગી, નિરુપલેપ નિસ્નેહ નિરાગી;
પ્રતિબંધ ચઉ તજનારા તજનારા. ભવિ૦ ૧

પરમ જ્ઞાન દર્શન વ્રત ધારી, પરમાલય પ્રભુ પરમ વિહારી;
વીર્ય પરમ વરનારા વરનારા. ભવિ૦
અજ્જવ મદ્દ લાઘવ પુષ્ટિ, ક્ષાંતિ મુક્તિ ગુપ્તિ તુષ્ટિ,
સત્ય પરમ સેવનારા સેવનારા. ભવિ૦ ૨

નિંદ શયન જાગરણ નિવારી, ઉજ્જાગરણ દશા અવધારી;
ધ્યાન શુકલ ધરનારા ધરનારા. ભવિ૦

શક્તિ અપૂરવ યોગે સ્વામી, ક્ષપકશ્રેણિ ચઢી આતમ રામી;
ઘાતિ કરમ હણનારા હણનારા. ભવિ૦ ૩

માધવ શુદિ દશમી મનોહારી, ચંદ્ર ઉત્તરાફાલ્ગુની ચારી;
વિજય મુહૂર્ત્ત શુભકારા શુભકારા. ભવિ૦
સાલ તરુ તલે છઠ તપ શાલી, વરિયા કેવલ શ્રી રૂપાલી;
**સૂરિમાણક** પ્રભુ પ્યારા પ્રભુ પ્યારા, ભવિજન પૂજો ભાવશું.
વીર જિણંદ જયકારા જયકારા૦ ૪

## દોહા

સર્વવેદી જિન કેવલી, હવે થયા **અરહંત**
જાણે જીવાજીવના, ભાવ સકલ ભગવંત. ૧

પ્રથમ સમવસરણે પ્રભુ, જિમ સ્થલપર જલધાર;
ધી ક્ષણભર દેશના, નિષ્ફલ ગઇ નિરધાર. ૨

નયરી **અપાપા** આવિયા, વન **મહસેન** વિશાલ;
સમવસરણ સુર વર રચે, ત્રણ ગઢ ઝાકઝમાલ. ૩

દરેક ગઢ ચઉ દ્વાર છે, દેવ દેવી રખવાલ
છત્ર ધ્વજ શ્રીકાર છે, મણિમય તોરણ માલ. ૪

શાલિભંજિકા શોભતી, ધૂપ ધાણાં ઝલકાર;
પ્રતિદ્વાર વર વાપિકા, કંચન કમલ ઉદાર. ૫

કંચન વપ્ર વિશે કરે, દેવ છંદ ઈશાન;
દ્વાર દ્વાર અતિ દીપતાં, વીશ સહસ સોપાન. ૬

રત્ન ગઢે દ્વાદશ સભા, કનક ગઢે તિર્યંચ;
રૌપ્ય ગઢે વાહન રહે, વૈર વિરોધ ન રંચ. ૭

## ઢાલ પાંચમી

શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો. એ દેશી.

જિનરાજ **વર્દ્ધમાન** બ્રહ્મ વ્યાપી રહ્યો. વ્યાપી રહ્યો.
જિન૦

### સાખી—

પુષ્પ વૃષ્ટિ દિવ્ય ધ્વનિ, ભામંડલ ઝલકાર;
શિર પર છત્ર ચમર ઢલે, દુંદુભિ નાદ રસાલ.
અનુપમ ઓપત વિટપી અશોકથી;
ભવિક લોક શોક કાપી રહ્યો, કાપી રહ્યા સુપ્રલાપી રહ્યા.
જિન૦ ૧

### સાખી—

શોભિત રત્ન સિંહાસને, બેઠા શ્રી જિનચંદ;
પદ પંકજ પ્રેમે કરી, સેવે સુર નર ઈંદ.
મધુર સ્વરે વર માલકોશ રાગમાં, અમૃત દેશના આપી રહ્યા.
આપી રહ્યા, સુપ્રલાપી રહ્યા જિન. ૨

### સાખી—

સ્યાદવાદ રસ કૂપિકા, નયગમ ભંગ વિધાન;
વાણી યોજન ગામિની, વરશી શ્રી ભગવાન.
ગણધર પદવી સાથ ગુણ સેવધિ, સંઘ ચતુર્વિધ સ્થાપી રહ્યા,
સ્થાપી રહ્યા, સુપ્રલાપી રહ્યા. જિન૦ ૩

### સાખી—

જ્ઞાન મહોત્સવ સુર કરે, વર્ત્યો જય જયકાર;
દેવછંદ બિરાજતા, જિનવર જગદાધાર.
**સૂરિમાણુક મહાવીર** પદ સેવતાં, સમક્તિ બીજ શુભ
વાપી રહ્યા, વાપી રહ્યા, ભવ માપી રહ્યો.
જિનરાજ **વર્દ્ધમાન** બ્રહ્મ વ્યાપી રહ્યા. ૪

**કાવ્યં.** ગર્ભસ્થોપિચ૦

**મન્ત્ર;** ૐ હ્રીં શ્રીં પરમ૦ જલં **શ્રીમતે મહાવીર જિનેંદ્રાય સર્વજ્ઞાય** જલંચંદનં૦ યજામહે સ્વાહા.

ચતુર્થ કેવલજ્ઞાન કલ્યાણુક પૂજા સંપૂર્ણા

## પંચમ નિર્વાણકલ્યાણક પૂજા

### દોહા

એકાદશ ગણુધર થયા, સાધુ ચૌદ હજાર;
છત્રીશ સહસ સુસાધવી, ચરણુ કરણુ વ્રત ધાર. ૧

દોઢ લાખ નવ સહસ છે, શ્રાવક શુદ્ધાચાર;
શ્રાવિકા ત્રણુ લાખને, ઉપર સહસ અઢાર. ૨

ત્રણુસેં ચૌદ પૂરવ ધરા, સહસ ત્રિશત અવધીશ;
કેવલી સગ શત સાતસેં, વૈક્રિય લબ્ધિ મુનીશ. ૩

વિપુલમતિ મુનિ પાંચસે, ચઉશત વાદી સાર;
દેવ દેવી પરિકર બહુ, પાવન પ્રભુ પરિવાર. ૪

### ઢાલ પહેલી. રાગ માઢ

પ્રેમનો કાલ દિયો રાજકુમાર. એ દેશી.

ભાવથી નિત ભજિયે વીર ભદંત, અતિશય ભરિયા અરિહંત.
ભાવથી૦ એ આંકણી.

નિર્મલ રૂપ શરીર નિરોગી, શ્વાસ સુગંધિત શસ્ય;
માંસ રુધિર ક્ષીર ધવલ મનોહર, આંહાર નીહાર અદૃશ્ય,
મૂલ અતિશય એ ચાર મહંત. ભાવથી૦ ૧

સુર નર તિરિ જન કોડા કોડી, જોજન માંહી સમાય;
જોજન ગામિની વાણી નિજ નિજ ભાષામાં સમજાય;
પાછળ શિર ભામંડલ ભાસંત. ભાવથી૦ ૨

રોગ દુકાલ ઇતિને ભીતિ, મારી વૈર મહાન;
અતિવૃષ્ટિ અવૃષ્ટિ ન હોવે. પાંચસેં કોશ પ્રમાણ;
કર્મ ક્ષયથી અગીયાર એ કંત. ભાવથી૦ ૩

સૂરિ **માણક** પ્રભુ શાસન સ્વામી, **વર્દ્ધમાન** જિનરાય;
ભક્તિ નિર્ભર આવે ભજતાં, જન્મ કોટિ અઘ જાય;
આતમ અનુભવ અતિશય ઉલસંત. ભાવથી નિત ભજિયે
વીર ભદંત૦ ૪

## દોહા

ચૈત્યવૃક્ષ વપ્ર ત્રયી, સિંહાસન શ્રીકાર;
ધર્મચક્ર ધ્વજ ગગનમાં, દુંદભિનાદ ઉદાર. ૧

છત્ર ત્રય ચામર ચલે, વાયુ અનુકૂલ વાય;
કનક કમલ નવ પગ ઠવે, કાંટા ઉંધા થાય. ૨

પક્ષી દિયે પ્રદક્ષિણા, વરશે શુચિ જલ ફૂલ;
નખ કચ શ્મશ્રુ વધે નહી, અક્ષ ઋતુ અનુકૂલ. ૩

કોડી સુર સેવા કરે, પ્રણમે તરુ વર જાત;
દિયે ચતુર્મુખ દેશના, સુરકૃત નવદશ ખ્યાત. ૪

ઇમ ચોત્રીશ અતિશય ધરે, વિચરે દેશ વિદેશ;
વાણી પાંત્રીશ ગુણ વદે, આપે વર ઉપદેશ. ૫

## ઢાલ બીજી

મન માયાના કરનારારે. જરા જોને તપાસી તારી કાયા. એ દેશી.

વદે **વર્દ્ધમાન** જિનરાયારે, મહાપુણ્યે મનુષ્ય ભવ પાયા;
આ ઉત્તમ અવસર આયારે, સદા સેવો ધરમ સુખદાયા.
એ આંકણી.

ફૂડી છે કાયા મિથ્યા છે માયા, છાઇ વાદલની છાયા;
મોહે મુંઝાયા ભરમે ભૂલાયા, ફોગટ ફંદમાં ફસાયારે. મહા૦ ૧

લોભે લૂટાયા. કામે કૂટાયા, મ્હારા તારામાં મરાયા;
ડાપણ ડાહ્યા જન્મ ગુમાયા, પાછલ તે પસ્તાયા રે. મહા૦ ૨

પ્રભુ પૂજાયા સંત સેવાયા, ધર્મ મારગમાં ધાયા;
સમતા સહાયા ધ્યાન ધરાયા, કલ્યાણ તેજ કમાયારે. મહા૦ ૩

જ્ઞાન ભણાયા શ્રદ્ધા સોહાયા, સંજમ શુદ્ધ સધાયા;
મોક્ષ ઉપાયા એહ મનાયા, સૂરિ માણક સમજાયારે.
મહા પુણ્યે મનુષ્ય ભવ પાયા. વદે વર્દ્ધમાન૦ ૪

## દોહા

**પ્રસનચંદ્ર** પૃથ્વીપતિ, **દશાર્ણભદ્ર** નરેશ;
**ઉદાયન** આદિ ઘણા, પ્રતિબોધ્યા પરમેશ. ૧

**શ્રેણિકાદિ** નવ સત્વને, આપ્યું જિનપદ સાર;
**મેઘકુમારાદિક** બહુ, તાર્યા રાજકુમાર. ૨

**ઋષભદત્ત** નિજ તાતજી, **દેવાનંદા** માય;
બ્યાશી દિવસ સંબંધથી, પહોંચાડ્યાં શિવ ઠાય. ૩

**રોહિણેય અર્જુન** પ્રમુખ, ઉધર્યાં અધમ અનેક;
નિરુપમ જિનપદ નામને, વંદે એમ વિવેક. ૪

અસ્થિક ગામ પ્રણિત ભૂમિ, શ્રાવસ્તિ પુર છેક;
આલભિકા નગરી વસ્યા, ચોમાસું એકેક. ૫

ત્રણ ચંપા બે ભદ્રિકા, ષટ મિથિલા શુભ વાસ;
વૈશાલી વાણિજ્યમાં, બાર કર્યાં ચોમાસ. ૬

રાજગૃહી નગરી રહ્યા, ચોમાસાં દશ ચાર;
ચરમ ચોમાસું આવિયા **પાવાપુર** મોઝાર. ૭

## ઢાલ ત્રીજી.

રાગ માલકોશ

જય જય વીરજિણંદ, જગતગુરુ, જય જય વીરજિણંદ.
એ આંકણી.

કાર્તિકમાસ અમાવસી રજની, સ્વાતિ નક્ષત્રનો ચંદ. જગત૦
સોલ પ્રહર દેશના દેઇ સ્વામી, છઠ તપ કરી સુખકંદ. જગત૦ ૧

પદ્માસન રહી એકાકી પ્રભુ, પામ્યા પદ મહાનંદ; જગત૦
ભાવ ઉદ્યોત ગયે ગણ ભૂપતિ, વિરચે દીપક વૃંદ. જગત૦ ૨

એ અવસર સવી સુરપતિ આવી, વંદે પદ અરવિંદ; જગત૦
કરણી ઉચિત સવિ સુર મલી કરતા, નિર્ભર નિરાનંદ. જગત૦ ૩

દાઢાદિક લઇ રત્ન થભ રચી, સર્વ સુરાસુર ઇંદ્ર; જગત૦
નંદીશ્વર **જિન માણક** મહિમા, કરતા ભાવ અમંદ. જગત૦ ૪

## દોહા

**વર્દ્ધમાન** વચને તદા, **શ્રી ગૌતમ** ગણધાર;
**દેવશર્મ** પ્રતિબોધવા, ગયા હતા નિરધાર. ૧

પ્રતિબોધી તે વિપ્રને, પાછા વલિયા જામ;
તવ તે શ્રવણે સાંભલે, **વીર** લહ્યા શિવ ધામ. ૨

ધ્રાસક પડયો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર;
**વીર! વીર!** કહી વલવલે, સમરે ગુણ સંભાર. ૩

પૂછીશ કોને પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત;
ઉત્તર કુણ મુજ આપશે, **ગોયમ** કહી ગુણવંત. ૪

અહો! પ્રભુ આ શું કર્યું, દીનાનાથ દયાલ;
તે અવસર મુજને તમે, કાઢયો દૂર કૃપાલ. ૫

## ઢાળ ચોથી

પંથીડા સંદેશો દેજો મ્હારા નાથને—એ દેશી

શાસન સ્વામી સંત સનેહી સાહિબા, અલવેશ્વર વિભુ
આતમાના આધાર જો;
આથડતો અહીં મૂકી મુજને એકલો, માલિક કિમ જઇ બેઠા,
મોક્ષ મોઝારજો;
વિશ્વંભર વિમલાતમ વ્હાલા જી. એ આંકણી. ૧

મન મોહન તુમે જાણ્યું કેવલ માગશે, લાગશે અથવા
કેડે એ જિમ બાલજો;
વલ્લભ તેથી ટાલ્યો મુજને વેગલો, ભલું કર્યું એ ત્રિભુવન
જન પ્રતિપાલજો. વિશ્વંભર૦ ૨

અહો! હવે મેં જાણ્યું શ્રી અરિહંતજી, નિસ્નેહી વીતરાગ
હોય નિરધારજો;
મ્હોટો છે અપરાધ ઇહાં પ્રભુ મહારો, શ્રુત ઉપયોગ
મેં દીધો નહી તે વારજો. વિશ્વંભર ૩
સ્નેહથકી સર્યું ધિગ એક પાક્ષિક સ્નેહને, એકજ છું મુજ
કોઈ નથી સંસારજો;
**સૂરિમાણક** ઇમ **ગૌતમ** સમતા ભાવતા, વરિયા **કેવળ
જ્ઞાન** અનંત ઉદારજો. વિશ્વંભર વિમલાતમ૦ ૪

## દોહા

**ગૌતમ** કેવળ જ્ઞાનનો ઓચ્છવ અમર ઉદાર;
કરતા પૂરણ કોડથી, જિન શાસન જયકાર. ૧

સિદ્ધયા સાધુ સાતસેં, સાધ્વી શત દશ ચાર;
ગયા અનુત્તર આઠસેં, વીર તણા અણગાર. ૨

તીશ વર્ષ ઘરમાં વસી, વલી બેતાલીશ વર્ષ;
શ્રમણ ધરમ પાલી સવી, આયુષ મ્હોતેર વર્ષ. ૩

**પાર્શ્વનાથ** નિર્વાણથી, અઢીસેં વરસે સાર;
**વીર જિનેશ્વર** શિવ વર્યા, **કલ્પસૂત્ર** અધિકાર. ૪

સિદ્ધ બુદ્ધ મુકતાતમા, અનુપમ સાદિ અનંત;
અપુનર્ભવ સુખ અનુભવે, ભજો **વીર** ભગવંત. ૫

## ઢાળ પાંચમી

લાગી લગન મ્હને તારી હો લલના, લાગી૦ એ દેશી.

**લાગી લગન મ્હને તારી હો જિનજી, લાગી લગન મ્હને તારી.**

તું ત્રિભુવન ઉપગારી હો જિનજી, લાગી લગન મ્હને તારી.
એ આંકણી.

અકલ સકલ અવિચલ અવિનાશી, નિવૃતિ નગર નિવાસી હો
જિનજી. લાગી૦

કેવલજ્ઞાન અનંત પ્રકાશી, વિશદાનંદ વિલાસી હો જિનજી.
લાગી૦ તું૦ ૧

વર્ણાદિક વીશ રહિત વિરંગી, આકૃતિ મુક્ત અનંગી હો
જિનજી. લાગી૦

વેદ વિવર્જિત અરુહ અસંગી, નિરુપમ નિજ ગુણરંગી હો
જિનજી. લાગી૦ તું૦ ૨

નિત્ય નિરંજન તું નિરુપાધિ, નિર્બંધન નિર્વ્યાધિ હો
જિનજી. લાગી૦

નિર્મલ જ્યોતિ નિરીહ નિરાધિ, સહજ સ્વરૂપ સમાધિ હો
જિનજી. લાગી૦ જં૦ ૩

**સૂરિમાણક** જિનશાસન સ્વામી, **વર્દ્ધમાન** વિશરામી સો
જિનજી. લાગી૦

નિઃશ્રેયસ શિવ સુખ ઘનનામી, આપો અંતરજામી હો
જિનજી. લાગી૦ તું. ૪

## કાવ્યં. શાર્દૂલ વિક્રીડિતં વૃત્તં

ગર્ભસ્થોપિચ યઃ સ્તુતઃ શતમખૈર્જાતસ્તુ તીવ્રાદરા,
ત્તર્થાંભોભૃતભૂરિરત્નકલશૈર્ભર્માચલે મજ્જિતઃ;

દીક્ષા-કેવલ-મોક્ષ-પર્વસુ મહાધસ્ત્રેષુ સંપૂજિતો,
ભવ્યાનાં વિદધાતુ સોંતિમજિનો ભદ્રાવલી સર્વદા. ૧

**મન્ત્રઃ** ॐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે **મહાવીર જિનેંદ્રાય પારગતાય** જલં ચંદનં પૂષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા.

પંચમ નિર્વાણ કલ્યાણક પૂજા સંપૂર્ણા

## કલશ

રાગ ધન્યાશ્રી

છેલા ન દો મુજે ગાલી, મેં નાજો પાલી. એ દેશી.

ચોવીશમો જિનરાયો, મેં આજે ગાયો.
ત્રિભુવન કેરો તાયોરે. મેં આજે ગાયો; ચોવીશનો૦ એ આંકણી.

જ્ઞાતકુલોદધિ જૈવાતૃક જિન. **ત્રિશલાદેવીનો** જાયોરે મેં૦
પરમ ધરમ વર જ્ઞાન પ્રકાશક,
પુણ્ય મહોદય પાયોરે. મેં૦ ચો૦ ૧

પરમેષ્ઠિ અર્હત નાથ સર્વજ્ઞ, પારગતાય નમાયોરે; મેં૦
પંચ કલ્યાણ પ્રભુનાં પ્રીતે,
જપતાં પાપ જલાયોરે. મેં૦ ચો૦ ૨

**તપગણ** ગગન તપન તેજસ્વી, **વિજયસિંહ સૂરિ** રાયોરે. મેં૦
**સત્ય કપૂર ક્ષમા જિન ઉત્તમ, પદ્મવિજય** જય દાયોરે. મેં૦
ચો૦ ૩

**રૂપ કીર્ત્તિ ઉદ્યોત વિજયના, અમર ગુમાન** અમાયોરે. મેં૦

સુગુરુ **પ્રતાપ વિજય** ૧૬ સેવત, જ્ઞાન **માણિક્ય** કમાયોરે.
મેં૦ ચો૦ ૪

રસ ઋષિ નિધિ શશિ વર્ષ (૧૯૭૬) મહાવદી, એકાદશી કવિ
ધ્યાયોરે; મે૦

વિનેય **મેઘવિજય** આગ્રહથી, એ અધિકાર રચાયોરે.
મેં૦ ચો૦ ૫

પુણ્ય પવિત્રે **પાટણ** ક્ષેત્રે, **પંચાસર** જિનયોરે. મેં૦
તાસ પસાયે રહી ચોમાસું, પૂજન ભાવ બનાયોરે.
મેં૦ ચો૦ ૬

શાસન પતિ કલ્યાણક સુણતાં, સંઘ સકલ હરખાયોરે. મેં૦
**સૂરિ માણક** દેવાર્ય સમરતાં, ઓચ્છવ રંગ વધાયોરે.
મેં૦ ચોવીશમો૦ ૭

વાચનાચાર્ય શ્રી વિજયમાણિકયસિંહસૂરિ કૃત
શ્રી મહાવીર જિન પંચકલ્યાણક પુજા સંપૂર્ણ

---

## શ્રી દેવવિજયજી કૃત અષ્ટપ્રકારી પૂજા.

### પ્રથમ ન્હવણ પૂજા

### દોહા

અજર અમર નિઃકલંક જે, અગમ્યરૂપ અનંત;
અલખ અગોચર નિત્ય નમું, પરમ પ્રભુતાવંત. ૧

**શ્રી સંભવજિન** ગુણનિધિ, ત્રિભુવન જન હિતકાર;
તેહના પદ પ્રણમી કરી, કહીશું અષ્ટ પ્રકાર. ૨

પ્રથમ ન્હવણ પૂજા કરો, બીજી ચંદન સાર,
ત્રીજી કુસુમ વળી ધૂપની, પંચમ દીપ મનોહાર, ૩

અક્ષત ફળ નૈવેદ્યની, પૂજા અતિહિ ઉદાર,
જે ભવિયણ નિત નિત કરે, તે પામે ભવપાર. ૪

રત્નજડિત કળશે કરી, ન્હવણ કરો જિનભૂપ,
પાતક પંક પખાલતાં, પ્રગટે આત્મસ્વરૂપ. ૫

દ્રવ્ય ભાવ દોય પૂજના, કારણ કાર્ય સંબંધ,
ભાવસ્તવ પુષ્ટિ ભણી, રચના દ્રવ્ય પ્રબંધ. ૬

શુભ સિંહાસન માંડીને, પ્રભુ પધરાવો ભક્ત,
પંચ શબ્દ વાજીંત્રશું, પૂજા કરીયે વ્યક્ત. ૭

## ઢાળ પહેલી

અનેહાં રે જિનમંદીર રળિયામણું રે—એ દેશી.

**અનેહાંરે ન્હવણ કરો જિનરાજને રે, એ તો શુદ્ધાલંબન દેવ,**
**પરમાતમ પરમેસરૂરે, જસુ સુરનાર સારે સેવ. ન્હ૦ અ૦ ૧**

**માગધતીર્થ પ્રભાસના રે, સુરનદી સિંધુનાં લેવ,**
**વરદામ ક્ષીરસમુદ્રનાં રે, નીરે ન્હરાવે જેમ દેવ. ન્હ૦ અ૦ ૨**

**તેમ ભવિ ભાવે તીર્થોદકે રે, વાસો વાસ સુવાસ,**
**ઔષધિયો પણ ભેળી કરો રે, અનેક સુગંધિત ખાસ. ન્હ૦ અ૦ ૩**

**કાળ અનાદિ મળ ટાળવા રે, ભાળવા આતમરૂપ,**
**જળપૂજા યુક્તે કરી રે, પૂજો શ્રી જિન ભૂપ. ન્હ૦ અ૦ ૪**

વિપ્રવધુ જળપૂજથી રે, જેમ પામી સુખ સાર,
તેમ તને દેવાધિદેવને રે, ચર્ચી લહો ભવપાર,
ન્હવણ કરો જિનરાજને રે. ૫

### કાવ્ય

વિમલકેવલદર્શનસંયુત, સકલજન્તુમહોદયકારણમ્
સ્વગુણશુદ્ધિકૃતે સ્નપયામ્હે, જિનવરં નવરંગમયામ્સભા. ૧

પ્રથમ જલ પૂજા સમાપ્ત.

---

## દ્વિતીય ચન્દન પૂજા

### દોહા

હવે બીજી ચંદન તણી, પૂજા કરો મનોહાર,
મિથ્યા તાપ અનાદિનો, ટાળો સર્વ પ્રકાર. ૧

પુદ્ગલ પરિચય કરી ઘણો, પ્રાણી થયો દુર્વાસ,
સુગંધ દ્રવ્ય જિન પૂજીને, કરો નિજ શુદ્ધ સુંવાસ. ૨

### ઢાળ બીજી

મનથી ડરનાં, પરનારી સંગ ન કરનાં.—એ દેશી.

ભવિ ! જિન પૂજો, દુનિયામાં દેવ ન દૂજો;
જે અરિહા પૂજે, તસ ભવનાં પાતક ધ્રૂજે. ભવિ૦ ૧

પ્રભુ પૂજા બહુ ગુણ ભરી રે, કીજે મનનો રંગ,
મન વચ કાયા થીર કરી રે, અર્ચો અરિહા અંગ. ભવિ૦ ૨

કેસર ચંદન ઘસી ઘણું રે, માંહે ભેળી ઘનસાર,
રત્ન કચોળી માંહે ધરી રે, પ્રભુ પદ અર્ચો સાર. ભવિ૦ ૩

ભવદવ તાપ શમાવવા રે, તરવા ભવજળ તીર,
આત્મસ્વરૂપ નિહાળવા રે, રૂડો જગગુરુ ધીર. ભવિ૦ ૪

પદ જાનુ કર અંસ શિર રે, ભાલ ગળે વળી સાર,
હૃદય ઉદર પ્રભુને સદા રે, તિલક કરો મન પ્યાર. ભવિ૦ ૫

એણિ વિધ જિનપદ પૂજતા રે, કરતાં પાપ પલાય,
જેમ **જયસુરને શુભમતિ** રે, પામ્યા અવિચળ ઠાય.
ભવિ જિન પૂજો. ૬

**કાવ્ય**

જગદુપાધિચયાદ્રહિતં હિતં, સહજતત્ત્વકૃતે ગુણમન્દિરમ્,
વિનયદર્શનકેસરચન્દનૈ,-રમલહન્મલહજિજનમર્ચયે. ૧

દ્વિતીય ચન્દન પૂજા સમાપ્ત.

---

## તૃતીય કુસુમ પૂજા

**દોહા**

ત્રીજી કુસુમતણી હવે, પૂજા કરો સદ્ભાવ,
જેમ દુષ્કૃત દૂરે ટળે, પ્રગટે આત્મસ્વભાવ. ૧

જે જન ષટ્ ઋતુ ફૂલશું, જિન પૂજે ત્રણ કાળ,
સુર-નર-શિવ-સુખસંપદા, પામે તે સુરસાલ. ૨

## ઢાળ ત્રીજી

સાહેલડીયાંની દેશી.

કુસુમપૂજા ભવિ તુમે કરો, સાહેલડીયાં!
આણી વિવિધ પ્રકાર, ગુણ વેલડીયાં!
જાઇ જુઇ કેતકી સા૦ દમણો મરુઓ સાર. ગુણ૦ ૧

મોગરો ચંપક માલતી, સા૦ પાડલ પદ્મ ને વેલ, ગુણ૦
બોલસિરી જાસૂદશું, સા૦ પૂજો મનને ગેલ. ગુણ૦ ૨

નાગ ગુલાબ સેવંતરી, સા૦ ચંપેલી મચકુંદ, ગુણ૦
સદા સોહાગણ દાઉદી, સા૦ પ્રિયંગુ પુન્નાગનાં વૃંદ. ગુણ૦ ૩

બકુલ કોરંટ અંકોલથી, સા૦ કેવડો ને સહકાર, ગુણ૦
કુંદાદિક પમુહા ઘણે, સા૦ પુષ્પ તણે વિસ્તાર. ગુણ૦ ૪

પૂજે જે ભવિ ભાવશું, સા૦ શ્રી જિન કેરા પાય, ગુણ૦
વણિક સુતા **લીલાવતી**, સા૦ જિમ લહે શિવપુર ઠાય. ગુણ
વેલડીયાં. ૫

### કાવ્ય

સુકરુણાસુનૃતાર્જવમાર્દવૈઃ પ્રશમશૌચશમાદિસુમૈર્જનાઃ
પરમપૂજ્યપદસ્થિતમર્ચિતં, પરમુદાર મુદારગુણં જિનં.

તૃતીય પુષ્પ પૂજા સમાપ્ત.

---

## ચતુર્થી ધૂપ પૂજા

### દોહા

અર્ચા ધૂપતણી કરો, ચોથી હર્ષ અમંદ,
કર્મેન્ધન દાહન ભણી, પૂજો શ્રી જિનચંદ. ૧

સુવિધિ ધૂપ સુગંધશું, જે પૂજે જિનરાય,
સુર-નર-કિન્નર તે સવિ, પૂજે તેહના પાય. ૨

## ઢાળ ચોથી

સાંવરી સુરતપર મેરા દિલ અટકયો.—એ દેશી.

અરિહા આગે ધૂપ કરીને, નરભવ લાહો લીજેરી,
અગર ચંદન કસ્તુરી સંયુક્ત, કુંદરૂ માંહે ધરીજેરી. અરિ૦ ૧
ચૂરણ શુદ્ધ દશાંગ અનોપમ. તુરક્ક અંબર ભાવીજેરી,
રત્નજડિત ધૂપધાણા માંહે, શુભ ધનસાર ઠવીજે રી. અરિ૦ ૨
પવિત્ર થઇ જિનમંદિરે જઇને, આશય શુદ્ધ કરીજે રી,
પ્રગટવા માંગે ધરતાં, ભવ ભવ પાપ હરીજે રી. અરિ૦ ૩
સમતારસ સાગર ગુણ આગર, પરમાતમ જિન પૂરારી,
ચિદાનંદ ચિન્મયમૂરતિ, ઝગમગ જ્યોતિ સનૂરા રી. અરિ૦ ૪
એહવા પ્રભુને ધૂપ કરતાં, અવિચળ સુખડાં લહિયેરી,
ઇહ ભવ પરભવ સંપત્તિ પામે, જેમ **વિનયંધર** કહિયેરી. અરિહા૦ ૫

## કાવ્ય

અશુભપુદ્ગલસંચયવારણં, સમસુગંધકરં તપધૂપનમ્
ભગવતા સુપુરોહિતકર્મણાં, જયવતો યવતોઽક્ષયસંપદા. [?] ૧

ચતુર્થી ધૂપ પૂજા સમાપ્તા

---

# પંચમી દીપક પૂજા

## દોહા

નિશ્ચય ધન જે નિજતણું, તિરોભાવ છે તેહ.
પ્રભુ મુખ દ્રવ્ય દીપક ધરી, આવિર્ભાવ કરેહ. ૧

અભિનવ દીપક એ પ્રભુ, પૂજી માગો હેવ,
અજ્ઞાન તિમિર જે અનાદિનું, ટાળો દેવાધિદેવ ! ૨

## ઢાળ પાંચમી

ઝુંબખડાની દેશી.

ભાવદીપક પ્રભુ આગળે, દ્રવ્યદીપક ઉત્સાહે, જિનેસર પૂજીયે
પ્રગટ કરી પરમાતમા, રૂપ ભાવો મનમાંહે. જિ૦ ૧
ધૂમ્ર કષાય ન જેહમાં, ન છીપે પતંગને હેજ; જિ૦
ચરણ ચિત્રામણ નવિ ચળે, સર્વ તેજનું તેજ. જિ૦ ૨
અધ ન કરે જે આધારને, સમીરતણે નહીં ગમ્ય; જિ૦
ચંચલભાવે જે નવિ લહે, નિત્ય રહે વળી રમ્ય. જિ૦ ૩
તૈલ પ્રક્ષેપ જિહાં નહીં, શુદ્ધદશા નહિ દાહ; જિ૦
અપર દીપક એ અર્ચતાં, પ્રગટે પ્રશમ પ્રવાહ. જિ૦ ૪
જેમ **જિનમતિને ધનસિરી**, દીપપૂજનથી દોય; જિ૦
અમરગતિ સુખ અનુભવી, શિવપુર પહોતા સોય. જિ૦ ૫

### કાવ્યમ્

બહુલમોહતમિસ્રનિવારકં, સ્વપરવસ્તુવિકાસનમાત્મનઃ
વિમલબોધસુદીપકમાદધે, ભુવનપાવનપારગતાગ્રતઃ. ૧

પંચમી દીપક પૂજા સમાપ્ત

---

## ષષ્ઠી અક્ષત પૂજા

### દોહા

સમકિતને અજુઆળવા, ઉત્તમ એહ ઉપાય,
પૂજાથી તમે પ્રીછજો, મનવંછિત સુખ થાય. ૧

અક્ષત શુદ્ધ અખંડશું, જે પૂજે જિનચંદ,
લહે અખંડિત તેહ નર, અક્ષય સુખ આનંદ. ૨

## ઢાલ છઠ્ઠી

ધર્મજિણંદ દયાલજી, ધર્મતણો દાતા—એ દેશી

અક્ષતપૂજા ભવિ કીજેજી, અક્ષત ફળ દાતા.
શાલિ ગોધૂમ પણ લીજેજી, અ૦
પ્રભુ સન્મુખ સ્વસ્તિક કીજેજી; અ૦
મુક્તાફળ વીચમેં દીજેજી. અ૦ ૧

એહવા ઉજ્જવલ અક્ષત વાસીજી, અ૦
શુભતંદુલ વાસ ઉલ્લાસીજી; અ૦
ચૂરક ચઉગતિ ચિત્ત ચોખેજી, અ૦
પૂરી અક્ષય સુખ લહો જોખેજી. અ૦ ૨

પુનરાવર્ત્ત હરવા હાથેજી, અ૦
નંદાવર્ત્ત કરો રંગ સાથેજી; અ૦
કરજોડી જિનમુખ રહીનેજી, અ૦
એમ અક્ષય શિવ દીયો વહીનેજી. અ૦ ૩

જગનાયક જગગુરુ જેતાજી; અ૦
જગબંધુ અમલ વિભુ નેતાજી. અ૦
બ્રહ્મા ઇશ્વર વડભાગીજી, અ૦
યોગીશ્વર વિદિત વૈરાગીજી. અ૦ ૪

એહવા દેવાધિદેવને પૂજેજી, અ૦
ભવભવનાં પાતક ધ્રુજેજી; અ૦
જેમ **કીરયુગલ** ભવ પારજી, અ૦
લહે અક્ષત પૂજા પ્રકારજી. અ૦ ૫

### કાવ્ય

સકલમઙ્ગલસંભવકારણં, પરમમક્ષતભાવકૃતેર્જિનમ્;
સુપરિણામમયૈરહમક્ષતૈઃ, પરમયા રમયા યુતમર્ચ્યયે. ૧

ષષ્ઠી અક્ષત પૂજા સમાપ્તા

---

## સપ્તમી ફળ પૂજા

### દોહા

શ્રીકાર ઉત્તમ વૃક્ષનાં, ફળ લેઇ નર નાર,
જિનવર આગે જે ધરે, સફળો તસ અવતાર. ૧

ફળપૂજાનાં ફળથકી, કોડી હોય કલ્યાણ,
અમર વધૂ ઉલટ ધરી, તસ ધરે ચિત્તમાં ધ્યાન. ૨

### ઢાળ સાતમી

બિંદલાની દેશી

ફળપૂજા કરો ફળકામી, અભિનવ પ્રભુ પુણ્યે પામી હો.
પ્રાણી ! જિન પૂજો,
શ્રીફળ, અખોડ, બદામ, સીતાફળ, દાડિમ નામ હો. પ્રા૦ ૧

જમરૂખ, તરબુજ, કેળાં, નિમજાં, કોહલાં કરો ભેળાં હો, પ્રા૦
પીસ્તાં, ફનસ, નારંગ, પૂગી, ચૂઅફળ ઘણું ચંગ હો. પ્રા૦ ૨

ખરબુજ, દ્રાખ, અંજીર, અન્નાસ, રાયણ, જંબીર હો. પ્રા૦
મિષ્ટલીંબુ ને અંગુર, શિંગોડાં, ટેટી, બીજપૂર હો. પ્રા૦ ૩

એમ જે જે વિષય લહંત, તે તે જિનભવને ઢોયંત હો. પ્રા૦
અનુપમ થાળ વિશાળ, તેહમાં ભરીને સુરસાળ હો. પ્રા૦ ૪
ફળપૂજા કરે જે ભાવે, તે શિવરમણી સુખ પાવે હો. પ્રા૦
**દુર્ગતા નારી** જેમ લહે, **કીરયુગલ** વળી તેમ હો. પ્રા૦ ૫

### કાવ્ય

અમલશાન્તરસૈકનિધિં શુચિ,-ગુણફલૈર્મલદોષહરૈર્હરમ્;
પરમશુદ્ધિફલાય યજે જિનં, પરહિતં રહિતં પરભાવતઃ ૧

સપ્તમી ફલપૂજા સમાપ્તા

---

## અષ્ટમી નૈવેદ્ય પૂજા

### દોહા

ભવદવ દહન નિવારવા, જલદ ઘટા સમ જેહ,
જિન પૂજા યુગતે કરી, ત્રિવિધે કીજે તેહ. ૧

પૂજા કુગતિની અર્ગલા, પુણ્ય સરોવર પાળ,
શિવગતિની સાહેલડી, આપે મંગલ માળ. ૨

શુભ નૈવેદ્ય શુભ ભાવશું, જિન આગે ધરે જેહ,
સુરનર શિવપદ સુખ લહે, **હલીય** પુરુષ **પરે** તેહ. ૩

### ઢાળ આઠમી

શ્રાવણ માસે, સ્વામિ ! મ્હેલી ચાલ્યા રે—એ દેશી

હવે નૈવેદ્ય રસાલ, પ્રભુજી આગે રે,
ધરતાં ભવિ સુખકાર, પ્રભુતા જાગે રે.
કંચન જડિત ઉદાર, થાળમાં લાવો રે,
તાર તાર મુજ તાર, ભાવના ભાવો રે. ૧

લાપસી, સેવ, કંસાર, લાડુ તાજા રે,
મનોહર મોતીચૂર ખુરમાં, ખાજાં રે.
બરફી, પેંડા, ખીર, ઘેવર, ઘારી રે,
સાટા, સાંકલીસાર, પૂરી ખારી રે, ૨

કસમસીયા, ફૂલેર, સક્કરપારા રે,
લાખણુસાઇ રસાલ, ધરો મનોહારા રે.
મોતૈયા, કળી સાર, આગે ધરિયે રે,
ભવ ભવ સંચિત પાપ, ક્ષણમાં હરિયે રે. ૩

મુરકી, મેસુર, દહીંથરા, વરસોલાં રે,
પાપડ, પૂરી ખાસ, દોઠાં ધોલાં રે,
ગુંદવડાં, ને રેવડી, મન ભાવે રે,
ફેંણી, જલેબી માંહે, સરસ સોહાવે રે, ૪

શાલિ, દાલ, ને સાલણાં મન રંગે રે,
વિવિધ જાતિ પકવાન, ઢોવો ચંગે રે.
તાલ, કંસાલ, મૃદંગ, વીણા, વાજે રે,
ભેરી, નફેરી, ચંગ મધુરધ્વનિ ગાજે રે. ૫

સોળ સજી શણગાર ગોરી ગાવે રે.
દેતાં અઢળક દાન, જિનઘર આવે રે.
એણીપરે અષ્ટ પ્રકાર, પૂજા કરશે રે,
નૃપ **હરિશ્ચંદ્ર** પરે તેહ, ભવજળ તરશે રે. ૬

## કાવ્ય

સકલચેતનજીવિતદાયિની, વિમલભક્તિવિશુદ્ધિસમન્વિતા;
ભગવતઃ સ્તુતિસારસુખાસિકા, શ્રમહરા મહાસ્તુ વિભોઃ પુર. ૧

અષ્ટમી નૈવેદ્ય પૂજા સમાપ્તા

## ઢાળ નવમી

નમો ભવિ ! ભાવશું એ—દેશી

અષ્ટપ્રકારી ચિત્ત ભાવિયેએ, આણી હર્ષ અપાર,
ભવિજન ! સેવિયે એ.
અષ્ટ મહાસિદ્ધિ સંપજે એ, અડબુદ્ધિ દાતાર. ભવિ૦ ૧

અડદિટ્ઠિ પણ પામીયે એ, પૂજથી ભવિ શ્રીકાર; ભ૦
અનુક્રમે અષ્ટકરમ હણી એ, પંચમી ગતિ લહો સાર ભ૦ ૨

શા ન્હાનાસુત **સુંદરૂં** એ, વિનયાદિક ગુણવંત; ભ૦
**શાહ જીવણના** કહેણથી એ, કીયો અભ્યાસ એ સંત. ભ૦ ૩

સકલ પંડિત શિર સેહરો એ, **શ્રી વિનીતવિજય** ગુરુરાય ભ૦
તાસ ચરણ સેવા થકી એ, **દેવ**નાં વંચ્છિત થાય. ભ૦ ૪

શશિ નયન ગજ વિધુ વરુ એ, (૧૮૨૧) નામ સંવત્સર
જાણુ, ભ૦
તૃતીયા સિત આસો તણી એ, શુક્રવાર પ્રમાણ, ભ૦ ૫

**પાદરા** નગર વિરાજતા એ, **શ્રીસંભવ** સુખકાર, ભ૦
તાસ પસાયથી એ રચી એ, પૂજા અષ્ઠ પ્રકાર. ભ૦ ૬

## કળશ

ઇહ જગત સ્વામી, મોહ વામી, મોક્ષગામી સુખકરૂં,
પ્રભુ અકલ અમલ અખંડ નિર્મલ, ભવ્ય મિથ્યાતમ હરૂં.
દેવાધિદેવા ચરણસેવા, નિત્ય મેવા આપીયે,
નિજ દાસ જાણી દયા આણી, આપ સમોવડ થાપીયે. ૧

## શ્લોક

ઇતિ જિનવરવૃન્દ શુદ્ધભાવેન કીર્તિ-
વિમલમિહ જગત્યાં, પૂજયન્ત્યષ્ટધા યે,
નિજકલિમલહેતોઃ કર્મણોન્તં વિધાય,
પરમગુણમયં તે, યાન્તિ મોક્ષં હિ વીરા. ૧

શ્રી દેવવિજયજીકૃત-અષ્ટપ્રકારી પુજા સમાપ્ત

# શ્રીસિદ્ધચક્ર આરાધન વિધિ

## ચતુર્થ વિભાગ

### પદ સંગ્રહ

### પદ પહેલું. રાગ સારંગ.

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં હમ૦

બિસર ગઇ દુવિધા તન મનકી, અચિરા સુત ગુન જ્ઞાનમેં. હમ૦ ૧

હરિહર બ્રહ્મ પુરંદરકી ઋદ્ધિ, આવત નાંહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા રસકે પાનમેં. હમ૦ ૨

ઇતને દિન તું નાંહિ પિછાન્યો, મેરો જન્મ ગમાયો અજાનમેં;
અબ તો અધિકારી હોઇ બૈઠે, પ્રભુગુન અખય ખજાનમેં. હમ૦ ૩

ગઇ દીનતા સબહી હમારી, પ્રભુ તુજ સમક્તિ દાનમેં;
પ્રભુ ગુન અનુભવકે રસ આગે, આવત નહિ કોઉ માનમેં. હમ૦ ૪

જિનહિ પાયા તિનહિ છિપાયા, ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ શાનમેં. હમ૦ ૫

પ્રભુ ગુન અનુભવ ચંદ્રહાસ્ય જ્યોં, સો તો ન રહે મ્યાનમેં;
**વાચક** જશ કહે મોહ મહા અરિ, જીતલિયો હે મેદાનમેં. હમ૦ ૬

## પદ બીજું રાગ-સામેરી.

મેરે પ્રભુસું પ્રગટયો પૂરન રાગ. મેરે૦
જિનગુન ચંદ કિરનસું ઉમગ્યો, સહજ સમુદ્ર અથાગ. મેરે૦ ૧

ધ્યાતા ધ્યેય ભયે દોઉ એકહુ, મિટયો ભેદકો ભાગ;
કુલ બિદારી છલે જબ સરિતા, તબ નાહિ રહત તડાગ. મેરે૦ ૨

પૂરન મન સબ પૂરન દીસે, નહિ દુબિધાકો લાગ;
પાઊ ચલત પનહી જો પહિરે, નહિ તસ કંટક લાગ. મેરે૦ ૩

ભયો પ્રેમ લોકોત્તર જૂઠો, લોક બંધકો ત્યાગ;
કહો કોઉ કછુ હમતો ન રૂચે, છૂટિ એક વીતરાગ. મેરે૦ ૪

વાસત હૈ જિનગુન મુઝ દિલકું, જેસો સુરતરુ બાગ;
ઔર વાસના લગે ન તાતે, **જશ** કહે તું વડભાગ. મેરે૦ ૫

## પદ ત્રીજું. (રાગ આશાવરી)

અવધુ વહ જોગી હમ માને, જો હમકું સબગત જાને;
બ્રહ્મા વિષ્ણુ મહેસર હમકી, હમકું ઇસર માને. ૧

ચક્રી બલ વાસુદેવ જે હમહી, સબ જગ હમકું જાને;
હમસે ન્યારા નહિ કોઇ જગમેં, જગ પરબ્ચિત હમ માને. અ૦ ૨

અજરામર અકલંકતા હમહી, શિવવાસી જે માને;
નધિ ચરિત **જ્ઞાનાનંદ** ભોગી, ચિદ્દઘન નામ જે માને. અ૦ ૩

## પદ ચોથું

કરે મંદોદરી રાણી નાટક, રાવણ તંત બજાવે;
માદલ વીણા તાલ તંબુરો, પગ રવ હમ ઠમકાવે. કરે૦ ૧

ભક્તિ ભાવ નાટક એમ કરતાં, ત્રૂટી તાંત બિચાલે;
સાંધી આપ નસા નિજકરથી, લઘુકલા તત્કાલે. કરે૦ ૨

દ્રવ્ય ભાવભક્તિ નવી ખંડી, તો અક્ષય પદ સાધ્યું;
સમક્તિ સુરતરુ ફલ પામીને, તીર્થંકર પદ બાંધ્યું. કરે૦ ૩

એણી પરે જે ભવિજન જિન આગે, ભલી પરે ભાવના ભાવે;
**જ્ઞાન વિમલ** ગુણ તેહના, અહનીશ સુરનર નાયક ગાવે. કરે૦ ૪

**પદ પાંચમું.** જ્યું ત્યું તત્વ ન સુજ પડેરી—એ રાગ.

અબ મોહે તારો દીન દયાલ, મત મત મેં સબહી દેખે;
ચિત્ત ચિત્ત તુમ નામ રસાલ, અબ મોહે તારો દીન દયાલ. ૧

આદિ અનાદિ પુરુષ હો તુમહી, તુમહી વિષ્ણુ ગોપાલ;
શિવ શંકર બ્રહ્મા ઇશ્વર તુંહી, ભાંગી ગઇ ભ્રમ જાલ. અબ૦ ૨

મોહ વિકલ ભૂલ્યો ભવમાંહી, ફિર્યો અનંતો કાલ;
**ગુણ** વિશાલ શ્રી આદિ જિનેશ્વર, મેરી કરો પ્રતિપાલ. અબ૦ ૩

**પદ છઠું** રાગ ભૈરવ.

બીના પ્રભુ પાર્શ્વકે દેખે, મેરે દીલ બે કરારી હે.

ચોરાશી લાખમેં ભટકયો, બહુતસી દેહ ધારી હે;
ઘેરા મુજે કર્મ આઠોને, ગળે જંજીર ડારી હે. બીના૦ ૧

જગત કે દેવ સબ દેખે, સબી કે લોભ ભારી હે;
કોઈ ક્રોધી કોઇ માની, કીસી કે સંગ ન્યારી હે. બીના૦ ૨

મુસીબત જે પડી હમ પે, ઉસીને ખુદ નીહારી હે;
પન્નાકું કુગતીસે તારો, યહી વિનતિ હમારી હે. બીના૦ ૩

## પદ સાતમું

શ્રી શંખેસર પાસ જિનંદકે, ચરણ કમલ ચિત્ત લાગી રે.
સુણજો રે સજ્જન નિત્ય ધ્યાઉંગી.
એહવા દૃઢધારી હિયામેં, અન્યદ્વાર નહિ જાઉંગી. સુ૦ ૧
સુંદર સુરંગ સલુની મૂરત, નિરખ નયન સુખ પાઉંગી. સુ૦ ૨
ચંપા ચંબેલી આન મોગરા, અંગીયાં અંગ રચાઉંગી. સુ૦ ૩
શીલાદિક શણગાર સજી નિત્ય, નાટક પ્રભુકું દેખાઉંગી. સુ૦ ૪
**ચિદાનંદ** પ્રભુ **પ્રાણ** જીવનકું મોતીયન થાળ વધાઉંગી. સુ૦ ૫

## પદ આઠમું રાગ-દરબારી કાનડો

દુરમતિ દાર દે મેરે પ્રાણી. દુરમતિ૦
જૂઠી સબ સંસારકી માયા, જૂઠી ગરવ ગુમાની. દુરમતિ૦ ૧
આપ ન બૂઝે મોહ નિંદ, ડોલે દુનિયા દિવાની;
વીતરાગ દુઃખ ડારણ દિલસું, **વિનય** જપે શુદ્ધ જ્ઞાની.
દુરમતી૦ ૨

## પદ નવમું રાગ વેલાવલ

જીય જાતે મેરી સફલ ઘરીરી જીય૦
સુત વનિતા ધન યૌવન માતો, ગર્ભતણી વેદન વિસરી રી. જી૦ ૧
સુપનકો રાજ સાચ કરી માચત, રાચત છાંહુ ગગન બદરી રી;
આઇ અચાનક કાળ તોપચી, ગહેગો જ્યું નાહર બકરી રી. જી૦ ૨
અતિહી અચેત કછુ ચેતત નાંહિ, પકરી ટેક હારિલ લકરી રી;
**આનંદઘન** હીરોજન છાંડી, નર મોહ્યો માયા
કકરી રી. જીય૦ ૩

## **પદ દશમું** રાગ આશાવરી

આશા ઔરકી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે આશા૦
ભટકે દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશાધારી;
આતમ અનુભવ રસકે રસીયા, ઉતરે ન કબહુ ખુમારી. આશા૦ ૧

આશા દાસીકે જે જાયે, તે જબ જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. આશા૦ ૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પર જાલી;
તન ભાઠી અટવાઇ પીએ કસ, જાગે અનુભવ લાલી. આશા૦ ૩

અગમ પીયાલા પીઓ મતવાલા, ચિન્હી આધ્યાતમ વાસા;
**આનંદઘન** ચેતન વે ખેલે, દેખે લોક તમાસા. આશા૦ ૪

## **પદ અગિયારમું** રાગ. કેરબો

પ્રભુ ભજલે મેરા દીલ રાજી રે. પ્રભુ૦
આઠ પહોરકી સાઠજ ઘડીયાં, દો ઘડીયા જિન સાજી રે. પ્રભુ૦ ૧

દાન પુણ્ય કછુ ધર્મ કર લે, મોહ માયાકું ત્યાજી રે. પ્રભુ૦ ૨
**આનંદઘન** કહે સમજ સમજ લે, આખર ખોવેગા બાજી રે.
પ્રભુ૦ ૩

## **પદ બારમું** રાગ આશાવરી

અનુભવ આનંદ પ્યારો, અબ મોહે અનુભવ આનંદ પ્યારો.
એક વિચાર ધાર તું જડથી, કનક ઉપલ જિમન્યારો. અબ૦ ૧
બંધ હેતુ રાગાદિક પરિણુતિ, લખ પરપખ સહુ ન્યારો.
**ચિદાનંદ** પ્રભુ કર કરિયા અબ, ભવ સાયરથી તારો. અબ૦ ૨

## શ્રી નવપદની સઝાયો.

### ૧

**ગોયમ** નાણી હોકે, કહે સુણો પ્રાણી. મારા લાલ !
જિન વરવાણી હોકે, હઈડે આણી. મારા લાલ !
આસો માસે હોકે, ગુરુની પાસે મારા૦
નવપદ ધ્યાને હોકે, અંગ ઉલ્લાસે. મારા૦ ૧

આંબિલ કીજે હોકે, જિન પૂજીજે. મા૦
જાપ જપીજે હોકે, દેવ વાંદીજે. મા૦
ભાવના ભાવો હોકે, સિદ્ધચક્ર ધ્યાવો. મા૦
જિનગુણ ગાવો હોકે, શિવસુખ પાવો. મા૦ ૨

શ્રી **શ્રીપાળે** હોકે, **મયણા** બાળે. મા૦
ધ્યાન રસાળે હોકે, રોગજ ટાળે. મા૦
સિદ્ધચક્ર ધ્યાવો હોકે, રોગ ગમાયો. મા૦
મંત્ર આરાધ્યો હોકે, નવપદ પાયો મા૦ ૩

ભામિની ભોળી હોકે, પહેરી પટોળી. મા૦
સહિયર ટોળી હોકે, કુંકુમ ઘોળી. મા૦
થાળ કચોળી હોકે, જિનઘર ખોલી. મા૦
પૂજી પ્રણમી હોકે, કીજે ઓળી. મા૦ ૪

ચૈત્રે આસો હોકે, મનને ઉલ્લાસે. મા૦
નવપદ ધ્યાશે હોકે, શિવસુખ પાશે. મા૦
**ઉત્તમ સાગર** હોકે, પંડિત રાયા. મા૦
સેવક **કાંતે** હોકે, બહુ સુખ પાયા. મા૦ ૫

---

## ૨

### આ છે લાલની–દેશી

નવપદ મહિમા સાર, સાંભળજો નરનાર, આછે લાલ !
હેજ ધરી આરાધીએજી.

તો પામો ભવપાર, પુત્ર-કલત્ર પરિવાર; આછે લાલ !
નવદિન મંત્ર આરાધીએજી. એ આંકણી. ૧

આસો માસ સુવિચાર, નવ આંબિલ નિરધાર, આછે લાલ !
વિધિશું જિનવર પુજીએજી.

અરિહંત સિદ્ધ પદ સાર, ગણણું તેર હજાર, આછે લાલ !
નવપદ મહિમા કીજીએજી. ૨

**મયણા સુંદરી શ્રીપાળ**, આરાધ્યો તત્કાળ, આછે લાલ !
ફળદાયક તેહને થયોજી.

કંચન વરણી કાય, દેહડી તેની થાય, આછે લાલ !
શ્રી સિદ્ધચક્ર મહિમા કહ્યોજી. ૩

સાંભળી સહુ નરનાર, આરાધ્યો નવકાર, આછે લાલ !
હેજ ધરી હૈડે ઘણુંજી.

ચૈત્ર માસ વળી એહ, નવપદશું ધરો નેહ, આછે લાલ !
પૂજ્યો દે શિવસુખ ઘણુંજી. ૪

એણી પરે **ગૌતમ** સ્વામ, નવનિધ જેહને નામ. આછે લાલ !
નવપદ મહિમા વખાણીએજી.

**ઉત્તમ સાગર** શિષ્ય, પ્રણમે તે નિશદીશ, આછે લાલ !
નવપદ મહિમા જાણીએ જી. ૫

૩

કીસકે ચેલે કીસકે પુત—એ દેશી

સેવોરે ભાવ ભાવે નવકાર, જપે શ્રી **ગૌતમ** ગણધાર,
ભવિ સાંભળો, હાંરે સંપદ થાય, ભ૦ હાંરે સંકટ જાય; ભ૦
આસોને ચૈત્રે હરખ અપાર, ગણણું કીજે તેર હજાર. ભ૦ ૧

ચાર વર્ષને વળી ષટ માસ, ધ્યાન ધરો ભવી ધરી વિશ્વાસ, ભ૦
ધ્યાયોરે **મયણાસુંદરી શ્રીપાળ**, તેહનો રોગ ગયો તત્કાળ. ભ. ૨

અષ્ટ કમળ દળ પૂજા રસાળ, કરી ન્હવણ છાંટયું તત્કાળ, ભ૦
સાતસો મહીપતિ તેહનેરે ધ્યાન, દેહડી પામ્યા કંચનવાન, ભ૦ ૩

મહિમા કહેતા નાવે પાર, સમરો તિણે કારણ નવકાર, ભ૦
ઇહ ભવ પર ભવ દીએ સુખવાસ, પામે લચ્છી લીલ વિલાસ. ભ૦ ૪

જાણી પ્રાણી લાભ અનંત, સેવો સુખદાયક એ મંત્ર, ભ૦
**ઉત્તમ સાગર** પંડિત શિષ્ય, સેવે **કાંતિ સાગર** નિશદીશ. ભ૦ ૫

## નવપદજીનો લાવણી.

જગતમેં નવપદ જયકારી, પૂજતાં રોગ ટળે ભારી,
પ્રથમ પદ **તીર્થપાત** રાજે, દોષ અષ્ટાદશકું ત્યાજે;
આઠ પ્રાતિહારજ છાજે, જગતપ્રભુ ગુણ બારે રાજે,
અષ્ટ કરમ દલ જીતકે, **સિદ્ધ** ભજો ભગવંત,
સિદ્ધ અનંત જે પદે, નમુ તેહ આનંદ;
પ્રગટ ભયો નિજ સ્વરૂપ ભારી, જગતમેં૦ ૧.

**સૂરિ** પદમાં **ગૌતમ કેશિ**, ઉપમા ચંદ્ર સૂરજ જેસી,
ઉગાર્યો રાજા **પરદેશી**, એક ભવમાંહે શિવ લેશી.

ચોથે પદ **પાઠક** નમું, શ્રુતધારી **ઉવજ્ઝાય**,
**સવ્વ સાહુ** પંચમ પદમાંહિ, ધન્ય **ધન્નો** મુનિરાય,
વખાણ્યો વીર પ્રભુ ભારી. જગતમેં૦ ૨

દ્રવ્યષટ્કી શ્રદ્ધા આવે, શમ સંવેગાદિક પાવે,
વિના એ જ્ઞાન નહિ કિરિયા, જૈન**દર્શન**સેં સબ તરિયા,
**જ્ઞાન** પદારથપદ સાતમે, આતમરાય મહારાજ,
રમતારામ અધ્યાતમ માંહે, નિજપદ સાધે કાજ;
દેખતાં વસ્તુ જગત સારી. જગતમેં૦ ૩

**જોગકી** મહિંમા બહુ જાણી, ચક્રધર છોડી સબ રાણી,
**યતિ** દશ ધર્મે કરી સોહે, મુનિ શ્રાવક સબ મન મોહે;
કર્મ નિકાચિત કાપવા, **તપ** કુઠાર કર ધાર,
નવમું પદ જો ધરે ક્ષમાશું, કર્મ મૂલ કટ જાય,
ભજો નવપદ જય સુખકારી. જગતમેં૦ ૪

શ્રી **સિદ્ધચક્ર** ભજો ભાઈ, આચામ્લ તપનો વિધિ થાઇ,
પાપ ત્રિહું યોગે પરિહરજ્યો, ભાવ **શ્રીપાલ** પરે ધરજ્યો,
સંવત ઓગણીશ સત્તર સમે, જે **પોશીણા શ્રીપાસ**,
ચૈત્ર ધવલ પુનમને દિવસ, સકલ ફલી મુજ આશ.
**બાલ** કહે નવપદ છબી ધારી. જગતમેં૦ ૫

# શ્રી શ્રીપાળ મહારાજ અને મયણાસુંદરીના ગરબા

## પહેલો ગરબો

રાગ—સોના ઇંઢોણી રૂપા બેડલું રે લોલ.

આસો માસે તે ઓલી આદરીરે લોલ, ધર્યું નવપદજીનું ધ્યાનરે.
શ્રીપાલ મહારાજા મયણા સુંદરીરે લોલ. આંકણી.
માલવ દેશનો રાજીયોરે લો, નામે પ્રજાપાળ ભુપરે શ્રી૰
સોભાગ્યસુંદરી રૂપસુંદરીરે લો. રાણી બે રૂપ ભંડારરે. શ્રી૰
એક મિથ્યાત્વી ધર્મનેરે લો. બીજીને જૈનધર્મ રાગરે. શ્રી.
પુત્રી અકેકી બેયનેરે લો. જેમ વધે બીજ કેરો ચંદરે. શ્રી૰
સોભાગ્ય સુંદરીની સુર સુંદરીરે લો. ભણે મિથ્યાત્વી પાસરે. શ્રી૰
મયણા સુંદરીને રૂપસુંદરીરે લો. ભણાવે જૈનધર્મ સારરે. શ્રી૰
રૂપ કલા ગુણે શોભતીરે લો. ચોસઠ કળાની જાણરે શ્રી૰
બેઠો સભામાં રાજવીરે લો. બોલાવે બાળીકા દોયરે. શ્રી૰
સોળે શણગારે શોભતીરે લો. આવી ઉભી પિતાની પાસરે. શ્રી૰
વિદ્યા ભણ્યાનું જોવા પારખુંરે લો. પુછે રાજા તિંહા પ્રશ્નરે શ્રી૰

**સાખી**—જીવ લક્ષણ શું જાણવું, કોણ કામદેવ ઘર નાર;
શું કરે પરણી કુમારીકા, ઉત્તમ કૂલ શું સાર.

રાજા પુછે એ ચારનો, આપો ઉત્તર એક;
બુદ્ધિ શાલી કુંવરી, આપે ઉત્તર છેક.

શ્વાસલક્ષણુ પેલું જીવનું રે લો. રતિ કામદેવ ઘર નાર રે. શ્રી૦
જાયનું પુલ ઉત્તમ જાતિમાંરે લો. કન્યા પરણીને '**સાસરે જાય**'રે શ્રી૦

**સાખી**—પ્રથમ અક્ષર વીણુ, જીવાડનાર જગનો કહ્યો.
મધ્યમ અક્ષર વીણુ, સંહાર જગનો તે થયો;
અંતિમ અક્ષર વીણુ, સૌ મન મીઠું સોય,
આપો ઉત્તર એકમાં, જેમ સ્ત્રીને વ્હાલું હોય.

આપે ઉત્તર મયણા સુંદરીરે લો. મારી આંખોમાં '**કાજળ**' સોહાયરે શ્રી.

**સાખી**—પેલો અક્ષર કાઢતા, સોહે નરપતિ સોય;
મધ્યાક્ષર વીના જાણુવું, સ્ત્રી મન વહાલું હોય.
ત્રીજો અક્ષર કાઢતા, પંડિતને પ્યારો ભયો;
માગું ઉત્તર એક, તાતે પુત્રીને કહ્યો.

મયણા એ ઉત્તર આપીઓરે લો અર્થ ત્રણેનો '**વાદળ**' થાયરે. શ્રી૦
રાજા પુછે સુરસુંદરી રે લો, કહો પુણ્યથી શું શું પમાયરે. શ્રી૦
ધન યોવન સુંદર દેહડી રેલો. ચોથો મન વલ્લભ ભરતારરે. શ્રી૦
કહે મયણા નિજ તાતને રે લો. સહુ પામીએ પુન્ય પસાયરે. શ્રી૦
શીયલ વૃતે શોભે દેહડી રે લો. બીજી બુધીન્યાયે કરી હોયરે. શ્રી૦
ગુણવંત ગુરુની સંગતીરે લો. મળે વસ્તુ પુણ્યને યોગરે. શ્રી૦
બોલે રાજા અભિમાને કરીરે લો. કરું નિર્ધનને ધનવંતરે. શ્રી૦
સર્વે લોકો સુખ ભોગવેરે લો, એ સઘળો છે મારો પસાયરે. શ્રી૦
સુર સુંદરી કહે તાતનેરે લો, એ સાચામાં શાનો સંદેહરે. શ્રી૦

રાય ત્રુઠો સુરસુંદરીરે લો, પરણાવી પહેરામણી કીધરે. શ્રી૦
શંખપુરીનો રાજીયોરે લો, જેનું અરિદમન છે નામરે. શ્રી૦
રાય સેવાર્થે આવીયોરે લો, સુરસુંદરી આપી સોયરે. શ્રી૦
રાયે મયણાને પુછીયુંરે લો, મારી વાતમાં તને સંદેહરે. શ્રી૦
મયણા કહે નિજ તાતનેરે લો, તમે શાને કરો અભિમાનરે. શ્રી૦
સંસારમાં સુખ દુઃખ ભોગવેરે લો, તે તો કર્મનો જાણે પસાયરે. શ્રી૦
રાજા ક્રોધે બહુ કળ કળ્યોરે લો, ભાખે મયણાસું રોષ વચણરે. શ્રી૦
રત્ન હીંડોલે તું હીંચતીરે લો, પહેરી રેશમી ઊંચા ચીરરે. શ્રી૦
જગત સૌ જી જી કરેરે લો, તારી ચાકર કરે પગ સેવરે. શ્રી૦
તે મારા પસાયથી જાણજેરે લો, રુઠે રોલી નાખું પલમાંયરે. શ્રી૦
મયણા કહે તુમ કુળમાંરે લો, ઉપજવાનો કયાં જોયો તો જોષરે. શ્રી૦
કર્મ સંયોગે ઉપનીરે લો, મળ્યા ખાન પાન આરામરે. શ્રી૦
તમે મ્હોટે મને મહલાવતારે લો, મુજ કર્મ તણો છે પસાયરે. શ્રી૦
રાજા કહે કર્મ ઉપરે રે લો, દીસે તને ઘણો હઠવાદરે, શ્રી૦
કર્મે આણેલા ભરથારનેરે લો, પરણાવી ઉતારું ગુમાનરે. શ્રી૦
રાજાનો ક્રોધ નિવારવારે લો, લઈ ચાલ્યો રયવાડી પ્રધાનરે. શ્રી૦
નવપદ ધ્યાન પસાયથીરે લો, સવી સંકટ દુર પલાયરે. શ્રી૦
કહ્યું **ન્યાયસાગરે** પેલી ઢાલમાંરે લો, નવપદથી નવનિધ થાયરે. શ્રી૦

## ગરબો બીજો

રાગ—ટોપીવાલાના ટોળા ઉતર્યા.

રાજા ચાલ્યો રયવાડીયે, સાથે લીધો સૈન્યનો પરિવાર રે,
સાહેલી મોરી, ધ્યાન ધરો રે અરિહંતનું

ઢોલ નિશાન તિંહા ધુરકે,
ખરછીઓને ભાલાનો ઝલહલાટ રે. સા૦

ધૂલ ઉડેને લોકો આવતા,
રાજા પુછે પ્રધાનને એ કોણ રે. સા૦

કહે પ્રધાન સુણો ભૂપતિ,
એ છે સાતસો કોઢીઆનું સૈન્ય રે. સા૦

રાજા રાણાની પાસે યાચવા,
આવે કોઢિયા સ્થાપી રાજા એક રે. સા૦

કોઢે ગળી છે જેની આંગુલી,
યાચવા આવ્યો કોઢીયા કેરો દૂત રે. સા૦

રાણી નહિ રે અમ રાજવી,
ઉંચાકુલની કન્યા મલે કોઇ રે. સા૦

ડાઢ ખટકે રે જાણે કાંકરો,
નયણ ખટકે તે તો રેણુ સમાનરે. સા૦

વયણ ખટકેરે જેમ પાઉલો,
રાજા હૈડે ખટકે મયણા બોલ રે. સા૦

કોઢીયા રાજાને કેવરાવ્યું.
આવજો નગરી ઉજેણીની માય રે. સા૦

કીર્તિ અવિચલ રાખવા,
આપીશ મારી રાજકુંવરી કન્યાય રે. સા૦

ઉંબર રાણો હવે આવીયો,
સાથે સાતસો કોઢીઆઓનું સૈન્ય રે. સા૦

આવ્યો વરઘોડો મધ્ય ચોકમાં,
ખચ્ચર ઉપર બેઠો ઉંબરરાય રે. સા૦
કોઇ લુલાને કોઇ પાંગળાં,
કોઇના મોટા સુપડા જેવા કાન રે. સા૦
મોઢે ચાંદા ને ચાંદા ચગચગે,
મુખ ઉંપર માખીયોનો ભણકાર રે. સા૦
શોર બકોર સુણી સામટા,
લાખો લોકો જોવા ભેગા થાય રે. સા૦
સરવે લોકો મળી પુછતા,
ભૂત પ્રેત કે રખે હોય પિશાચ રે. સા૦
ભુતડા જાણીને ભસે કુતરા,
લોકો મન થયો છે ઉતપાત રે. સા૦
જાન લઇને અમે આવીયા,
પરણે અમારો રાણો રાજ કન્યાય રે. સા૦
કૌતુક જોવાને લોકો સાથમાં,
ઉંબરરાણો આવ્યો રાયની પાસ રે. સા૦
હવે રાય મયણા ને કહે સાંભળો,
કર્મે આવ્યો કરો તુમે ભરતાર રે. સા૦
કરો અનુભવ સુખનો,
જુઓ તમારા કર્મ તણો પસાય રે. સા૦
કહ્યું **ન્યાયસાગરે** બીજી ઢાળમાં
નવપદ ધ્યાને થાસે મંગલ માળ રે. સા૦

## ગરબો ત્રીજો

રાગ—સોના ઇંઢોણી રૂપા બેડલું રે લોલ.

તાત આદેશે મયણા ચિંતવેરે લોલ,
જે જ્ઞાનીએ દીઠું તે થાય રે,
કર્મતણી ગતિ પેખજોરે લોલ.

અંશ માત્ર ખેદ નથી આણતી રે લોલ.
ન મુખડાનો રંગ પલટાય રે. ક૦

હશે જાયો રાજાનો કે રંકનોરે લોલ.
પીતા સોંપે છે પંચની સાખરે. કે૦

એને દેવની પેરે આરાધવોરે લોલ,
ઉત્તમ કુલની સ્ત્રીનો આચાર રે. ક૦

એમ વિચારી મયણા સુંદરીરે લોલ,
કર્યું તાત વચન પ્રમાણુરે. ક૦

મુખરંગ પુનમની ચાંદનીરે લોલ,
શાસ્ત્રે લગ્ન વેલા જાણી શુધરે. ક૦

આવી ઉંબર રાણાની ડાબી બાજુએરે લોલ,
જાતે કરે છે હસ્ત મેલાપરે. ક૦

કોઢી રાણો કહે રાયનેરે લોલ,
કાગ કંઠે મોતી ના સોહાયરે. ક૦

હોય દાસી કન્યા તો પરણાવજોરે લોલ,
કોઢી સાથે શું રાજકન્યાયરે. ક૦

માતા મયણાની ઝુરતીરે લોલ,
રોવે કુટુમ્બ સખી પરિવારરે. કો૦

કોઇ રાજાના રોષને ધિક્કારતારે લોલ,
કોઇ કહે કન્યા અપરાધરે. કો૦

દેખી રાજકુંવરી અતિ દીપતીરે લોલ,
રોગી સર્વે થયા રલીયાતરે. કો૦

ચાલી મયણા ઉંબરનાં સાથમારે લોલ,
જ્યાં છે કોઢીતણો જાનીવાસરે. કો૦

હવે ઉંબર રાણો મન ચિંતવેરે લોલ,
ધીક ધીક મ્હારો અવતારરે. કો૦

સુંદર રંગીલી છબી શોભતીરે લોલ,
તેનું જીવન કર્યું મે ધૂળરે. કો૦

કહે ઉંબર રાણો, મયણા સુંદરીરે લોલ,
તમે ઊંડો કરોને આલોચરે. કો૦

તારી સોના સરીખી છે દેહડી લોલ,
મારી સંગતથી થાસે વિનાસરે. કો૦

તું તો રૂપેકરી રંભા સારીખીરે લોલ,
મુજ કોઢી સાથે શું સ્નેહરે. કો૦

પતિ ઉંબર રાણાના વચણ સાંભલીરે લોલ,
મયણા હૈડે દુઃખ ન સમાયરે. કો૦

ઢલક ઢલક આંસુ ઢલેરે લોલ,
કાગ હસવું દેડક જીવ જાયરે. કો૦

**સાખી**-કમલીની જલમાં બસે, ચંદા બસે આકાસ,
જે જીહારે મન બસે, તે તીંહારે પાસ.

હવે મયણા કહે ઉંબર રાયનેરે લોલ,
તમે વાલાછો જીવન પ્રાણરે. હ૦

પશ્ચિમ રવિ ઉગે નહિંરે લોલ,
નવી લોપે જલધી મર્યાદરે. હ૦

સતી અવર પુરુષ ઇચ્છે નહિંરે લોલ,
કદિ પ્રાણ જાય પરલોક રે. હ૦

પંચની સાખે પરણાવીયારે લોલ.
અવર પુરુષ બંધવ મુજ હોયરે. હ૦

હવે પાયે લાગીને વિનવેરે લોલ,
તમે બોલો વિચારીને બોલરે. હ૦

રાત્રી વીતી એમ વાતમાંરે લોલ,
બીજે દિન થયો પરભાતરે. હ૦

હવે મયણા આદીશ્વર ભેટવારે લોલ,
જાય સાથે લઇ ભરથાર રે. હ૦

પ્રભુ કુંકુમ ચંદને પૂજીયા રે લોલ,
પ્રભુ કંઠે ઠવી ફુલ માલ રે. હ૦

કરી ચૈત્યવંદન ભાવે ભાવના રે લોલ.
ધરે મયણા કાઉસગ્ગ ધ્યાન રે, હ૦

પ્રભુ હાથે બીજોરું શોભતું રે લોલ,
વલી કંઠે સોહે ફુલ માલ રે. હ૦

શાસન દેવે સહુ દેવતા રે લોલ,
આપ્યું બીજોરુંને ફુલ માળ રે. કo

લીધું ઉંબર રાણાએ તે હાથમાં રે લોલ.
મયણા હૈડે હરખ ન માય રે. કo

પૌષધશાલામાં ગુરુ વાંદવા રે લોલે,
ચાલી મયણા સાથે ભરતાર રે. કo

ગુરુ આપે ધર્મની દેશના રે લોલ,
છે દોહિલો મનુષ્ય અવતાર રે. કo

પાંચે ભૂલ્યોને ચારે ચૂકીયો રે લોલ,
ત્રણનું જાણ્યું નહિ નામ રે. કo

જગ ઢંઢેરો ફેરીયો રે લોલ,
છે શ્રાવક હમારું નામ રે. કo

પપ્પાસું પરખ્યો નહિ રે લોલ,
વાલા દદ્દો કીધો છે દૂર રે કo

લલ્લાસું લાગી રહ્યા રે લોલ.
વાલા નન્નો રહ્યો છે હજૂર રે, કo

ઉંબર મયણાએ ગુરુ વાંદીયા રે લોલ,
ગુરુ દીધો છે ધર્મલાભ રે. કo

સખી પરીવારે તું શોભતી રે લોલ,
આજ સખી ન દિસે એક રે. કo

સર્વ વૃત્તાન્ત સુણાવીયો રે લોલ,
એક વાતનું છે મને દુઃખ રે. કo

દેખી જૈન શાશનની હેલના રે લોલ,
કરે મુરખ મિથ્યાત્વી લોક રે. ક૦

હવે મયણા ગુરુને વિનવે રે લોલ,
મટે રોગ જો મુજ ભરતાર રે ક૦

લોક નિંદા ટલે જેહથી રે લોલ.
ઉપાય કહો ગુરુ રાજ રે. ક૦

યંત્ર જડી બુટી ઔષધીરે લોલ,
આણી મંત્ર બીજા ઉપચારરે. ક૦

ગૃહસ્થીને એ કહેવા તણો રે લોલ,
નહિ સાધુનો એહ આચાર રે. ક૦

ગુરુ કહે મયણા સુંદરી રે લોલ,
આરાધો નવપદ સાર રે. ક૦

જેથી વિઘન સહુ દૂર થશે રે લોલ,
ધર્મ ઉપર રાખો મન દઢ રે. ક૦

કહે **ન્યાયસાગર** ત્રીજી ઢાલમાં રે લોલ,
તમે સાંભલજો નરનાર રે. ક૦

---

## ગરબો ચોથો.

દેશી-ગુલાબે રમતીતી.

મયણા સિદ્ધચક્ર આરાધે, ગુલાબે રમતીતી.
નિજ પતિ ઉંબરની સાથે, જાપોને જપતીતી.

પેલે પદે અરિહંત પૂજે, ગુ૦ હણ્યા ઘાતિ અઘાતિ ધ્રુજે. જા૦
ત્રણ લોક ઠકુરાઇ છાજે, ગુ૦ વાણી પુર યોજનમાં ગાજે. જા૦
બીજે સોહે સિદ્ધ મહારાજ, ગુ૦ ત્રણ લોકના થઇ શીરતાજ. જા૦
ત્રીજે પદે આચારજ જાણો, ગુ૦ મલી લાકડી અંધ પ્રમાણો. જા૦
ચોથે પદે ઉપાધ્યાય સોહે, ગુ૦ ભણે ભણાવે જન મન મોહે. જા૦
પદ પાંચમે સાધુ મુનિરાયા, ગુ૦ ગુણ સત્તાવીસે સોહાયા. જા૦
મન વચન ગોપવી કાયા, ગુ૦ વંદુ તેવા મુનિવર રાયા. જા૦
છઠે દર્શન પદ છે મૂળ, ગુ૦ કોઇ આવે નહિં તસ તોલ. જા૦
સોહે સાતમું પદ વર નાણ, ગુ૦ તેના ભેદ એકાવન જાણ. જા૦
જ્ઞાન પાંચમું કેવલ થાયે, ગુ૦ ત્રણ લોકના ભાવ જણાયે. જા૦
પદ આઠમે ચારિત્ર આવે, ગુ૦ દેવો ઇચ્છા કરે ના પાવે. જા૦
ભવી જીવ તે ભાવના ભાવે, ગુ૦ કોઇ રીતે ઉદયમાં આવે. જા૦
કરો નવમે તપ પદ ભાવે, ગુ૦ આઠ કર્મો બલી રાખ થાવે. જા૦
રિદ્ધિ આતમ અનંતી પાવે, ગુ૦ દેવ દેવી ભલી ગુણ ગાવે. જા૦
પ્રભુ પુજો કેશર મદ ઘોળી, ગુ. ભરી હરખે હેમ કચોલી. જા૦
બલી શુદ્ધ જલે અંઘોલી, ગુ. ચઉગતિની આપદા ચોલી. જા૦
દુરગતિના દુઃખ દૂર ઢોલી, ગુ. આસો સુદી સાતમથી ખોલી. જા૦
કરે નવ આંબિલની ઓલી, ગુ. મળી સરખી સૈયરની ટોળી. જા૦
મયણા ધરે નવપદજી ધ્યાન, ગુ. પતિ કાયા થઇ કંચનવાન. જા૦
સૌ મંત્રોમાં છે શિરદાર, ગુ. તમે આરાધો સૌ નરનાર. જા૦
ન્યાયસાગરે ઢાલ કહી ચોથી, ગુ. સુણો શ્રીપાળ રાસની પોથી.૦ જા૦

## સામાન્ય જિન સ્તવન.

ચલે પવનકી ચાલ જગમેં—એ રાગ.

ભજો પ્રભુકા નામ વિશ્વમેં, ભજો પ્રભુકા નામ,
યેહી ભજનસે જનમ જનમકે, કટે હજારો પાપ. વિશ્વમેં૦ ૧

ઇસ સંસારમેં ભટક ભટકકે, આયે તુમ દરબાર;
દેવ મનુષ્ય નર્કકી ગતિમેં, ભટકે લાખો બાર. વિશ્વમેં૦ ૨

ગતિકા નાશ હો આના જાના, દોનોં બોજ સમાન,
દુ:ખકો સહતે પ્રભુ હમ આયેં, કર દો બેડા પાર. વિશ્વમેં૦ ૩

ભીલ ન શકે એ પ્રભુકા રસ્તા, જો ન હો પ્રભુ સાથ;
**આનંદ** હોવે જહાં પહોંચને, **ચંદ્રપ્રભ**કો આજ. વિશ્વમેં૦ ૪

## શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

નાચો નાચો પ્યારે મનકે મોરૂ—એ રાગ.

સેવો સેવો એ **પ્રાર્શ્વ**જિણંદ, ભવિ જીવનમેં હોવે આનંદ. ૧

સેવક આયા હે તોરે દરબાર,
તારો જિનરાજ, ભક્તિ સ્વીકાર;
દર્શનસે સેવકકો કરદો અબ પાર. સેવો૦ ૨

**કાશી**નયરીમેં આજ પ્રભુ જન્મ્યા જિનરાજ.
રાણી **પ્રભાવતીકે** શિરરતાજ,
નવકાર નાગકો સુનાયા જિનરાજ. સેવો૦ ૩

ઇસ ભવકે બંધનસે હમકો છુડાદો,
સોઈ હુઇ આત્માકી નિંદ જગાદો,
**આનંદ**સે નાચત જ્યું **ચંદ્ર** ચકોર. સેવો૦ ૪

## શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

બાલમ આયે બસો મેરે મનમેં—એ રાગ.

**પારસ** નામ રટું મેરે મનમેં, પ્રભુકો દેખે જગ વિસરાયે;
મોહન મૂરતિ મન મલકાયે, બાન્ધવ દેખકે કુમુદ હસત હે.
વેસે પ્રભુ મેરે મનમેં. પારસ૦ ૧

જગકે દેવસે સુરત નિરાળી, સુંદર મુરત લાગે પ્યારી,
ભવિયણુકો એ માર્ગ દિખાવે, ફેરી ટળે ઝટપટમેં. પારસ૦ ૨

દુનિકે દેવકો દૂર હટાકર, **આનંદસાગર** મનમેં બસાકર,
**ચંદ્રસે** પ્યારી મૂરતિ ધ્યાવે, **ચંદ્રપ્રભ** તરે ભવસે. પારસ૦ ૩

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

કેવલ કમલા વિમલા તું વર્યો રે—એ રાગ

પાર્શ્વ **શંખેશ્વર** સાહેબ સાંભળો રે,
આવ્યો હું ભવમાં ભમતો આજ;
દુઃખ દુષ્ટ સહ્યાં બહુ સંસારમાં રે,
કહેતાં પાર ન પામું આજ... પાર્શ્વ૦ ૧

સ્વારથી પ્રભુજી તુમ સમ કો નહિ રે,
થઇ બેઠા મ્હોટા વીતરાગ;
રાગમાં મુકી પ્રભુ ચાલ્યા ગયા રે,
જેમ વન ઉભો સૂકે સાગ. પાર્શ્વ૦ ૨

એમ કેમ સ્વારથ સાધે ચાલશે રે,
નામ ધરાવો મ્હોટા રાજ;

ભીડભંજન મનરંજન કેમ કહું રે,
જો નવિ સાધ્યાં સેવક કાજ. પાર્શ્વ૦ ૩

પ્રભુજીને તારક વારક જન કહે રે,
પણ નવિ માનું હું જિનરાજ;

માનું સેવકને ઉગારશો રે,
જેમ ઉદધિમાં તારે જહાજ. પાર્શ્વ૦ ૪

કમઠ હઠી મદભંજન સાહિબા રે,
દાયક દર્શનપદ જગસાર;

પાતાળ લોકથી પ્રભુજી પધારીયા રે,
જરાકુળ જાદવની હરનાર. પાર્શ્વ૦ ૫

સંવત **ઓગણીશેં નવાણું એ** રે,
આવ્યા રત્નત્રયીને કાજ;

**પોષ કૃષ્ણ દશમી** દિને ભેટીઆ રે,
અઠ્ઠમ તપ કરી પ્રભુને આજ. પાર્શ્વ૦ ૬

સૂરિગણ શોભે **આનંદસાગરુ** રે,
ગણિ ગુણ રયણની ખાણ;

પંન્યાસ **ચંદ્રસાગરજી** દિવાકરુ રે,
**ચંદ્રપ્રભ** સમ જિન ગુણ ખાણ. પાર્શ્વ૦ ૭

## શ્રી સ્થંભન પાર્શ્વજીન સ્તવન.

મીઠું મીઠું સાસરીયું સોહાય—એ રાગ

**શ્રી સ્થંભનજી પાર્શ્વ** સોહાય,
સુજ્ઞાની ! જનને મળે.

પૂણ્ય પુણ્યથી પ્રભુજી પમાય,
સુજ્ઞાની ! જનને મળે. શ્રી સ્થંભન૦ ૧

દેહ જોઇ પ્રભુજીની ઇંદ્રો પણ ડોલે,
અમરો પણ ભક્તિથી ઉર્મીયો ખોલે;
**સ્થંભનજી** એવા સોહાય,
સુજ્ઞાની ! જનને મળે. શ્રી સ્થંભન૦ ૨

સ્વામીને જોઇ મારૂં ચિત્તડું ડોલે,
ક્ષણ ક્ષણમાં **સ્થંભન પારસ** બોલે;
દર્શનથી સુખ થાય,
સુજ્ઞાની ! જનને મળે. શ્રી સ્થંભન૦ ૩

**અશ્વસેન વામા**નાં કુળમાં એ શોભતા,.
**વિધુ** જેમ જગતમાં **આનંદ** વરસાવતા;
**ચંદ્રપ્રભ** ગુણ ગાય,
સુજ્ઞાની ! જનને મળે. શ્રી સ્થંભન૦ ૪

## શ્રી મહાવીર જિન સ્તવન.

પહેલે જો મહોબ્બતસે ઇનિકાર કીયા હોતા—એ રાગ

જગમેં જો **મહાવીરકા**, ચરણો જો લીયા હોતા;
તો દુઃખકે સંસારમેં ના, જન્મ લીયા હોતા. જગમેં૦ ૧

કોઈ પહેલે અગર જો કહેતા, કી **મહાવીર** હે એ સ્વામી;
ઉનકો હી જપી લેતા, ના છોડતા શિવધામી. જગમેં૦ ૨

જબ માલુમ હુઆ મુજકો, કી એ જગત કે હે દાતા;
મેં શિર ઝુકાકે કહેતા, **મહાવીર** તુજે ચાહતા. જગમેં૦ ૩

પૂજનસે પ્રભૂ તુજકો, અપનાવી બનાલુંગા;
**આનંદ**સે અબ તુજકો, દીલમેં હી બસાલુંગા. જગમેં૦ ૪

**ઇંદુસે** અધિક મુખડા, પૃથ્વીમેં પ્રભુ તેરા;
**ચંદ્રપ્રભ** યું કહેતા, ચરણોમેં શિશ મેરા. જગમેં૦ ૫

## શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

હોરી ખેલોરી રાધે સમાલ કે–એ રાગ

**વીર** તારોજી હમકો સમાલ કે,
સમાલ કે સમાલ કે સમાલ કે રે. **વીર** તારોજી૦ ૧

કર્મો સતાતે હૈ હમકો વો ભારી,
**વીર પ્રભુ** આશ હે અબતો તુમારી,
દુઃખકી દુનીયાંસે ઉગાર કે. **વીર** તારોજી૦ ૨

**ચંદનબાલાકો** પ્રભુ આપહી ઉગારી,
આપેહી આપેહી આપહી ઉગારી.
**આનંદસે ચંદ્રકો** વે સે ઉગારો,
**ચંદ્રપ્રભ** નમે રાજકો. વીર તારોજી૦ ૩

## શ્રી નેમનાથજીનું સ્તવન.

રાગ—તું કોનસી બદલીમેં મેરે ચાન્દ હૈ આજા.

તું કોનસે મંદિરમેં મેરે નેમ હૈ મીલાજા,
હૃદયમેં મેરે આકે સજન શાન્તિ દીલાજા. તું કોનસે૦

રાહતકે નયન મેરે નેમ કહાં હૈ,
બાલમ ઇધર આકે તું સાવનકો સમાજા. તું કોનસે૦ ૧

આશાકે તાર બાંધે થે જો પ્રીત પુરાની,
દેકે દર્શ શ્યામ મોહેં રાહ બતા જા. તું કોનસે૦ ૨

**રાજુલ** અપને દીલકો કહા કોન કીસીકા,
અર્જ **આનન્દ ચન્દ્ર પ્રભકી** મુક્તિ મનાજા. તું કોનસે૦ ૩

## મહાવીર સ્વામીનું સ્તવન.

રાગ—અબ તેરે સીવાં કોન મેરા.

વિભુ વીર વિના વિશ્વમેં હૈ કોન હમેરા,
મહારાજ સહારા હૈ પ્રભુ એક તુમેરા.

મેરે જીવનકી નૈયા સાગર મેં ચલદી,
મેરી આંધિસે નૈયા બચા લે જલ્દી;
અબ તુહી લગા પાર મેરી નૈયા ખવૈયા. મહારાજ૦ ૧

પૂરણ ઉષામેં મૂર્તિ કો મેંને દેખલી,
ઓ! દેવદયાલુ કર્મો કી ફાંસી ટાલ દી;
**ચંદ્રપ્રભ** યું કહકર વો મુક્તિ માગલી. મહારાજ૦ ૨

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન.

## શ્રી શુભવિજયજી શિષ્ય રત્ન કવિવર શ્રી વીરવિજયજી કૃત–

સહજાનંદી શીતળ સુખ ભોગી તો, હરિ દુઃખ હરી સત્તા વરી,
કેશર ચંદન ઘોળી પૂજો રે કુસુમે. અંચલી૦

અમૃત વેલીના વૈરીની બેટી તો, કંતહાર તેહનો અરિ. કેશર૦ ૧

તેહના સ્વામિની કાંતાનું નામ તો, એક વરણે લક્ષણ ભરી;
તે ધૂર થાપીને આગળ ઠવીએ તો, ઉષ્માણ ચંદ્રક ખં ધરી.
કેશર૦ ૨

ફરસનો વરણ તે નયન પ્રમાણે તો, માત્રા સુંદર શિર ધરી;
વિક્ષરાજસુત દાહક નામે તો, તિગ વરણાદિ દૂરે કરી. કેશર૦ ૩

એકવીશમે ફરશે ધરી કરણ તો, અર્થાભિધને સંહરી;
અંતસ્થે બીજો સ્વર ટાળી તો, શિવગામી ગતિ આચરી. કેશર૦ ૪

વીશ ફરસ વળી સંયમ માને તો, આદિ કરણ ધરી દિલ ધરી;
ઈણ નામે જિનવર નિત્ય ધ્યાવું તો, જિનહર જિનકું પરહરી.
કેશર૦ ૫

ત્ર્યંબક દાહ્યો વૃષજન બોલે તો, વાત એ દિલમાં નવિ ઉતરી;
રામ ઇશ્વર અજ સીતાદિ આગે તો, જાસ વિવિસ નટતા ભરી.
કેશર૦ ૬

તે જિને તસ્કર તું જિનરાજા તો, હરિ પ્રણમે તુજ પાંઉ પરી;
બાળપણે ઉપગારી હરિપતિ, સેવન છળ લંછન હરિ. કેશર૦ ૭

પ્રભુ પદપંકજ શમી હોત રહીએ તો, ભવભ્રમણે નહિં શમી ખરી;
મનમંદિર મહારાજ પધારો તો, હરિ ઉદયે ન વિભાવરી.
કેશર૦ ૮

સારંગમાં ચંપા જ્યું ઝલકત, ધ્યાન અનુભવ જો લહરી;
શ્રી **શુભ વીરવિજય** શિવ વહુને તો, ઘેર તેડંતા દોય ઘરી.
કેશર૦ ૯

## વિસ્તારાર્થ-

"ગુજરાત-વઢીયારમાં શંખેશ્વર ગામમાં બિરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું આ સ્તવન નવ વર્ણના ગંભીરાયશ અક્ષરોથી ભરેલું છે. તે એકેક વર્ણને જુદી જુદી રીતીએ સિદ્ધ કરી સંપૂર્ણ રીતે **"શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ"** નામ ઉત્પન્ન કર્યું છે, જે વાંચવા વિચારવાથી સહેજે ચમત્કારી રૂપ લાગશે."

પરમાત્મા કેવા છે? તો કહે છે કે સહજ આનંદપણાનો જે આત્મસ્વભાવ અનંતચતુષ્ટયીમય છે તે અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને અવ્યાબાધ એવા શાંત સુખના ભોગી છે. વળી બાલ્યકાળમાં નાગને બળતો ઉગારી ધરણેન્દ્રપદ પ્રાપ્ત કરાવ્યું છે જેમણે એવા શ્રી પ્રાર્શ્વનાથ પ્રભુએ હરિ-ઈન્દ્રના પૂર્વભવના જે દુઃખો હતાં તેને હરણ કર્યાં છે અને આ ભવમાં પણ સેવા સમર્પીને ભવદુઃખ હરી-દૂર કરીરે પ્રભુશ્રી સત્તાવરી-આત્મ-સત્તાને વરેલા છે. એટલે શાશ્વત સિદ્ધિપદ પ્રાપ્ત કરેલ છે, તે પ્રભુને કેશર-ચંદનથી તથા ઉત્તમ ફૂલથી પૂજા કરું.

# "શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ."

આ નામ જે યુક્તિથી સંયુક્ત કર્યું છે, તે જણાવે છે.

## 'શ્રી' વર્ણની સિદ્ધિ.

**અમૃતવેલી**-તે નાગરવેલ, તેનો **વૈરી**-હિમાચલ, તેની **બેટી**-પાર્વતી, તેનો **કંત**-શંકર,તેનો **હાર**-સર્પ, તેનો **અરિ**-ગરુડ, તેહનો **સ્વામી**-કૃષ્ણ, તેની **કાંતા**-લક્ષ્મી, તે એક વરણે 'શ્રી' વરણે લક્ષણયુક્ત છે.

## 'શં' વર્ણની સિદ્ધિ.

તે શ્રી પ્રથમ સ્થાપીને તેની પાસે **ઉષ્માણ**-ઉષ્માક્ષર **શ્ ષ્ સ્** તેમાંથી **ચંદ્રક**-ચંદ્ર (શશી) સંબંધી શ્ (સ્પર્શવ્યંજન નહીં પણ વર્ણ સમજવો, કારણ કે નવ વર્ણાક્ષરનું વર્ણન ચાલે છે) નહિ પણ **શ** લેવો, તે કેવી રીતનો લેવો તે કહે છે કે **ખં** આકાશ ધરી લેવો, એટલે કે તે **શ** ને માથે **ખ**-કહેતાં આકાશ-પોલાણવાળો પ્રદેશ હોવાથી શૂન્યરૂપ છે તે શૂન્યરૂપ બિન્દુ **શ** ની ઉપર મૂકો એટલે 'શં' થયું. ૧-૨

## 'ખે'-વર્ણની સિદ્ધિ.

**ફરસ**-સ્પર્શવ્યંજન તે પચ્ચીશ છે, (કથી મ સુધીના) તેમાંનો **વર્ણ**-અક્ષર, કેટલામો લેવો? તે કહે છે કે **નયનપ્રમાણે**-આંખો પ્રમાણે, આંખો બે તેથી બીજો અક્ષર **ખ** લેવો, તેને **માત્રા**-એકમાત્રા, **શિરધરી**-માથે ચડાવો, એટલે **ખ** ની ઉપર એકમાત્રા ચઢાવો, જેથી 'ખે' થાય.

## 'શ્વર'વર્ણની સિદ્ધિ.

**વિશ્વરાજ**-વિશ્વર-અજ વિશ્વર-વિષ્ણુ, અજ-બ્રહ્મા, એટલે વિષ્ણુ-બ્રહ્માનો **સુત**-પુત્ર, કોણ? કામદેવ, તેને **દાહક નામે** બાળનારના નામે, કોણ? મહાદેવ, તેમનું **તિગ વરણ**-ત્રણ અક્ષરે નામ કયું? ઇશ્વર, તેમાંથી **આદિ**-પહેલો-(વર્ણ), **દૂરે કરી** કાઢી નાંખવો, એટલે **ઇશ્વર** આ ત્રણ વર્ણાક્ષરમાંથી પહેલો વર્ણ ઈ કાઢી નાંખવાથી **'શ્વર'** રહે છે. ૩

## 'પાર્શ્વ' વર્ણની સિદ્ધિ

**અર્થાભિધ**-હવે જેનો અર્થ કરવો છે તે **પાર્શ્વ** નામને **સંહરી**-હરી લઈને છૂટાં છૂટાં અક્ષરો-પ, આ, ર્, શ્વ, કરીને કરવામાં આવે છે. **એકવીસમે ફરસે**-એકવીશમો સ્પર્શ વ્યંજન **પ્** તે સ્વરસંયુક્ત વર્ણ **પ** તેની પાસે **ધરીકરણ**-કાનો (પાણ) ધરીએ તો **પા** થાય. તેની પછી **અંતસ્થે બીજો**-અંતસ્થ વ્યંજનો ય્ ર્ લ્ વ્ છે, તેમાંથી બીજો ર્ વ્યંજન લેવો, (અહીં શંકા થશે કે અર્થમાં વ્યાખ્યા તો વર્ણની ચાલે છે તો 'ર' વર્ણ લેવો જોઈએ પણ ર્ વ્યંજન કેમ લેવો.? તે શંકા દૂર કરવા કહે છે કે) **સ્વર ટાળી-ર** 'વર્ણમાં રહેલો સ્વર **અ** છોડીને **ર્** વ્યંજન જ લેવો. પછી તેને શું કરવું? તે કહે છે **શિવગામી ગતિ આચરી** મોક્ષ જવાવાળા જીવની ઉર્ધ્વગતિ હોય છે તેથી તે પ્રમાણે **ર્** ની આચરણા કરવી; એટલે તે **ર્** ને પ્રથમના **શ્વ** ની ઉપર ચઢાવવો જેથી **'પાર્શ્વ'** થયું. ૪

## 'નાથ' વર્ણની સિદ્ધિ.

**વીશ ફરસ**-વીશમો સ્પર્શ વ્યંજન **ન્** તેનો વર્ણ **ન** અને

**વળી** એટલે પછી, **સંયમ** એટલે સંયમના સત્તર પ્રકાર છે તેથી સત્તરમો વર્ણ તે **થ** તેને પણ **માને** એટલે ધારે; તે **થ** ને પૂર્વના **ન** વર્ણ સાથે કેવી રીતે ધારે? તે કહે છે, **આદ કરણ ધરી દિલધરી** એટલે **થ** ની આદિમાં કરણ એટલે કાનો (પાણ) મૂકીને પછી **થ** મનમાં ધારે. આથી **ન** અને **થ** ની વચ્ચે કાનો (પાણ) આવવાથી '**નાથ** થયું.'

આ મુજબ '**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ**' નામ થયું. તે **એણે નામે જિનવર નિત્ય ધાવું તો** નામે કેવી રીતે ધ્યાન કરું? તે કહે છે કે 'જિનહર જિનકુ પરહરી' જિનેશ્વર દેવોના ગુણનું હરણ કરવાવાળા જે કુદેવ, કુગુરુ, કુધર્મો છે તેને તજી દઈને ધ્યાન કરું-ભજું. ૫

## બીજા કુદેવો કેવા છે? તેની સ્પષ્ટતા કરે છે.

ત્ર્યંબક-મહાદેવ (શંકર) **દાહ્યો** બાળ્યો, શું બાળ્યો?

વૃષ=કામદેવને એમ લોકો બોલે છેઃ **વાત એ દિલમાં ન ઉતરી.**

મહાદેવે (શંકરે) કામદેવને બાળ્યો એમ લોકો બોલે છે; પણ એ વાત મારા હૃદયમાં સાચી મનાતી નથી કારણ કે, રામ, શંકર, બ્રહ્મા વગેરે જે દેવો છે તેની-સીતા-પાર્વતી આદિ સ્ત્રીઓની આગળ નટની જેમ નાચવાની પરવશતા પ્રગટ છે. ૬

તે દરેક કહેવાતા દેવો તો શ્રી જિનેશ્વર દેવોના ચોર છે. દેવને છાજતા સર્વ ગુણોના માલિક હોવાથી આપજ જિનરાજા છો અને તેથી દરેક ઈંદ્રો આપને પગે પડીને પ્રણામ કરે છે. વળી આપે બળતાને ઉગારીને ધરણેંદ્રનું સ્થાન આપી ઉપકાર

કર્યો તેથી તેણે સેવાના બહાને છળ કરીને આપના ચરણમાં લંછનરૂપે બનીને રહ્યો છે. ૭

એવા પ્રભુની સેવામાં સંસારનો ત્યાગ કરીને પ્રભુનો માર્ગ આરાધવા માટે પ્રભુના પદ કમળમાં મુનિ બનીને જો રહીએ તો આપના સિદ્ધાંતો કહે છે કે મુનિપણું ધારણ કરનારને ભવ ભ્રમણ ટળી જાય છે. એ વાત સાચી છે. હે નાથ! હું તો એમ ધારીને જ મુનિ બન્યો છું હવે જો આપ મારા મનરૂપી મંદિરમાં પધારો તો (સૂર્યનો ઉદય થયે છતે જેમ રાત્રિ ઉભી ન રહે તેમ) આપના જેવા જ્ઞાન-ભાનુનો વાસ થયા પછી અજ્ઞાનરૂપી અંધકારનો મારા મનમાં વાસ રહે જ ક્યાંથી? ૮

સારંગ=મેઘમાંથી જેમ ચંપા=વિજળી અજબ જ્યોતિ આપે છે, તેવી રીતે મેઘ સમાન આપમાં જ્ઞાન દશાના અનુભવ યુક્ત વિજળીરૂપ ધ્યાનની લહેર ઝળકે તો **શ્રી શુભવિજયજી** મહારાજના શિષ્ય **વીરવિજયજી** મહારાજ કહે છે કે હે નાથ! શિવધૂને મારે ઘેર-આત્મમંદિરે તેડી લાવતાં બેજ ઘડીની વાર છે એટલે કે એવું એકમેક રૂપ અનુભવ ધ્યાનની લહેર પ્રભુ-ધ્યાનમાં બે ઘડી જ લગાડવામાં આવે તો મોક્ષ હસ્તમાં જ છે.

## પં. શ્રી વીર વિજયજી કૃત

શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવનનો ભાવાર્થ સંપૂર્ણ.

## લૂણ ઉતારણ

લૂણ ઉતારો જિનવર અંગે, નિર્મળ જળધારા મન રંગે લૂણ. ૧
જીમજીમ તડતડ લૂણજ ફૂટે, તિમતિમ અશુભ કર્મબંધ ત્રુટે. લૂણ ૨
નયન સલૂણાં શ્રીજિનજીના, અનુપમ રૂપ દયારસ ભીના. લૂણ. ૩
રૂપ સલૂણું જિનજીનું દીસે, લાજ્યું લૂણ તે જળમાં પેસે. લૂણ. ૪
ત્રણ પ્રદક્ષિણા દેઇ જલધારા, જલણ ખેપવીયે લૂણ ઉદારા. લૂણ. ૫
જે જિન ઉપર દુમણો પ્રાણી, તે એમ થાજો લૂણ જ્યું પાણી. લૂણ. ૬
અગર કૃષ્ણાગરુ કુંદરુ સુગંધે, ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લૂણ. ૭

---

## આરતિઓ.

### શ્રી નવપદ આરતિ.

---

જય જય આરતિ **નવપદ** કેરી,
આશ ફલી સબ આજ હમેરી. જય૦ ૧
પહેલે પદ **અરિહંતને** ધ્યાવો,
જનમ જનમનાં પાપ ગમાવો. જય૦ ૨
બીજે **સિદ્ધ** બુદ્ધ ધ્યાન લગાવો,
સુરનરનારી મીલી ગુણ ગાવો. જય૦ ૩
ત્રીજે **સૂરિ** શાસન શોભાવે,
ચોથે **પાઠક** ભણે ભણાવે. જય૦ ૪
ધર્મ સેવનમેં **સાધુ** શુરા,
**દર્શન જ્ઞાન સંયમ તપ** પૂરા. જય૦ ૫

સકલ **દેવ ગુરુ ધર્મ** ને સેવો,
ચૌગતિ ચૂરન અનૂપમ મેવો. જય૦ ૬

**નવપદ** સેવો ભવિ ભાવે,
રિદ્ધિ સિદ્ધિ સબ રંગભર આવે. જય૦ ૭

ઉજ્જૈન નગરે શ્રી **શ્રીપાલે**,
સેવ્યા સહ **મયણા** ત્રિકાલે. જય૦ ૮

જય જય મંગલ જય જય બોલે,
**નવપદ ચંદ્ર** પ્રસાદ અમોલે. જય૦ ૯

---

## શ્રી શાંતિજિનની આરતિ.

જય જય આરતિ **શાંતિ** તુમારી,
તોરા ચરણ કમલકી મેં જાઉં બલિહારી. જય૦ ૧

**વિશ્વસેન અચિરાજીકે** નંદા,
**શાંતિનાથ** સુખ પૂનમ ચંદા. જય૦ ૨

ચાલીશ ધનુષ સોવનમય કાયા,
મૃગ લંછન પ્રભુ ચરણ સુહાયા. જય૦ ૩

ચક્રવર્ત્તિ પ્રભુ પાંચમા સોહે,
સોલમા જિનવર સુરનર મોહે. જય૦ ૪

મંગળ આરતિ તાહરી કીજે,
જન્મ જન્મનો લાહો લીજે. જય૦ ૫

કરજોડી સેવક ગુણ ગાવે,
સો નરનારી અમરપદ પાવે. જય૦ ૬

## શ્રી આદિ જિનની આરતિ.

અપચ્છરા કરતી આરતિ જિન આગે,
હાંરે જિન આગે રે જિન આગે.
હાંરે એ તો અવિચળ સુખડાં માગે, હાંરે **નાભિનંદન** પાસ,
અપચ્છરા કરતી આરતિ **જિન** આગે. ૧

તા થેઇ નાટક નાચતી પાય ઠમકે, હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે,
હાંરે સોવન્ન ઘુઘરી ઘમકે, હાંરે લેતી ફુદડી બાળ. અ૦ ૨

તાલ મૃદંગને વાંસળી ડફ વીણા, હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા,
હાંરે મધુર સુરાસુર નયણાં, હાંરે જોતી મુખડું નિહાલ, અ૦ ૩

ધન્ય **મરુદેવી** માતને પ્રભુ જાયા, હાંરે તારી કંચનવરણી કાયા,
હાંરે મેંતો પૂરવ પૂન્યે પાયા, હાંરે દેખ્યો તારો દેદાર. અ૦ ૪

પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો, હાંરે પ્રભુ સેવક છું હું તારો,
હાંરે ભવોભવનાં દુઃખડાં વારો, હાંરે તુમે દીનદયાળ. અ૦ ૫

સેવક જાણી આપણો ચિત્ત ધરજો, હાંરે મોરી આપદા સઘળી હરજો.
હાંરે **મુનિ માણેક** સુખીઓ કરજો, હાંરે જાણી પોતાનો બાળ,
અપચ્છરા કરતી આરતિ જિન આગે. ૬

## શ્રી આદિ જિનની આરતિ.

જય જય આરતિ **આદિ** જિણંદા, **નાભિરાયા મરુદેવીકો** નંદા
જય જય૦ ૧

પહેલી આરતિ પૂજા કીજે, નરભવ પામી લાહો લીજે. જય જય૦ ૨

દુસરી આરતિ દીન દયાળા, **ધુળેવા** મંડપમાં જગ અજવાળ્યાં.
જય જય૦ ૩

તીસરી આરતિ ત્રિભુવન દેવા, સુરનર ઇંદ્ર કરે તારી સેવા.
જય જય૦ ૪

ચોથી આરતિ ચઉગતિ ચૂરે, મનવંછિત ફળ શિવસુખ પૂરે.
જય જય૦ ૫

પાંચમી આરતિ પુણ્ય ઉપાયા, **મૂળચંદ રિખવ** ગુણ ગાયા.
જય જય૦ ૬

---

## મંગળદીવો

દીવો રે દીવો પ્રભુ ! મંગળિક દીવો, આરતિ ઉતારણ બહુ ચિરંજીવો;
સોહામણું ઘેર પરવ દીવાળી, અમર ખેલે અબળા નારી.
દેપાળ ભણે એ કુલ અજુવાળી, ભાવે ભગતે વિઘન નિવારી;
દેપાળ ભણે જે એ કળિકાળે, આરતિ ઉતારી રાજા **કુમારપાળે.**
તમ ઘર મંગળિક અમ ઘર મંગળિક,
મંગળિક ચતુરવિધ સંઘને હોજો.
દીવો રે દીવો મંગળિક દીવો, આરતિ ઉતારણ બહુ ચિરંજીવો.

# શ્રી સિદ્ધચક્ર આરાધનવિધિ

## પંચમ વિભાગ

### શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત

### ચૈત્રી પૂનમના દેવવંદનનો વિધિ

પ્રથમ ચાર પ્રતિમા સ્નાત્રકરી સ્થાપીએ ચૌમુખી હોય તો ચૌમુખી સ્થાપીએ. તિહાં પ્રથમ ટીકી દશ કરવી, ફૂલના હાર દશ, અગરબત્તી દશ વાર ઉખેવવી, દશ દીવેટનો દીવો કરવો, દશવાર ઘંટ વગાડવો, દશવાર ચામર વીંજવા, અક્ષતના દશ સાથીયા કરવા, જેટલી જાતિનાં ફૂલ મળે તે સર્વ જાતિના પ્રત્યેક દશ દશ મૂકવાં, સોપારી પ્રમુખ ફલ સર્વ દશ દશ મૂકવાં, નૈવેદ્ય મધ્યે સાકરીયા ચણા તથા એલચીપાક, દ્રાખ, ખારેક, શિંગોડાં, નિંમજાં, પીસ્તાં, બદામાદિ મેવા જે જાતિના મળે તે સર્વ જાતિના પ્રત્યેક દશ દશ વાનાં મૂકવાં. અખીયાણું-ગોધૂમ અથવા ચોખા શેર ત્રણ, લીલાં શ્રીફલ ચાર મૂકવાં, બાદ નીચે મુજબ દેવ વાંદવા.

## ચૈત્રી પૂનમના દેવવંદન

**સ્થાપનાચાર્ય** આગળ અથવા **નવકાર પંચિંદિય**વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરુ? ઇચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

### દેવવંદનનો પ્રથમ જોડો

### **પહેલું ચૈત્યવંદન.**

આદીશ્વર અરિહંત દેવ, અવિનાશી અમલ;
અક્ષય અરૂપીને અનુપ, અતિશય ગુણ વિમલ. ૧

મંગલ કમલા કેલી વાસ, વાસવ નિત્ય પૂજિત.
તુજ સેવા સહકાર સાર, કરતાં કલ કુંજિત. ૨

યોજિત યુગ આદિ જિણે એ, સકલ કળા વિજ્ઞાના;
**જ્ઞાનવિમલસૂરિ** ગુણ તણો, અનુપમ નિધિ ભગવાન. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અને જયવીયરાય અર્દ્ધા કહી પછી ખમાસણ દેઇને બીજું ચૈત્યવંદન નીચે પ્રમાણે કરવું.

### બીજું ચૈત્યવંદન.

વંશ ઇક્ષ્વાગ સોહાવતો, સોવન વન કાય;
નાભિરાયા કુલમંડણો, મરૂદેવી માય. ૧

ભરતાદિક શત પુત્રનો, જે જનક સોહાય;
નારી સુનંદા સુમંગલા, તસ કંત કહાય. ૨

બ્રાહ્મી સુંદરી જેહની એ, તનયા બહુ ગુણ ખાણ;
**જ્ઞાનવિમલ** ગુણ તેહના, સંભારો સુવિહાણ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, નમોર્હત્૦ કહી પહેલી થોય કહેવી, પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો પછી પારી, બીજી થોય કહેવી. પછી પુખ્ખરવર૦ વંદણવ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં૦ વૈયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોર્હત્૦ કહી ચોથી થોય કહેવી, તે થોયો આ પ્રમાણે—

## પહેલો થોય જોડો.

શ્રી **શત્રુંજય** મંડણ, **રિસહ** જિણેસર દેવ;
સુર-નર વિદ્યાધર, સારે જેહની સેવ;
**સિદ્ધાચલ** શિખરે, શોભાકર શૃંગાર;
શ્રી **નાભિ-નરેસર, મરુદેવી** મલ્હાર. ૧

એ તીરથ જાણી, જિન ત્રેવીશ ઉદાર;
એક **નેમ** વિના સવિ, સમવસર્યા સુખકાર;
ગિરિ કંડણે આવી, પહોંતા ગઢ ગિરનાર;
**ચૈત્રી પૂનમ દિને**, તે વંદુ જયકાર. ૨

**જ્ઞાતાધર્મ** કથાંગે, **અંતગડ** સૂત્ર મોઝાર;
**સિદ્ધાચલ** સિદ્ધા, બોલ્યા બહુ અણગાર;
તે માટે એ ગિરિ, સવિ તીરથ શિરદાર;
જિણે ભેટે થાવે, સુખ સંપત્તિ વિસ્તાર. ૩

**ગોમુખ ચક્કેસરી**, શાસનની રખવાલી;
એ તીરથ કેરી. સાન્નિધ્ય કરે સંભાળી;
ગરુએ જસ મહિમા, સંપ્રતિ કાલે જાસ;
શ્રી **જ્ઞાન વિમલ સૂરિ**, નામે લીલ વિલાસ. ૪

પછી બેસી નમુત્થુણં૦ અરિહંતચેઇ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોર્હત્૦ કહી બીજા થોય જોડાની પહેલી થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી કાઉસ્સગ્ગ કરી પારી, બીજી થોય કહેવી, પછી પુક્ખરવરદ્દી૦ વંદણ૦ અન્નત્થ૦ કહી કાઉસ્સગ્ગ કરી, પારી, ત્રીજી થોય કહેવી, પછી સિદ્ધાણં૦ વૈયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી કાઉસ્સગ્ગ કરી, પારી, નમોર્હત્૦ કહી, ચોથી થોય કહેવી. એ રીતે નીચે પ્રમાણે ચારે થોયો કહેવી.

## બીજો થોય જોડો.

ત્રેસઠ લખ પૂરવ રાજ કરી, લિયે સંયમ અતિ આણંદ ધરી;
વરસ સહસેં કેવલ લછી વરી, એક લખ પૂર્વે શિવરમણી વરી. ૧

ચોવીશે પહિલા **ઋષભ** થયા, અનુક્રમે ત્રેવીશ જિણંદ ભયા;
**ચૈત્રી પૂનમ** દિન તેહ નમો, જિમ દુર્ગતિ દુઃખ દૂર ગમો. ૨

એકવીસ એકતાલીસ નામ કહ્યાં, આગમે ગુરુ વયણે તેહ લહ્યાં;
અતિશય મહિમા ઇમ જાણીએ, તે નિશિદિન મનમાં આણીએ. ૩

શત્રુંજયનાં સવિ વિઘન હરે, **ચક્કેસરી** દેવી ભક્તિ કરે;
કહે **જ્ઞાનવિમલ સૂરીસરૂ**, જિનશાસન હોજો જયકરૂ. ૪

પછી નમુત્થુણં૦ કહી, જાવંતિ ચેઇઆઈં૦ જાવંત કેવી સાહુ૦ નમોઽર્હત્૦ કહી શ્રી સિદ્ધાચલજીનું સ્તવન કહેવું. તે નીચે પ્રમાણે-

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

લાછલદે માતા મલ્હાર, એ-દેશી.

**સિદ્ધાચલ** ગુણગેહ, ભવિ પ્રણમો ધરી નેહ;
આજ હો સોહે રે મન મોહે તીરથ રાજીયો જી. ૧

**આદીશ્વર** અરિહંત, મુગતિ વધૂનો કંત;
આજ હો! પૂરવ નવાણું જિહાં સમોસર્યા જી. ૨

સકલ સુરાસુર રાજ, કિન્નર દેવ સમાજ;
આજ હો! સેવા રે સારે કરજોડી કરી જી. ૩

દરશનથી દુઃખ દૂર, સેવે સુખ ભરપૂર;
આજ હો! એણે રે કલિકાલે કલ્પતરુ અછે જી. ૪

**પુંડરિક ગિરિ** ધ્યાન, લહીએ બહુ યશમાન;
આજ હો! દીપે રે અધિકી, તસ **જ્ઞાન** કલા ઘણી જી. ૫

પછી અર્દ્ધા જયવીયરાય૦ કહીને ખમાસમણ૦ દઇ ચૈત્યવંદનનો આદેશ માગી, ત્રીજું ચૈત્યવંદન નીચે પ્રમાણે કહેવું,

## ત્રીજું ચૈત્યવંદન.

પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ, જેહનો જગે રાજે;
પાપ તાપ સંતાપ વ્યાપ, જસ નામે ભાજે. ૧

પરમ તત્ત્વ પરમાત્મ રૂપ, પરમાનંદ દાઇ;
પરમ જ્યોતિ જસ જલહળે, પરમ પ્રભુતા પાઇ. ૨

ચિદાનંદ સુખ સંપદા એ, વિલસે અક્ષય સનૂર;
**ઋષભદેવ** ચરણે નમું, **જ્ઞાનવિમલ** ગણ સૂર. ૩

પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ કહી, જયવીયરાય૰ સંપૂર્ણ કહેવા. [ઇતિ પ્રથમ દેવવંદન જોડો] પછી **સંતિકરં** કહેવું.

## સંતિકરં સ્તવનમ્.

સંતિકરં સંતિજિણં, જગસરણં જય-સિરિઇ દાયારં;
સમરામિ ભત્ત-પાલગ, નિવ્વાણી ગરુડ કય-સેવં. ૧

ૐ સ નમો વિપ્પોસહિ,-પત્તાણં સંતિસામિ-પાયાણં;
ઝ્રૌં સ્વાહા મંતેણં, સવ્વાસિવ દુરિઅ હરણાણં. ૨

ૐ સંતિ નમુક્કારો, ખેલોસહિમાઇ લદ્ધિપત્તાણં;
સોં હ્રીં નમો સવ્વોસહિ-પત્તાણં ચ દેઇ સિરિં. ૩

વાણી તિહુઅણસામિણિ-સિરિદેવિ જખ્ખરાય-ગણિ પિડગા;
ગહદિસિપાલસુરિંદા, સયાવિ રક્ખંતુ જિણભત્તે. ૪

રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા;
વજ્જંકુસિ ચક્કેસરિ, નરદત્તા કાલી મહાકાલી. ૫

ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઇરુટ્ટા;
અચ્છુત્તા માણુસિયા, મહમાણુસિયાઓ દેવીઓ. ૬

જક્ખાગોમુહ મહ જક્ખ, તિમુહ જક્ખેસ તુંબરુ કુસુમો;
માયંગ વિજયઅજિય, બંભોમણુઓ સુરકુમારો. ૭

છમ્મુહ પયાલ કિન્નર, ગરુલો ગંધવ્વ તહય જખ્ખિંદો;
કુબેર વરુણો ભિઉડી, ગોમેહો પાસ માયંગો. ૮

દેવીઓ ચક્કેસરિ, અજિયા દુરિઆરિ કાલી મહાકાલી;
અચ્ચુઅ સંતા જાલા, સુતારયા સોય સિરિવચ્છા. ૯

ચંડા વિજયંકુસિ, પન્નઇતિ નિવ્વાણિ અચ્ચુ આધરણી;
વઇરુટ્ટ છુત્ત ગંધારિ, અંબ પઉમાવઇ સિદ્ધા. ૧૦

ઇઅ તિત્થ-રક્ખણરયા, અન્નેવિ સુરાસુરીય ચઉહાવિ;
વંતર જોઇણિ પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં. ૧૧

એવં સુદિટ્ઠિસુરગણ, સહિઓ સંઘસ્સ સંતિ જિણચંદો;
મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદરસૂરિ થુઅમહિમા. ૧૨

ઇઅ સંતિનાહ સમ્મ-દિટ્ઠી રક્ખં સરઇ તિકાલં જો;
સવ્વોવદ્દવ-રહિઓ, સ લહઇ સુહ સંપયં પરમં. ૧૩

તવગચ્છગયણ-દિણયર, જુગવર સિરિસોમસુંદરગુરુણં;
સુપસાય લદ્ધ ગણહર-વિજ્જાસિદ્ધિં ભણઇ સીસો. ૧૪

પછી દશ નવકાર ગણવા અને ત્યાર પછી શ્રી શત્રુંજયનાં એકવીસ નામપૂર્વક ૨૧ ખમાસણ દેવાં. તે નીચે પ્રમાણે—

| | |
|---|---|
| ૧ શ્રી શત્રુંજયાય નમઃ | ૨ શ્રી પુંડરિકાય નમઃ |
| ૩ શ્રી સિદ્ધક્ષેત્રાય નમઃ | ૪ શ્રી વિમલાચલાય નમઃ |
| ૫ શ્રી સુરગિરયે નમઃ | ૬ શ્રી મહાગિરયે નમઃ |
| ૭ શ્રી પુણ્યરાશયે નમઃ | ૮ શ્રી શ્રીપદાય નમઃ |
| ૯ શ્રી પર્વતેંદ્રાય નમઃ | ૧૦ શ્રી મહાતીર્થાય નમઃ |

૧૧ શ્રી શાશ્વત પર્વતાયનમઃ ૧૨ શ્રી દૃઢશક્તયે નમઃ
૧૩ શ્રીમુક્તિનિલયાય નમઃ ૧૪ શ્રી પુષ્પદંતાય નમઃ
૧૫ શ્રી મહાપદ્માય નમઃ ૧૬ શ્રી પૃથ્વીપીઠાય નમઃ
૧૭ શ્રી સુભદ્રાય નમઃ ૧૮ શ્રી કૈલાસાય નમઃ
૧૯ શ્રી પાતાલમૂલાય નમઃ ૨૦ શ્રી અકર્મકાય નમઃ
૨૧ શ્રી સર્વકામદાય નમઃ

પછી ભંડાર ઢોવવો અને દશ ખમાસમણ દઈ પ્રદક્ષિણા દશ દેવી.

## દેવવંદનનો બીજો જોડો.

વિધિ–દેવવંદનના બીજા જોડાનો વિધિ પ્રથમ જોડા પ્રમાણે જ છે, વસ્તુઓ પણ સર્વ તે પ્રમાણે જ મેળવવી, પરંતુ એટલો ફેર કે, દશ દશ વસ્તુને ઠેકાણે વીશ વીશ વસ્તુ મૂકવી. અખીયાણું તેટલું જ મૂકવું. ખમાસમણાં, નવકાર પ્રદક્ષિણા વિગેરે વીસ કરવાં અને **સંતિકર**ને સ્થાનકે **નમિઊણ** કહેવું. દેવ વાંદવાનો વિધિ પણ પ્રથમની પેઠે જ છે.

### પહેલું ચૈત્યવંદન.

**નાભિ નરેસર** વંશ મલય, ગિરિચંદન સોહે;
જસ પરિમલશું વાસિયો, ત્રિભુવન મન મોહે. ૧

અપછર રંભા ઉર્વશી, જેહના અવદાત;
ગાયે અહોનિશ હર્ષશું, **મરુદેવી** જસ માત. ૨

નિરુપાધિક ગુણ તેજશું એ, શમમય સુખનો ગેહ;
**જ્ઞાનવિમલ** પ્રભુતા ઘણી, અખય અનંતી જેહ. ૩

## બીજું ચૈત્યવંદન.

જિમ **ચૈત્રી પુનમ** તણો અધિકો વિધુ દીપે;
ગ્રહ ગણ તારાદિક તણા, પરમ તેજને જીપે. ૧

તમ લૌકિકના દેવ તે, તુમ આગે હીણા;
લોકોત્તર અતિશય ગુણે, રહે સુર લીણા. ૨

નિવૃત્તિ નગરે જાયવાએ, એહિજ અવિચલ સાથ;
**જ્ઞાનવિમલસૂરિ** એમ કહે, ભવ ભવ એ મુજ નાથ. ૩

## પહેલો થોય જોડો.

શ્રી શત્રુંજય મંડણ **રિસહ** જિણંદ, પાપ તણો ઉન્મૂલે કંદ;
**મરુદેવી** માતાનો નંદ, તે વંદૂ મન ધરી આણંદ. ૧

ત્રણ ચોવીશી બ્હોતેર જિના, ભાવ ધરી વંદો એક મના;
અતીત અનાગતને વર્તમાન, તિમ અનંત જિનવર ધરો ધ્યાન. ૨

જેહમાં પંચ કહ્યા વ્યવહાર, નય પ્રમાણ તણા વિસ્તાર;
તેહના સુણવા અર્થ વિચાર, જિમ હોય પ્રાણી અલ્પ સંસાર. ૩

શ્રી જિનવરની આણા ધરે, જગ જશવાદ ઘણો વિસ્તરે;
શ્રી **જ્ઞાનવિમલસૂરિ** સાનિધ્ય કરે, શાસનદેવી સંકટ હરે. ૪

## બીજો થોય જોડો.

પ્રણમો ભવિયા રિસહ જિણેસર, શત્રુંજય કેરો રાય જી;
વૃષભ લંછન જસ ચરણે સોહે, સોવન વરણી કાય જી;
**ભરતાદિક** શત પુત્ર તણો, જે જનક **અયોધ્યા** રાયજી;
**ચૈત્રિ પુનમ**ને દિન જેહના, મહોટા મહોત્સવ થાય જી. ૧

**અષ્ટાપદ** ગિરિ શિવપદ પામ્યા, **શ્રી રિસહેસર** સ્વામીજી;
**ચંપાયે વસુપૂજ્ય** નરેસર, **નંદન** શિવગતિ ગામીજી;
**વીર અપાપાપુર ગિરનારે,** સિધ્ધા **નેમ** જિણંદો જી;
વીશ **સમેતગિરિ** શિખરે પહોંતા, એમ ચોવીશે વંદો જી. ૨

**આગમ** નાગદમની પરે જાણો, સવિ વિષનો કરે નાશો જી;
પાપ તાપ વિષ દૂરે કરવા, નિશ દિન જેહ ઉપાસો જી;
મમતા કંચુકી કીજે અલગી, નિર્વિષતા આદરીયે જી;
ઇણે પરે સહજ થકી ભવ તરીયે, જિમ શિવશુંદરી વરીએ જી. ૩

**કવડ જક્ષ** પ્રત્યક્ષ થઇને, જેહને પરછા પૂરે જી;
દોહુગ દુર્ગતિ દુર્જનનો ડર, સંકટ સઘળાં ચૂરે જી;
દિન દિન દોલત દીપે અધિકી, **જ્ઞાનવિમલ** ગુણ નૂર જી;
જીત તણાં નિશાન વજાવો, બોધીબીજ ભરપૂર જી. ૪

## શ્રી પુંડરિકગિરિનું સ્તવન.

નાયકાની—દેશી.

એક દિન **પુંડરિક** ગણધરુ રે લાલ, પૂછે શ્રી **આદિ જિણંદ** સુખાકારી રે;
કહીયે તે ભવજલ ઉતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવ વારી રે. એક દિન૦ ૧

કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિર્વાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિરધારી રે. એક દિન૦ ૨

એમ નિસુણી તિહાં આવીયા રે લાલ, ઘાતિકર્મ કર્યાં
દૂર તિમ વારી રે;
પંચ કોડી મુનિ પરિવર્યા રે લાલ, હુવા સિદ્ધિ હજુર
ભવ વારી રે. એક દિન૦ ૩

**ચૈત્રી પૂનમ** દિન કીજીયે રે લાલ, પૂજા વિવિધ પ્રકાર
દિલ ધારી રે;
ફૂલ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર
નર નારી રે; એકદિન૦ ૪

દશ વીશ ત્રીશ ચાલીશ ભલા રે લાલ, પચાસ પુષ્પની માળ
અતિ સારી રે;
નર ભવ લાહો લીજીયે રે લાલ, જિમ હોયે **જ્ઞાન** વિશાલ
મનોહરી રે; એક દિન૦ ૫

## ત્રીજું ચૈત્યવંદન.

અજર અમર અકલંક અરૂજ, નિરજ અવિનાશી;
સિદ્ધ સ્વરૂપી શંકરો, સંસાર ઉદાસી. ૧

સુખ સંસારે ભોગવી, નહી ભોગ વિલાસી;
જીતી કર્મ કષાયને, જે થયા જિતકાશી. ૨

આશીદાસી અવગણી એ, સમીચીન સર્વાંગ;
**નય** કહે તસ ધ્યાને રહો, જિમ હોય નિર્મલ અંગ ૩

## નમિઊણ સ્તોત્રમ્

નમિઊણ પણય સુરગણ-ચૂડામણિ કિરણ રંજિઅં મુણિણો;
ચલણ જુઅલં મહાભય,-પણાસણં સંથવં વુચ્છં. ૧

સડિય કર ચરણુ નહ મુહ, નિબુડ્ડુ નાસા વિવન્ન લાયન્ના;
કુટ્ઠ મહારોગાનલ,-ફુલિંગ નિદ્દઠ્ઠ સવ્વંગા. ૨

તે તુહ ચલણ રાહણુ, સલિલંજલિ સેય વુડ્ઢિયચ્છાયા;
વણુદવ દઠ્ઠા ગિરિપા યવવ્વ પત્તા પુણો લચ્છિં. ૩

દુવ્વાય ખુબ્ભિય જલનિહિ-ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે;
સંભંત ભય વિસંઠુલ-નિજ્જામય મુક્ક વાવારે. ૪

અવિદલિઅ જાણુવત્તા, ખણેણુ પાવંતિ ઇચ્છિઅં કૂલં;
પાસજિણુ ચલણુ જુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા. ૫

ખરપવણુદ્ધુઅ વણુદવ-જાલાવલિ મિલિય સયલ દુમગહણે;
ડજ્ઝંત મુદ્ધ મયવહુ-ભીસણુરવ ભીસણુંમિ વણે. ૬

જગગુરુણો કમજુઅલં, નિવ્વાવિઅ સયલ તિહુઅણાભોઅં;
જે સંભરંતિ મણુઆ, ન કુણઇ જલણો ભયં તેસિં. ૭

વિલસંત ભોગભીસણુ-ફુરિઆરુણુ નયણુ-તરલજીહાલં;
ઉગ્ગભુઅંગં નવ જલય-સત્થહં ભીસણાયારં. ૮

મન્નંતિ કીડસરિસં, દૂર પરિચ્છૂઢ્ઢ વિસમં વિસ વેગા;
તુહ નામક્ખર ફુડસિદ્ધ મંતગુરુઆ નરા લોએ. ૯

અડવીસુ ભિલ્લ તક્કર,-પુલિંદ સદ્દૂલ સદ્દ ભીમાસુ;
ભયવિહુર વુન્નકાયર, ઉલ્લૂરિય પહિય સત્થાસુ. ૧૦

અવિલુત્ત વિહવસારા, તુહ નાહ પણામ મત્ત વાવારા;
વવગય વિગ્ઘા સિગ્ઘં, પત્તાહિય ઇચ્છિયં ઠાણં. ૧૧

પજ્જલિઆનલ નયણં, દૂર વિયારિય મુહં મહાકાયં;
નહકુલિસઘાય વિઅલિઅ-ગઇંદ કુંભત્થલા ભોઅં. ૧૨

પણુય સસંભમ પત્થિવ-નહમણિ માણિક્ક પડિઅપડિમસ્સ;
તુહ વયણ પહરણધરા, સીહં કુદ્ધંપિ ન ગણુંતિ, ૧૩

સસિ ધવલ દંતમુસલં, દીહ કરુલ્લાલ વુઢ્ઢિ ઉચ્છાહં;
મહુપિંગ નયણજુઅલં, સસલિલ નવ જલહરારાવં. ૧૪

ભીમં મહાગઈંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણુંતિ;
જે તુમ્હ ચલણ જુઅલં, મુણિવઇ તુંગં સમલ્લીણા ૧૫

સમરમ્મિ તિક્ખખગ્ગા,-ભિગ્ઘાયપવિદ્ધ ઉદ્ધુય કબંધે,
કુંત વિણિભિન્ન કરિકલહ-મુક્ક સિક્કાર પઉરંમિ. ૧૬

નિજ્જિઅ દપ્પુદ્ધરરિઉ-નરિંદનિવહા ભડા જસં ધવલં;
પાવંતિ પાવ-પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ. ૧૭

રોગ-જલ-જલણ-વિસહર-ચોરારિ-મઇંદ-ગય-રણભયાઈં;
પાસજિણ-નામસંકિત્તણેણ, પસમંતિ સવ્વાઇં. ૧૮

એવં મહા-ભયહરં, પાસજિણંદસ્સ સંથવ મુઆરં,
ભવિય જણાણંદયરં, કલ્લાણ પરંપર નિહાણં. ૧૯

રાયભય-જક્ખ-રક્ખસ્સ,-કુસુમિણ-દુસઊણ-રિક્ખપીડાસુ
સંજ્ઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ. ૨૦

જો પઢઇ જો અ નિસુણઇ, તાણં કઇણો ય માણતુંગસ્સ;
પાસો પાવં પસમેઉ, સયલભુવણચ્ચિયચલણો. ૨૧

ઉવસગ્ગંતે કમઠા-સુરમ્મિ ઝાણાઓ જો ન સંચલિઓ;
સુર-નર-કિન્નર-જુવઇહિં, સંથુઓ જયઉ પાસજિણો. ૨૨

એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસ અક્ખરેહિં જો મંતો;
જો જાણઇ સો ઝાયઇ, પરમ-પયત્થં ફુડં પાસં. ૨૩

પાસહ સમરણ જો કુણઇ, સંતુટ્ઠે હિયએણ;
અટ્ઠુત્તરસય વાહિ ભય, નાસઇ તસ્સ દૂરેણ. ૨૪

## દેવવંદનનો ત્રીજો જોડો

**વિધિ**-પ્રથમ થોય જોડા પ્રમાણે વિધિ જાણવો. વિશેષમાં બધી ક્રિયામાં દશને ઠેકાણે ત્રીસ ત્રીસ વસ્તુઓ સમજવી, અને **સંતિકરંને** સ્થાને '**જયતિહુઅણ સ્તોત્ર**' કહેવું. તેમજ દેવવાંદવાનો વિધિ પણ પ્રથમની પેઠે જાણવો.

### પહેલું ચૈત્યવંદન

**આદીશ્વર** જિનરાયનો, પહેલા જે ગણધર;
**પુંડરિક** નામે થયા, ભવિ જનને સુખકર. ૧

**ચૈત્રી પુનમને** દીને, કેવલસિરિ પામી,
સિદ્ધા તેણે પુંડરિકગિરિ, ગિરિ અભિધા સ્વામી. ૨

પંચકોડિ મુનિશું લહ્યાએ, કરી અનશન શિવ ઠામ;
**જ્ઞાનવિમલસૂરિ** તેહના, પય પ્રણમો અભિરામ. ૩

### બીજું ચૈત્યવંદન.

જાઇ જુઇ માલતી, દમણો ને મરુવો;
ચંપક કેતકી કુંદ જાતિ, જસ પરિમલ ગિરુવો. ૧

બોલસિરિ જાસુલવેલી, વાળો મંદાર;
સુરભિ નાગ પુન્નાગ અશોક, વળી વિવિધ પ્રકાર. ૨

ગ્રંથિમ વેઢિમ ચઉવિધે એ, ચારુ રચી વરમાલ;
**નય** કહે શ્રી જિન પૂજતાં, ચૈત્રી દિન મંગલમાલ. ૩

## પહેલો થોય જોડો

**ચૈત્રી પુનમ** દિન **શત્રુંજય** ગિરિ અહિઠાણ,
**પુંડરિક** વર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ;
**આદીશ્વર** કેરા, શિષ્ય પ્રથમ જયકાર,
કેવલ કમલા વર, નાભિ નરિંદ મલ્હાર. ૧

ચાર જંબૂદ્વીપે વિચરંતા જિનદેવ,
અડ ધાતકીખંડે, સુર નર સારે સેવ;
અડ પુષ્કર અર્ધે, ઇણિપરે વીશ જિનેશ,
સંપ્રતિ એ સોહે, પંચ વિદેહે નિવેશ. ૨

પ્રવચન પ્રવહણ સમ, ભવજલધિથી તારે;
કોહાદિક મહોટા, મત્સ્ય તણા ભય વારે,
જિહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો;
ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને ચાખ્યો. ૩

જિનશાસન સાનિધ્ય, કારી વિઘન વિદારે;
સમકિત દૃષ્ટિ સુર, મહિમા જાસ વધારે;
**શ્રી સિદ્ધગિરિ** સેવો, જેમ પામો ભવ પાર;
કવિ **ધીરવિમલનો,** શિષ્ય કહે સુખકાર. ૪

## બીજો થોય જોડો.

વંદુ **શ્રી શત્રુંજય** તીર્થરાજે, ચુડામણિ આદિ જિણંદ ગાજે;
દુષ્ટ કમ્મોઘ વિરોધ ભાજે, માનું શિવારોહણ એહ પાજે. ૧

દેવાધિદેવા કૃત દેવ સેવા, સંભારીયે જ્યું ગજ ચિત્ત રેવા;
સવ્વેવિ તે થુત્તિ થુયા મહીયા, અણાગયા સંપઇ જે અઇયા ૨

જે મોહના યોધ વડા કહાયા, ચત્તારિ દુટ્ઠા કસિણા કસાયા;
તે જીતીયે આગમ ચક્ખુ પામી, સંસાર પારુત્તરણાય ધામી. ૩

**ચક્કેસરી ગોમુહ** દેવજુત્તા, રક્ષા કરી સેવય ભાવ પત્તા;
દિયો સયા નિમ્મલ નાણ લચ્છી, હોવે પસન્ના શિવ સિદ્ધિ
લચ્છી. ૪

## શ્રી સિદ્ધગિરિનું સ્તવન,

શેત્રુંજે જઇએ લાલન, એ—દેશી.

**સિદ્ધગિરિ** ધ્યાવો ભવિકા, **સિદ્ધગિરિ** ધ્યાવો;
ઘેર બેઠાં પણ બહુ ફલ પાવો, ભવિકા! બહુ ફલ પાવો. ૧

**નંદીશ્વર** યાત્રાયે જે ફલ હોવે,
તેથી બમણેરૂં ફલ, **કુંડલગિરિ** હોવે. ભવિકા! કું૦ ૨

ત્રિગણું **રુચક ગિરિ**, ચોગણું **ગજદંતા**; તેથી બમણેરું ફલ
**જંબૂ** મહંતા, ભવિકા! જંબૂ૦ ૩

ષટગણું **ધાતકી** ચૈત્ય જુહારે,
છત્રીશ ગણું ફલ **પુષ્કર** વિહારે, ભવિકા! પુ૦ ૪

તેહથી તેર ગણું **મેરુ** ચૈત્ય જુહારે,
સહસ ગણું ફલ **સમેતશિખરે**, ભવિકા! સ૦ ૫

લાખ ગણું ફલ **અંજનગિરિ** જુહારે,
દશ લાખ ગણું **અષ્ટાપદ ગિરનારે**, ભવિકા! અ૦ ૬

કોડી ગણું ફલ **શત્રુંજય** ભેટે,
જેમ રે અનાદિના દુરિત ઉમેટે, ભવિકા! દુ૦ ૭

ભાવ અનંતે અનંત ફલ પાવે,
**જ્ઞાનવિમલસૂરિ** એમ ગુણ ગાવે. ભવિકા! અ૦ ૮

## ત્રીજું ચૈત્યવંદન,

**ચૈત્રીપૂનમને** દિને, જે ઇણ ગિરિ આવે;
આઠ સત્તર બહુ ભેદશું, પૂજા ભક્તિ રચાવે.
**આદીશ્વર** અરિહંતની, તસ સઘલાં કર્મ;

દૂર ટલે સંપદ મલે, ભાંજે ભવ ભર્મ;
ઇહ ભવ પરભંવ ભવ ભવેએ, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ;
**જ્ઞાનવિમલ** ગુણમણિ તણો, ત્રિભુવન તિલક સમાન. ૨

પછી **જયતિહુઅણ સ્તોત્ર** કહેવું તે નીચે પ્રમાણે.

---

## જય તિહુઅણ સ્તોત્રમ્,

જયતિહુઅણ વરકપ્પરુક્ખ ! જય જિણધન્નંતરિ !
જયતિહુઅણ કલ્લાસ કોસ ! દુરિઅક્કરિ કેસરિ !
તિહુઅણજણઅવિલંઘિઆણ ભુવણત્તય સામિઅ !
કુણસુ સુહાઇ જિણેસપાસ,થંભણપુરટ્ઠિઅ. ૧

તઇ સમરંત લહંતિ ઝત્તિ વરપુત્તકલત્તઇ.
ધણ્ણ સુવણ્ણ હીરણ્ણપુણ્ય જઇ ભુંજઇ રજ્જઇ,
મુક્ખ અસંખ સુક્ખ તુહ પાસ ! પસાઇણ;
ઇઅ તિહુઅણવરકપ્પરુક્ખ ! સુક્ખઇ કુણ મહ જિણ ! ૨

જર જજ્જર પરિજુણ્ણકણ્ણનટ્ઠુટ્ઠસુકુઠિણ,
ચક્ખુક્ખીણ ખએણ ખુણ્ણ નરસલ્લિયસૂલિણ;

તુહજિણ સરણુરસાયણેણ લહુ હુંતિ પુણણ્ણવ,
જય ધન્નંતરિ પાસ મહવિ તુહુ રોગહરો ભવ. ૩

વિજ્જાજોઇસમંતતંત સિદ્ધઉ અપયત્તિણ,
ભુવણઽખ્ભુઉ અટ્ટવિહ સિદ્ધિ સિજ્ઝહિ તુહ નામિણ;
તુહ નામિણ અપવિત્તઓઽવિ જણ હોઇ પવિત્તઉ,
તં તિહુઅણકલ્લાણકોસ તુહ પાસ નિરુત્તઉ. ૪

ખુદ્દ પઉત્તઇ મંતતંત જંતાઇ વિસુત્તઇ,
ચરથિરગરલહુગ્ગખગ્ગ રિઉવગ્ગુવિ ગંજઇ;
દુત્થિય-સત્થ અણત્થ-પત્થ નિત્થારઇ દય કરિ,
દુરિયઇ હરઉ સપાસ દેઉ દુરિયક્કરિકેસરિ. ૫

તુહ આણા થંભેઇ ભીમદપ્પુદ્ધુર સુરવર,
રક્ખસજક્ખફણિંદવિંદ ચોરાનલ જલહર;
જલથલ ચારિ રઉદ્દ-ખુદ્દપસુજોઇણિ જોઇય,
ઇય તિહુઅણ અવિલંઘિઆણ જય પાસ સુસામિય. ૬

પત્થિય અત્થ અણત્થ તત્થ ભત્તિબ્ભર નિબ્ભર
રોમંચંચિયચારુકાર કિન્નરનર સુરવર;
જસુ સેવહિ કમકમલજુયલ પક્ખાલિય કલિમલુ,
સો ભુવણત્તય સામિ પાસ મહમદ્દઉ રિઉબલુ. ૭

જય જોઇયમણકમલભયપંજરકુંજર,
તિહુઅણજણ આણંદચંદ ભુવણત્તયદિણયર;
જય મઇમેઇણિ વારિવાહ જય જંતુપિયામહ,
થંભણપટ્ઠિય પાસનાહ નાહત્તણ કુણ મહ. ૮

બહુ વિહુ, વન્નુ અવન્નુ સુન્નુ વન્નિઉ છપ્પન્નિહિ,
મુક્ખધમ્મકામત્થકામ નર નિયનિય સત્થિહિ;
જં ઝાયહિ બહુ દરિસણત્થ બહુનામ પસિદ્ધઉ,
સો જોઇય મણ કમલ ભસલ સુહુ પાસ પવદ્ધઉ. ૯

ભય વિબ્ભલ રણઝણિરદસણ થરહરિયસરીરય,
તરલિયનયણ વિસુન્નસુન્ન ગગ્ગરગિર કરુણય;
તઇ સહસત્તિ સરંતહુંતિ નરનાસિયગુરુદર,
મહ વિજ્ઝવિ સિજ્ઝિસઇ પાસ ભયપંજરકુંજર. ૧૦

પઇં પાસિ વિયસંતનીત્તપત્તંત પવિત્તિય,
બાહપવાહપવૂઢરુઢદુહદાહસુપુલઇય;
મન્નઇ મન્નુ સઉન્નુપુન્નુ અપ્પાણં સુરનર,
ઇય તિહુતણ આણંદ ચંદ જય પાસજિણેસર. ૧૧

કલ્લાણમહેસુઘંટ ટંકારવપિલ્લિય,
વલ્લિરમલ્લમહલ્લભત્તિસુરવરગંજુલ્લિય;
હલ્લુપ્ફલિયપવત્તયંતિ ભુવણેવિ મહુસવ,
ઇય તિહુઅણઆણંદચંદ જય પાસ સુહુબ્ભવ. ૧૨

નિમ્મલકેવલકિરણ, નિયરવિહુરિયતમપહયર,
દંસિયસયલપયત્થ સત્થ વિત્થરિય પહાયર;
કલિ કલુસિય જણ ધૂયલોયલોયણહઅગોયર,
તિમિરઇ નિરુહર પાસ નાહ ભુવણત્તયદિણયર. ૧૩

તુહ સમરણ જલવરિસ સિત્તમાણયમઇમેઇણિ,
અવરાવરસુહુમત્થબોહકંદલદલરેહણિ;
જાયઇફલભરભરિયહરિયદુહદાહઅણોવમ,
ઇય મઇમેઇણિવારિવાહ દિસ પાસ મઇ મમ. ૧૪

કય અવિકલ કલ્લાણુ વલ્લિઉલ્લૂરિયદુહવણુ,
દાવિયસગ્ગઽપવગ્ગ મગ્ગ દુગ્ગઈ ગમવારણુ;
જય જં તુહ જણએણુ તુલ્લ જંજણિય હિયાવહુ,
રમ્મુ ધમ્મુ સો જયઉ પાસ જય જંતુ પિયામહુ. ૧૫

ભુવણારણ્ણ નિવાસ દરિયપરિ દરિસણ દેવય,
જોઇણિપૂયણ ખિત્તવાલ ખુદ્દાસુરપસુવય;
તુહ ઉત્તટ્ઠસુનટ્ઠ સટ્ઠુઅ વિસંઠુલુ ચિટ્ઠહિ,
ઇય તિહુઅણુવણસીહ પાસ પાવાઇ પણાસહિ. ૧૬

ફણિફણફાર પુરંત રયણકર રંજિય નહયલ,
ફલિણીકંદલદલતમાલનીલુપ્પલસામલ;
કમઠા સુરઉવસગ્ગ વગ્ગ સંસગ્ગ અગંજિય,
જય પચ્ચક્ખ જિણેસ પાસ થંભણય પુરટ્ઠિય. ૧૭

મહ મણુ તરલુ પમાણુ નેય વાયાવિ વિસંઠુલુ,
નેય તણુરવિ અવિણયસહાવુઅલસવિહલં થલુ;
તુહ માહપ્પુ પમાણુ દેવ! કારુણ્ણા પવિત્તઉ,
ઇય મઇ મા અવહીરિ પાસ પાલિહિ વિલવંતઉ. ૧૮

કિં કિં કપ્પિઉ નેય કલુણુ કિં કિં વ ન જંપિઉ,
કિં વ ન ચિટ્ઠિઉ કિટ્ઠુ દેવ! દીણયમવલંબિઉ;
કાસુ ન કિય નિપ્ફલ્લ લલ્લિ અમ્હે હિ દુહત્તિહિ,
તહવિ ન પત્તઉ તાણું કિંપિ પઇ પહુ પરિચત્તિહિ. ૧૯

તુહુ સામિઉ તુહુ માય બપ્પુ તુહુ મિત્ત પિયંકરુ,
તુહુ ગઇ તુહુ મઇ તુહુ જિતાણુ તુહુ ગુરુ ખેમંકરુ;
હઉં દુહભરભારિઉ વરાઉ રાઉ નિબ્ભગ્ગાહ,
લીણઉ તુહકસકમલ સરણુ જિણ પાલહિ ચંગહ. ૨૦

પઇ કિવિ કય નીરોયલોય કિવિ પાવિય સુહસય,
કિવિ મઇસંત મહંત કે. કિ વ સાહિયસિવપય;
કિવિગંજિયરિઉવગ્ગ કેવિ જસધવલિય ભૂયલ,
મઇ અવહિરહિ કેણ પાસ સરણા ગયવચ્છલ ! ૨૧

પચ્ચુવયારનિરીહ નાહ નિપ્ફન્નપઓયણ,
તુહ જિણપાસ પરોવયારકરણિક્કપરાયણ;
સત્તુમિત્તસમચિત્તવિત્તિનયનિંદયસમમણ,
મા અવહીરિયજુગ્ગઓવિ મઇ પાસ નિરંજણ. ૨૨

હઉ બહુવિહદુહતત્તગત્તુ તુહ દુહનાસણપરુ,
હઉ સુયણહ કરુણિક્કઠાણુ તુહુ નરુકરુણા યરુ;
હઉ જિણપાસઅ સામિ સાલુ તુહુ તિહુઅણ સામિય,
જં અવહીરહિ મઇ ઝખત ઇય પાસ ન સોહિય. ૨૩

જુગ્ગાજુગ્ગ વિભાગ નાહ નહુ જોયહિ તુહ સમ,
ભુવણુવયારસહાવભાવ કરુણારસસત્તમ;
સમવિસમઇ કિં ઘણુ નિયઇ ભુવિ દાહ સમંતઉ,
ઇય રુહિબંધવ પાસનાહ મઇ પાલ ણંતઉ. ૨૪

નય દીણહ દીણયું મુયવિ અન્નુવિ કવિ જુગ્ગય,
જં જોઇવિ ઉવયાર કરહિ ઉવયાર સમુજ્જય;
દીણહ દીણુ નિહીણુ જેણ તઇનાહિણ ચત્તઉ,
તો જુગ્ગઉ અહમેવ પાસ પાલહિ મઇ ચંગઉ. ૨૫

અહ અન્નુવિ જુગ્ગયવિસેસુ કિવિ મન્નહિ દીણહ.
જં પાસિવિ ઉવયારુ કરઇ તુહ નહિ સમગ્ગહ;
સુચ્ચિય કિલ કલ્લાણુ જેણ જિણ તુમ્હ પસીયહ,
કિં અન્નિણ તં ચેવ દેવ ! મા મઇ અવહીરહ. ૨૬

તુહ પત્થણુ ન હુ હોઈ વિહલુ જિણ જાણઉ કિં પુણ,
હઉ દુક્ખય નિરુસત્ત ચત્ત દુક્ખહુ ઉસ્સુયમણ;
તં મન્નઉ નિમિસેણ એઉ એઉવિજઈ લબ્ભઇ,
સચ્ચં જંભુક્ખિયવસેણ કિં ઉંબરુ પચ્ચઇ. ૨૭

તિહુઅણ સામિય પાસનાહ મઇ અપ્પુ પયાસિઉ,
કિજ્જઉ જં નિયરૂવ સરિસુ ન મુણઉ બહુ જંપિઉ;
અન્નુ ન જિણ જગ્ગિ તુહ સમોવિ દક્ખિન્નુદયાસઉ,
જઇ અવગન્નિસિ તુહ જિણ અહહ કહ હોસુ હયાસઉ. ૨૮

જઇ તુહ રૂવિણ કિણવિ પેયપાઈણ વેલવિયઉ,
તુવિ જાણઉ જિણપાસ તુમ્હિ હઉં અંગીકરિઉ;
ઇય મહ ઇચ્છિઉ જં ન હોઇ સા તુહ ઓહાવણ,
રક્ખં ખંતહ નિય કિત્તણેય ! જુજ્જઇ અવહીરણ. ૨૯

એહ મહારિય જત્તદેવ ઇહુ ન્હવણ મહુસઉ,
જં અણલિયગુણ ગહણ તુમ્હ મુણિજણ અણિસિદ્ધઉ;
એમ પસીય સુપાસહનાહથંભણપુરઠ્ઠિય,
ઇય મુણિવરુ સિરિ અભયદેઉ વિન્નવઇ અણિંદિય. ૩૦

ઇતિ શ્રી જયતિહુઅણ સ્તોત્રં સમાપ્તમ્

## દેવવંદનનો ચોથો જોડો.

વિધિ-પૂર્વની માફક જાણવી વિશેષમાં સઘળી વસ્તુ અને સઘળી ક્રિયામાં દશને ઠેકાણે ચાલીશ જાણવી, અહિયાં **સંતિ-કર**ને સ્થાને **'ભક્તામર'** અગર **'કલ્યાણ-મંદિર' સ્તોત્ર** કહેવું. જે જોડાને અંતે લખેલ છે, તેમજ દેવવંદનનો વિધિ પહેલાંની પેઠે જાણવો.

## પહેલું ચૈત્યવંદન.

**શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરિક ગિરિ** સાચો;
**વિમલાચલ ને તીર્થરાજ,** જસ મહિમા જાચો ૧

**મુક્તિનિલય શતકૂટ** નામ, **પુષ્પદંત** ભણીજે;
**મહાપદ્મને સહસ્રપત્ર, ગિરિરાજ** કહીજે. ૨

ઈત્યાદિક બહુ ભાતિસુંએ, નામ જપો નિરધાર;
**ધીરવિમલ** કવિરાજનો, શિષ્ય કહે સુખકાર. ૩

## બીજું ચૈત્યવંદન.

રજત કનક મણિ જડિતનાં, ભૂષણ વિરચાવો;
તિલક મુકુટ કુંડલ યુગલ, બેહેરખાં બનાવો. ૧

રુચિર જ્યોતિ મોતિ તણા, કંઠે ઠવો હાર;
કંદોરો શ્રીફલ કરે, આપીજે સાર. ૨

એણિ પરે બહુવિધ ભૂષણે, શોભાવો જિન દેહ;
**જ્ઞાનવિમલ** કહે તેહને, શિવવધુ વરે ધરી નેહ. ૩

## પહેલો થોય જોડો.

**રુષભદેવ** નમું ગુણ નિર્મલા, દૂધમાંહે ભેલી સીતોપલા,
વિમલશૈલ તણા શણગાર છે, ભવ ભવ મુજ ચિત્તે તે રુચે. ૧.

જેહ અનંત થયા જિન કેવલી. જેહ હશે વિચરંતા તે વલી;
જેહ અસાસય સાસય ત્રિંહું જગે, જિનપડિમા પ્રણમું
નિત ઝગમગે. ૨

સરસ આગમ અક્ષર મહોદધિ, ત્રિપદી ગંગ તરંગ પરે વધી;
ભવિક દેહ સદા પાવન કરે; દુરિત તાપ રજોમલ અપહરે. ૩
જિનશાસન ભાસન કારિકા, સુરસુરી જિન આણા ધારિકા;
**જ્ઞાનવિમલ** પ્રભુતા દિયે દંપતી, દુરિત દુષ્ટ તણા
ભય જીપતી. ૪

## બીજો થોય જોડો.

માલિની–વૃત્તં

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો;
વિમલગિરિ વધાવો, મોતિનાં થાળ લાવો;
જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો;
ન હોયે દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો. ૧

શુભ કેશર ઘોલી, માંહે કર્પૂર ચોલી;
પહેરી સિત પટોલી, વાસિયે ગંધ ઘોલી;
ભરી પુષ્કર નોલી, ટાલિયે દુઃખ હોલી;
સવિ જિનવર ટોલી, પૂજિયે ભાવ ભોલી. ૨

શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર;
વલી મૂલ સૂત્ર ચાર, નંદી અનુયોગદ્વાર;
દશ પયન્ના ઉદાર, છેદ ષટ વૃત્તિ સાર;
પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિસાર. ૩

જય જય જયનંદા, જૈનદૃષ્ટિ સૂરીંદા;
કરે પરમાનંદા, ટાલતા દુઃખ દંદા;
**જ્ઞાનવિમલ** સૂરીંદા, સામ્ય માકંદ કંદા;
**વરવિમલ** ગિરીંદા, ધ્યાનથી નિત્ય ભદ્રા. ૪

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

આજ સખી શંખેસરો. એ–દેશી

એ ગિરુઆ ગિરિ રાજીઆ, પ્રણમીજે ભાવે;
ભવ ભવ સંચિત આકરાં, પાતકડાં જાવે. ૧

વજ્રલેપ સમ જે હોવે, તે પણ તસ દૂર;
એહનું દર્શન કીજીએ, ધરી ભક્તિ પડુર. ૨

**ચંદ્રશેખર** રાજા થયો, નિજ ભગિની લુબ્ધો;
તે પણ એ ગિરિ સેવતાં, ક્ષણ માંહે સિધ્યો. ૩

શુકરાજા જય પામીયો, એહને સુપસાયે;
ગૌહત્યાદિક પાપ જે, તે દૂર પલાયે. ૪

અગમ્ય અપેય અભક્ષ્ય જે, કીધાં જેણે પ્રાણી;
તે નિર્મલ ઇણ ગિરિ થયા, એ જિનવર વાણી. ૫

વાઘ સર્પ પ્રમુખા પશુ, તે પણ શિવ પામ્યા;
એ તીરથ સેવ્યા થકી, સવિ પાતક વામ્યા. ૬

**ચૈત્રીપૂનમે** વંદતાં, ટલે દુઃખ કલેશ;
**જ્ઞાનવિમલ** પ્રભુતા ઘણી, હોય સુજસ વિશેષ. ૭

## ત્રીજું ચૈત્યવંદન.

પ્રેમે પ્રણમો પ્રથમ દેવ, **શત્રુંજય** ગિરિ મંડન;
ભવિયણ મન આનંદ કરણ. દુઃખ દોહગ ખંડણ; ૧

સુર નર કિન્નર નમે તુજ, ભક્તિશું પાયા;
પાવ પંક ફેડે સમત્થ, પ્રભુ ત્રિભુવન રાયા. ૨

**જ્ઞાનવિમલ** પ્રભુ તુમ તણે, ચરણે શરણે રાખો;
કરજોડીને વિનવુ, મુક્તિ માર્ગ મુજ દાખો. ૩

પછી **ભક્તામર સ્તોત્ર** નીચે પ્રમાણે કહેવું.

## ભક્તામર સ્તોત્રમ્

### સપ્તમં સ્મરણમ્

ભક્તામર પ્રણત મૌલિમણિપ્રભાણા–મુદ્યોતકં દલિત પાપતમો-વિતાનમ્; સમયક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-વાલંબનં ભજ-વલે પતતાં જનાનામ્. ૧. યઃ સંસ્તુતઃ સકલવાઙ્ મયતત્ત્વબોધા-દુદ્ભુતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ; સ્તોત્રૈર્જગત્રિતયચિત્ત હરૈરુદારૈઃ સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્. ૨. બુદ્ધયા વિનાપિ વિબુધાર્ચિતપાદપીઠ !, સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહમ્ ; બાલં વિહાય જલસંસ્થિતમિંદુબિંબ, મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ? ૩. વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંકકાંતાન્, કસ્તેક્ષમઃ સુરગુરુપ્રતિમોઽપિ બુદ્ધયા; કલ્પાંતકાલપવનોદ્ધતનક્રચક્રં, કો વા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ્. ૪. સોઽહં તથાપિ તવ ભક્તિ-વશાન્મુનીશ ! કર્તું,સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ; પ્રીત્યાત્મવીર્ય-મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજ શિશોઃ પરિપાલ-નાર્થમ્. ૫. અલ્પશ્રુતં શ્રુવવતાં પરિહાસધામ, ત્વદભક્તિરેવ મુખ-રીકુરુતે બલાન્મામ; યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારૂચૂતકલિકાનિકરૈકહેતુઃ. ૬. ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિ-બદ્ધં, પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીરભાજામ્ ; આક્રાંતલોકમ-લિનીલમશેષમાશુ, સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્. ૭. મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ-મારભ્યતે તનુધિયાઽપિ તવ પ્રભા-વાત્; ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ, મુક્તાફલદ્યુતિમુપૈતિ

નનૂદ્દબિંદુઃ. ૮. આસ્તાંતવ સ્તવનમસ્તસમસ્ત દોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરાતાનિ હન્તિ; દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ૯ નાત્યદ્દભૂતં ભુવનભૂષણ! ભૂતનાથ! ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંતમંભિષ્ટુવન્તઃ તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા, ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ. ૧૦. દુષ્દ્વા ભવન્તમનિમેષવિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ; પીત્વા પયઃ શશિકરદ્યતિદુગ્ધસિંધોઃ, ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્. ૧૧. યૈઃ શાન્તરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિત સ્રિભુવનૈકલલામભૂત! તાવંત એવ ખલુ તે ડપ્યણવઃ પૃથિવ્યાં, યત્તેસમાનમપરં નહિ રૂપમસ્તિ. ૧૨. વક્ત્રં ક્વ તે સુરનરોરગ-નેત્રહરિ, નિઃશેષનર્જિતજગત્ત્રિતયોપમાનમ્; બિંબં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય, યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્. ૧૩. સંપૂર્ણ મંડલશશાંકકલાકલાપ, શુભ્રા ગુણા સ્રિભુવનં તવ લંઘયન્તિ; યે સંશ્રિતા સ્રિજગદીશ્વરનાથમેકં, કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ઠમ્ ૧૪. ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગ નાભિર્નીતં મનાગપિમનો ન વિકારમાર્ગમ્; કલ્પાંત-કાલ-મરુતા ચલિતા ચલેન, કિંમંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્. ૧૫. નિર્ધૂમવર્તિરવર્જિર્જ તતૈલપુરઃ કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રગટીકરોષિ; ગમ્યો નજાતુ મરુતાં ચલિતા ચલાનાં, દ્દીપોપરસ્ત્વમસિ નાથ! જગત્પ્રકાશઃ ૧૬. નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગંતિ; નાંભોધરોદરનિરુદ્ધ મહાપ્રભાવઃ; સૂર્યાતિશાયિ મહિમાસિ મુનીંદ્ર! લોકે. ૧૭. નિત્યોદયં દલિતમોહ મહાંધકારં, ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્; વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાંતિ, વિદ્યોતયજ્જગદપૂર્વશશાંક બિંબમ્. ૧૮. કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા. યુષ્મન્મુખેંદુ દલિતેષુ તમસ્સુનાથ; નિષ્પન્નશાલિ વનશાલિનિ જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભા-

રનમ્રૈઃ. ૧૯. જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ; તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્વં; નૈવં તુ કાચશકલે કિરણાકુલેઽપિ. ૨૦. મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ, કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાંતરેઽપિ. ૨૧. સ્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યાસુતં ત્વદુપમં જનની પ્રસૂતા; સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્. ૨૨. ત્વામામનન્તિ મુનયઃ પરમં-પુમાંસ–માદિત્યવર્ણમમલં તમસઃ પરસ્તાત્; ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીંદ્ર ! પંથાઃ. ૨૩. ત્વામ-વ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં, બ્રહ્માણમીશ્વરમનંતમનંગકેતુમ્, યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં, જ્ઞાનસ્વરૂપમમલં પ્રવદંતિ સંતઃ ૨૪. બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિબોધાત્, ત્વંશંકરોઽસિ ભુવન-ત્રય શંકરત્વાત્; ધાતાસિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત્, વ્યક્તંત્વમેવ ભગવન્ પુરુષોત્તમોઽસિ. ૨૫. તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાય નાથ ! તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય; તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમે-શ્વરાય, તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય. ૨૬ કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ,–સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ; દોષૈરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ, સ્વપ્નાંતરેઽપિ ન કદાચિદપીક્ષિ-તોઽસિ. ૨૭. ઉચ્ચૈરશોક તરુસંશ્રિતમુન્મયૂખ,-માભાત રૂપમમલં ભવતો નિતાંતમ્; સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનં, બિમ્બં રવેરિવ પયોધરપાર્શ્વવર્ત્તિ. ૨૮. સિંહાસને મણિમયૂખશિખાવિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્; બિબં વિયદ્વિલસદંશુલતા-વિતાનં, તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ. ૨૯. કુંદાવદાતચલચા-મરચારુશોભં; વિભ્રાજતે તવ વપુ કલધૌતકાંતમ્; ઉદ્યચ્છશાંક-શુચિનિર્ઝરવારિધાર-મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્. ૩૦.

છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત-મુચ્ચૈઃ સ્થિતં સ્થગિત ભાનુકર પ્રતાપમ્; મુક્તાફલપ્રકરજાલવિવૃદ્ધશોભં, પ્રખ્યાપયત્રિ જગતઃ પરમેશ્વર ત્વમ્. ૩૧ ઉન્નિદ્રહેમનવપંકજ પુંજ-કાંતિ-પર્યુલ્લસન્નખમયૂખશિખાઽભિરામૌ; પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર! ધત્તઃ પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ. ૩૨ ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેંદ્ર! ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય; યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા, તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ. ૩૩ શ્ચ્યોતન્મદાવિલવિલોલક-પોલમૂલ,-મત્તભ્રમદ્ ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્; ઐરાવતાભ-મિભ મુદ્ધતમાપતન્તં, દૃષ્ટ્વા ભયં ભવતિનો ભવદાશ્રિતા-નામ્. ૩૪ ભિન્નેભકુંભગલદુજ્જ્વલશોણિતાક્ત,-મુક્તાફલપ્રકર-ભૂષિતભૂમિભાગઃ; બદ્ધઃ ક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ. નાક્રામતિ ક્રમયુગાચલ સંશ્રિતંતે. ॥૩૫॥ કલ્પાંતકાલ પવનોદ્ધત વન્હિકલ્પં, દાવાનલં જ્વલિતમુજ્વલ મુત્સ્ફુલિંગમ્; વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતંતં, ત્વન્નામકીર્તન જલં શમયત્યશેષમ્. ૩૬ રક્તેક્ષણં સમદ કોકિલ કંઠનીલં, ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણ-માપતંતમ્; આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ. ૩૭ વલ્ગત્તુરંગગજ ગર્જિતભીમનાદ-માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્; ઉદ્યદ્દિવા કરમયૂખશિખાપવિદ્ધં, ત્વત્કીર્ત્તનાત્તમ ઇવાશુભિદામુપૈતિ. ૩૮ કુંતાગ્રભિન્નગજશોણિત-વારિવાહ, વેગાવતારતરણાતુરયોધભીમે; યુદ્ધે જયં વિજિતદુર્જય-જેયપક્ષા-સ્ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભંતે. ૩૯ અંભોનિધૌ ક્ષુભિત ભીષણ વક્રચક્ર, પાઠીનપીઠભયદોલ્બણવાડવાગ્નૌ; રંગત્ત-રંગશિખરસ્થિતયાનપાત્રા, સ્ત્રાસંવિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજંતિ. ૪૦ ઉદ્ભૂતભીષણજલોદર ભારભુગ્નાઃ શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત-જીવિતાશાઃ; ત્વત્પાદપંકજરજોઽમૃતદિગ્ધદેહા, મર્ત્યા ભવંતિ

મકરધ્વજ તુલ્યરૂપાઃ. ૪૧ આપાદકંઠમુરુશંખલવેષ્ટિતાંગા. ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘાઃ; ત્વન્નામમંત્રમનિશં મનુજાઃ સ્મરંતઃ, સદ્યઃસ્વયં વિગતબંધભયા ભવંતિ. ૪૨ મત્તદ્વિપેંદ્ર મૃગરાજ દવાનલાહિ,-સંગ્રામવારિધિમહોદરબંધનોત્થમ; તસ્યાશુ નાશ મુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે. ૪૩ સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર! ગુણૈર્નિબદ્ધાં, ભક્ત્યા મયા રુચિર વર્ણ વિચિત્રપુષ્પામ; ધત્તેજનો ય ઈહિ કંઠગતામજસ્રં, તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ. ૪૪

## દેવવંદનનો પાંચમો જોડો.

**વિધિ**-અહીંયાં પૂર્વની પેરે સર્વ વસ્તુ દશને બદલે પચ્ચાસ લેવી. અને સર્વ વિધિમાં દશને ઠેકાણે પચાસ પચાસ કરવી, દેવવંદનનો વિધિ પ્રથમની પેઠે જાણવો. છેવટે **ચૈત્યવંદન ભાષ્ય** કહેવું.

### પહેલું ચૈત્યવંદન.

**શત્રુંજય** શિખરે ચડિયા સ્વામી, કહીયે હું અર્ચિશું;
રાયણ તરુવર તલે પાય, આણંદે ચરચિશું. ૧

ન્હવણ વિલેપન પૂજના, કરી આરતી ઉતારીશ;
મંગલ દીપક જ્યોતિ શુતિ, કરી દુરિત નિવારીશ; ૨

ધન્ય ધન્ય તે દિન માહરો , ગણીશ સફલ અવતાર;
**નય** કહે **આદીશ્વર** નમો, જિમ પામો જયકાર. ૩

### બીજું ચૈત્યવંદન.

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તલસે;
તુમ ગુણ ગણ ગણને બોલવા, રસના મુઝ હરખે. ૧

કાયા અતિ આણુંદ મુજ, તુમ પદ યુગ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ? ૨

એમ જાણીને સાહિબાએ, નેક નજરે મોહે જોય;
**જ્ઞાનવિમલ** પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય: ૩

## પહેલો થોય જોડો.

જિહાં ઓગણ્યોતર કોડાકોડી. તેમ પંચાશી લખ વલી જોડી,
ચુમ્માલીશ સહસ્સ કોડી;
સમવસર્યા જિહાં એતીવાર, પૂર્વ નવાણું એમ પ્રકાર;
**નાભિ નરિંદ મલ્હાર** ૧

સહસ્ર ફૂટ અષ્ટાપદ સાર, **જિન ચોવીશ** તણા ગણધાર,
પગલાંનો વિસ્તાર;
વલી જિનબિંબ તણો નહિં પાર, દેહરી થંભે બહુ આકાર,
વંદું વિમલગિરિ સાર. ૨

એંશી સિત્તેર સાઠ પચાસ, બાર જોયણ કેરો વિસ્તાર,
ઇગ દુ તી ચઉ પણ આર;
માન કહ્યું એહનું નિરધાર, મહિમા એહનો અગમ અપાર,
**આગમ** માંહે ઉદ્દાર. ૩

**ચૈત્રી પૂનમ** દિન શુભ ભાવે, સમકિત દૃષ્ટિ **સુર નર** આવે,
પૂજા વિવિધ રચાવે;
**જ્ઞાનવિમલસૂરિ** ભાવના ભાવે, દુરગતિ દોહગ દૂર ગમાવે;
બોધિબીજ જસ પાવે. ૪

## બીજો થાય જોડો.

શત્રુંજય સાહિબ **પ્રથમ જિણંદ,** નાભિ ભૂપ કુલ કમલ દિણંદ,
મરુદેવિનો નંદ;
જસ મુખ સોહે પુનમ ચંદ, સેવા સારે ઈંદ નરિંદ,
ઉન્મૂલે દુઃખ દંદ;
વાંછિત પૂરણ સુરતરુ કંદ, લંછન જેહને સુરભિ નંદ,
ફેડે ભવ ભય ફંદ;
પ્રણમે **જ્ઞાનવિમલ સૂરિંદ,** જેહના અહો નિશ પદ અરવિંદ,
નામે પરમાનંદ. ૧

શ્રી **સીમંધર** જિનવર રાજે, **મહાવિદેહે** બાર સમાજે,
ભાખે ઇમ ભવિ કાજે;
**સિદ્ધક્ષેત્ર** નામે ગિરિ રાજે, એહજ **ભરત** માંહે એ છાજે;
ભવજલ તરણ ઝહાજે;
અનંત તીર્થવાણી ગાજે, ભવિ મન કેરા સંશય ભાંજે,
સેવક જનને નિવાજે;
વાજે તાલ કંસાલ પવાજે, **ચૈત્રી મહોત્સવે** અધિક દીવાજે,
સુર નર સજી બહુ સાજે. ૨

રાગ દ્વેષ વિષ ખીલણ મંત, ભાંજી ભવ ભય ભાવઠ ભ્રાંત;
ટાલે દુઃખ દુરંત;
સુખ સંપત્તિ હોય જે સમરંત, ધ્યાયે અહનિશ સઘલા સંત,
ગાયે ગુણ મહંત;
શિવસુંદરી વશ કરવા તંત, પાપ તાપ પીલણ એ જંત,
સુણીએ તે સિદ્ધાંત;

આણી મોટી મનની ખંત, ભવિયણ ધ્યાવો એકણુ ચિત્ત,
રાન વેલાઉલ હુંત. ૩

આદિ જિનેશ્વર પદ અનુસરતી, ચતુરંગુલ ઉંચી રહે ધરતી,
દુરિત ઉપદ્રવ હરતી;
સરસ સુધારસ વયણુ ઝરંતી, **જ્ઞાનવિમલ** ગિરિ સાંનિધ્ય કરંતી,
દુશ્મન દુષ્ટ દલંતી.
દાડિમ પક્વ કલી સમ દંતી, જ્યોતિ ગુણુ ઇહાં રાજી પંતી,
સમક્તિ બીજ વપંતી;
**ચક્કેસરી** સુરસુંદરી હુંતી, **ચૈત્રીપૂનમ** દિન આવંતી,
જય જયકાર ભણુંતી. ૪

## શ્રી વિમલગિરિજીનું સ્તવન.

તીરથ વારુએ તીરથ વારુ, સાંભલજો સો તારુ રે;
ભવજલ નિધિ તરવા ભવિજનને, પ્રવહણુ પરે એ તારુ રે
તીરથ૦ ૧

એ તીરથનો મહિમા મોટો, નવિ માને તે કારુ રે;
પાર ન પામે કહેતાં કોઈ, પણુ કહિયે મતિ સારુ રે.
તીરથ૦ ૨

સાધુ અનંતા ઇહાં કણે સિદ્ધા, અંત કર્મના કીધા રે;
અનુભવ અમૃત રસ જિણે પીધા, અભયદાન જગ દીધાં રે.
તીરથ૦ ૩

**નમિ વિનમિ** વિદ્યાધર નાયક, **દ્રાવિડ વારિખિલ્લ** જાણો રે;
**થાવચ્ચા શુક સેલગ પંથગ, પાંડવ પાંચ** વખાણો રે.
તીરથ૦ ૪

**રામ** મુનિને **નારદ** મુનિવર, **શાંબ પ્ર મ્ન** કુમારો રે;
મહાનંદ પદ પામ્યા તેહના, મુનિવર બહુ પરિવારો રે.
તીરથ૦ ૫

તેહ ભણી **સિદ્ધક્ષેત્ર** એહનું, નામ થયું નિરધાર રે;
**શત્રુંજયકલ્પે** મહાત્મ્યે, એહનો બહુ અધિકારે રે.
તીરથ૦ ૬

તીરથ નાયક વાંછિત દાયક, **વિમલાચલ** જે ધ્યાવે રે;
**જ્ઞાનવિમલ** સૂરિ કહે તે ભવિને, ધર્મ શર્મ ઘરે આવે રે.
તીરથ૦ ૭

## ત્રીજું ચૈત્યવંદન.

માદલ તાલ કંસાલ સાર, ભુંગલને ભેરી;
ઢોલ દદામા (દુંદુભિ) દડવડી સરણાઇ નફેરી ? ૧

શ્રી મંડલ વીણા રબાવ, સારંગી સારી;
તંબુરા કડતાલ શંખ, ઝલ્લરી ઝણકારી. ૨

વાજિંત્ર નવ નવ છંદ શું એ, ગાઓ જિનગુણ ગીત;
**જ્ઞાનવિમલ** પ્રભુતા લહો, જિમ હોય જગે જસ રીત. ૩

## ચૈત્યવંદન ભાષ્ય પ્રારભ્યતે.

વંદિત્તુ વંદણિજ્જે, સવ્વે ચિઇ વંદણાઇ સુવિયારં; બહુ વિત્તિભાસચૂણ્ણી-સુયાણુ સારેણ વુચ્છામિ. ૧ દહતિગ અહિગમપણગં,

૧ દીવાળીના દેવવંદન **દીવાળીપર્વમાં** આરાધાય છે. અને તેમાં પ્રભુ **મહાવીર** પરમાત્મા તથા **ગૌતમગણધર** ભગવંતની પર્યુપાસના અને ગુણાનુવાદ કરવામાં આવે છે. **જ્ઞાનપંચમીના** દેવવંદનમાં

દુદિસિ તિહુગ્ગાહ તિહાઉ વંદણયા; પણિવાય નમુક્કારા, વણ્ણા સોલસયસીયાલા.૨ ઇગસિઇસયં તુ પયા, સગનઉઇ સંપયા ઉ પણ દંડા; બાર અહિગાર ચઉવં-દણિજ્જ સરણિજ્જચઉહ જિણા. ૩ ચઉરો થુઇ નિમિત્તટ્ઠ-બારહ હેઉ આસોલ આગારા; ગુણવીસ દોસ ઉસ્સગ્ગ માણ થુત્તં ચ સગ વેલા. ૪ દસ આસાયણ ચાઓ, સવ્વે ચિઇ વંદણાઇ ઠાણાઈ; ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉસયરા. ૫ તિન્નિ નિસીહી તિન્નિઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા; તિવિહા પૂયાય તહા, અવત્થ

---

પાંચજ્ઞાનનું સ્વરૂપ અને તેનું વર્ણન કરવામાં આવેલ છે. **મૌન એકાદશીના** દેવવંદન મૌન એકાદશી–માગસર સુદી ૧૧ ના દીવસે આરાધાય છે. તેમાં મૌન એકાદશીએ તીર્થંકર ભગવાનોના થયેલાં કલ્યાણકો તેમજ વર્તમાન ચૌવીશીના તીર્થંકર ભગવાનોના કલ્યાણકોના સ્તવન ચૈત્યવંદનો વિગેરે આપવામાં આવેલ છે. **ચૌમાસીના** દેવવંદનમાં ચૌવીશે તીર્થંકર ભગવાનોની તથા પ્રસિદ્ધ પ્રસિદ્ધ મહાન તીર્થોના સ્તવનો વગેરેથી એની આરાધના કરવામાં આવે છે. આ ઉપરના બધા દેવવંદનો નિયત નિયત પર્વ દીવસે ધર્મભાવના ભાવિત ભક્તવર્ગ અવશ્યમેવ આરેધે છે.

પરંતુ આ **ચૈત્રીપૂનમના** દેવવંદની આરાધના તો પરમપાવન શાશ્વત પર્વ ચૈત્રી અઠ્ઠાઇના અંતિમ દિવસે આરાધાય છે, **નવપદઆરાધન** અતિ મહાન પ્રભાવશાળી છે અને દિવસે દિવસે તેની આરાધના બલવત્તર રીતે ખુબજ શાસન પ્રભાવના પૂર્વક આરાધાય છે. આ ચૈત્ર માસના નવપદ આરાધનના પર્વનો અંતિમ દીવસ તે સર્વમાં સર્વશ્રેષ્ઠ છે ને તે દીવસે **ચૈત્રીપૂનમ** દેવવંદન આરાધાય છે, આ દેવવંદન સામાન્યરીતે કોઈ વિશિષ્ટ શકિત સંપન્ન કરાવે ત્યારે થાય છે. કારણ કે આનો મહિમા મંગલકારી સાથે વિઘ્નના નાશરૂપ છે અને તેની પાછળ શક્તિ મુજબ અર્થવ્યય પણ હોય છે.

તિય ભાવણું ચેવ. ૬ તિદિસિ નિરખ્ખણુ વિરઇ, પયભૂમિ પમજ્જણું ચ તિક્ખુત્તો; વન્નાઇ તિયં મુદ્દા–તિયં ચ તિવિહં ચ પણિહાણું. ૭ ઘર જિણહર જિણપૂઆ–વાવારચ્ચાયઓ નિસીહિતિગં; અગ્ગદ્દારે મજ્ઝે, તઇયા ચિઇવંદણા સમએ. ૮ અંજલિ બદ્ધો અદ્ધો, ણુઓ અ પંચંગઓ અ તિપણામા; સવ્વત્થ વા તિવારં, સિરાઇનમણે પણામતિયં. ૯ અંગગ્ગ ભાવ ભેયા, પુપ્ફાહાર થુઇહિં પૂયતિગં; પંચુવયારા અટ્ઠો, વયાર સવ્વોવયારા વા ૧૦ ભાવિજ્જ અવત્થતિયં, પિણ્ડત્થપયત્થ રૂવરહિઅત્તં; છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો ૧૧ ન્હવણચ્ચગેહિં છઉમત્થ,

---

ઉપરાંત આ ચૈત્રી દેવવંદનમાં **સંતિકરં, નમિઊણ, જયતિહુઅણ, ભક્તામર અને ચૈત્યવંદનભાષ્ય** એ પાંચ મહાચમત્કારિક સ્તોત્રોની પણ આરાધના કરવામાં આવે છે.

**સંતિકરં** સ્તોત્રમાં શાંતિનાથની સ્તુતિદ્વારા શાસનદેવ અને શાસનદેવીઓની સ્તુતિ કરવામાં આવે છે અને તે દ્વારા શાંતિની પ્રાર્થના કરાય છે. **નમિઊણ સ્તોત્ર** આનું બીજું નામ મહાભયને નાશ કરનાર સ્તોત્ર છે. આમાં પાર્શ્વનાથની સ્તુતિદ્વારા અષ્ટભયનો નાશ અને વિઘ્નનો નાશ થાય છે. આ સ્તોત્ર પણ ચમત્કારિક સ્તોત્ર છે. **જયતિહુઅણ** આ સ્તોત્ર અપભ્રંશ ભાષામાં રચાયેલ પાર્શ્વનાથનું ચમત્કારી સ્તોત્ર છે. આની દ્વારા અનેક ઉપદ્રવના નાશ સાથે લબ્ધિપ્રાપ્તિ સમાયેલ છે. **માનતુંગસૂરિકૃત ભક્તામરસ્તોત્ર** પણ પ્રભુના ગુણગાનમાં તલ્લીન બનાવનાર ભાવવાહી સ્તોત્ર છે આ ઉપરાંત **ચત્યવંદન ભાષ્ય** દ્વારા ચૈત્યની મર્યાદા પ્રભુનાં દર્શન દેવવંદનનો ફલિતાર્થ વિગેરે જણાવ્યું છે આથી આ દેવવંદનમાં સ્તવનો ચૈત્યવંદનો ઉપરાંત આ પાંચ વસ્તુ મુકી શાંતિકારક અને ફલદાયક એ બે ઇષ્ટ સિદ્ધિરૂપ આ દેવવંદન ખુબજ આરાધનીય છે.

વત્થપડિહારગેહિં કેવલિયં; પલિયં કુસ્સગ્ગેહિય, જિણુસ્સ ભવિજજ સિદ્ધત્તં ૧૨ ઉઢ્ઢાહો તિરિઆણું, તિદિસાણુ નિરિક્ખણું ચઇજ્જહવા; પચ્છિમ દાહિણુ વામણુ, જિણુમુહણ્ણુત્થ દિટ્ઠિ જુઓ. ૧૩ વન્નતિયં વન્નત્થાલંબણુમાલંબણું તુ પડિમાઈ; જોગ જિણુ મુત્તાસુત્તી-મુદ્દાભેએણુ મુદ્દતિયં. ૧૪ અન્નુન્નંતરિ અંગુલિ-કોસાગારેહિં દોહિં હત્થોહં; પિટ્ટોવરિ કુપ્પરિસં-ઠિએહિં તહ જોગ-મુદ્દત્ત. ૧૫ ચત્તારિ અંગુલાઈ, પુરઓ ઉણાઈ જત્થ પચ્છિમઓ; પાયાણું ઉસ્સગ્ગો, એસા પુણુ હોઇ જિણુમુદ્દા. ૧૬ મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા; તે પુણુ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગત્તિ. ૧૭ પંચંગો પણિવાઓ, થયપાઢો હોઇ જોગ મુદ્દાએ, વંદણુ જિણુમુદ્દાએ, પણિહાણું મુત્તસુત્તીએ. ૧૮ પણિહાણુતિગં ચેઇઅ-મુણિવંદણુ પત્થણા સરૂવં વા; મણુ વય કાએગત્તં, સેસ તિગત્થો ય પયડુત્તિ. ૧૯ સચ્ચિત્તદવ્વમુજ્ઝણુ, મચિત્તમણુજ્ઝણું મણેગત્તં; ઈગસાડિ ઉત્તરાસંગ અંજલિ સિરસિ જિણુદિટ્ઠે. ૨૦ ઇય પંચવિહાભિગમો, અહવા મુચ્ચંતિ રાય ચિન્હાઈ; ખગ્ગં છત્તો-વાણુહ, મઉડં ચમરેઅ પંચમએ. ૨૧ વંદંતિ જિણેદાહિણ.-દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી; નવકર જહન્નુ સટ્ઠિ, કર જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો. ૨૨ નમુક્કારેણુ જહન્ના, ચિઇવંદણુ મજ્ઝ દંડથુઇજુઇલા: પણુદંડ થુઇ ચઉક્કગ, થયપણિહાણેહિં ઉક્કોસા. ૨૩ અન્ને બિંતિ ગેણું, સક્કત્થએણું જહન્ન વંદણયા; તદ્દુગતિગેણુ મજ્ઝા, ઉક્કોસા ચઉહિં પંચહિંવા. ૨૪ પણિવાઓ પંચંગો, દો જાણૂ કરદુગુત્તમંગંચ; સુમહત્થ નમુક્કારા, ઇગ દુગ તિગ જાવ અટ્ઠસયં. ૨૫ અડસટ્ઠિ અટ્ઠવીસા, નવ નઉય સયંચ દુસયસગનઉઆ; દોગુણતીસ દુસટ્ઠા, દુસોલ અડનઉઅસય દુવન્નસયં. ૨૬ ઇઅ નવકાર ખમાસમણુ, ઈરિય સક્કત્થઆઈ દંડેસુ; પણિહાણેસુ અ અદુરૂ-ત્ત, વન્ન

સોલસય સીયાલા. ૨૭ નવ બત્તીસ તિત્તીસા, તિ ચત્ત અડવીસ સોલ વીસ પયા; મંગલ ઇરિયા સક્કત્થયાઇસ ઇગસીઇસયં. ૨૮ અટ્ઠટ્ઠ નવટ્ઠ ય અટ્ઠવીસ, સોલસ ય વીસ વીસામા; કમસો મંગલ ઇરિયા, સક્કત્થયાઇસુ સગનઉઇ. ૨૯ વન્નટ્ઠસટ્ઠિ નવ પય નવકારે અટ્ઠ સંપયા તત્થ; સગ સંપય પય તુલ્લા, સત્તરક્ખર અટ્ઠમી દુપયા. ૩૦ પણિવાય અક્ખાઇં; અટ્ઠાવીસં તહા ય ઇરિયાએ; નવનઉય મક્ખરસયં, દૂતીસપય સંપયા અટ્ઠ. ૩૧. દુગ દુગ ઇગ ચઉ ઇગ પણ, ઇગારછગઇરિયસંપયાઇ પયા; ઇચ્છા ઇરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિ તસ્સ. ૩૨. અબ્ભુવગમોનિમિત્તં, ઓહેયર હેઉ સંગહે પંચ; જીવવિરાહણ પડિક્કમણ, ભેયઓ તિન્નિ ચૂલાએ. ૩૩. દુ તિ ચઉ પણ પણ દુ ચઉ, તિપય સક્કત્થય સંપયાઇ પયા; નમુ આઇગ પુરિસો, લોગુ અભય ધમ્મઽપ્પ જિણ સવ્વં ૩૪ થોઅવ્વ સંપયા ઓહ, ઇયરહેઊવઓગ તદ્ધેઉ, સવિસેસુવઓગ સરૂવહેઉ, નિયસમફલય મુક્ખે. ૩૫ દોસગ નઉઆ વણ્ણા, નવસંપય પય તિત્તીસ સક્કત્થએ; ચેઇયથયટ્ઠ સંપય, તિચત્તપય વણ્ણ દુસયગુણતીસા. ૩૬ દુ છ સગ નવ તિય છ ચ્ચઉ, છપ્પય ચિઇસંપયા પયા પઢમા. અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ. ૩૭ અબ્ભુવગમો નિમિત્તં, હેઉ ઇગ બહુવયંત આગારા; આગંતુગ અગારા, ઉસ્સગ્ગાવહિ સરૂવટ્ઠ. ૩૮ નામથયાઇસુ સંપય, પયસમ અડવીસ સોલ વીસ કમા; અદુરૂત્તવન્નદોસટ્ઠ, દુસયસોલટ્ઠનઉઅ સયં. ૩૯ પણિહાણિ દુવન્નસયં, કમેણ સગ તિ ચઉવીસ તિત્તીસા; ગુણતીસ અટ્ઠવીસા, ચઉતીસિગતીસ બાર ગુરુવણ્ણા. ૪૦ પણ દંડા સક્કત્થય, ચેઇઅ નામ સુઅ સિદ્ધત્થય ઇત્થ, દો ઇગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ. ૪૧ નમુ જેય

અ અરિહં, લોગ સવ્વ પુખ્ખ તમ સિદ્ધ જો દેવા; ઉજ્જિં-
ચત્તા વેયાવચ્ચગ અહિયાર પઢમપયા. ૪૨ પઢમહિગારે વંદે,
ભાવજિણે બીયઅંમિ દવ્વજિણે; ઇગચેઇય ઠવણજિણે, તઇય
ચઉત્થંમિ નામજિણે. ૪૩ તિહુઅણ ઠવણજિણે પુણ. પંચમએ
વિહરમાણજિણ છટ્ઠે; સત્તમએ સુયનાણં અટ્ઠમએ સવ્વસિદ્ધ થુઇ.
૪૪ તિત્થાહિવ વીર થુઇ, નવમે દસમે ય ઉજ્જયંત થુઇ; અટ્ઠાવયાઇ
ઈગદિસિ, સુદિટ્ઠિસુરસમરણા ચરિમે. ૪૫ નવ અહિ ગારા ઇહ
લલિ-અવિત્થરા વિત્તિઆઇ અણુસારા; તિન્નિ સુય પરંપરયા,
બીઓ દશમો ઈગારસમો. ૪૬. આવસ્સયચુણ્ણીએ, જં ભણિય
સેસયા જ હિચ્છાએ; તેણં ઉજ્જિંતાઇ વિ, અહિગારા સુયમયા ચેવ.
૪૭ બીઓ સુઅત્થયાઇ, અત્થઓ વન્નિઓ તહિં ચેવ સક્કત્થયંતે
પઢિઓ, દવ્વારિહવસરિ. પયડત્થો ૪૮ અસઢાઈન્નણવજ્જં, ગીઅત્થ
અવારયંતિ મજ્ઝત્થા; આયરણાવિ હુ આણ-ત્તિ, વયણઓ
સુબહુ મન્નંતિ. ૪૯ ચઉ વંદણિજ્જ જિણ મુણિ, સુય સિદ્ધા
ઇહ સુરાય સરણિજ્જા, ચઉહ જિણા નામ ઠવણ, દવ્વ ભાવજિણ
ભેએણં. ૫૦ નામજિણા જિણનામા, ઠવણજિણા પુણ જિણંદ
પડિમાઓ; દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવસરણત્થા.
૫૧ અહિગયજિણ પઢમ થુઇ, બીયા સવ્વાણ તઇઅ
નાણસ્સ; વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થથુઇ. ૫૨
પાવખવણત્થ ઇરિયાઇ, વંદણવત્તિઆઈ છ નિમિત્તા; પવયણસુર
સરણત્થં, ઉસ્સગ્ગો ઈઅ નિમિત્તટ્ઠ. ૫૩ ચઉ તસ્સ ઉત્તરીકરણ
પમુહ સદ્ધાઇયા ય પણ હેઉ; વેયાવચ્ચગરતાઈ, તિન્નિ ઈઅ
હે બારસગં. ૫૪ અન્નત્થયાઈ બારસ, આગારા એવમાઇયા
ચઉરો; અગણી પણિંદિ છીંદણ, બોહી ખોભાઈ ડક્કોય. ૫૫.
ઘોડગ લય ખંભાઇ, માલુદ્ધી નિઅલ સબરિ ખલિણ વહૂ; લંબુત્તર
થણ સંજઈ, ભમુહંગુલિ વાયસ કવિટ્ઠો. ૫૬ સિરકંપ મૂઅ વારુણિ,

પેહુન્તિ ચઇજ્જ દોસ ઉસ્સગ્ગે;લંબુત્તરથણ સંજઈ, ન દોષ સમણીણ સવહુસડ્ઢાણં. ૫૭ ઈરિ ઉસ્સગ્ગ પમાણં, પણવીસુસ્સાસ અટ્ઠ સેસેસુ : ગંભીર મહુરસદ્દં, મહત્થજુત્તં હવઈ થુત્તં. ૫૮ પડિક્કમણે ચેઇય જિમણ, ચરમ પડિકકમણ સુઅણપડિબોહે; ચિઇવંદણ ઇઅ જઇણો, સત્તઉ વેલા અહોરત્તે. ૫૯ પડિક્કમઓ ગીહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઇયરસ્સ; પૂઆસુ તિસંઝાસુ અ, હોઇ તિવેલા જહન્નેણં. ૬૦ તંબોલ પાણ ભોયણ-વાણહે મેહુન્ન સુઅણ નિટ્ઠવણં; મુત્તુચ્ચારં જુઅં, વજ્જે જિણનાહ-જગઇએ. ૬૧ ઇરિ નમુક્કાર નમુત્થુણ, અરિહંત થુઇ લોગ સવ્વ થુઇ પુક્ખ: થુઇ સિદ્ધા વેઆ થુઇ, નમુત્થુ જાવંતિ થય જયવી. ૬૨ સવ્વોવાહિ વિસુદ્ધં એવં જો વંદએ સયા દેવે; દેવિંદવિંદ મહિઅં, પરમપયંપાવઇ લહુ સો. ૬૩

ચૈત્યવંદન ભાષ્ય સમાપ્ત

| માસ | | સૂર્ય ઉ | સૂર્ય અ. | નવકારશી | પોરસી | સાઢપોર | પૂરિમડ્ઢ | અવડ્ઢ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ક. મિ. | ક. મિ | ક. મિ | ક. મિ. | ક. મિ. | ક. મિ. | ક મિ. |
| જાન્યુઆરી | ૧ | ૭-૨૨ | ૬—૫ | -૧૦ | ૧૦-૩ | ૧૧-૨૪ | ૧૨-૪૪ | ૩-૨૫ |
| ,, | ૧૬ | ૭-૨૫ | ૬-૧૫ | ૮-૧૩ | ૧૦-૮ | ૧૧-૨૯ | ૧૨-૫૦ | ૩-૩૩ |
| ફેબ્રુઆરી | ૧ | ૭-૨૧ | ૬-૨૭ | ૮—૯ | ૧૦-૮ | ૧૧-૩૧ | ૧૨-૫૪ | ૩-૪૧ |
| ,, | ૧૬ | ૭-૧૩ | ૬-૩૬ | ૮—૧ | ૧૦-૪ | ૧૧-૩૦ | ૧૨-૫૫ | ૩-૪૬ |
| માર્ચ | ૧ | ૭—૪ | ૬-૪૨ | ૭-૫૨ | ૯-૫૯ | ૧૧-૨૬ | ૧૨-૫૩ | ૩-૪૮ |
| ,, | ૧૬ | ૬-૫૦ | ૬-૪૮ | ૭-૩૮ | ૯-૫૦ | ૧૧-૨૦ | ૧૨-૪૯ | ૩-૪૯ |
| એપ્રીલ | ૧ | ૬-૩૪ | ૬-૫૪ | ૭-૨૨ | ૯-૩૯ | ૧૧-૧૨ | ૧૨-૪૪ | ૩-૪૯ |
| ,, | ૧૬ | ૬-૨૦ | ૭—૦ | ૭—૮ | ૯-૩૦ | ૧૧—૫ | ૧૨-૪૦ | ૩-૫૦ |
| મે | ૧ | ૬—૮ | ૭—૬ | ૬-૫૬ | ૯-૨૩ | ૧૧—૦ | ૧૨-૩૭ | ૩-૫૨ |
| ,, | ૧૬ | ૬—૦ | ૭-૧૩ | ૬-૪૮ | ૯-૧૯ | ૧૦-૫૮ | ૧૨-૩૮ | ૩-૫૫ |
| જુન | ૧ | ૫-૫૫ | ૭-૨૦ | ૬-૪૩ | ૯-૧૫ | ૧૦-૫૮ | ૧૨-૩૮ | ૩-૫૯ |
| ,, | ૧૬ | ૫-૫૪ | ૭-૨૬ | ૬-૪૨ | ૯-૧૭ | ૧૦-૫૯ | ૧૨-૪૦ | ૪—૩ |
| જુલાઈ | ૧ | ૫-૫૮ | ૭-૨૯ | ૬-૪૬ | ૯-૨૧ | ૧૧—૩ | ૧૨-૪૪ | ૪—૭ |
| ,, | ૧૬ | ૬—૪ | ૭-૨૭ | ૬-૫૨ | ૯-૨૫ | ૧૧—૬ | ૧૨-૪૬ | ૪—૭ |
| ઓગષ્ટ | ૧ | ૬-૧૧ | ૭-૨૧ | ૬-૫૯ | ૯-૨૯ | ૧૧—૮ | ૧૨-૪૬ | ૪—૪ |
| ,, | ૧૬ | ૬-૧૭ | ૭-૧૧ | ૭—૫ | ૯-૩૧ | ૧૧—૮ | ૧૨-૪૪ | ૩-૫૮ |
| સપ્ટેમ્બર | ૧ | ૬-૨[illegible] | ૬-૫૭ | ૭-૧૧ | ૯-૩૨ | ૧૧—૬ | ૧૨-૪૦ | ૩-૪૯ |
| ,, | ૧૬ | ૬-૨૭ | ૬-૪૨ | ૭-૧૫ | ૯-૩૧ | ૧૧—૩ | ૧૨-૩૫ | ૩-૩૯ |
| ઓકટોમ્બર | ૧ | ૬-૩૩ | ૬-૨૭ | ૭-૨૧ | ૯-૩૨ | ૧૧—૧ | ૧૨-૩૦ | ૩-૨૯ |
| ,, | ૧૬ | ૬-૩૮ | ૬-૧૩ | ૭-૨૬ | ૯-૩૨ | ૧૦-૫૯ | ૧૨-૨૬ | ૩-૨૦ |
| નવેમ્બર | ૧ | ૬-૪૬ | ૬—૧ | ૭-૩૪ | ૯-૩૫ | ૧૧—૦ | ૧૨-૨૪ | ૩-૧૩ |
| ,, | ૧૬ | ૬-૫૫ | ૫-૫૪ | ૭-૪૩ | ૯-૪૦ | ૧૧—૩ | ૨-૨૫ | ૩-૧૦ |
| ડીસેમ્બર | ૧ | ૭—૫ | ૫-૫૨ | ૭-૫૩ | ૯-૪૭ | ૧૧—૮ | ૧૨-૨૯ | ૩-૧૧ |
| ,, | ૧૬ | ૭-૧૫ | ૫-૫૬ | ૮—[illegible] | ૯-૫૬ | ૧૧-૧૬ | ૧૨-૩૬ | ૩ ૧૬ |

**સૂચના**—આ પચ્ચક્ખાણનો કોઠો ફકત અમદાવાદની ગણતરીનો છે. જેથી વડોદરા, ભરૂચ, સુરત, ભાવનગર, પાલીતાણા. મહુવા, મેસાણા, પાટણ, રાધનપુર, પાલણપુર, માઉન્ટઆબુ, શીરોહી, ઉદેપુર, ઉજ્જૈન, ડુંગરપુર, રતલામ, ગોધરા, વિગેરે ગામોવાળાઓએ તેમજ તે તે ગામોની મર્યાદામાં આવતાં દરેક ગામોવાળાઓએ ઉપરોકત કોઠાના વખતથી પાંચ મિનિટ વધારીને પચ્ચક્ખાણનો સમય ગણવો.

ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવમેં ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે.

**ઇતિ**
**શ્રી સિદ્ધચક્ર આરાધનવિધિ**
**સમાપ્તમ્**